હિંદ હિતૈષિઓના હિતોપદેશ રૂપ

મહિલા મહોદય.

લેખક.

મુનીશ્રી બાલવિજયજી મહારાજ

પ્રકાશક.

જૈનપત્રની ઓફીસ,

ભાવનગર.

કિંમત ૧। રૂપીયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ
લલ્લુભાઇએ છાપ્યું.

(ગ્રંથકર્તાએ સર્વ હક્ક સ્વાધિન રાખ્યા છે.)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુનિમહારાજશ્રી બાલવિજયજી મહારાજનો જીવન-પરિચય.

આ ગ્રંથના સંગ્રાહક (લેખક) મુનિમહારાજશ્રી બાલવિજયજી દક્ષિણ દેશના વિહારી અને ઉપકારક તરીકે જાણીતા છે. તેમનું જન્મસ્થાન જો કે પંજાબ દેશમાં સ્યાલકોટ જીલ્લાના ભાડાવાલા ગામ છે, અને તેથી તેમની માતૃભાષા હિંદી અને ઉર્દુ છે છતાં તેમને સંસ્કૃત તેમજ ગુજરાતી અભ્યાસ હોયને તેમનો દરેક પ્રાંતોમાં થતો વિહાર ત્યાંની પ્રજા માટે ઉપદેશમાં એક સરખો અસરકારક નિવડે છે.

જે સમયે પંજાબમાં જૈન ધર્મને સમજનારી પ્રજા બહુ સ્વલ્પ હતી, અને અનેક પ્રાચિન જૈન દેવાલયો અપૂજ્ય રહેવાનો સમય આવી લાગ્યો હતો, ત્યારે પ્રાતઃસ્મરણીય શ્રીમદ્ વિજયાનંદસૂરિ (આત્મારામજી) મહારાજ જે આ પ્રાંતમાં વિહરી અનેક કષ્ટો વચ્ચે પણ સર્વત્ર જૈન શાસનનો પુનઃ પ્રચાર કરાવવો શરૂ કર્યો. તે સમયમાં સં. ૧૯૪૦ માં મુળચંદ નામના બ્રહ્મક્ષત્રીય ગૃહસ્થને ત્યાં તેઓશ્રીનો જન્મ થયો ત્યારે તેમનું નામ લાલાબરકતરામ રાખવામાં આવ્યું. તેમના પિતાનો જૈન ધર્મ સંબંધી કંઇ પરિચય નહોતો, પરંતુ માતા ભાગ્યવતીની માયાળુ પ્રકૃતિથી પુત્રને બહારના પરિચયમાં ભેળાવાને તક મળતી કે જેના પરિણામે એક જૈન મિત્રના સમાગમને લઇ મુનિશ્રી રાજવિજયજીનો પરિચય થતાં તત્વ ચર્ચાની તક મળવાથી ધર્મરૂચિ જાગૃત થઇ. આ પ્રસંગે તેમનો અભ્યાસ ઉર્દુ (ફારસી) તેમજ ગુરૂમુખી ભાષાનો હતો. મહારાજશ્રીના સમાગમ પછી તેઓની અનુમતીથી દીલ્હી જતાં ત્યાંથી બાબુ કેસરીચંદજી ઝવેરીએ સમેતશિખર, પાવાપુરી, રાજગ્રહી, ચંપાપુરી, બનારસ વિગેરે તિર્થસ્થળોની યાત્રા કરાવવાથી જૈન પ્રાચિનત્વ અને મહત્તાનો વિશેષ પરિચય થતાં સં. ૧૯૫૧ માં અજમેરમાં દિક્ષા અંગીકાર કરી, ને તેમનું નામ બાલવિજયજી રાખવામાં આવ્યું. આ પ્રસંગે ત્યાંના સંઘ અને શ્રીયુત ગુલાબચંદજી ઢઢ્ઢા વગેરેએ મળી મહોત્સવ કર્યો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેઓશ્રીનું ચિત્ત હવે શાસ્ત્રાધ્યયનમાં વધારે દોરાયું તેથી બીયાવર (નયા શહેર) માં આવી સારસ્વત વ્યાકરણ—ચંદ્રીકા, અમરકોષનો અભ્યાસ કરતાં પંચતિથિ અને આબુની યાત્રાનો લાભ લઇ પાટણ ચોમાસું કર્યું ને બીજા વર્ષે શ્રીસિદ્ધક્ષેત્ર (પાલીતાણા) માં વૃદ્ધ તપસ્વી પન્યાસ શ્રીચતુરવિજયજી પાસે વડી દીક્ષા લઇ કર્મગ્રંથ વગેરે અભ્યાસમાં આગળ વધવું શરૂ રાખ્યું.

હવે તેમનો વિહાર ખાનદેશમાં થઇ દક્ષિણ તરફ આગળ વધવા લાગ્યો. અને તે દરમિયાન જાહેરમાં ઉપદેશ આપવાનો પ્રસંગ મળતાં તેમણે જમાનાને ઉચિત માર્ગે લોકપ્રગતિ વાળવાને શરૂ કર્યું, એમ તેમના આ વિહાર દરમિયાન સિરસાલા, જલગામ, શીરપુર, ચાલીસગામ વગેરે સ્થળે થયેલી જૈન લાયબ્રેરીની સ્થાપના તથા પાંચોરામાં થયેલી જૈન બોર્ડીંગની શરૂઆત તેમજ સંગમનેર તરફ થયેલા મહોત્સવોથી ખાત્રી થાય છે. દક્ષિણમાં સંવેગી મુનિના વિહારનો આ પ્રથમ પ્રસંગ હતો અને તે છેક અહમદનગર થઇ અંતરિક્ષજી સુધી આગળ વધવાથી તે તરફ ધર્મરૂચી સારી જાગૃત થવા પામી હતી.

અમલનેરમાં ભરાયેલી દક્ષિણ પ્રાંતિક કોન્ફરન્સ તેમના વિહાર દરમિયાન અને હાજરી સાથે ઉપદેશના ફળરૂપે હતી. તેમજ પૂના ખાતે મળેલી સાતમી જૈન શ્વે૦ કોન્ફરન્સ પ્રસંગે પણ તેમની હાજરી હતી. વળી તે દરમિયાન પ્રતિષ્ઠામહોત્સવો થતાં વાર્ષામાં જમણવારથી સ્વામી-વાત્સલ્યનો હેતુ સાધ્ય થતો નથી તેમ ઉપદેશ કરતાં એક મારવાડી ગ્રહસ્થ તરફથી રૂા. ચાર હજારના કપડાં જરૂરવાળા ગામોમાં મોકલ-વામાં આવ્યાં હતાં.

જાહેર લેક્ચરો દ્વારા ઉપદેશ, જાહેર પત્રોમાં ઉપદેશક લેખો લખ-વાનો ઉત્સાહ, અને જાહેર પ્રજા માટે ઉપયોગી સાહિત્યની અભિવૃદ્ધિ અર્થે ગ્રંથ સંશોધન તેમજ લેખન ઉપર પ્રેમ એ તેમના સદગુણના શુભ ચિન્હ છે અને આ ગ્રંથ પણ તેવાજ તેમના શ્રમના ફળરૂપે બહાર આવવા પામેલ છે. આ ઉપરાંત તેમના તરફથી સૌભાગ્ય સુંદરી તથા અંગસેન કનકાવતીના ગ્રંથો લખાય છે આવા સાહિત્યપ્રેમ માટે તેમને ધન્યવાદ ઘટે છે. અને આ પ્રથમ પુષ્પ જૈન પત્રના વાચકોના હાથમાં મુકવામાં તેમની લાગણી માટે ઉપકાર જાહેર કરતાં ભવિષ્યમાં તેઓ સમાજસેવા માટે વધુ આગળ વધતા થાઓ તેમ ઇચ્છીએ છીયે.

પ્રકાશક.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

उपोद्घात.

આ લોક અને પરલોકમાં આત્માનું ઉત્કૃષ્ટ હિત શેમાં રહેલું છે, એ દર્શાવવા તરફ સાહિત્ય માત્રની પ્રવૃત્તિ હોય છે, અને અમે માનીએ છીએ કે વ્યક્તિ તેમજ વિશ્વના ઉચ્ચતમ શ્રેયના અર્થે, પ્રેમ અને એકરાગના સંસ્થાપન અર્થે, તેમજ દેશ અને સામ્રાજ્યના સુખ તથા કલ્યાણ અર્થે, સુંદર, સબળ અને તન મનના મનોહર વિકાસવાળા મનુષ્યો ઉત્પન્ન થાય એના જેવો એક પણ વિષય અધિક ઉપયોગી અને આપણા જીવન સાથે અતિ નિકટ સંબંધ ધરાવનાર નથી. આ હેતુની સિદ્ધિ અર્થે આપણી આર્ય મહિલાઓએ કેવું ચારિત્ર પાળવું જોઇએ, પોતાના જીવનને કેવા ક્રમ ઉપર વહેવડાવવું જોઇએ, અને શરીર, મન અને હૃદયના સર્વાંગ સુંદર વિકાસવાળા મનુષ્ય રત્નોને જન્મ આપવા માટે શું શું કર્તવ્યો તેમના માટે જરૂરના છે, તે દર્શાવવા આ ગ્રંથમાં વ્યવહારૂ, સાદી, સીધી અને નિયમબદ્ધ સુચનાઓ આપવા પ્રયત્ન થયેલો છે.

કહેવાની જરૂર નથી કે વ્યકિત સમાજ, દેશ, રાષ્ટ્ર કે વિશ્વની ઉન્નતિ એકલા પુરૂષ વર્ગના પ્રયત્નથી કદીપણ બનતી નથી. સ્ત્રી અને પુરૂષ મળીનેજ એક અખિલ અંગ ઘડાય છે. તેથી જ્યાં સુધી સ્ત્રી વર્ગ તરફ અનાદર અથવા અવગણનાની દ્રષ્ટિ પુરૂષ વર્ગમાં વ્યાપી રહેશે, ત્યાં સુધી તેમની પ્રગતિના રથનું એક ચક્ર કાંઇ પણ કાર્ય માટે નાલાયકજ રહેશે. દેશ કે સમાજની પ્રગતિ અથવા હિતની અભિવૃદ્ધિ માટે જે પ્રકા-રની ઉત્તમ પ્રજાની જરૂર છે તે સ્ત્રી વર્ગની ઉન્નતિ ઉપર અવલંબીને રહેલી છે. મુર્ખ અજ્ઞાન, અણસમજુ સ્ત્રીઓ કોઇ કાળે ઉત્તમ ગુણો-વાળા બુધ્ધિમાન મનોબળ યુકત બાળકો પ્રગટાવી શકતી નથી, એ વાત સહુ કોઇ જાણે છે. લીંબડામાંથી જેમ લીંબડોજ પાકે છે, તેમ અજ્ઞાન અને અબુદ્ધ સ્ત્રીઓના ગર્ભમાં એવાજ ગુણોવાળા બાળકો ઉત્પન્ન થાય છે, એ સત્ય આપણા સમાજના હૃદયમાં ઉંડું ઉતરવા માટે આવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગ્રંથના વિસ્તારની અત્યંત આવશ્યકતા છે.

પવિત્ર, સુશીલ, આરોગ્યયુક્ત, ઉચ્ચ મનોભાવવાળી માતાઓના ચારિત્ર્યની બાળકો ઉપર જે અસર થાય છે અને બાળકના આખા જીવન પર્યંત તેનો જે પ્રભાવ જામેલો રહે છે, તે વરસોના વરસો સુધીના નામાંકિત પ્રોફેસરોના શીક્ષણથી પણ મળી શકતો નથી. માતાનો પોતાના શિશુઓ ઉપરનો પ્રભાવ સહજ સ્વાભાવિક આંતરિક પ્રેમમાંથી ઉદ્ભવેલો અને કાંઇ પણ કૃત્રિમ પ્રયાસથી રહિત હોય છે, ત્યારે શીક્ષકોના શીક્ષણનો પ્રભાવ બાળકના તેમજ મોટી વયના મનુષ્યો ઉપર બનાવટી બહારથી નાંખવામાં આવતા સંસ્કાર રૂપે કેટલાક પ્રસંગે બળાત્કાર પૂર્વક નાંખેલો અને અસ્વભાવિક હોય છે. નિશાળો, પાઠશાળાઓ કોલેજો, વગેરેમાં એકલું બુધ્ધિગત શીક્ષણ મળે છે, અને દુર્ભાગ્યે આ જમાનામાં તે સંસ્થાઓમાંથી ચારિત્રના અનુશિક્ષનનું તત્વ છેકજ લોપ પામી ગયેલું જોવામાં આવે છે, આથી તે સંસ્થાઓના સબંધી બહુ તો એટલુંજ કહી શકાય કે તે ફક્ત મનુષ્યોને કમાવાની અથવા જીવવા માટે આવશ્યક પદાર્થો ઉપાર્જવાની તાલીમ આપીનેજ પોતાનું કર્તવ્ય પૂર્ણ થયું માને છે. આવા સંયોગોમાં બાળકો શીશુવયથીજ માતાના ચારિત્ર્યની ઉત્તમ અસરથી જો બેનસીબ રહે તો તેઓ મોટી વયે સ્વાર્થી, એકલપેટા, પોતાનુંજ ઉદર ભરવાની વૃત્તિવાળા સંકુચિત્ હૃદયના અને પોતાની શકિતનો અસદ્વ્યય કરનારા નીવડે તેમાં નવાઇ જેવું કશું નથી. જે કાળે જાહેર શાળાઓમાંથી ચારિત્ર્ય અને હૃદયરસની કેળવણીનું તત્વ નીકળી ગયું છે, તે કાળે બાળકોના હૃદયના ગુણોના વિકાસ અર્થે માતાના સહૃદયજીવનમાંથી પ્રગટતા પ્રભાવની ખાસ વિશેષ આવશ્યકતા છે, એમ માનવું ખોટું નથી.

બાળકોને કેમ ઉછેરવાં એટલુંજ કહેવાનો અમે આ પુસ્તકનો ઉદ્દેશ રાખ્યો નથી. કેમકે એટલુંજ જાણવું એ સ્ત્રીવર્ગ માટે પુરતું નથી. એતો એના અખિલ જીવનની એક શાખા માત્ર છે. બાળકો ઉપર માતાઓનો જે પ્રભાવ પડે છે, તે માતાના સમસ્ત જીવનના વિકાસમાંથી પ્રકટતા પરિમલ રૂપે હોય છે. તે પ્રભાવ બાળકના મન ઊપર બાળકને કે માતાને ખબર પણ ન પડી શકે તેવો હોય છે. પુષ્પ જેમ પોતાની સુગંધ વગર પ્રયત્ને સ્વાભાવિકપણે વિસ્તાર્યે જાય છે, તેમ માતાનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રભાવ પણ તેના વિકસિત ચારિત્ર્યરૂપી પુષ્પમાંથી નિરંતર વહતા મનોહર પરિમલરૂપેજ હોય છે, અને તેથી માતાનું અખિલ ચરિત્ર કેવી રીતે ઘડાય તેનું શારીરિક, માનસિક, આધ્યાત્મિક એમ સર્વાંગ સુંદર ઉન્નતિ કેવી રીતે બની આવે, એની સંક્ષિપ્ત રૂપરેખા આ ગ્રંથમાં આલેખી છે.

આ ગ્રંથની બીજી એક વિશેષતા એ છે કે તેમાં અમે જે ક્રમ ગોઠવ્યો છે તેમાં આપણી પ્રાચીન શીઘ્ર આર્યભાવનાને અનુરૂપ થાય તેટલાંજ તત્વો દાખલ કર્યાં છે. દરેક પ્રજા પોતાના પૂર્વ મહાજનોએ નિયત કરેલી શૈલીએ જેવો વિકાસ સાધી શકે છે, તેવો વિકાસ તે પ્રજા અન્ય દેશના પુરૂષોએ રચેલા ક્રમ ઉપર કરી શકતી નથી. આનું કારણ એ છે કે પ્રત્યેક દેશના સંયોગો, પરિવેષ્ટનો આદિ ભિન્નભિન્ન હોય છે. અને ખાસ કરીને દરેકપ્રજાની પ્રકૃતિમાં એવું કાંઇ ખાસ વિશેષત્વ હોય છે કે તે પ્રકૃતિને પોતાનાજ દેશમાં ઉપજેલી ભાવના શિવાય અન્ય ભાગ્યેજ અનુકુળ થાય છે. મનુષ્ય એ ભૂતકાળનું બાળક છે. તે જે દેશના ભૂતકાળમાંથી પ્રગટેલ છે, તે દેશનાજ ભૂતકાળની મહત્તા ઉપર તેનું સાચું અવલંબન રહે છે. આપણી પ્રકૃતિને આપણા દેશમાંજ ઉપજેલી આર્ય સંસ્કારવાળી ભાવના અનુકુળ અને એકરસ થઇ શકે છે. જો કે એ વાત ખરી છે કે, મનુષ્યનું બંધારણ દરેક દેશમાં દરેક કાળમાં એક સરખું હોય છે, અને તેની ઉન્નતિ તેમજ અવનતિમાં એકજ સરખા નિયમો પ્રવર્તે છે છતાં એટલું ભુલી જવું જોઇતું નથી કે એ નિયમો તત્વપણે એક સરખા હોવા છતાં, તેમનું બાહ્ય સ્વરૂપ દેશ, કાળ પરત્વે એવા ભિન્ન ભિન્ન પ્રકારનું હોય છે કે એક દેશની પ્રચલિત ભાવના અન્ય દેશના લોકોને રૂચિકર થતી નથી. આથી એ નિયમોને બને તેટલું આર્ય ભાવનાને અનુકુળ થાય તેવું સ્વરૂપ આ ગ્રંથમાં આપવા પ્રયત્ન કર્યો છે.

પુરૂષ અને સ્ત્રીના પ્રકૃતિના બંધારણમાં જેટલો તફાવત કુદરતી છે, તેટલોજ તફાવત તેમની કેળવણીમાં હોવો જરૂરનો છે. કુદરતે ઉભયનું બંધારણ એવી ઘાટી ઉપર રચેલું જોવામાં આવે છે કે જ્યાંસુધી પુરૂષ અને સ્ત્રી પોતપોતાના સ્વરૂપને ઉપયુક્ત શીક્ષણ મેળવીને એકરૂપ ન બને ત્યાં-સુધી ગમે તેવા વિકાસવાળો પુરૂષ કે સ્ત્રી એ માત્ર અર્ધુંજ અંગ રહે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એ બન્ને એકત્ર થાય, પોતપોતાના વિશિષ્ટ લક્ષણો અને ચારિત્રના અંશોને પરસ્પર સાથે ભેળવીને એકમય થાય, ત્યારેજ આખુ અંગ નિર્મિત થાય છે. આથી જો પુરૂષ પુરૂષની પ્રકૃતિને યોગ્ય અને સ્ત્રી સ્ત્રીની પ્રકૃતિને યોગ્ય કેળવણી ન મેળવે તો અમે ઉપર કહ્યું તેવું આખું અંગ રચી શકાય નહીં સ્ત્રીની કેળવણી એ પુરૂષની કેળવણીના ધોરણે રચી શકાય નહીં, કેમકે પુરૂષ એ બુદ્ધિ પ્રાધાન્ય પ્રાણી છે, ત્યારે સ્ત્રી હૃદય પ્રાધાન્ય પ્રાણી છે. એક શુષ્ક છે તર્કશીલ છે, ત્યારે બીજુ પ્રેમાર્દ્ર છે. શ્રદ્ધાશીલ છે-પુરૂષમાં બુદ્ધિ, તેજ, પ્રખરતા, નિડરતા, શૌર્ય વિગેરે પુરૂષોચિત ગુણો સ્વાભાવિક રીતે બહુલપણે હોય છે, ત્યારે સ્ત્રીમાં વિશ્વાસ, સૌમ્યતા, નરમાળપણું, પ્રેમાળપણું, ધૈર્ય, સ્થીરતા આદિ સ્ત્રી ઉચિત લક્ષણો પ્રકૃતિ ગમ્ય હોય છે. આથી તે ઉભયના ભિન્ન ભિન્ન લક્ષણોના વિકાસ અર્થે તેમની કેળવણીનો ક્રમ પણ તે તે લક્ષણોને અનુસરતો હોવો ઘટે છે, આથી અમે એમ કહેવા નથી માગતા કે સ્ત્રીની કેળવણીમાં પુરૂષો શીખે છે એવું કશુંજ હોવું ન જોઇએ. સામાન્ય વ્યવહારોપયોગી જ્ઞાન જે ઉભય વર્ગને અકસરતું આવશ્યક છે તે બન્નેને મળવું જોઇએ. કેમકે જીવન વ્યવહારમાં તે ઉભયને એક સરખું જરૂરતું છે, પરંતુ જયાં પ્રકૃતિગત લક્ષણોની ખીલવણીનો સ્વાલ આવે છે, ત્યાં કેળવણીનો ક્રમ એવો હોવો ઘટે છે કે જયાં તેઓ પોતપોતાના આત્મબંધારણમાં સ્વાભાવિક લક્ષણોનો સંપૂર્ણ હિતકર વિકાસ સાધી શકે.

આજકાલ સ્ત્રી કેળવણીએ તદ્દન ઉલટાજ પ્રકારનું વળણ પકડેલું દૃષ્ટિગોચર થાય છે, એ ઘણી ખેદની વાત છે, સ્ત્રીઓને પુરૂષના ગુણ ધર્મને અનુસરતું શીક્ષણ આપી તેમને લગભગ પુરૂષો બનાવવાનો અણઘટતો પ્રયાસ આજકાલ ચાલી રહ્યો છે. વિશ્વમાં સ્ત્રીઓનું જે સ્વાભાવિક સ્થાન છે તે સ્થાન શોભાવવાને માટે તેમને હૃદય પ્રધાન શીક્ષણની જરૂર છે. તેને ગૃહિણી બનવાનું છે. ગૃહને ઉત્તમ પ્રકારનું બનાવવા માટે ગૃહ ધર્મનું યથા પ્રકારે પાલન કરવા માટે, સ્ત્રીઓનું મુખ્ય શીક્ષણ હોવું જોઇએ. આપણા આર્ય દેશની આર્ય ભાવનાને અનુસરતો ગૃહિણીનો આદર્શ લક્ષ્યમાં રાખીનેજ સ્ત્રીઓનો શીક્ષણક્રમ નિયત થવો જોઇએ. યુરોપાદિ દેશો, જ્યાં વ્યક્તિવાદના (Individualism) વાતાવરણમાં લોકો ઉછરે છે તે દેશની સ્ત્રીઓની શીક્ષણ સંસ્થાઓ આ દેશમાં અસ્થાને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. તે દેશમાં સ્ત્રી ધર્મનો આદર્શ આ દેશના સ્ત્રીધર્મના આદર્શથી ઉલટો છે. તે દેશમાં બધુંજ જડવાદની નીતિ ઉપર પ્રવર્તે છે, આ દેશમાં બધુંજ આત્મવાદની નીતિ ઉપર નિર્ભર છે, આ ભેદને લક્ષ્યમાં રાખવામાં આપણો નેતૃ વર્ગ બેદરકાર રહ્યો છે, તેથીજ હાલની સ્ત્રીકેળવણીની સંસ્થાઓ તેમજ તે સંસ્થામાંથી પસાર થએલી મહિલાઓ આપણી પ્રાચીન આર્ય ભાવનાની દૃષ્ટિને વિરૂપ ભાસે છે. આપણા આર્ય–આત્માને (Aryan spirit) દૃષ્ટિ-પથમાં સ્થાપીનેજ આપણે આગળ પ્રવર્તીએ તોજ આપણો સ્વાભાવિક વિકાસ આપણે સાધી શકીએ.

આટલા વિવેચનથી અમારે જે કાંઇ ફલીત કરવાનું છે તે એ છે કે સ્ત્રીઓને હાલની નીશાળો હાઇસ્કુલો અને કોલેજની કેળવણીની જેટલી જરૂર છે, તે કરતાં અનંતગુણી અધિક જરૂર તેમના માટે તેમના સ્વાભાવિક પ્રકૃતિગત ગુણોના વિકાસની છે, અર્થાત્ હૃદયના ગુણો વિકસાવવાની છે. ગૃહને ઉત્તમ પ્રકારે દીપાવવા માટે તેમનામાં જે ગુણોનો વિકાસ આવશ્યક છે, તે ગુણોની ખીલવણી થવી જોઇએ. બાળકોને કેમ ઉછેરવા, તેમનું આરોગ્ય સાચવવા માટે કેવા નિયમોનું પાલન કરવું. બાળકો પ્રત્યે કેવું વર્તન રાખવું, તેમનામાં ઉત્તમ પ્રકારની અસરો કેવી રીતે દાખલ કરવી, એ અને એવી અસંખ્ય ઘરગતુ ગૃહોપયોગી બાબતોની તેમને જેટલી જરૂર છે, તેટલી ખગોળ, ભૂગોળ આદિ વિદ્યાઓની નથી. દુનિયામાં જે મનુષ્યોએ મહત્તા પ્રાપ્ત કરી છે, તેમની માતાઓનો ઇતિહાસ તપાસીશું તો માલુમ પડશે કે તે માતાઓ વિદ્વાન, પંડિત, મહા બુદ્ધિશાળી અથવા વ્યવહાર પ્રપંચમાં કાબેલ ન હતી, પરંતુ ભક્તિમાન, ઇશ્વરપરાયણ, શ્રદ્ધાળુ, ઉત્તમ ચારિત્ર સંપન્ન, દયામય, સહનશીલ, પરદુઃખ ભંજન, અને સ્નેહાર્દ હૃદયની હતી. સ્ત્રીઓનું સાચું ધન ઉત્તમ ચારિત્ર્ય અને હૃદયના ગુણો છે, એવી સ્ત્રીઓ જ પ્રજાના જીવનમાં ઊંડી અસર કરી શકી છે. અને કાળની રેતી ઉપર પોતાનું નામ સુવર્ણાક્ષરે લખી શકી છે. આ ટુંક પ્રસ્તાવનામાં અમે દૃષ્ટાંતો ટાંકી શકીએ તેમ નથી. પરંતુ એવો આદર્શ પોતાના જીવનમાં સ્થાપીને તેના પ્રભાવથી જે સ્ત્રીઓ ઇતિહાસ કે પુરાણ ગ્રંથોમાં પોતાનું નામ મુકી ગઇ છે તેમનાં ટુંક ચારિત્રો આ ગ્રંથમાં આપેલા છે. એ આદર્શના ઢાળ ઉપર અમારા દેશની અને સમાજની સુશીલ મહિલાઓ પોતાનું જીવન ઘડે એ અમારા હૃદયની પ્રિયતમ આકાંક્ષા છે. પ્રકાશક.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રસ્તાવના.

दिक्कालाधनवच्छिन्नानन्त चिन्मात्र मूर्त्तये ॥
स्वानुभूत्येक साराय, नमः शान्तायतेजसे ॥

દિશા અને કાલ વગેરેનો જેમને બાધ નથી, અર્થાત્ ત્રિકાળમાં અને સર્વ સ્થળે જે વ્યાપ્ત છે–અનંત છે–ચિત્તમાં જ જેની મૂર્ત્તિનું ધ્યાન થઈ શકે છે એવા શાન્ત અને તેજસ્વી પ્રભુને પણ સ્વાનુભૂતિ એજ એક સાર વર્ણવેલો છે. પોતાનું અસ્તિત્વ એજ સારરૂપ મનાયલું છે, તો પછી સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ઠ ગણાતા, પ્રભુની પ્રતિકૃતિરૂપ મનાયલા, સ્વધર્મ સમજવાની શક્તિવાળા મનુષ્ય માત્રનું શું એ મુખ્ય કર્ત્તવ્ય નથી કે પોતે અને પોતાનાથી ઉત્પન્ન થતી પ્રજા કેવી રીતે પોતાનું અસ્તિત્વ સાર્થક કરે, નિરોગી રહે, સબળ થાય, વિજયી બને, અને જે કાર્યને માટે પ્રભુએ આ અવનિમાં અવતાર આપ્યો છે, તે સંપૂર્ણ રીતે સિદ્ધ કરીને જન્મ–સાફલ્ય પામે એવા ઉપાયો અહર્નિશ યોજે જવા ?

આ વાત નિર્વિવાદ છતાં સર્વ પક્ષની સ્વીકૃત છતાં, અજ્ઞાનને લીધે અથવા મતાન્ધ અને દુરાગ્રહી બનીને કેટલાંએક મનુષ્યો પોતાનું તથા પોતાના બાળકોનુ અહિતકર્તા નિવડે છે એ કોણે નથી જોયું ? કેવા માર્ગે આચરણ કરવાથી શરીરસંપત્તિનું રક્ષણ થાય, કેવી કુટેવો રાખવાથી નિસ્તેજ અને દુર્બળ બનાય એ અગત્યના વિષય ઉપર બાળપણથીજ પ્રજાનું ધ્યાન ખેંચવાની સર્વ માબાપોની અને શિક્ષકોની ખરેખરી ફરજ છતાં, લોકલજ્જાને લીધે, અથવા પરિણામ વિપરીત આવશે એવી ભીતિને લીધે, આખા જગતમાં સેંકડે નવાણું જણ એ કાર્ય ઉપર લક્ષજ આપતા નથી, અને જેમ પ્રજા ઉછરે તેમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉછરવા દેવી, લખતાં–વાંચતાં અને હિસાબ ગણતાં શીખવવું, એટલામાંજ પોતાનો ધર્મ સમાયલો છે એમ આપણામાંના ઘણાઓની માન્યતા જણાય છે, પરંતુ વર્ત્તમાનકાળનું ઇંગ્રેજી સાહિત્ય જેઓના વાંચવામાં આવતું હશે તેઓનાથી એ વાત અજાણી નહીં હોય કે ત્યાંના વિદ્વાનોની હવે આંખો ઉઘડી છે, અને તેઓ પોતાની આ પ્રદેશમાં થતી ભૂલ સમજીને હવે કયે પ્રકારે તે સુધારવી તેને માટે અનેક પ્રકારના પ્રયત્ન કરવા લાગ્યા છે. માતાપિતાનો ખરો ધર્મ શો છે તે સમજાવવા તથા યુવાન સ્ત્રી–પુરૂષો સમજીને પોતાના વર્ત્તનને તે પ્રમાણે વાળે એવા શુભ હેતુથી ઘણા દાક્તરો અને ધર્માધ્યક્ષો વિવિધ જાતની કીંમતી શિખામણોથી ભરેલાં પુસ્તકો પ્રગટ કરે છે, અને તે બહોળો ફેલાવો પામે છે. આપણી ગુર્જર પ્રજાને માટે આ વિષય ઉપર છુટાછવાયા ગ્રંથો લખાતા જાય છે, પરંતુ તેમના લેખકોને ઉપદેશક તરીકે માન આપવાનું વાંચનારની ઇચ્છા ઉપર રહેલું હોવાથી એવાં લખાણોની અસર જોઇએ તેવી થાય છે કે કેમ તે શંકા ભરેલું છે. એટલાજ માટે આપણા ધર્મગુરૂઓએ આ મહદુપયોગી કાર્ય હાથમાં લેવાની ને સંસાર સુધારવાની પ્રવૃત્તિમાં પડવાની પૂરી આવશ્યકતા છે.

મનુષ્યમાત્રને પોતાનો ઇશ્વર પ્રત્યેનો ધર્મ સમજાવી આસ્તિક બનાવવાના સ્તુતિપાત્ર કાર્યમાં પણ તેનું ઐહિક કલ્યાણ સાધવાના ઉપાયો યોજવાની અપેક્ષા રહેલી છે, અને જેટલે દરજ્જે આવા બોધ વધારે સરલતાથી અપાતા જશે તેટલે દરજ્જે આપણા દુર્ગુણો દૂર થઇને આપણે સન્માર્ગે વિચરવાને યોગ્ય બનીશું એ સ્વતઃ સિદ્ધ છે.

આવી પરિસ્થિતિમાં આ ગ્રંથ મુનીશ્રી બાલવીજયજી જેવા સાત્વિક વૃત્તિના પરોપકારી જૈન સાધુમહારાજને હાથથી લખાયલો વાંચી મને અવર્ણ્ય આનંદ થયો છે, તેમણે બરાબર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વર્તીને જ ઉપાય કરેલો છે એમ આ પુસ્તક હાથમાં લેનાર સર્વને જણાયા વિના રહેશે નહીં. રોગને મૂળમાંથી નાબુદ કરવો હોય તો તેનું ખરેખરૂં કારણ (નિદાન) ઓળખવું જોઈએ. તે પ્રમાણે તેમણે પણ ગર્ભાધાનથી પ્રારંભ કરીને બાળકના જન્મ પહેલાં પણ તેના ભવિષ્યના હિતની ખાતર કેવા ઉપાયો લેવા જોઇએ, તેને ઉંચી કોટીમાં લઇ જવા માટે કેવી રીતે માતાપિતાએ વર્તવું જોઈએ તથા પ્રસવ થયા પછી કેવી રીતે શિક્ષણ આપવું જોઈએ એનો યથાર્થ ચિતાર આપેલો છે, અને આપણા પરમ પૂજ્ય ધર્મશાસ્ત્રોના આધારથીજ સિદ્ધ કરી આપ્યું છે કે પ્રજોત્પત્તિને માટે પ્રથમ માતાપિતાએ પોતેજ યોગ્ય બનવું જોઈએ ને ત્યારપછી સુક્ષેત્રમાં બીજ વાવવામાં આવે તો તે પરિણામે સારાં ફળ આપનાર તથા ચિરંજીવ થયા વિના રહેજ નહિ.

કેટલાક મહાપુરૂષોનાં તથા કેટલીક વીરાંગનાઓનાં ટુંકામાં ચરિત્ર પણ આપેલાં છે અને ધર્મપરાયણ થનારને સત્યવ્રત પાળનારને–પવિત્ર જીવન ગાળનારને–આપત્તિ આવી પડવા છતાં ધૈર્ય રાખવાથી અંતે કેવો પરમાનંદ તથા પરમસુખ પ્રાપ્ત થાય છે તે અનેક રીતે દર્શાવી આપ્યું છે. સામાન્ય રીતે બાળકની કે સ્ત્રીઓની પ્રકૃતિ બગડતી જોવામાં આવે તો કેવા ઔષધોપચાર કરવા, કેવી સંભાળ રાખવી, એ પણ રા. રા. પંડિત પૂર્ણચંદ્ર શર્મા નામના એક અનુભવી વિદ્વાન વૈદ્યની સહાયતાથી લખેલું છે. હિતવચન સ્થળે સ્થળે યોગ્ય રીતે વાંચનારની દૃષ્ટિ સમક્ષ ગોઠવેલાં છે, અને જનસમાજનું કેમ કલ્યાણ થાય, ભવિષ્યની પ્રજાની માનસિક, શારીરિક, તથા આર્થિક ઉન્નતી કેવે પ્રકારે થઈ શકે, તે અતિ સ્ફુટતાથી સમજાવ્યું છે; માટે સર્વ ભણેલાં સ્ત્રી પુરૂષો આ પુસ્તક અથથી ઇતિ સુધી વાંચવાનો શ્રમ લેશે એવી હું આશા રાખું છું અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેનું મનન કરીને તેમાં આપેલા સદ્બોધ અનુસાર વર્તવાથી તેઓ પોતાનું આ લોકમાં તથા પરલોકમાં કલ્યાણ સાધશે એવી મ્હારી ખાત્રી છે. આ ગ્રંથ રચવાનો શ્રમ લેવા માટે મુનીમહારાજશ્રી બાલવિજયજીનો આપણે જેટલો આભાર માનીએ તેટલો થોડો છે. એમના જેવા નિ:સ્વાર્થી ધર્મગુરૂઓ પ્રતિદિવસ વધારે પ્રકટ થાઓ અને આવા જનહિતવર્ધક કાર્યો કરતા રહો એવી પ્રભુ પાસે પ્રાર્થના છે.

જુનાગઢ તા. ૨૬–૧૦–૧૭
પોસ્ટ ઓફીસ પાસે
કેળવણીખાતાની ઓફીસ.

છગનલાલ હરિલાલ પંડ્યા.
કેળવણી અધિકારી—જુનાગઢ
અને કાદમ્બરીના ભાષાન્તરકર્તા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિષયાનુક્રમણિકા.

નંબર.	વિષય.	પૃષ્ઠ.
	સ્વર્ગ વિમાન ૧ લું.	
૧	બાળલગ્ન.	૧
૨	પુખ્ત ગર્ભાશય.	૩
૩	ઋતુવંતીના ધર્મ ને પર્વ તિથીએ બ્રહ્મચર્ય.	૪
૪	નક્ષત્ર વિચાર.	૧૦
૫	આહાર વિહાર.	૧૧
૬	સ્વચ્છતાની જરૂર.	૧૨
૭	માનસિક ભાવનાનો પ્રભાવ.	૧૩
૮	ગર્ભ કેળવણી.	૧૪
૯	પુત્ર અને પુત્રીમાં સમાનતા.	૧૮
૧૦	ગર્ભ પરિક્ષા.	૧૯
૧૧	ગર્ભિણીએ પાળવાના નિયમો.	૨૨
૧૨	સોળ સંસ્કાર.	૨૩
૧૩	ગર્ભાધાન સંસ્કાર વિધિ	૨૪
૧૪	પુંસવન સંસ્કાર વિધિ.	૨૬
૧૫	પ્રસુતિને પાળવાના નિયમો.	૨૮
૧૬	ગર્ભવંતીના દર્દો અને તેના ઉપાયો.	૨૮
૧૭	પ્રસવ સમય.	૩૨
૧૮	સુવાવડીને મકાન કેવું જોઇએ.	૩૨
૧૯	પ્રસવ સમયના વ્યાધિઓ અને તેના ઉપાયો.	૩૪
૨૦	જન્મ સંસ્કાર વિધિ.	૩૮
૨૧	ચંદ્ર દર્શન વિધિ.	૪૧
૨૨	ન્હુવણ વિધિ.	૪૩
૨૩	ક્ષીરાસન સંસ્કાર.	૪૩
૨૪	ષષ્ટિપૂજન સંસ્કાર.	૪૪
૨૫	નામાધિકરણ સંસ્કાર.	૪૫
૨૬	બાળકને શી રીતે ઉછેરવાં.	૪૮
	સ્વર્ગ વિમાન બીજું.	
૨૭	સંતતિ સંરક્ષણ.	૫૦
૨૮	ધાવણ પરિક્ષા.	૫૧
૨૯	ભાડુતી ધાવ.	૫૧
૩૦	ગાય કે બકરીના દુધનું સેવન.	૫૨
૩૧	વ્હેમ.	૫૨
૩૨	સ્તનપાનનો સમય.	૫૪
૩૩	ધાવણ વધારવાના ઉપાય.	૫૪
૩૪	અજીર્ણના ઉપાય.	૫૫
૩૫	બાળકને બલિષ્ટ કેમ બનાવવું.	૫૫
૩૬	અન્ન પ્રાશન સંસ્કાર વિધિ.	૫૬
૩૭	બાળકનો શરૂઆતનો ખોરાક.	૫૮
૩૮	બાળકને ન્હવરાવવાનું	

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધોરણ. ૬૦
૩૯ બાળકના અંગોની
ખીલવણી. ૬૧
૪૦ સ્વચ્છ હવાનો પરિચય. ૬૨
૪૧ કસરત. ૬૩
૪૨ બાળકના લોહીની
શક્તિનું માપ. ૬૪
૪૩ રહેવાનું મકાન કેવું
જોઇએ. ૬૫
૪૪ બાળકને કેટલી ઉંઘની
જરૂર છે. ૬૮
૪૫ બાળકને કપડાં કેવાં
પહેરાવવાં. ૬૯
૪૬ બાળકને ચાલતાં શી
રીતે શિખવવું. ૭૦
૪૭ દાંત ફૂટતી વખતે રાખ-
વાની માવજત. ૭૦
૪૮ બાળકને બોલતાં શી
રીતે શીખવવું. ૭૧
૪૯ બાળકની સાથે માબા-
પોએ કેમ વર્તવું. ૭૨
૫૦ માબાપ એ બાળકના
વર્તનના ગુરૂ છે. ૭૩
૫૧ સોબત તેની અસર. ૭૭
૫૨ તમાકુનો ઝેરી મહીમા. ૮૦
૫૩ તમાકુનો હિંદમાં પ્રવેશ. ૮૧
૫૪ બાળકો અને દાગીના. ૮૨
૫૫ બાળઅંજન. ૮૪
૫૬ બાળાગોળી. ૮૫
૫૭ બાળકને બળીયા શોળી
કઢાવવાં. ૮૫
૫૮ બાળકને પ્રાથમિક
શિક્ષણ. ૮૭
૫૯ બાળશિક્ષણમાં રાખવાની
સંભાળ. ૮૯
૬૦ બાળકના રોગ પારખ-
વાની રીત. ૯૦
૬૧ બાળકના ખાસ રોગો. ૯૧
૬૨ બાળ રોગો માટે
ઔષધી. ૯૨
૬૩ કર્ણવેધ સંસ્કાર. ૯૯
૬૪ કેસવપન સંસ્કાર. ૧૦૦
૬૫ ઉપનયન સંસ્કાર. ૧૦૦
૬૭ વિદ્યારંભ સંસ્કાર. ૧૦૧
૬૭ શિક્ષણમાં માતાના સં-
કલ્પબળની અસર. ૧૦૨

સ્વર્ગ વિમાન ત્રીજું.

૬૮ પુત્રી શિક્ષણ. ૧૦૬
૬૯ માતાના વિરત્વનું ફળ. ૧૦૭
૭૦ શિક્ષીત સ્ત્રીનો સંસાર. ૧૦૮

સ્વર્ગ વિમાન ચોથું.

૭૧ પ્રાચીન સતીઓનું શિ-
ક્ષણીય જીવન. ૧૧૦
૭૨ કૌશલ્યા. ૧૧૦
૭૩ સીતા. ૧૧૦
૭૪ સુમીત્રા. ૧૧૧
૭૫ જરત્કારૂ. ૧૧૧
૭૬ ઉભય ભારતિ. ૧૧૩
૭૭ લીલાવતી. ૧૧૪
૭૮ દ્રૌપદી. ૧૧૫
૭૯ ગાન્ધારી. ૧૧૫
૮૦ મદાલશા. ૧૧૫
૮૧ દમયંતી. ૧૧૫
૮૨ મંદોદરી. ૧૧૬

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૮૩ તારામતી. ૧૧૬
૮૪ મેનાવતી. ૧૧૬
૮૫ કર્માદેવી. ૧૧૬
૮૬ તારાબાઈ. ૧૧૬
૮૭ પદ્માવતી. ૧૧૭
૮૮ પ્રતાપરાણાની પત્નિ. ૧૧૮
૮૯ ચારૂમતી. ૧૧૯
૯૦ મીરાંબાઇ. ૧૨૦
૯૧ દુર્ગાવતી. ૧૨૦
૯૨ અહલ્યાબાઇ. ૧૨૦
૯૩ વેણીબાઇ. ૧૨૦
૯૪ રાણીચંદા. ૧૨૦
૯૫ હરદેવી. ૧૨૧
૯૬ કહ્નાનદેવી. ૧૨૧
૯૭ પરમેશ્વરી દેવી. ૧૨૧
૯૮ રઘુરાજ કુમારી. ૧૨૧
૯૯ સરલાદેવી. ૧૨૧
૧૦૦ અજ્ઞાનસ્ત્રીઓનું વર્તન ૧૨૨

સ્વર્ગ વિમાન પાંચમું.

૧૦૧ લગ્ન કેવડી ઉમરથી જોડવા. ૧૨૩
૧૦૨ કેવા વરને કન્યા પરણાવવી જોઇએ. ૧૨૫
૧૦૩ કન્યા વળાવતાં ધ્યાનમાં રાખવાના ૬૧ સુત્રો. ૧૨૬
૧૦૪ પતી પ્રત્યેનો ધર્મ. ૧૩૪
૧૦૫ ઘરેણાં કેવાં પહેરવાં. ૧૩૬

સ્વર્ગ વિમાન છઠું. ૧૩૭

૧૦૬ પ્રતિવ્રતા પ્રમદાનું જીવન. ૧૩૭
૧૦૭ સુલસા સતિ. ૧૩૭
૧૦૮ મદનરેખા. ૧૩૮
૧૦૯ દમયંતી. ૧૩૮
૧૧૦ સીતાજી. ૧૩૯
૧૧૧ સુભદ્રા. ૧૩૯
૧૧૨ અંજનાસુંદરી. ૧૪૦
૧૧૩ શિવાદેવી. ૧૪૦
૧૧૪ જયેષ્ટા. ૧૪૧
૧૧૫ મૃગાવતી. ૧૪૧
૧૧૬ કળાવતી. ૧૪૧
૧૧૭ શીળવતી. ૧૪૨
૧૧૮ ઋષિદત્તા. ૧૪૫
૧૧૯ નંદયંતી. ૧૪૭
૧૨૦ રતીસુંદરી. ૧૪૭
૧૨૧ નર્મદાસુંદરી. ૧૪૮
૧૨૨ ભવભુતિની પત્નિ. ૧૪૯

સ્વર્ગ વિમાન સાતમું. ૧૫૦

૧૨૩ પુર્વે પુત્રીઓને અપાતું શિક્ષણ. ૧૫૦
૧૨૪ સ્ત્રીઓની ચોસઠ કળાઓ. ૧૫૦
૧૨૫ બાળકીઓને જરૂરતું શિક્ષણ. ૧૫૨
૧૨૬ નિયમિતપણું. ૧૫૨
૧૨૭ માતૃપિતૃ ભક્તિ. ૧૫૩
૧૨૮ વિદ્યા અને વિનયનું શિક્ષણ. ૧૫૪
૧૨૯ બુદ્ધિ વિકાસ. ૧૫૬
૧૩૦ મિલનસાર અને ગૃહવ્યવસ્થા. ૧૫૭
૧૩૧ સ્ત્રીઓનું સામાન્ય ધર્મશાસ્ત્ર. ૧૫૮
૧૩૨ સામાન્ય નીતિસુત્રો. ૧૬૨
૧૩૩ સ્ત્રી સુધારણાના ઉપાયો ૧૬૨

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહિલા મહોદય.

પ્રથમ પરિચ્છેદ

अर्धं भार्या मनुष्यस्य भार्या श्रेष्ठतमः सखा ।
असहायस्य लोकेस्मिन् लोकयात्रासहायिनी ॥

આર્યાવૃત્તની ઉન્નતિનો આધાર તેના સર્વાંગ સુવ્યવસ્થિત બનાવવામાં છે. મતલબ કે જેમ પુરૂષવર્ગને કેળવવા અને વ્યવહારધર્મમાં કુશળ કરવાનો શ્રમ થાય છે, તેમ સ્ત્રીજાતિને કેળવવા અને તેનો વ્યવહારધર્મ વ્યવસ્થિત રીતે સમજાવવાની પણ તેટલી જ જરૂર છે. કેમકે સ્ત્રી એ સંસાર–વ્યવહારને સુલભ રીતે ચલાવવા એક ઉપયોગી અંગ છે. એટલું જ નહિ પણ ગ્રહરાજ્યનો મંત્રી છે. વળી તેમના મનોબળ અને શરિરબળ ઉપર ભવિષ્યની પ્રજાના જીવનનો આધાર છે. એટલા માટે સ્ત્રી જીવન વધારે સુદઢ થવા પામે તેવા હેતુથી તેના કર્તવ્યધર્મને સમજાવી, સ્ત્રીવ્યવહારની ઉન્નતિમાં જોવાતાં આવરણો વિદારવા તે તે વ્યવહારૂ ઘટનાપર લક્ષ આપવા ખાસ જરૂર છે.

બાળલગ્ન—

આજકાલ બાળલગ્ન કરવામાં આપણા દેશી ભાઇયો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મચ્યા રહ્યા છે, અને એથી જ અપકવ વીર્યદ્વારા થતી પ્રજા ટુંકા કદની, નબળા બાંધાની, ટુંકી આવરદાની, બ્હીકણુ અને હિચકારી થતી જોવામાં આવે છે, અને તેથી થતી માનસિક નબળાઇને લીધે જ આર્યાવૃત્ત પરતંત્રતાના પંજામાં સપડાઇ વિવિધ વિપત્તિયો ભોગવી રહ્યો છે, અને હજુ પણ દિનપ્રતિદિન અવનતીને ભેટતો જાય છે. તે અધોગતિમાંથી બચવાનો માર્ગ એ છે કે—

(માતા જશોદા ઝૂલાવે પુત્ર પારણે એ રાહ.)

બેશક બંધ કરો ઝટ બાળલગ્નને બાન્ધવો !
જે છે સ્વદેશની પડતીનું ઝેરી શૂળ;
એથી થઇ છે અને થાશે પડતી દેશની,
તદપિ રાખો હજુ કાં શાંતિ અને સબૂર. બેશક બંધ કરો. ૧
શોચો ! બાળલગ્નથી બળી બેઠું બળ સર્વનું,
ખોયા નૂર ખુમારી શૂરંપૂરની ખાસ;
બેઠા બની બાપડા હીચકારા ને હીજડા,
વાળ્યું સ્વદેશ સુખનું વેગે સત્યાનાશ. બેશક બંધ કરો. ૨
યુવતી બાળલગ્નના યોગે ગર્ભ ધરે કદી,
કાં તો ગર્ભ ગળે કે મરે જન્મીને બાળ;
અથવા જીવે તોપણ માલ વગરનાં નીવડે,
અલ્પાયુષી થાતાં રોગાકુળ કંગાળ. બેશક બંધ કરો. ૩
નબળા બાંધાના છે મન નબળાં જે નિર્ગુણી,
ટુંકા કદની ને વળી ટેક વગરની જાણુ;
બકવા કરનારી બેડોળ અને બહુ ટીખળી,
પાકે પ્રજા સત્વહિણુ શકિતની કંગાળ. બેશક બંધ કરો. ૪
રૂઢી દાખલ થઇ યવનોની બ્હીકે એ નક્કી,
ગઇ તે બ્હીક હવે તો છે ગુણગ્રાહક રાજ્ય;
તો પણ હજુ એ રૂઢીને વળગી બેઠા આપણે,
દિલમાં જોઇ વિમાસી કરી દો તુરતજ તાજ્ય. બેશક બંધ કરો. ૫
જે જે દેશ અને જ્ઞાતીમાં એ રૂઢી નથી,
તેની પ્રજા તરફ તો જુઓ જરા પ્રિય વીર;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગુરખા શિખ વાઘેર મિયાણા જાટ રબારિયો,
કાબુલ, મેવાડી બેંગોલિ આદિ વીર. બેશક બંધ કરો. ૬
ચાહો સ્વદેશની ચડતી જો ચારૂ ચિત્તથી,
રોકો બુરી રીતિઓ ખંત ધરીને હાલ;
ભાખે **બાળચંદ્ર** તો પાકે સ્તુત્ય પ્રજા ભલી,
તારે સ્વદેશને સંકટમાંથી તત્કાળ. બેશક બંધ કરો. ૭

પુખ્ત ગર્ભાશય—

પ્રજાની પરિપકવતાનો આધાર ગર્ભાષયની મજબુતી ઉપર છે. જ્યારે અત્યારે બાળલગ્નની રૂઢીથી અપકવ ગર્ભાશય ઉપર પ્રજા ઉત્પન્ન કરવાનો બોજો નાંખી ખાંતેથી નિર્બળતા વહોરી લેવામાં આવે છે, એ બહુ શોચનીય છે.

૩૬ વખત રજોદર્શન થયા પછી ઉત્તમ પ્રજા પેદા થવા લાયક ગર્ભાશય બને છે. અને તે પછી છ દરેક મહીને સ્ત્રી ઋતુવંતી થાય તે દિવસથી સોળ દિવસ સુધી સંસારવ્યવહાર કરવાની મર્યાદા છે. એ સોળ દિવસની મર્યાદાને ઋતુકાળ કહે છે. જો ખેતી કરનાર તથા વાડીમાં ફૂલ ઝાડ રોપનાર, દરેક અનાજ, વનસ્પતિને તેની મોસમ અને નક્ષત્રના યોગમાં બીજની વાવણી કરે કે રોપા રોપે તો તે તે વસ્તુ સારી રીતે ઉછરે છે અને ઉત્તમ ફૂલ ફળ બક્ષે છે, તેમ યોગ્ય ઋતુકાળ સમયે જ જો ઋતુદાનનો ઉપયોગ થાય, તો ઉત્તમ સંતતિની ઉત્પત્તિ થાય છે.

સ્ત્રીનું ગુહ્યસ્થાન સંતાન પેદા કરવાનું ક્ષેત્ર છે, અને પુરૂષરૂપ વીર્ય બીજ છે, તો પછી વગર ઋતુએ બીજ વાવવામાં આવે તો સારા ફળની આશા રાખવી એ મિથ્યા ફાંફા છે. માટે નિયમયુક્ત જેમ ક્ષેત્રની પ્રથમ શુદ્ધિ કરવામાં આવે છે, તેમ ઋતુના પહેલા ચાર દિવસોમાં ગુહ્યાંગશુદ્ધિ થવા સુધી સારી પ્રજા પ્રાપ્ત કરવા સુઘડ સ્ત્રીઓએ અવશ્ય નીચેના નિયમો પાળવા કે જેથી એબ-ખોડખાંપણ વગરની પ્રજા થાય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઋતુવંતીના ધર્મ—

અભડાયાથી ચોથા દિવસ સુધી પુરૂષનું મ્હોં જોવું નહીં, આંજણ આંજવું નહીં, પીઠી ચોળવી નહીં, સ્નાન કરવું-ન્હાવું નહીં, રોવું નહીં, ઉંચે સાદે બોલવું નહીં, દિવસે સુવું નહીં, વધારે હસવું નહીં, માલેશ કરવો નહીં, ભયંકર શબ્દો સાંભળવા નહીં, ગાવું નહીં, દોડવું નહીં, બહુ બોલબોલ કરવું નહીં, વાસી ભોજન કરવું નહીં, માટી પત્થર કે લાકડાના વાસણ-કે પતરાળા વગર બીજા વાસણમાં જમવું નહીં, તેમજ બહુ ઉન્હું, બહુ તીખું, બહુ કડવું, બહુ કષાયલું, બહુ ખાટું, બહુ મીઠું, બહુ ચીકણું, બહુ લૂખું, બહુ નરમ અને બહુ કઠણ ભોજન પણ કરવું નહીં. કેમકે-રજસ્વળા દહાડે વિશેષ સુએ તો તે ઋતુકાળથી પ્રાપ્ત થયેલી પ્રજા ઉંઘણસી થાય છે. જે રજસ્વળા કાજળ આંજે તેના સંતાનો આંધળા થાય, જો રૂએ તો દૃષ્ટિ વિકારવાળી પ્રજા પાકે, જો ન્હાય અથવા ઉવટણું કરે તો સંતતિ દુર્બળ થાય, તેલનો માલેશ કરે તો કોઢરોગવાળી સંતતિ થાય, નખ ઉતારે તો ખરાબ નખવાળી પ્રજા થાય, દોડે તો તિવ્ર સંતતિ થાય, હસે તો છોકરાના હોઠ-દાંત-તાળવું-જીભ કાળાં થાય, બહુ બોલવાથી લબાડ સંતતી નીવડે, તોપ વગેરેના ભયંકર શબ્દ સાંભળવાથી કે ઘાંટા કહાડી બોલવાથી બાળકો બેહેરાં થાય, અત્યંત પવન ખાવાથી તોફાની સંતતી થાય, કુસ્તી વગેરે બહુ શ્રમવાળાં કામો કરવાથી મસ્તીખોર-શેતાન-દીવાની પ્રજા પાકે, પૃથ્વી ખોદે તો છોકરૂં જ્યાં ત્યાં ગબડી પડે, અને લખવા ચિતરવાથી બાળક ડગમગતો ચાલનાર થાય. માટેજ સારાં સંતાનોની ઇચ્છા રાખનારી સુશીલ બ્હેનોએ રૂતુવાળા ત્રણ દિવસોની અને ગર્ભ રહ્યા પછી પ્રસવકાળ સૂધી ઉપર કહેલા નિયમો પ્રમાણે વર્ત્તવું યોગ્ય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઋતુસ્નાન પછીનો વિધિ—

ચોથે દિવસે ન્હાવું તેને **ઋતુસ્નાન** કહે છે. અને **ઋતુદાન** આપવાનો સમય પણ તેજ છે. ઋતુસ્નાનાંતર સાફ કરી, સુંદર વસ્ત્રો પહેરી, દાગીના ધારણ કરી, કપાળમાં તિલક કરી, સર્વથી પહેલાં ઋતુમતી સ્ત્રી પોતાના પતિનું આનંદપૂર્વક મ્હોં જુવે એ મંગળ ફળદાયી રીતિ છે. મતલબ એજ છે કે ઋતુસ્નાન કર્યા પછી જેવા પુરૂષનું મ્હોં જુવે તેવાં સંતાન પ્રાપ્ત કરે છે; માટે પહેલાં પતિનું મ્હોં જોવું, એ હિતરૂપ છે. જો ભર્ત્તાર એ સમયે ત્યાં ન હોય તો વ્હાલા દીકરાનું; અથવા તો પોતાના કોઇ ગુણવંત સંબંધી હોય તેનું મ્હોં જોવું, અને એમાંના દૈવયોગે એકે જન પાસે હાજર ન હોય તો દર્પણની અંદર પોતાનું જ મ્હોં જોવું, અથવા તો કોઈ સત્પુરૂષની સુંદર છબીઓ હોય તેમનો ચ્હેરો જોવો અને હમેશાં જોતી વખત તથા હરતી ફરતી તમામ વખતે એજ ધ્યાન ધરવું કે–'મને મનોહર રૂપ-ગુણવંત સંતાન થાઓ.' એવા સંકલ્પ કરવાથી ઉમદા સંતતી થાય છે. કહ્યું છે કે:–"**गर्भोपपत्तौतु मनः स्त्रीयायंजंतुं व्रजेत्तत्सदृशं प्रसूते.**" પતિસંયોગ સમય, અને તે પછી પણ જે પુરૂષનું ચિંતવન કરવામાં આવે તે પુરૂષના ચ્હેરા સમાન ઇચ્છા કરનારી, સંતતીનો લાભ મળે છે.

શયન ચિકિત્સા—

ઋતુમતી સ્ત્રી સુંદર વસ્ત્રાલંકાર, તિલક, તાંબૂલ, સુગંધિ પદાર્થોસહ હોવી જોઇયે. મનપસંદ ક્ષીરભોજન કરેલું તથા પવિત્ર પ્રસન્નતાપૂર્ણ હૃદય હોવું જોઇએ અને તે પછી હાસ્ય-વિલાસાદિયુક્ત પતિની ભેટ યોગ્ય સમય લેવાય તો મનકામના સફળ થાય છે.

હમેશાં સ્મરણમાં રાખવું કે–પર્વતિથિ, તેમાં પૂર્ણિમા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અમાવાસ્યા, અને આઠમ એ તિથિયો ઋતુસ્નાન પછી આવતી હોય તો ખાસ કરીને તે તીથીએ ચતુર્થવૃત પાળવું જોઇએ. અમાસ અને પૂનેમને દિવસે પૃથિવી ઉપર સૂર્ય તેમજ ચંદ્રમાનું આકર્ષણ હમેશ કરતાં વિશેષ હોય છે. કારણ કે અમાસના દિવસે ચંદ્ર સૂર્ય બેઉ સીધી લીટીમાં પૃથ્વીની એક બાજુએ અને પૂનેમે પૃથિવીની એક બાજુ ચંદ્ર તથા બીજી બાજુએ સૂર્ય સીધી લીટીમાં હોય છે. નિયમ જ છે કે કોઇપણ પદાર્થ ઉપર એકથી વધારે વસ્તુનું આકર્ષણ જો સીધી લીટીમાં થતું હોય, તો તે વિશેષ અસર કરે છે. તે મુજબ અમાવસ અને પૂનેમે સૂર્ય ચંદ્રના એકઠા મળેલા આકર્ષણની પૃથિવી ઉપરનાં વાતાવરણ, પાણી તથા સ્થાવર જંગમ પ્રાણિયો ઉપર વિશેષ અસર થાય છે. જે સ્થૂળ દૃષ્ટિથી જાણવામાં આવતી નથી; પરંતુ વિચારદષ્ટિયેજોત્રાથી પ્રત્યક્ષપણે જણાઇ આવે છે. જેમકે અમાસ પૂનેમે સમુદ્રમાં વિશેષ ભરતી તથા બીમારને વધારે તકલીફ થતી જોવામાં આવે છે, તેમાં પણ દમના આજારીને થતી પીડામાં વધારો પ્રત્યક્ષપણે જણાઇ આવે છે. એજ મુજબ અન્ય ગ્રહો પણ જ્યારે પૃથિવીની કોઇપણ બાજુએ સીધી લીટીમાં એકથી વધારે આવે છે, ત્યારે તેમનું એકઠું મળેલું આકર્ષણ પણ પૃથિવી ઉપરના વાતાવરણ, પાણી તથા સ્થાવર જંગમ પ્રાણિયો ઉપર અસર કરે છે; પરંતુ તે સૂર્ય ચંદ્ર જેટલી કરી શકતા નથી. કેમકે સૂર્ય પૃથિવી કરતાં વિશેષ મોટો છે અને ચંદ્ર વિશેષ નજીક છે. તેમજ બીજા ગ્રહો બહુ છેટે અને ન્હાના કદના છે. એ મુજબ અમાસ અને પૂનેમે સૂર્ય ચંદ્રનું એકઠું મળેલું આકર્ષણ પૃથિવી ઉપરના તમામ પ્રાણિયોના શરીર ઉપર અને બીજી પણ વસ્તુઓ જેવી કે તમામ નદિયો, તળાવો, કૂળો ઉપર મોઠી અસર કરતું હોવાથી એવા દિવસોમાં સ્ત્રીસંગ કરવો નહીં. કેમકે તેમ થવાથી બળ ઘટે છે, ને બળ ઘટવાથી કોઇપણ પ્રકા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રની અસર શરીર ઉપર તુરત થાય છે તેમજ કદાચ તે વખતે સંતતીનો યોગ થાય તો તે પણ બળહીન થાય એ નવાઈ જેવું નથી. રક્તમાં પાણીનો ભાગ વિશેષ છે તેથી ઉપર કહેલા આકર્ષણની રક્ત ઉપર વિશેષ અસર થાય છે, અને તેમાં પણ પુરૂષ કરતાં સ્ત્રીની ઉપર ચંદ્રનું વિશેષ આકર્ષણ થાય છે, એથી ચૌદશ, અમાસ, આઠમ, પૂનેમે પુરૂષ સ્ત્રીના વીર્ય આદિ ધાતુઓનો યોગ વિષમ થઈ જાય છે. એ માટે એ સમય ઋતુદાન માટે અનુકુળ નથી. જુના વખતથી એ દિવસોએ નિશાળોમાં તેમજ કડિયા સુતારોના કામોમાં રજા પાળવાનો રિવાજ એવા જ કારણને લીધે દાખલ થયો હોય તેમ જણાય છે. અને પાણી પવનની શુદ્ધિ તથા આરોગ્યતાને નિમિત્તેજ ઘણું કરીને મોટા મોટા યજ્ઞો થતા હતા, જેથી મનુષ્યોના શરીરમાંના રક્તની દશા યથાવત્ બની રહેતી હતી.

આ શિવાય બન્ને સંધ્યા, સંક્રાંતિકાળ, ગાયોને છૂટવાની વેળા અરધી રાત અને બપોર એ સમયે પણ સંસારવ્યવહાર કરવાની મના છે.

આજકાલ તો સમય કુસમયની રીતિથી અજ્ઞાન હોવાને લીધે નાપસંદ મકાનમાં, લાજના દબાણને લીધે ગુપચુપ અને સુગંધી પદાર્થોના બદલે મેલાં દહેલાં ફાટલા પોષાકયુકત દંપતિની ભેટ થાય છે, જેથી ભાગ્યહીન નિર્બળ પ્રજા પેદા થતી જોવામાં આવેતેમાં નવાઇ શું ?

એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે, જે સ્ત્રી રજસ્વળા હોય, જેણીની ઇચ્છા ગર્ભાધાનની ન હોય, જે ચિત્તને પ્રિય ન હોય, મલીન હોય, જે પોતાનાથી વર્ણમાં વિશેષ ચડીઆતી હોય, પોતાનાથી ઉમરમાં મોટી હોય, માંદી હોય, લંગડી હોય, હમેલવાળી હોય, દ્વેષી હોય, મૌન રહેનારી હોય, પોતાના ગોત્રની હોય, ગુરૂપત્નિ હોય, સંન્યાસ ગ્રહણ કરેલ હોય, પુત્રવધુ આદિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગમન કરવા લાયક ન હોય એ પ્રકારના પ્રસંગવાળી સ્ત્રી સર્વથા ત્યજવા યોગ્ય છે. મળમૂત્ર ત્યાગવાનો વેગ પેદા થયો હોય તેને રોકી રાખી સમાગમ કરી પછી ઝાડો પિશાબ કરવો નહિં, કેમકે તેમ કરવાથી સારી પેઠે દસ્ત પેશાબ થતાં નથી, જેથી શરીરમાં રોગ પેદા થાય છે, તથા તરશ લાગી હોય તો પહેલેથી પાણી પી લેવું, પણ પછી પીવું નહિં; ઇચ્છા હોય તો પછી કહેલું સાકર સહિત ઇચ્છા મુજબ દૂધ પીવું.

ઉપર બતાવેલા નિયમોને ધ્યાનમાં રાખી રાત્રિએ ઉત્તમ સંતાન પ્રાપ્તિ માટે પૂર્ણ પ્રેમપૂર્વક રાત્રિના દશ વાગ્યા પછી દંપતિના સંમેલનથી ઉત્તમ બાળક પેદા થાય છે. વિના ઇચ્છાએ સમાગમ કરવાથી ગુહ્યસ્થાનોમાં રોગ થાય છે અને સંતાન પણ રોગી, દુર્બળ, ટુંકી આયુષ્યવાળું પેદા થાય છે. માટે જ મનુજીએ પણ કહ્યું છે કે જ્યાં સ્ત્રી પુરૂષમાં નિર્મળ પ્રેમ હોય છે, ત્યાં દરેક પ્રકારનો આનંદ પ્રાપ્ત થાય છે. જો સ્ત્રી પુરૂષ ઉપર રૂચિ ન રાખે વા પુરૂષને પ્રસન્ન ન કરે તો અપ્રસન્નતાને લીધે પુરૂષના શરીરમાં કામોત્પત્તિ થતી નથી, ને જેથી ગર્ભ પણ રહેતો નથી, કિંવા દુષ્ટ સંતાન પેદા થાય છે. જેવી રીતે જળભરી નદી પોતાની મેળે જ સમુદ્રને જઇ મળે છે તેવી રીતે ગર્ભાધાનને માટે પણ સ્ત્રી પોતે પોતાની મેળે જ ઇચ્છાવંત થાય, ત્યારે ગર્ભાધાન સંસ્કાર કરવો જોઇયે. માટે જ બન્નેની પ્રસન્ન ચિત્તવૃત્તિ હોય તો બેશક જે ગર્ભ રહે છે, તે સંતતીથી માબાપને આનંદ મળે છે.

પુત્રી કે પુત્ર પેદા કરવાની વિધિ—

ન્હાવણ આવ્યું તે દિવસથી ગણતાં નવમી ને પંદરમી રાત્રિયે આનંદ પૂર્વક દંપતિનો સમાગમ થાય તો બેશક સુંદર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કન્યાની પ્રાપ્તિ થાય છે, તેમાં પણ પંદરમી રાત્રિયે ગર્ભ રહે તો મહા ભાગ્યશાળી, રાજ્યતંત્ર ચલાવનારી, રાજ્યસુખ વિલસનારી, વિશેષ પુણ્ય ઉપાર્જન કરનારી અને પતિવ્રતા તથા બહાદૂર-રૂપગુણવંત પુત્રી પેદા થાય છે. જોકે પાંચમી રાત્રિયેં ગર્ભ રહે તો પણ પુત્રને જન્મ આપનારી પુત્રી પેદા થાય છે, સાતમી રાત્રિયેં ગર્ભ રહે તો તે વાંઝણી કન્યા નીવડે છે, નવમી રાત્રિયેં સુંદર સૌભાગ્યવંતી, વિદ્યાવંતી વીરબાળા થાય છે, અગ્યારમી રાત્રિયેં અધર્મી કન્યા થાય છે, તેરમી રાત્રિયેં વર્ણશંકર પ્રજા ઉત્પન્ન કરનારી કન્યા ઉદ્ભવે છે અને પંદરમી રાત્રિયે જગવિખ્યાત સુયશવાળી કન્યા પેદા થાય છે; તો પણ આવા કારણને લીધે નવમી ને પંદરમી એ બે રાત્રિયો જ સુશીલ સુશિક્ષણ અને વીર ધીર કન્યાની પ્રાપ્તિ માટે સર્વોત્તમ છે.

પુત્ર પેદા કરવાની જિજ્ઞાસા હોય તો આઠમી રાત્રિયે, તથા દશમી, બારમી, ચૌદમી અને સોળમી રાત્રિયે દંપતિનો સમાગમ ઉપર કહેલા નિયમ મુજબ થાય તો બેશક ભાગ્યવાન, ગુણવાન તેમજ રૂપવાન પુત્ર થાય છે, તેમાં પણ આઠમી રાત્રિયેં ગર્ભ રહે તો બળવાન-બુદ્ધિવાન્ થાય, દશમીએં શ્રેષ્ટ ગુણવંત થાય, બારમીએં સત્પુરૂષ થાય, ચૌદમીએં રાજા સમાન વૈભવ ભોગવનારો કિંવા રાજ્ય ભોગવનારો પુત્ર થાય, અને સોળમીએં વિદ્વાન્, વિનયી, સત્યવાદી, ઇંદ્રિયોને દમન કરનારો તથા સમસ્ત જીવને આશ્રયદાતા પુત્ર પેદા થાય છે. જો કે ચોથી રાત્રિએ પણ પુત્ર પ્રાપ્તિ થાય છે, પણ તે ટુંકી આવરદાવાળો, નિર્ગુણી, વિદ્યા-આચારથી ભ્રષ્ટ, દરિદ્રિ, કલેશ ભોગવનારો નીવડે છે માટે તે રાત્રિનો ત્યાગ કરવો.

તેમજ સ્ત્રી પુરૂષ બન્નેએ સુંદર પથ્ય ભોજન, સુગંધી પદાર્થો, તિલક, તાંબૂલ તેમજ શૃંગાર સહિત પ્રસન્નતાથી પ્રજા માટેના પવિત્ર સંકલ્પયુક્ત મળવું. અને વિલાસ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

યુક્ત-પ્રિય વચનોથી પુત્રની ઇચ્છા હોય તો ડાબી નાસિકાનો સ્વર ચાલતો હોય ત્યારે, અને પુત્રની ઈચ્છા હોય તો જમણી નાસિકાનો સ્વર ચાલતો હોય ત્યારે નિયમ મુજબ બીજોત્પત્તિ હિતાર્થે સમાગમ કરવો.

નક્ષત્ર વિચાર—

એ વખતે મઘા, રેવતી, મૂળ એ નક્ષત્રોનો ત્યાગ કરવો; કેમકે એ નક્ષત્રોએ રહેલા ગર્ભનો જન્મ, મૂળ અશ્લેષા નક્ષત્રમાં થાય છે અને તે નક્ષત્રોમાં થયેલો જન્મ દુ:ખદાતા છે માટે તે ત્યજવા લાયક છે. ગર્ભાધાન નક્ષત્રથી દશમું જન્મ નક્ષત્ર, જન્મ નક્ષત્રથી દશમું કર્મ નક્ષત્ર, અને કર્મ નક્ષત્રથી પાંચમું મૃત્યુ નક્ષત્ર હોય છે; માટે તેઓનો ત્યાગ કરવો ફાયદામંદ છે.

સમાગમ સમય રવિ, શનિ, મંગળ, રાહુ અને કેતુ ત્રીજે, છઠે અથવા ઇગ્યારમે સ્થાન હોય, બુધ, ગુરૂ, શુક્ર ને ચંદ્ર પહેલે, ચોથે, સાતમે, દશમે, કિંવા પાંચમે કે નવમે સ્થાન હોય અને ચંદ્રમા શુભ ગ્રહોના યોગમાં હોય તો પુત્ર થાય છે અને તેથી વિપરીત હોય તો પુત્રી થાય છે.

પુત્રી વખતે માતાનું રક્ત અધિક હોય છે, પુત્રની વખતે પિતાનું વીર્ય અધિક હોય છે, અને જો બેઉ સમાન હોય તો નપુંસક કે વાંઝણી પ્રજા પેદા થાય છે તથા બન્ને નિર્બળ હોય તો શ્રમ નિષ્ફળ થાય છે. માટે પુત્રની ઇચ્છાવાળા પુરૂષે વીર્યવૃદ્ધિકારક અને પુત્રીની ઇચ્છાવાળી સ્ત્રીએ રક્તવૃદ્ધિકારક ઉપાયોનું સેવન કરવું કે જેથી મનેચ્છા સફળ થાય.

સમાગમનો સમય રાત્રિનોજ ઉત્તમ છે; કેમકે દિવસે પ્રકાશ, ગર્મી, તેજ પોતાની જ મેળે પ્રજ્વળતાં હોય છે, અને તેમાં દંપતિનો સમાગમ થતાં બન્નેના શરીરની અંદર નવી ગર્મી પેદા થાય છે; એથી દિવસના સમાગમથી અનેક રોગો ઉત્પન્ન થાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આહાર-વિહાર—

જે માબાપોને પોતાના સંતાનને બલિષ્ટ આદિ ગુણયુક્ત બનાવવું હોય, તે માબાપોએ પોતાનાં આહાર-વિહાર-આચાર ચેષ્ટાઓ અતિ પવિત્ર રાખવાં, કેમકે જેવા આહાર-આચાર-ચેષ્ટા હોય, તેવાં જ બાળકો અવશ્ય થવાનાં જ. કહ્યું છે કેઃ—

आहाराचार चेष्टाभियो दशीभिः समन्वितौ ॥
स्त्रीपुंसौसमुपेयातां तयोः पुत्रौपिताद्दशः

માટે જ ઉપર પ્રમાણે વર્ત્તવાની ખાસ ફરજ છે. તેમજ વીર્યપાત સમય દંપતિનાં નાક, મુખ વગેરે તમામ અંગો બરાબર એક બીજાની સ્હામે જોડાયેલ હોય તો તેવી જ સુઆ-કૃતિવાળી સંતતી થાય છે.

ગર્ભાધાન એ ફોટોગ્રાફરના કેમેરા સમાન છે. "ફોટો, છબી લેતી વખતે (લેન્સનું ડાયલ ખોલતી વખતે) મનુષ્ય પોતાના શરીરની-અવયવોની જેવી આકૃતી રાખે, તેવી જ છબી ઉતરે છે, તેવી રીતે ગર્ભાધાન ક્રિયા વખતે પણ શરીરના અવયવો અને વિચાર—સંકલ્પ જેવાં હોય તેવી જ સંત-તીનો પાયો નંખાય છે. એ માટે જ ગર્ભાધાનનો સમય રાત્રિનો કથેલ છે અને તેમાં પણ દીવા વગરનો સમય વધારે અનુકુળ છે. કેમકે દીવાની સાથે આંખ્યો વખતે જોડાઇ જતાં પ્રકાશ સાથેના નેત્રોના સંબંધને લીધે ન જાણીએ કે મન કઇ વસ્તુની તરફ દોરાઈ જશે ? મતલબ કે એ વખતની દોરાયલી વૃત્તિની છાપ સંતાન ઉપર પડે છે જ; માટે દીવો ન હોય તો વૃત્તિ અન્ય વસ્તુમાં દોરાતી નથી અને તેથી વિચારો કાયમ રહેવાથી ધાર-ણા મુજબ સુઘડ સ્વરૂપવંત સંતતિ થાય છે.

જેવી રીતે આહોશ ખેડૂત અથવા બાગવાન-માળી અ-નાજ અગર સુંદર વૃક્ષના ઉગવા વખતે અને પાંદડા આવવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વખતે તેની વૃદ્ધિ ને પોષણુને માટે ઉત્તમ ખાતર અને ફૂલફળ આવ્યાથી અન્ય પ્રકારના ખાતરની તથા અન્ય અન્ય ક્રિયાઓનો ઉપયોગ કરે છે, તેવી રીતે મનુષ્યરૂપી જીવનને ઉત્તમ બનાવવા ગર્ભાધાન, પુંસવન (અધહુરણી), જીતકર્મ (દશોટન) વગેરે સંસ્કાર કરવા યોગ્ય છે. જુઓ કે જેવો સાંચો-બીબું હોય, તેમાં તેના જેવી જ આકૃતિ બને છે. એવીજ રીતે ઉત્તમ ક્ષેત્ર અને બળવાન્ બીજ હોય તો તેવાજ ફળની પ્રાપ્તિ સંભવે છે. જ્યારે ખારોડ જમીનમાં બીજ વાવતાં બીજ પણ બળી જાય છે, માટે જ ઉત્તમ સંતાનની ઇચ્છાવાળા દંપતિએ નિયમ પ્રમાણે રક્તવીર્યની શુદ્ધિ કરી-બળ પેદા કરી ઉત્તમ સંસ્કારોસહ ગર્ભાધાન સંસ્કાર કરવો.

સ્વચ્છતાની સંતતી ફળ ઉપર અસર—

ઉપર કહેવામાં આવેલું છે કે ઋતુવતી સ્ત્રીએ ઋતુસ્નાન કર્યા પછી (સ્વભાવ, સંભાષણ ભોજન ગમન આદિ) પથ્ય આહાર વિહાર કરવો અને ઉત્તમ વિચાર રાખવો તે એવી રીતે કે:— મનપસંદ દૂધ ભાત સાકર કેળાં વગેરે ચીજો ઉપર **જેવી સંતતી કરવી હોય તેવો સંકલ્પ કરી** પછી તે ખોરાક લેવો. તેમાં દૂધ પણ ઉત્તમ શોભાયમાન સફેદ વાછડાવાળી ધોળી ગાયનું લેવું. તેણીને રહેવાનું મકાન પણ સ્વચ્છ અને મનોહર, તથા બિછાનું પણ તેવુંજ આનંદદાતા જોઇયે. દાગીના પણ પોતાના ગજા માફક સુંદર, તેમજ ઊઠવા બેસવાના વાહનો સાધનો એ બધાં સ્વચ્છ અને મનપસંદ હોવાં જોઇયે. પશુ પક્ષી તરફ નજર કરતાં પણ હૃષ્ટપુષ્ટ સફેદ રંગનાં મનોહર હોવાં જોઇયે. સુંદર ભાષણ કરવું, અને સભ્યતાયુક્ત ધીર, વીર, સ્વદેશભકત-સ્વદેશાભિમાની, અને સત્પુરૂષ-મહાત્માઓનાં વૃત્તાન્તો વાંચવા તથા શ્રવણ કરવાં. આ પ્રમાણે સાત દિવસ કર્યા બાદ ઉપર કહી ગયા મુજબ પતિનો સમાગમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થાય તો ધારેલી ધારણા મુજબ રૂપવંત, ગુણવંત સંતતિ અવશ્ય પ્રાપ્ત થાય છે. તેમજ **સુશ્રુત-ચરક-વાગ્ભટ-હારિત** આદિ આર્ય વૈદ્યવરોની પણ એજ આજ્ઞા છે.

અમેરિકાનો પ્રસિદ્ધ ડૉક્ટર **હિરાલ્ડ** જણાવે છે કે-"ઇંગ્લાંડમાં એક મેડમ હમેશાં એક હબસીની તસબીર તરફ જ નજર જોડી રાખતી હતી, એથી અંતે એણીનો ગર્ભકાળ પૂર્ણ થતાં હબસીના જેવો જ પુત્ર થયો." ભારતવર્ષની વૃદ્ધ સ્ત્રિયો પણ ઘણું કરીને ઋતુવતીને ઋતુસ્નાન કરાવે છે, ત્યારે તેણીના ખોળામાં પહેલાં સુંદર શોભાયમાન પુત્ર (પુત્રીની ઇચ્છાવાળી માટે પુત્રી) બેસારે છે. તેનું પ્રયોજન પણ તેજ છે.

માનસિક ભાવનાનો પ્રભાવ—

સંતતિ ઉપર માનસિક ભાવોની અસર એકલા મનુષ્યો માટે જ થાય છે એમ નથી, પણ પશુ ઉપર પણ મનોભાવનો પ્રભાવ-અસર કરે છે. આપણા દેશના અને આરબના ઇતિહાસો પણ એ વાતની પૂર્ણ પ્રતીતિ આપી રહેલા છે. આપણા દેશમાં ઉત્તમ જાતની ઘોડીને સગર્ભા કરાવતી વખતે આંખ્યોએ પાટા બાંધી પછી કોઈ ટાયડા ટટ્ટુથી સમાગમ કરાવી, તેને દૂર કરી સારા વાલ્લી ઘોડાને આગળ ઉભો રાખી, ઘોડીની આંખ્યોપરના પાટા છોડી દેવાનો રિવાજ પ્રચલિત છે. તેનું કારણ પણ એજ કે તે ઘોડીની આંખ્યો ખુલ્લી થતાં જ તે વાલ્લી ઘોડાને દેખે છે, જેથી તેણીના મનમાં તેના જ સમાગમની સુરતા બંધાય છે અને તે સુરતાની અસરથી તે દીઠેલા વાલ્લી ઘોડાની અસર જેવા વછેરાનો તે ઘોડી જન્મ આપે છે.

આરબોના ઇતિહાસમાં લખેલ છે કે **ઇસહાક** સાથે તેના મામા અને કાકા **લુબાએ** પોતાની ન્હાની દિકરી **રાહીલનો** નિકા પઢાવવાને મુકરર કરેલ હતું, પણ એવી સરત કરવામાં આવી હતી કે-"તું બાર વર્ષ સૂધી બકરીઓને ચરાવ્યા કર,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દરમિયાન તે બકરિયોથી પેદા થનારાં બચ્ચાં જેટલાં કાબરા રંગનાં થશે તેટલાં તને વિવાહની વખતે આપવામાં આવશે." આવું સાંભળી ઇસહાકે તે વાત કબૂલ કરી અને ઈચ્છા શક્તિપૂર્ણ **સંકલ્પબળ** માહાત્મ્ય તેના જાણવામાં હતું; તેના બળે જે જે બકરી સંયોગવતી જણાતી તે તે બકરીની આંખ્યો ઉપર પાટા બાંધી લેવાનો પ્રયોગ શરૂ રાખ્યો; અને જ્યારે સંયોગ પૂર્ણ થાય, ત્યારે કાબરચિતરો બકરો તેણીની અગાડી ખડો કરી પછી આંખ્યોપરથી પાટા છોડી લેવાનો ક્રમ જાળવ્યો, જેથી અન્ય રંગના બકરા સાથે સંયોગ થયા છતાં પણ કાબરચિતરો બકરો નજરે જોયાથી મન પર થયેલી તેજ રંગની અસરથી તે તે બકરીઓને કાબરચિતરા રંગનાં જ બચ્ચાં થયાં કર્યાં અને બાર વર્ષ પૂર્ણ થતાં સંખ્યાબંધ કાબરચિતરાં બકરા બકરીયો થતાં સાદી વખતે તે બધાંએ પોતાના સ્વાધીન કર્યાં.

મન સંકલ્પની અસર ગર્ભપર થાય છે એ કહેવાનું મુખ્ય પ્રયોજન એજ છે કે-ગર્ભના વખતમાં માતાના મનમાં જેવા જેવા (સારા કે નઠારા) વિચાર થાય તેવી તેવી (સારી કે માઠી) અસર થવાથી તેવાજ વિચારોમય બાળકો પેદા થાય છે. માટે ઉત્તમ બાળકોની આશા રાખનારી સન્નારિયોએ ઉંચા પ્રકારના વિચારો, તથા સત્કૃત્યો કરવાં કે જેથી ઇચ્છિત ફળની પ્રાપ્તિ થાય.

ગર્ભ કેળવણી—

બાળકોની શિક્ષાની શરૂઆત તેની માતાને દિવસ ચડે છે ત્યારથીજ થાય છે. સંસ્કારોની ફિલૉસૉફી એવી છે કે જેની મિમાંસા કરવી બહુ જ કઠિન છે. મલિહાબાદ વગેરે શહેરોની કેરીઓની પ્રશંસા કેવડાની ખુશબોયુક્ત રસ માટે થાય છે, કે જે ખુશબો ઉમેરવા તેઓ આંબા સાથે કેવડાનો સંસ્કાર વિધિ-યુક્ત કરે છે. એટલે કે-એક તોલો કેવડાના સત્વને આંબાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગોટલીમાં દાખલ કરી સંસ્કાર સહિત તેને વાવેલ હોવાથી કેવડાનો પ્રભાવ તે આંબાના ઝાડથી પેદા થતી તમામ કેરીઓ-માં પ્રવર્તે છે. કોઇપણ ઝાડને સારા સ્વાદવાળાં ફળ ન આવતાં હોય તો તેના થડમાં અથવા બીજમાં ઉત્તમ સંસ્કારો પોષ-વામાં આવે છે, તે સર્વવિદિત છે. મુંઝની દોરી ઉપર વળગેલી માખીઓની હધારને સંસ્કારો આપવાથી કુદીનો, ગાયની પહેલા દિવસની વાછડીના છાણને સંસ્કારો આપવાથી કણેરનું ઝાડ, અરડૂસીને સંસ્કારો આપવાથી મોગરાનો છોડ અને એક ગુલાબના છોડમાં સંસ્કારો આપવાથી પાંચે રંગનાં ગુલાબ પુષ્પ પેદા થાય છે. ઘોડીના ગર્ભાશયમાં સંસ્કાર કરવાથી જે રંગનો વછેરો વછેરી ઉત્પન્ન કરવા હોય તે થઈ શકે છે, એટલું જ નહિ પણ ડાબા જમણા કાનના પણ ઇચ્છીત ભિન્ન રંગો થઇ શકે છે. પરંતુ તે બધું ઋતુ સમયના સંસ્કારથી પ્રાપ્ત થાય છે. મેથી શિયાળામાં જ સારી ઉગે છે, જો કે તેને બીજી મોસમમાં માથાકૂટ કરી ઉગાડી શકાય પણ તે સારી નીપજે જ નહીં. મકાઇને માહ ફાગણમાં વાવવાથી ઊગે છે પણ ન્હાનાં મકાયાં લાગે છે; પરંતુ તેજ મકાઈ આષાઢ માસમાં વાવવામાં આવતાં હાથ ભરનું મકાયું લાગે છે, માટે ઋતુ વખતે જ સંસ્કાર આપવાનું લક્ષ રહે તો બેશક પૂર્વવત્ વીરપુત્રો અને સુલલિત બાળીકાઓ પ્રાપ્ત થઈ શકે જ.

કૃષ્ણ મહારાજ જ્યારે ગર્ભમાં હતા, ત્યારે વસુદેવજીએ અને દેવકીજીએ સંકલ્પ કરી સંસ્કાર આપ્યો હતો કે-‘ કંસે મારાં છ બાળકો માર્યાં છે પણ આ બાળક બચી કંસનો મદ ઉતારે તેવો થાઓ; કારણ કે **અઈમિત્તા** મુનિયે કંસપત્નિ **જીવયશા**ને મદ ઉતારવા કહેલું હતું કે ‘ જેને તું રમાડે છે તેનો જ સાતમો ગર્ભ તારા ધણીનો નાશ કરનાર થશે.’ એ સંકલ્પ સંસ્કારથી તેમજ થયું હતું. અકબરની માતાએ અક-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બર ગર્ભમાં હતો તે વખતે પોતાના જાંઘ (સાથળ) ઉપર એક યુક્તિવડે સુંદર ફૂલ કોતરી લીધું. એ વખતે બાદશાહ હુમાયૂ આવ્યો અને બેગમને પૂછ્યું કે-'આ, શું કરે છે?' તેણીએ જવાબ આપ્યો-'મેં મારા પગ ઉપર આ સુંદર ફૂલ એ માટે બનાવ્યું છે કે-જે મારે પુત્ર થશે તેને પણ આ જગોએજ ફૂલ (આવુંજ) થશે.' અને થયું પણ તેમજ, કે જ્યારે **અકબર** જન્મ્યો ત્યારે તે જગોએ તેવું જ ફૂલ જોવામાં આવ્યું હતું. શૂરવીર **શિવાજી** મહારાજનું જીવન પણ આ વાતની જ સાક્ષી આપી રહેલ છે. શિવાજીના પિતા **શાહુરાજા** તરૂણાવસ્થાના પ્રારંભથી જ મોટી મોટી લડાઈયોમાં જોડાયા હતા, તે વખતે તેમની રાણી પણ સાથે જ રહી મહાન્ યુદ્ધો જોઇ, ભાગ ઇને અનેક સંકટો સહન કરી સુદૃઢ બની હતી. જે વખતે શિવાજી ગર્ભમાં હતા, તે પ્રસંગે પણ રાણી વીરતા-ધીરતા સહનશીળતાયુક્ત ગર્ભ પાળતાં એક લડાઈની અંદર કેદમાં પકડાયાં હતાં, છતાં તે વીરમાતા હમેશાં પ્રાર્થના કરતી હતી કે—"મારો પુત્ર શૂરવીર, સંગ્રામમાં વિજયવંત નીવડી, સ્વદેશ સ્વધર્મ સંરક્ષણ કરી, મારા શત્રુઓએ આપેલા કષ્ટનો બદલો લઈ વૈર પૂર્ણ કરો." થોડા વખત પછી શિવાજીનો જન્મ થયો અને મોટો થતાં તે સંકલ્પબળના પ્રભાવથી મહાન્ વીરમણિ, અડગ, સ્વદેશ-સ્વધર્મરક્ષક, રિપુભક્ષક નીવડી તેણે પોતાનું હિંદના ઇતિહાસપત્રમાં સુવર્ણના અક્ષરોથી અમર નામ કર્યું. તેમજ પંજાબની અંદર **ગુરૂ તેજબહાદુર** કે જે હિંદધર્મ રક્ષણકર્ત્તા તરીકે વિશ્વવિખ્યાત થયેલ છે-એટલું જ નહીં પણ ધર્મ રક્ષણાર્થે મહાન્ કષ્ટ સહન કરી તેમણે છેવટે પોતાના પ્રાણની આહૂતી આપી હતી. એ નરરત્ન જ્યારે માતાના ગર્ભમાં હતો, ત્યારે તેમના પિતાએ પટનામાં સગર્ભાદેવીને છોડી જવા ધાર્યું, તે વખતે કહ્યું હતું કે—"પ્રિયા ! તમને સાથે લઈ ચાલવાથી બહુ તકલીફ પડશે; કે-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મકે પ્રસૂત સમય નજીક આવેલો છે અને તે થનાર પુત્ર મહાન વીર નીવડી શત્રુઓનો સંગ્રામમાં પરાજ્ય કરી, અધર્મનો અંત કરી સ્વધર્મ-પ્રકાશ કરશે. માટે અહીં રહી તેની આબાદી જાળવો." આખર થયું પણ તેમજ. એ ગુરૂ ગોવિંદસિંહજીએ ધર્મરક્ષણાર્થે આત્મ બલિદાન આપ્યું. એ બધું માતા પિતાની સાચી શ્રદ્ધાનું જ પ્રત્યક્ષ પ્રમાણ છે. ઇતિહાસપરથી વિદિત હશે કે **નેપોલિયન** બોનાપાર્ટ મહાન્ વીર શાથી નીવડયો હતો? તેનો બાપ સાધારણ સેનાનો સેનાધિપતિ હતો. તેની માતા સગર્ભા છતાં ઘોડે ચડી લડાઈયોમાં જતી હતી. તેનો બાપ સગર્ભા પાસે લડાઈયોનાં ચરિત્ર કહી વીરત્વની અસરને કાયમ કરતો હતો. અને તેજ વિચારો ગર્ભમાના બાળકમાં દાખલ થવાથી, તથા તેવુંજ શિક્ષણ મળવાથી તે પુત્ર વીરશિરોમણિ નીવડયો. અભિમન્યુને સાત ચક્રાવાનું જ્ઞાન ગર્ભમાં જ મળ્યું હતું. ટુંકમાં એટલું જ કે ગર્ભ રહેવા વખતે તથા ગર્ભકાળ વખતે માતા સ્વદેશાભિમાની વીરોનાં, તથા ભક્તોનાં, કે તત્ત્વજ્ઞોનાં વૃત્તાંતો ધ્યાન સહિત સાંભળી મનન કરે, તે તે વૃત્તાન્તોને લગતી કાર્ય કરનાર સંતતી પેદા થાય છે. તેમજ જે હુન્નર-કળામાં સગર્ભા શોખ રાખે, અથવા પોતાના ફરજંદને જે કળામાં નિપુણ બનાવવું હોય તે તે કળાપર શોખ રાખે તો અવશ્ય તેજ કળામાં નિપુણ નીવડનાર ફરજંદ થાય છે. જે સગર્ભા સ્ત્રી ટંટા ફિસાદ-ચાડી-નિંસો-વગેરેમાં લગની રાખે અને દુરાચારમાં મગ્ન રહે, તો બેશક તેણીના ફરજંદો તેવાં જ નીવડે છે. વેશ્યાની છોડીઓ વેશ્યા જ નીવડે છે, પણ કયાંય સતી પતિવ્રતાને ત્યાં વેશ્યા જન્મવાનું જાણવામાં આવ્યું નથી.

दीपो भक्षयते ध्वान्तं कज्जलं च प्रसूयते ॥
यदन्नं भक्ष्यते नित्यं जायते तादृशी प्रजा ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"દીવો અંધારાને ખાય છે તો તેને લીધે તે દીવો કાજળ પ્રકટ કરે છે, એજ રીતે જેવું ભોજન ખાય તેવા જ ગુણયુકત સંતતી થાય છે." માટે જ સગર્ભા સુશીલ સન્નારિયોએ પોતાના દેશના-ધર્મના હિતાર્થે આહાર વિહારાદિના નિયમો જાળવી-ઉચ્ચ સંકલ્પ રૂઢાવી ઉમદા કાર્યો કરી પોતાના મનની અસરવડે મરજી મુજબ ગુણવાળા બાળકને પેદા કરી સુખ સાધ્ય કરવું.

બુદ્ધિવંત બળશાળિ કે, દાતા ભક્ત સધીર;
પાકે જો સંતાન તો, રાખે દેશનું નીર. ૧
હીન ભ્રષ્ટ સંસ્કારથી, ભ્રષ્ટ અને બળહીન;
બલારૂપ ને બાયલી, પાકે પ્રજા જ દીન. ૨
એવી સંતતી દેશનું, દુઃખ નહી ટાળે લેશ;
નિશ્ચે દુખદા નીવડે, કેઇ કેઇ આપે કલેશ. ૩
શુભ સંસ્કારથકી સદા, પાકે પ્રજા પ્રવીણ;
ચડતી ચાહી સ્વદેશનાં, કાપે કષ્ટ કઠીણ. ૪

वरमेको गुणी पुत्रो न च मूर्खशतैरपि ।
एकश्चंद्रस्तमो हान्ति न च तारागणैरपि ॥

"સો મુર્ખ પુત્રો કરતાં એક ગુણી પુત્ર સારો; કેમકે એક ચંદ્ર સંસારનું અંધારૂં નાશ કરે છે, નહીં કે હજારો તારાઓથી તેવું અજવાળું થઇ શકે."

પુત્ર અને પુત્રીમાં સમાનતા.

કેટલાંક મૂર્ખ માબાપો પુત્ર જન્મથી ખુશી અને પુત્રી જન્મથી ઉદાસ થાય છે. છોકરાના જન્મમહોત્સવની ધામધૂમ મચાવે છે અને છોડીને આનંદ વગર જેમ તેમ પાળી પોષી ન ચાલતાં ઉછેરી " આ પથરો કર્મે ભાગ્યો છે-પરાયા ઘરનો વંશ રાખે તેથી આપણને શો લાભ? કાંઇ બાપનું બાર ઉઘા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ડું રાખશે ? ! " એવા શોકકારી ઉદ્‌ગારો કહાડે છે એ મહાન્ ભૂલ છે; કેમકે પુત્ર ને પુત્રી એકજ ગર્ભાશયથી એકજ કામને માટે નિર્માણ થનારાં છે, તથા ભૂખ-તરશ-જન્મ-મરણ-બળ બુદ્ધિ-ઇંદ્રિયાદિમાં બન્ને બરોબર હોય છે, છતાં ભેદ ગણવો એ મનની જ નબળાઇ છે. જો કદિ કુદરતે દરેકને પુત્રો જ આપવા નિર્મ્યા હોત તો, બતાવો કે સૃષ્ટિની વૃદ્ધિ સ્ત્રી વિના શી રીતે થઈ શકત ? સંસાર જ ન હોત ! અને આપણુ પોતે પણ ન હોત ! તપાસી જુઓ કે-ઉત્તમ પુત્રિયોના પ્રતાપે અનેક રાજા મહારાજા શેઠ સાહૂકારોને ઉત્તમ યશ-ઉત્તમ પદ-ઉત્તમ લાભ મળેલ છે. પુત્રથી એક કુટુંબોની અને પુત્રીથી બેઉ કુળોની પ્રતિષ્ઠા શોભા વધે છે. પુત્રીઓ વડે જ મહાન્ નરરત્નોની પ્રાપ્તિ થાય છે. અને એઓનાથી અનેક લાભ થાય છે.

જો કન્યા શીળવતી અને શુભ લક્ષણોયુક્ત હોય તો તે કન્યા દશ કુંવરના સમાન ઉદ્ધારક નીવડે છે, એમ મહાત્મા વેદવ્યાસજીએ પણ કહ્યું છે. તેમજ મનુજીએ પણ કહેલ છે કે:-

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ॥
यत्रैतास्तु न पूज्यन्ते सर्वास्तत्राफलाः क्रियाः

"જ્યાં સ્ત્રીઓનો આદર સત્કાર થાય છે, ત્યાં વિદ્વાનો પ્રસન્ન રહે છે, અને જ્યાં તેઓનો અનાદર થાય છે ત્યાં તમામ કામો નિષ્ફળ નીવડે છે."

ગર્ભ રહ્યો છે કે કેમ તેની પરીક્ષા.

જ્યારે સ્ત્રીને ગર્ભ રહે છે ત્યારે જો તે સ્ત્રી સુઘડ હોય તો તો તેજ વખતે જાણી લે છે કે આજે મને ગર્ભ રહ્યો છે; પણ અણઘડ જેવીઓ, અગર તો એ તરફ પૂરતું ધ્યાન નહીં રાખનાર અજાણ રહે છે. માટે નીચેના લક્ષણો ખાત્રી માટે પૂરતાં છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧ ગર્ભ રહ્યા પછી અટકાવ (રજસ્વલાપણું) બંધ થાય છે. (કોઈ કોઇ સ્ત્રિયોને ગર્ભકાળ પૂરો થતાં લગી પણ અટકાવ નજરે પડે છે, તોપણ તેના રંગમાં લાલસ ઓછી હોય છે.)

૨ સ્તનના કદમાં વધારો થાય છે, તેનો કાળો વ્યાસ મોટો થઈ તે પર ઝીણા ઝીણા દાણા ઉપડી આવે છે. (પહેલોઠી હોય તો તેના સ્તન દાબતાં તેમાંથી દૂધ કે ચિકણું પાણી નીકળે છે. લોહીથી ભરેલી નસો દેખાવા લાગે છે. ડીંટડી ઉપડી આવે છે તેમજ ભીનાશવાળી રહે છે. સ્તનમાં દુખાવો અને તેમાં ગાંઠા ગાંઠા જણાય છે. તથા સ્તન કઠણ થાય છે અને ભારે લાગે છે.

૩ સવારે ઉઠતાંજ મ્હોંમાં મોળ આવે અગર ઉલટી થાય છે. બેચેની જણાય અને અરૂચિ જેવું થયા કરે છે.

૪ છોકરાઓનું ચોથા માસ પછી ફરકવું જણાય છે એટલે કે સુમારે સોળ સપ્તાહ વીત્યા બાદ ફરકે છે.

૫ પેટનું કદ વધતું જાય છે. (બીજા રોગોથી પણ વધે છે; પરંતુ ક્રમવાર વધતું નથી તેમ તે પેટ સખ્ત હોતું નથી.)

૬ ડુંટી બહાર નીકળી આવે છે અને તે પેટની ચામડીની બરોબર થાય છે.

૭ શરીરમાં ફેરફાર થાય છે—એટલે કે શરીર નબળું કે તેજસ્વી થાય છે.

૮ ઉનવા થઇ આવતાં સગર્ભા હેરાન થાય છે.

૯ ઉંઘ વધી પડે છે અથવા ઓછી થઇ જાય છે.

૧૦ કાળજામાં બળતરા થયા કરે છે.

૧૧ મ્હોંમાંથી લાળ પડવાથી કંટાળો આપે છે.

૧૨ દાંતમાં દુખાવો થાય છે અને તે અસહ્ય વેદનાવાળો હોય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૩ ભૂખમાં ફેરફાર થાય છે–એટલે કે વધારે ભૂખ લાગે અગર તો ઓછી થઇ જાય છે.

૧૪ ભાવા અભાવા (દોહદ) થાય છે અને તે મન વાળવા છતાં પણ ઇચ્છા પૂર્ણ કરવા ફાંફાં મારે છે. તેમાં ત્રીજે મહીને દોહળો થઇ આવે છે. અને જેવો ગર્ભ હોય તેવો (પાપી–પુણ્યવંત–રંક–રાજા હોય તેવો) શુભ અશુભ દોહળો પેદા થાય છે. અકરમી ગર્ભ હોય તો માંસ મદિરા જીવહિંસા અને દુષ્કૃત્યો કરવાના ભાવ થાય છે તથા રાખ–ઠીંકરાં–માટી–ધૂળ–કોલસા ખાવાનો હડકવા હાલે છે, અને સુકર્મી ગર્ભ હોય તો સુંદર ફળ–મેવા–મીઠાઇ–તીર્થવંદન–દેવ દર્શન–પૂજા–પ્રભાવના–દાન–દયા અને સત્કૃત્યોના ભાવ થાય છે. (તેમાં કેટલીક હમેશાં ખાવા પીવામાં આવતી ચીજો ઉપર પણ અભાવો થાય છે.) પુત્રની માતાને પુરૂષ જાતીનો અને પુત્રીની માતાને સ્ત્રી જાતીનો દોહલો–મનોરથ થાય છે, તથા નપુંસકની માને નપુંસક જાતીનો દોહલો થાય છે. (તેમ સ્વપ્ન પણ તેવાંજ આવે છે.) જે દોહલો થાય તે અવશ્ય પૂરો પાડવો, નહીં તો ગર્ભિણી સૂકાય અને ગર્ભનો નાશ થાય કે કદરૂપો થાય છે.

૧૫ સ્વભાવમાં ફેરફાર થાય છે; અર્થાત્ શાંત હોય તે ચિડાઉ, ખરાબ મિજાજવાળી સારા મિજાજની અને દુર્ગુણી સદ્ગુણી તથા સદ્ગુણી દુર્ગુણી થાય છે. (ગર્ભકાળ પૂરો થાય ત્યાં સૂધીજ તેવું થાય છે.)

ઉપર કહેલાં ગર્ભ રહ્યાની પક્કી નિશાનીનાં ચિન્હો છે; તરૂણીગુલ્મ નામના સ્ત્રીઓના પેટની અંદર વધતા ગોળાના રોગમાં એને મળતાં જ બધાં ચિન્હો થાય છે; ગર્ભના પાંચ માસ પછી માથું, હાથ પગ વગેરે અવયવો ગર્ભ ફરકતી વખતે હાથ ફેરવતાં તરત સાફ રીતે જણાઇ આવે છે. અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રસૂતાને થનારાં ચિન્હો થતાં જ નથી; માટે તે બાબતની સાવચેતી રાખી ગર્ભાધાન સંસ્કાર કરવો.

ગર્ભમાં પુત્ર છે કે પુત્રી તે જાણવાની રીત—

ગર્ભ, જો છોકરો હોય તો જમણી બાજુએ અને છોડી હોય તો ડાબી બાજુએ, તથા જોડલું હોય તો બન્ને બાજુએ, તેમજ નપુંસક હોય તો કુખના મધ્યમાં હોય છે, એવો નિયમ છે. (કેટલીક સ્ત્રીઓને પુત્રી છતાં ગર્ભ જમણી બાજુએ હોય છે અને તે એટલે સૂધી કે દઇયાણીને પણ ભૂલ ખવરાવી દે છે; પરંતુ એવું કવચિત જ હોય છે.)

ગર્ભકાળ ૨૮૦ દિવસ (૪૦ સપ્તાહ) નો છે તેમાં વખતે થોડા દિવસ વધે કે ઘટે પણ છે.

ગર્ભિણીએ પાળવાના નિયમો—

ગર્ભાવસ્થાની અંદર ગર્ભવતી સ્ત્રીએ ગર્ભના સંરક્ષણ માટે હમેશાં શરીર અને કપડાં સ્વચ્છ રાખવાં. વાહન ઉપર બેસવું નહીં (રેલવેમાં તથા સુખપાલ પાલખી વગેરેમાં બેસવાની જરૂર હોય તો તેમાં હરકત નથી.) પુરૂષ સંગ બંધ કરવો, વિશેષ દાબીને ભોજન ન કરવું, ઘણું કરીને મધુર, સ્નિગ્ધ, પ્રિય, નરમ, હલકું, સારી રીતે રાંધેલ તથા જઠરાગ્નિને સતેજ રાખનાર ભોજન કરવું. મોટે સાદે-ઘાંટા કહાડી-બરાડા પાડી બોલવું નહીં, ક્રોધ કરવો નહીં, રોવું કે કલેશ કરવો નહીં, તેલ વગેરેનો માલેશ કરવો નહીં, વધારે થાક લાગે તેવું કોઈ કામ હાથ ધરવું નહીં, વાંકા વળીને ભાર ઉપાડવો નહિ, શરીર ચોળાવવું નહીં, ભૂખ તરશ વેઠવી નહીં, અને ઝાડા પેશાબની હાજત રોકવી નહીં, હમેશાં આનંદમાં રહેવું, વીરપુરૂષોનાં-ભકત જનોનાં-સ્વામી ભકતનાં-ઉદ્યોગી કળા કૌશલ્યવાન પુરૂષોનાં અને ભાગ્યશાળીનાં ચરિત્રો વાંચવાં કે સાંભળવાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સારાં કામ કરવાં. જે હુન્નર કે જે વિષયમાં પોતાના ફરજંદને કાબેલ-બાહોશ બનાવવું હોય તે તે બાબતો હાથ ધરવી, મનમાં મહત્ જનોનાં કર્ત્તવ્યોનું ચિંતવન કરવું, સારા વિચારો-મનોરથો કરવા, ઉત્તમ સંકલ્પ બળની અસર ગર્ભ ઉપર થવાનો આગ્રહ ધારણ કરવો, કોઇ પણ વ્યસન ન સેવતાં સદ્વ્યસન-દાન-સન્માન-ધર્મકૃત્યાદિમાં લીન રહેવું, ગર્ભને હિતકારી આહારમાં વર્ત્તવું, ઘરમાં સ્વછતા રાખી, ચોમેર વાસણમાં ચણાની દાળ ભરી રાખી તે દાળ તરફ જોયા કરવું, દુષ્ટસ્ત્રીઓ-કદરૂપું કે કોઢીયું, ઉપદંશના દર્દી અને ચેપીરોગો વારસે ઉતરતા રોગોવાળાં અને નઠારા આચાર વિચારવાળાં, મેલાં માણસોનો તદ્દન સંસર્ગ ન રાખવો. મનહર બગીચા, દેવમંદિર, રળિયામણા પહાડની તળેટીની સૃષ્ટિ સૌંદર્યતા, સુંદર ને બહાદુર જનપ્રિય મનુષ્યોનાં ચિત્રો અને તીર્થસ્થળ આદિની ભેટ લેવી. જ્યાં મહાત્મા પુરૂષોના ચરણન્યાસવડે પાવન રજકણો પસરેલાં હોય તેવી જગોની, અને જ્યાં આર્યદેશાભિમાની સ્ત્રી પુરૂષોએ આર્યધર્મ રક્ષણ માટે મહાન્ ધીરતા વીરતા સાથે પ્રાણોની આહૂતી આપી વીર અને સ્વદેશા-સ્વધર્માભિમાની રજકણો-પરમાણુઓમય ભૂમી બનાવી હોય, ત્યાંની ભેટ લઇ તેવી ભાવના અંતરમાં ઉતારવી. જેથી ગર્ભ આરોગ્ય, પુષ્ટ રહી ધારેલી ધારણાવાળો નીવડે છે.

સોળ સંસ્કાર.

ગર્ભકાળના પાંચમા મહીનાથી બાળકના જીવનપર્યંત સોળ સંસ્કાર વિધિ સહિત કરવા જોઇયે.

૧ ગર્ભાધાન સંસ્કાર-રાખડી બાંધવામાં આવે છે તે (પચમાસી)

૨ પુંસવન સંસ્કાર—શ્રીમંત-અઘહરણી-હઘૈણી-ખોળાભરણું કરે છે તે.

૩ જન્મ સંસ્કાર-જન્મસમય વિધિ કરવામાં આવે તે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૪ ચંદ્રાકદર્શન સંસ્કાર–ચંદ્ર સૂર્યનાં દર્શન કરાવવામાં આવે તે.
૫ ક્ષીરાસન સંસ્કાર–ધાવણુ ધવરાવવાની શરૂઆત કરાય તે.
૬ ષષ્ટીપૂજન સંસ્કાર–છઠ્ઠી રાત્રિયે વિધિ કરાય છે તે.
૭ સૂચીકર્મ સંસ્કાર–દશોટન કહાડવામાં આવે છે તે.
૮ નામ–કરણુ સંસ્કાર–નામ રાખવામાં આવે છે તે.
૯ અન્નપ્રાસન સંસ્કાર–બાળકને અન્ન ખવરાવ્યાની શરૂઆત કરાય છે તે.
૧૦ કર્ણુવેધ સંસ્કાર–કાન વીંધવામાં આવે છે તે.
૧૧ કેશવપન સંસ્કાર–બાળવાળ ઉતરાવવામાં આવે છે તે.
૧૨ ઉપનયન સંસ્કાર–ધર્મમંત્રનો વાસક્ષેપ નંખાવરાવે છે તે. (જૈનોપવિત લેવાનું હાલ બંધ થઇ ગયું છે.)
૧૩ વિદ્યારંભ સંસ્કાર–નિશાળે દાખલ કરવામાં આવે છે તે.
૧૪ વિવાહ સંસ્કાર–લગ્ન કરવામાં આવે છે તે.
૧૫ વ્રતારોપ સંસ્કાર–વ્રત–નિયમ–દીક્ષા લેવામાં આવે તે.
૧૬ અંતિમ સંસ્કાર–મુવા પછી વિધિ કરવામાં આવે છે તે.

આ સોળ સંસ્કારો પૈકી વ્રતારોપ સંસ્કાર શિવાયના પંદરે સંસ્કારો ધર્માત્મા અને સદ્વર્ત્તનવંત કુળગુરૂ હોય તે તથા તે ન હોય તો સારી રીતે સમજ સાથે લખી વાંચી જાણુનાર શ્રદ્ધાળુ શ્રાવક હોય તો તે કરાવી શકે છે. કદાચ એવો શ્રાવક પણુ ન મળી શકે તો પંડિત જોશી પાસે જૈનવિધિ મુજબ સંસ્કારવિધિ કરાવી શકાય છે. માત્ર વ્રત દીક્ષા ગુરૂ શિવાય ન આપી શકાય.

ગર્ભાધાન સંસ્કાર વિધિ—

સ્ત્રીઓને ગર્ભ રહ્યા બાદ પાંચમે મહીને કરાવાય છે. તે દિવસે સોમ–બુધ–ગુરૂ અને શુક્ર એ વાર હોય. ૨, ૩, ૫, ૭, ૧૦ એ તિથિયોમાંની તિથિ હોય, રોહિણી, સ્વાતી, હસ્ત, અનુરાધા, શ્રવણુ, શતભિષા, ત્રણ્યે ઉત્તરા (ઉત્તરાષાઢા–ઉત્તરા ફા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લ્ગુની-ઉત્તરા ભાદ્રપદ) અને રેવતી એ નક્ષત્રો પૈકીનું નક્ષત્ર હોય, અને મેષ મકર શિવાયનાં લગ્નોમાં ગ્રહોની શુદ્ધિ જોઇને ચંદ્રસ્વર ચાલતી વખતે ગર્ભાધાન સંસ્કાર કરવો. સંસ્કાર કરાવનારે ન્હાઇ પવિત્ર વસ્ત્ર પહેરી તિલક કરી સંસ્કાર કરાવનાર ગૃહસ્થને ઘેર જવું. ગર્ભવતી પણ પવિત્ર જળથી ન્હાઇ, સુંદર પવિત્ર વસ્ત્ર અલંકાર પહેરી તિલક કરી સોહાગણોની સાથે વાજતે ગાજતે ઇષ્ટદેવનાં દર્શન કરી ગીત ગાતાં જિન-મંદિરમાં બેસે. ત્યાં સંસ્કાર કરાવનાર આવી સ્નાત્ર ભણાવી તે સ્નાત્રજળને પવિત્ર ઝારી-કળશમાં ભરી પછી તે બધાં પોતાના ઘેર ધામધૂમ સહિત જાય અને ગર્ભવતીના શરીરે તેની સગી-પ્રેમવતી-અખંડ કુખવાળી સુહાગણ ચંદન અતર વગેરે સુગંધી ચીજો લગાવે. તથા સંસ્કાર કરાવનાર ગર્ભવતીના વસ્ત્ર સાથે તેણીના પતિના વસ્ત્રથી ગાંઠ પાડે અને પછી નીચેનો મંત્ર ભણી દંપતિને સમજાવે અથવા પોતાનો સંકલ્પ તેઓમાં દાખલ કરે.

"ॐ अर्हं स्वस्ति संसारसंबंधबंधयोः पतिभार्ययोः युवयोरवियोगोस्तु भव वा सांतमाशिषा."

તે પછી ધણી ધણીઆણીને અલગ અલગ પાટલા ઉપર બેસાડી સંસ્કાર કરાવનાર સ્હામે બેસી લાવેલું સ્નાત્ર-જળ અથવા ગુલાબ-જળ, કેવડાજળમાં ભેળવી ધરો અથવા ખસના વાળાની પીછી-વાળાકૂંચીથી થોડું થોડું ગર્ભવતીના શરીર ઉપર છાંટયે જાય અને નીચે લખેલો મંત્ર ૭ વાર બોલે.

ॐ अर्हं जीवोसि-जीवत्वं असि-प्राणि असि-जन्मी असि-जन्मवान् असि-संसारादिसंसरन्नसि-कर्मवान् असि-कर्मबद्धोसि-भवभ्रांतोसि-भवभ्रमिपुरसि-पूर्णपिंडोसि-जात-पांगोसि-जायमानपांगोसि-स्थिरो भव-नंदीमान् भव-वृद्धिमान्

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

भव–पुष्टिमान् भव–ध्यातजिनो भव–ध्यातसम्यक्त्वो भव–तत्कुर्यात्–न पुनर्जन्मजरामरणसंकुलं संसारवासं गर्भवासं प्राप्नोसि अर्हं ॐ

આ મંત્રને ૭ વખત ભણી તેનાજ ભાવ સંકલ્પ સહ ૭ વખત તે જળ સીંચી પછી ગાંઠ છોડી નાખે અને નીચે બતાવેલો ગ્રંથિમોચન મંત્ર ભણે :—

ॐ अर्हं ग्रंथौ वियोजमानेस्मिन् स्नेहग्रंथिः स्थिरोस्तु वां शिथिलोस्ति भव ग्रंथिः–कर्मग्रंथिदृढीकृतः

આટલું કર્યા બાદ પહેલાં પતિ અને તે પછી સ્ત્રી પાટલા ઉપરથી ઉઠી ઉભાં થાય. સંસ્કારકારકને ખુશી કરી આનંદ માને અને તે પછી નીચે લખેલો શ્લોક બોલી સંસ્કાર કરાવનાર પોતાને ઘેર આનંદયુક્ત જાય.

ज्ञानत्रयं गर्भगतोऽपि विंदन् संसारपारैकनिबद्धचेताः ॥
गर्भस्य पुष्टिं युवयोश्च तुष्टिं–युगादिदेवः प्रकरोतु नित्यं ॥

ત્યારબાદ સગાં સંબંધિ સ્નેહી એ પ્રસંગે આવેલાં હોય તેમને પોતાની ઇજ્જત અને શક્તિ પ્રમાણે નાલિયેર–સોપારી –બદામ–પતાસાં વગેરે આપી વિનોદયુક્ત વિદાય કરી, પછી તે આનંદ–પ્રસંગની યાદી માટે જિનમંદિરમાં આંગી રચાવી દંપતિ આનંદી બને.

પુંસવન સંસ્કાર વિધિ—

ગર્ભવતીને આઠમે મહિને પુંસવન સંસ્કાર–શ્રીમંતોત્સવ–ખોળો ભરાય છે, તે ૨, ૫, ૭, ૧૦, ૧૩, ૧૫ એમાંની કોઇ તિથિ, અને રવિ, મંગળ ને ગુરૂ એમાંનો કોઈ વાર તથા મૃગશિરા, પુનર્વસુ, પુષ્પ, હસ્ત, મૂળ અને શ્રવણ એમાંનું કોઇ નક્ષત્ર અને તે તિથિવાર નક્ષત્ર તે ગર્ભવંતીનાં ઘાતી ન હોય તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિચારી લગ્નશુદ્ધિમાં, કેંદ્ર, ત્રિકોણમાં બૃહસ્પતિ અને કેંદ્ર-ત્રિકોણ, આઠમું અને બારમા સ્થાન શિવાયના ગમે તે સ્થાનમાં પાપગ્રહો હોય, તે ઉત્તમ મનાય છે, તે જોઇ પુંસવન સંસ્કાર કરાવવો.

જે દિવસે ખોળો ભરાવવો હોય તે દિવસ સવારમાં સગા સંબંધીમાંથી સૌભાગ્યવતી સ્ત્રીઓને બોલાવી, ગીતો ગવરાવી, ગર્ભવતીને ચંબેલીના તેલનો માલેશ કરાવી, શુદ્ધ પાણીથી ન્હવરાવી, સુંદર કપડાં પહેરાવી, વાજતે ગાજતે મંગળગીત ગાતાં જિનમંદિરમાં લઇ જવી. સંસ્કાર કરાવનાર તેણીઓની સાથે જાય. (મંદિર ન હોય તો સિદ્ધચક્રજીના ગટાની સ્થાપના સ્હામે જવું.) ત્રણ પ્રદક્ષિણાઓ દઇ જિનેંદ્રને નમન કરી ધનરાણી ત્યાં બેસે. સંસ્કાર કરાવનાર સ્નાત્ર ભણાવી સ્નાત્ર-જળને કળશમાં ભરી વાજતે ગાજતે તે બધાંને લઇ ગર્ભવ-તીને ઘેર જાય. પછી ગર્ભવતીની પોશમાં–અંજળીમાં રૂપિયો તથા નાલિયેર આપી બાજોઠ કે પાટલા ઉપર ધનરાણીને બેસા-ડી સંસ્કાર કરાવનાર સ્હામે બેસે અને સ્નાત્રજળમાં ગુલાબ-જળ મેળવી ધરો કે ખસની વાળાકૂંચી વડે તેણીને જરા જરા છાંટતો જાય અને નીચે લખેલો મંત્ર ૭ વખત ભણે.

ॐ अर्हंनमः तीर्थंकरनामकर्मबंधसंप्राप्तसुरासुरपूजार्हते आत्मन् त्वं आत्मायुः कर्मबंधप्राप्तमनुष्यजन्मगर्भावासमाप्तोसि तद् भवजन्मजरामरणगर्भावासविच्छित्तये प्राप्तार्हद्धर्मो अर्हद्भक्तः सम्यक्त्वनिश्चलः कूलभूषणः सुखेन तव जन्म अस्तु भवतु त्वन्मातापित्रोः कुलस्याभ्युदयः ततः शांतिः पुष्टिः तुष्टिः ऋद्धिः वृद्धिः कांतः सनातनी अर्हं ॐ

તે પછી પાટલા ઉપરથી ધનરાણી ઉભી થાય. અને તેણી-નો પતિ સંસ્કાર કરાવનારને શક્તિ મુજબ ફળ–ધન આપી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શણ્ણ કરે, જિનભુવનમાં નૈવેદ્યનો થાળ મોકલે, આંગી રચાવે, રોશની કરાવે અને શક્તિ હોય તો તે દિવસ પંચકલ્યાણિકની પૂજા ભણાવે તથા જે જે સુંદરીઓ ગીત ગાવા આવી હોય તેને નાલિયેર મીઠાઇ વગેરે આપી સાંજે જ્ઞાતિલા અને સ્નેહીઓને જમાડે અને આનંદમાં લીન રહે.

પ્રસુતિને પાળવાના નિયમો—

સુવાવડીએ ગટર કે મળમૂત્ર ઓળંગવા નહીં. ગરમ પદાર્થ—જેવા કે કાળા તલ, ખારેક, ગરમ મસાલા, વગેરે ન ખાવા. ઘરની ખાળ–મોરી પણ સાફ રાખવાં. બહુ ગરમ પાણીથી ન્હાવું નહીં, થાક લાગે તેવું કામ કરવું નહીં, ખોરાક સ્હેજ વધારે ખાવો, પણ હલકો ને સારો ખાવો. દવાની જરૂર વખતે તરત દવા કરવી. બંધકોષ રહેતો હોય તો સ્હેજ સાફ દસ્ત આવે તેવી દવા લેવી; પણ જુલાબ લેવો નહીં. ખુલ્લી હવા લેવી. હરવા-ફરવાની, ઘંટી ફેરવી થાક ન લાગે તેટલું દળવાની કસરત કરવી. ઘરનું કામકાજ કર્યા કરવું. પ્રકાશવાળા મકાનમાં રહેવું.

ગર્ભવતીનાં દર્દો અને તેના ઉપાયો—

પેટમાં દરદ થતું હોય તો હિંગાષ્ટક ચૂર્ણ લેવું.

કાળજામાં બળતરા થતી હોય તો ગળપણ ન ખાવું. તથા તે વખતે ખોરાક હલકો ને થોડો લેવો. સુવા, ધાણા ને વરીઆળી વાટીને પી જવાં.

મોળ આવતી હોય તો પાનમાં જાવંત્રી ચાવવી. (એથી ઉલટી પણ મટે છે.)

મસા (હરસ) ઉપડી આવ્યા હોય તો ઉન્હા પાણીથી વાદળી વડે તેના પર શેક કરવો. અથવા પોસ્તના ડોડવા નાંખી તેનો શેક કરવો. તથા ચોખ્ખા અફીણની ભૂકી ૧૦ રતિ, કપૂરની ભૂકી ૧૫ રતિ અને માયાંની ભૂકી (કપડેથી ચાળેલી) ૩૦ રતિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેઓને ૩૦ વાલ ધોએલા ગાયના ઘીમાં મેળવી દિવસમાં ત્રણ-વાર હરસ ઉપર તે મલમ લગાડવો.

પગે સોજા આવ્યા હોય તો મલમલનો પાટો પગનાં આંગળાથી ગોઠણ સૂધી ખમાય તેવો બાંધવો.

પેટની ચામડી તણાતી હોય તો ગરમ તેલ હલકા હાથે ચોળવું.

દાંતમાં દુખાવો વધી પડ્યો હોય તો લવીંગનું બારીક ચૂર્ણ સડેલાં કે કળતાં દાંતોની જગોએ ભભરાવી લાળ ટપકતી મૂકવી. પોસ્તના ડોડવાના ઉકાળેલ પાણીની વરાળનો ફલાલીન વડે દુઃખતા ભાગપર શેક કરવો. અળશીની પોટીસ બાંધવી.

સવારે ઉલટી મોળ જણાતી હોય તો બુંદનો કાવો પીવો. અંજીર તથા દ્રાક્ષનો ખાવામાં ઉપયોગ કરવો. (જેણીને સવારમાં મોળ કે ઉલટી થતી હોય તેણીની સુવાવડ સહીસલામત ઉતરે છે. તેમજ છોકરૂં ફરકવા લાગ્યા પછી તે બંધ થાય તેણીને કસુવાવડનો ભય રહેતો જ નથી. તથા મોળ ઉલટી ને કાળજાની બળત્રાવાળીને પ્રસવ સમય ઓછી વેદના થવા સંભવ છે.)

ઉધરસ થઇ આવી હોય તો ખેરસાર, વડાગરૂ મીઠું, જેઠીમધ અથવા જવખાર મ્હોંમાં રાખવો. અગર કાથો, ખેરસાર, એલચી અને ચણીકબાબ એ બધાં બરોબર લઇ ખાંડી વસ્ત્રગાળ કરી ગુલાબજળમાં ઘુંટી, મરી જેવડી ગોળીઓ કરી મ્હોમાં રાખી રસ ઉતારવો, અથવા તાલીસપત્ર તથા એલચી ૧ તોલો, મરી, સુંઠ ને તજ ૨ તોલા અને લીંડીપીપર, વંશલોચન ૪ તોલા, તથા સાકર ૧૬ તોલા લઈ ખાંડી વસ્ત્રગાળ કરી ૨ થી ૪ આની ભાર ચૂર્ણ માખણ કે ઘી સાથે ચાટવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નાજુક તબીયતને લીધે મૂર્છા આવતી હોય અગર જો ફેર **આવતા હોય** તો તરત જમીન પર તેણીને સુવાડી માથું નીચું રાખી પોશાક તંગ હોય તે ઢીલો કરી ગળાની આસપાસ કંઇ બાંધેલ હોય તે કહાડી નાખી બારીઓ ખુલ્લી મૂકી ચ્હેરા અને કપાળ ઉપર ઠંડું પાણી છાંટવું. ડુંગળીને ચીરી તેની ફાડ નાક પાસે ધરવી, એક બે માણસો સિવાય કોઇએ ત્યાં બેસવું–રહેવું નહીં અને હવા સાફ મેળવવી, તથા તાકાત આપનારી દવા લેવી.

હૃદયનો ધબકારો વધી પડ્યો હોય તો મનને ફીકર, (ઉભરા) ન થાય તથા થાક ન લાગે તેમ કરવું, વહેલું સુવું, અને બંધ હવાના મકાનમાં સુવું નહિં. સ્વભાવ આનંદી ને સારી હવા સેવવી.

પગ–સાથળમાં કળતર વધારે થતું હોય તો ખમાય તેવો રૂમાલ તાણી બાંધવો, ગરમ પાણી ભરીને બાટલીનો શેક કરવો.

ધોળું–પાણી પડયા કરતું હોય તો તે ગુહ્ય ભાગ સવાર સાંજે ઉન્હા પાણીથી ધોવો, બે વખત ફટકડી (ફુલાવેલી)ની પીચકારીઓ મારવી. (૧૨॥ તોલા પાણીમાં ૮ રતિ ફટકડી નાખવી.) તાકાત મેળવવાની દવાનો ઉપયોગ કરવો.

તાવની ધીખડી રહેતી હોય તો ગુલાબજળમાં તૈયાર કરેલી પ્રવાલભસ્મ, સિતોપલાદિ ચૂર્ણ સાથે મેળવી સાકરની ભુકી (મધ સાથે પણ લેવાય છે.) સાથે બે આની ભાર બે વખત ચાટવી. (તજ ઝીણો ૦। તોલો, એલચી ઝીણી ૦॥ તોલો, લીંડીપીપર ૧ તોલો, વાંસકપૂર ૨ તોલા, અને ચીનાઈ સાકર ૪ તોલા લઈ બધાને જુદાં જુદાં ખાંડી કપડછાણ કરી લેવાય તે **સિતોપલાદિ ચૂર્ણ** કહેવાય છે.)

મરડો થયો હોય તો મીઠું ભેળવી અગર મીઠામાં નાખેલી ન્હાની બીલીઓ સુકવેલી હોય તે ખાવી, ખસખસને સ્વદેશી ખાંડ ચાવવી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભડભડાટ દસ્ત વખતે બહુ થતો હોય તો માટીનું કોડીયું ગરમ કરી તેમાં ઘી નાખી સુંઠ અને સાકરનો ભૂકો મેળવી હલાવી સીરો બનાવવો અને તે ખાવો.

જાડો થઇ આવ્યો હોય તો સુંઠ, વરીયાળીને ઘીમાં તળી, ખાંડી, સાકર તેઓની બરોબર મેળવી ફાકવી.

તાવ આવતો હોય તો ધાણા, ગળોનો ક્વાથ પીવો, અને સેકેલી ભાંગનું ચૂર્ણ મધમાં મેળવી વાલ ભર ચાટવું જેથી દસ્ત સંબંધી દરદ મટે છે, ભૂખ લાગે છે તથા ઉંઘ આવે છે.

ગર્ભ ગળવાનો શક પડે તો બકરીના દૂધમાં મધ મેળવી, તેમાં કુંભારના હાથે વળગેલી માટી મેળવી પીવી. અથવા બે સાતના બાંધાનો ૯૦ અને ૧૦૦ નો યંત્ર લખી લાલ નાડાછડીના દોરાને છ ગાંઠો વાળી સાતમી ગાંઠમાં તે યંત્રને (ગામડીયા લોકો અંગરખાની કસે કાગળની ચીઠી બાંધે છે તેમ) બાંધી દશાંગ ધૂપ દઇ કેડે બાંધવો–આને ભારદોરી કહે છે.

	૩૭	૪૪	૨	૭	૪૨	૪૯	૨	૭	
	૬	૩	૪૧	૪૦	૬	૩	૪૬	૪૫	
૯૦	૪૩	૩૮	૮	૧	૪૮	૪૩	૮	૧	૧૦૦
	૪	૫	૩૯	૪૨	૪	૫	૪૪	૪૭	

ઉપર સામાન્ય દર્દો માટે સામાન્ય ઘરગતુ ઓષધો બતાવેલ છે. તેથી વધુ જરૂર માટે હુશીઆર વૈદ્ય–હકીમ–ડાક્તર કે અનુભવી સુયાણી (મીડવાઇફ) ની સલાહ લેવી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રસવ સમય જાણવાના લક્ષણ.

આગળ કહેવાઇ ગયું છે કે-૨૮૦ દિવસનો ગર્ભકાળ છે; પરંતુ તેવો ચોક્કસ નિયમ નથી. ઘણી સ્ત્રીઓ ૨૪૦ દિવસે પણ સંતાનને જન્મ આપતી જોવામાં આવે છે. માટે સગર્ભાનો પ્રસવ સમય નજીક છે કે દૂર? તે જાણવા માટે નીચેના ચિહ્નો ધ્યાનમાં રાખવાં. પેટ નીચું નમી આવે છે, શ્વાસ લેવામાં પડતી હરકત બંધ પડે છે, બેચેની કે ચિંતા વધે છે, વારંવાર પેશાબ થાય છે, જાંગ, કેડ અને પીઠમાં દરદ થવા લાગે છે, તથા ઉલટી મરડો થઈ આવે છે અથવા બળતરા વધી હરસ જોર પકડે છે. અને ગુહ્યેન્દ્રિ ભીનાશવાળી બની ધોળાં પાણી વહન કરવા માંડે છે. (વખતે ખોટી વેંણ પણ આવે છે, પણ ખોટી સાચી વેંણ સુઘડ સગર્ભા તથા સુયાણી સમજી શકે છે.)

સુવાવડીને માટે કેવું મકાન જોઇયે ?—

બ્રાહ્મણી હોય તો ચુનાથી ધોળેલું, ક્ષત્રીઆણીને પીળા રંગવાળું, વૈશ્ય સ્ત્રીને લાલ રંગવાળું અને શૂદ્રાણીને કાળા રંગવાળું મકાન હોવું જોઇયે. તેમ મેડા ઉપરથી નહીં પણ ભોંયતળીએ જ હોવું ઉત્તમ છે. તેનું બારણું ઉગમણું, ઉત્તરાદું કે દક્ષણાદું રાખવું. લીંપીને તૈયાર કરેલું ૪ હાથ પહોળું ૮ હાથ લાંબુ અને સુંદર છત ચિત્રોથી શોભિતું હોવું જોઇયે. અને તેની અંદર જ્ઞાતી દેશ રિવાજ પ્રમાણે જે જે સુવાવડી માટે ચીજ જોઇયે તે હાજર રાખેલી હોવી જોઇયે. તે મકાન વધારે ગરમીવાળું ન હોવું જોઇયે, પણ હુંફાળું હોવું જોઇયે. તેમાં નવમો મહીનો બેસતાં જ સારા દિવસે નક્ષત્ર, ચંદ્રમા, કરણ અને મૈત્ર મુહૂર્ત્તમાં શાંતિહવન કરી, અતિથિ અભ્યાગત-દીનને દાન દઇ, ઇષ્ટદેવનું સ્મરણ કરી ગર્ભવતીએ પ્રથમ જમણો પગ મૂકી તેમાં પ્રવેશ કરવો. પૂર્વ ઉત્તર મુખે બેસી પૂજ્ય દેવ-ગુરૂ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વડીલોને મન સાથે વંદના કરી, સ્વસ્તિવાચન કહેવરાવી, અર્થાત્ સપ્ત સ્મરણાદિ ભણાવી તેમાં આનંદથી વર્ત્તી પ્રસવ સમયની રાહ જોવી.

જ્યારે ખરી વીંટ (વેણ) આવવા લાગે, ત્યારે બળવાન્, વ્યસન વિનાની, મીઠા બોલી, જણાવાના કામમાં ઘણી કાબેલ, રૂપવંત, પૂર્ણ અંગવાળી અને અલ્પલોભી હોય એવી સુયાણીને બોલાવી, તથા ઘણી વખત પ્રસૂતા થયેલી, સમજદાર, ધીરજવાળી અને શાંત મિજાજની સગર્ભાની સગી કે સહચારિણીયો હોય તેવી સ્ત્રીઓ પાસે બેસારી રાખવી. જેમ જેમ પીડા વધતી જાય તેમ તેમ તેઓ બધીઓ પ્રસન્નતા અને ધૈર્યતા આપી તેણીનો ઉત્સાહ વધાર્યા કરે તેવી રચના રાખવી.

બાકીની ક્રિયાઓ દેશ દેશની ભિન્ન ભિન્ન છતાં પણ સ્ત્રીઓના જાણુવામાં હોય છે, માટે તે નહીં લખતાં જે જાણુવાની જરૂર છે તેજ જણાવેલ છે.

વેંણ લાવવાના ઉપાય—

પ્રસુતિનો સમય નજીક આવવા છતાં કેટલીક સ્ત્રીને વેણ ન આવવાથી કષ્ટ પામે છે, તો તેવા પ્રસંગે નીચેના પ્રયોગો અજમાવવા જેવા છે.

૧ જાયફળને વાટી વસ્ત્રગાળ કરી ઘીમાં કાલવી રૂના પોલમાં મૂકી ગોળીની પેઠે પુંભડું બનાવી તે (ભગ) કમળમુખના અગાડી મુકવું, જેથી વેંણુ ઝપાટાબંધ આવે છે.

૨ જાયફળને પત્થર ઉપર ઘસી રૂના પોલમાં મૂકી તેના ઉપર કરોળીયાનું સાફ પડ મૂકી ગોળીની પેઠે કરી છોકરૂં નાળે પડ્યા પછી ગુહ્યસ્થાનમાં મૂકવું, જેથી તાબડતોબ વીંટ ચાલી પ્રસવ સમય પ્રાપ્ત કરે છે.

૩ પહાડમૂળ અને અંઘેડાના મૂળને પાણી સાથે લસોટી આ સ્થાન ઉપર તેનો લેપ કરવો.

૪ બોડિયાકલ્હાર મૂળ વિધિયુક્ત લાવી રાખેલું તેણીની કેડે બાંધવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૫ હાથ પગના નખો ઉપર ને ડૂંટી ઉપર થોરના દૂધનો લેપ કરવો, (પણ સ્ત્રીની પ્રકૃતિ જોઇને કરવો) તો તરત પ્રસવ થાય છે.

પ્રસવસમયના વ્યાધિઓ અને તેના ઉપાય—

જો પ્રસુતિ કષ્ટાય તો નીચેના ઉપાયો કરવા.

૧ શરીરે સ્હેજ ગરમ કરેલું તેલ લગાવી, ગરમ પાણીથી ન્હાઇ, મગ ચોખાની ખીચડી ખાઇ સુવાના બિછાના ઉપર તકિયા સહિત કે પલંગ-માંચા ઉપર બે પગ ફેલાવી અઢેલીને બેસવું.

૨ ગરમ દૂધ અને ગરમ પાણી પીવું.

૩ ત્રણ માસા (૨૪ વાલ) વરીઆળી, પાશેર ગાયનું ઘી અને એક શેર પાણીને સાથે ઉકાળી, જ્યારે પાણી બળી જઇ ઘી રહે, ત્યારે તે નવશેકું પી જવું.

૪ કાળા સાપની કાંચળી અને મીંઢળની ભૂકીની ગર્ભદ્વારને ધૂણી દેવી.

૫ પોઇનાં પાંદડાં અને જડને બારીક વાટી મીઠા તેલમાં મેળવી ડૂંટીની આસપાસ આંગળ જાડો લેપ કરવો.

૬ ચમક પત્થર જાંઘ ઉપર બાંધવો.

૭ હીરાકણી પાસે રાખવી.

૮ ભોજપત્રની ને ગુગળની ગર્ભદ્વારને ધૂણી દેવી.

૯ અષ્ટગંધથી રૂપાની કલમદ્વારા ૨૪ કોઠાનો (૭ વાર માંજી સાફ કરેલી) કાંસાની થાળીમાં યંત્ર આલેખી તેમાં 'ભોં' એજ અક્ષર લખી તે યંત્ર તેણીને બતાવવો અગર પછીથી ધોઇને પાઇ દેવો.

૧૦ કિંવા અષ્ટગંધથી પંદરનો કે ત્રીશનો યંત્ર લખી તેણીને બતાવવો.

૧૧ શનિવારની સંધ્યાએ ચોખા, સોપારી, કંકુ, નાડાછડી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લઈ જઇ પુંવાડીઆને અગાડી રાખી નોતરૂં *કેવું કે 'હું તમોને પ્રાત:કાળે કષ્ટવંતી સ્ત્રીને તરત પ્રસવ કરાવવા માટેના કામ વાસ્તે લઇ જઇશ, તેનો મનોરથ પૂર્ણ કરજો.' રવિવારને પરોઢિયે કાગડાંના બોલ્યા પહેલાં જઇ પરછાડો બચાવી તે પુંવાડનું મૂળ પ્યારસહુ લઇ આવી ધૂપ દઇ રાખી મૂકવું. અને તે કષ્ટાતી સ્ત્રીના અંબોડામાં ખોસવું કે તરત પ્રસવ થશે; પણ સંભાળ રાખવી કે પ્રસવ થતાંજ તે કહાડી લેવું. આ કામ દઢ સંકલ્પ સાથે અને મૌન્યપણે કરવું.

૧૨ કમળપુષ્પને (કલકત્તા ભણીથી સુકેલાં કમળ આવે છે તેને) પાણીની ભરેલી થાળીમાં મૂકી રાખવું ને તેણીના તરફ મનોરથ પૂર્વક કષ્ટાતીએ દૃષ્ટિ જોડવી તો કમળ ખીલતાં જ ગર્ભ મુક્ત થાય છે.

૧૩ ચક્રવ્યૂહનો કોઠો સાફ કરેલી કાંસાની થાળીમાં કેસરથી આલેખી તેણીને દેખાડવો ને પછી ધોઇને પાઇ દેવો.

* મંત્ર તંત્રાદિ પ્રયોગો તે સંકલ્પ બળ અને શ્રદ્ધાનું ફળ છે. સુપ્રસિદ્ધ પ્રોફેસર ગેટેયે એક બગીચામાંના બે ગુલાબના છોડ પૈકી એકના પ્રત્યે પવિત્ર પ્રેમની લાગણી અને બીજાના પ્રત્યે પૂર્ણદ્વેષની લાગણી દર્શાવી, પહેલાને ફળ ફૂલ પત્રથી પ્રફુલ્લિત કર્યો અને બીજાને સૂકવી નાંખ્યો હતો. એ સંકલ્પનું જ બળ હતું. તેમ પ્રેમ લાગણીવાળો છોડ સદરહુ પ્રોફેસરને જોતાં ઝુકી પ્રસન્નતા બતાવતો હતો. મહાન્ કૃષિકાર **લ્યુથર બુરબેન્ક** કે જે હાલ હૈયાત છે, તેણે કુલ વનસ્પતિને પોતાના હુકમને તાબે કરી છે, જેથી બોરને નાળિયેર જેવડાં બનાવે છે, વગર મોસમે ફળ લવરાવે છે અને કાંટાળા થોરને કાંટા વગરના કરી દે છે, તથા ઠળીઆ ને ગોટલીવાળાં ફળોને તે વિનાનાં બનાવે છે. આ બધો ચમત્કાર વનસ્પતી તરફ રાખેલા પ્યારનો અને દઢ સંકલ્પનો છે. જેઓએ મનોબળ, સંકલ્પસિદ્ધિ અને યોગનો મહિમા જાણ્યો—અનુભવ્યો હશે, તેઓ તો આ કથનને કબૂલ જ કરશે, અને જોઇ શકશે કે મંત્ર, તંત્ર કે સંકલ્પ પ્રયોગ એ પણ માનસિક બળની સંકલનાનું એક અંગ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૪ ગુંદીનાં ૨૧ પાંદડાં પાણીમાં ચોળી પાઇ દેવાં.

૧૫ ભમરડા દૂધેલીના વેલાની ઉછાંણી કરી નાભિ ઉપર મૂકવી ને પ્રસવ થતાં જ ઉપાડી લેવી.

૧૬ બીજોરાની જડ, જેઠીમધ, મધ અને ઘી પીવું.

૧૭ ચણોઠીનું મૂળ લઇ તેના સાત કકડા કરી તેનાં સાત સાત પાંદડાં સાથે કમર ઉપર બાંધવાં.

૧૮ કાળીપાઠ, કજીયાળી, (જેની ડાળ છાપર ઉપર નાંખવાથી કજીયો થાય છે તે), અરડુસો, અને ધોળો અંધાડો એઓની જડોને જુદી જુદી વીંટી નાભિ, બસ્તિસ્થાન (પેડુ), અને જનનેંદ્રિય ઉપર લેપ કરવો.

૧૯ ફાલસા અને સાલપરપોટીનો જુદો જુદો લેપ ઉપર કહેલી જગોએ કરવો.

૨૦ અરડુસાની જડને (નોતરી રાખેલી હોય તે) કેડ ઉપર બાંધવી.

૨૧ કાળીપાટને જનનેંદ્રિય ઉપર મૂકવી.

૨૨ કજીયાળી (કલહાગારી–રાડાગારી–કંકાસણી) ના મૂળને જળની કાંજીના (ખાટા) પાણીથી વાટી પગોના તળીએ લેપ કરવો.

૨૩ અરડુસાની જડનો નાભી, પેડુ ને જનનેંદ્રિય ઉપર લેપ કરવો.

૨૪ ધણીનો જમણા પગનો અંગુઠો ધોઇને પીવો.

૨૫ ઘરના ટાંકાના પાણીથી ઘરના ધુંમસ (ચૂલ્હા ઉપર ધૂમાડાનાં બાઝેલાં બાઉવાં.) પાવાં.

૨૬ પોતાનાં જ ટાંકાના પાણી સાથે હીંગ અને સિંધાલૂણ નાખી પીવું.

૨૭ मुक्ताः पाशाविपाशाश्च मुक्ताः सूर्येण रश्मयः ।
मुक्तः सर्वभयाद्‌गर्भ एह्येहि मारिच स्वाहा ॥

આ ચ્યવન મંત્રથી પવિત્ર પાણી મંત્રિત કરી પીવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨૮ ॐ ह्रीँ भगवति भगमालिनी चलचल भ्रामयपुष्पं विकाशय विकाशय स्वाहा तथा

૨૯ ॐ नमो भगवते मकरकेतवे पुष्पधन्विने प्रतिचालितसकलसुरासुराचित्ताय युवतिगर्भवासिने ह्रीँ गर्भचालय चालय स्वाहा એ મંત્રોથી ૨૧ વાર મંત્રેલું ગરમ દુધ પીવું.

૩૦ ऐँ ह्राँ ह्रीँ ह्रुँ ह्रैँ ह्रोँ ह्रौँ ह्रः આ લઘુશાંતિના મંત્રને ભોજપત્ર ઉપર સંકલ્પ સહિત લખીને પથારીના ઓશીકાની જગોએ નીચે રાખવો.

૩૧ गंगातीरे वसेत्काकी चरते च हिमालये । तस्याः पक्षच्युतं तोयं पाययेच्च ततः क्षणात् ततः प्रसूयते नारी काकसद्भवचो यथा આ મંત્ર એક શ્વાસે બોલતાં બોલતાં જ્યારે થાકી જવાય, ત્યારે તે ઇચ્છાશક્તિથી સિદ્ધ કરેલું પાણી તેણીને પાઈ દેવું.

૩૨ અને ઉપલેટ, વરીયાળી, મીંઢળ તથા હીંગથી સિદ્ધ કરેલ* તેલમાં કપડું બોળી ગુહ્ય સ્થાન ઉપર મૂકવું.

૩૩ અને ડાંગરની જડની ચટણીથી સિદ્ધ કરેલું ઘી ગુહ્ય અંગની અંદર ચોપડવું તો તરત સુખસમાધિપૂર્વક સંતાનનો પ્રસવ થાય છે. (આ બધા ઉપાયોમાંથી જે તરત બની શકે તે ઉપયોગમાં લેવા.)

ઓર ન પડતી હોય તો તેનો ઉપાય—

કડવી તુંબડી, કાળા સાપની કાંચળી, ચોકખી હીંગ અને

* લખેલી દવાઓને પાણી સાથે વાટી બારીક કરી તેલ કે ઘી જે લખ્યું હોય તેમાં નાંખી પાણી બળી જતાં એકલું ઘી કે તેલ બાકી રહે એટલે ઉતારી ગાળી લેવું તે સિદ્ધ કરેલું ઘી, તેલ કહેવાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સરસવ એઓને વાટી ચાળી સરસીઆ તેલમાં મેળવી તેની ગર્ભદ્વારને ધૂણી દેવી, કે જેથી ઓર (આવરવેવર-જરાયુ-અપરા-જેર) તરત બહાર નીકળી પડશે.

પ્રસૂતી સંબંધી ક્રિયાઓ, દેશ અને જ્ઞાતિની ભિન્ન ભિન્ન રીતિઓને લીધે તફાવતવાળી છે, એટલે તે માટે બોલવું નકામું છે.

જન્મસંસ્કાર વિધિ—

પ્રસુતીને તરત કપૂરી નાગરવેલનાં બે પાનની અંદર મૃગનાભિની કસ્તૂરી ૦॥ રત્તિ કે રત્તિભાર નાંખી તે પાન ચવરાવી દેવાં.

બાળકનો જન્મ થાય કે તરત ઘડી પળ ટાંકી લઇ પ્રવીણ જોશીને બોલાવી તેની જન્મકુંડળી કરાવવી. ને તેને ફળ કે રૂપામ્હોર ભેટ કરવી, તે પછી તે જોશી ગૃહોનું ફળ કહી નીચેનો મંત્ર અને શ્લોક બોલે:—

ॐ अर्हं कुलं वो वर्द्धतां संतु शतशः प्रपौत्राः अक्षीणमस्त्वायुर्धनं यशः सुखं च अर्हं ॐ.

आदित्यो रजनीपतिः क्षितिपतिः सौम्यस्तथा वाचस्पतिः
शुक्रः सूर्यसुतो विधुंतुद इति श्रेष्ठाग्रहापांतु वः ।
अश्विन्यादिकमंडलं तदपरो मेषादिराशिक्रमः,
कल्याणं प्रतनोतु वृद्धिमधिकं संतानमप्यस्य च ॥
यो मेरुशृंगे त्रिदशादिनाथै-र्दैत्यादिनाथैस्सपरिच्छदैश्च ।
कुंभामृतैः संस्नपितः सदैव आद्यो विदध्यात्कुलवर्द्धनं च ॥

આ મંગળ વાકય સહિત જોશી બોલી રહે કે સંસ્કાર કરાવનાર સંતતીને ન્હવરાવવાનું સોના કે ચાંદી તપાવી જામેલું પાણી નીચેના મંત્રથી મંત્રી તૈયાર કરે—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ॐ अर्हँ नमो सिद्धाचार्योपाध्याय सर्वसाधुभ्यः એ મંત્ર બોલી કાવ્ય બોલે—

क्षीरोदनीरैः किल जन्मकाले यैर्मेरुशृंगे स्नपितो जिनेंद्रः ॥
स्नानोदकं तस्य भवत्विदं च शिशोर्महामंगलपुण्यवृद्ध्यै ॥

આ પ્રમાણે સાત વખત બોલી પાણી મંત્રી દૈયાણીને આપવું કે તેનાથી તે બાળકને ન્હવરાવી સ્વચ્છ કરે. તે પછી નિયમ પ્રમાણે નાયડો રાખી છેદી તે ઉપર ચંપાની કળી અને કસ્તૂરીનું ચૂર્ણ દબાવે કે જેનાથી બાળકને વરાધ થવાનો સંભવ રહે નહીં.

પછી ગરમ પાણીથી સુવાવડીને પણ ન્હવરાવી સ્વચ્છ કરે. (પ્રસુતી કમ તાકાત હોયતો ઘરો કે જળ છાંટી ભાવસ્નાન કરાવવું.) આટલું થઇ રહ્યા પછી સંતાનના વારસદારે સંતાન પ્રાપ્તિની ખુશાલીમાં દેવગુરૂ ધર્મની સેવા અર્થે જે કરવું ઘટિત હોય તે કરવું.

ગળથુથી—

છોકરાંને જન્મઘૂંટી–ગળથૂથી વગેરે પ્રથમ આપવાના જુદા જુદા રિવાજ છે; અને અમદાવાદ તરફ તો બકરીની લીંડી વગેરે નાખી બાળકને પ્રથમ અપવિત્ર વસ્તુનો સંસ્કાર કરવામાં આવે છે, તે નહિ કરતાં એક કોરી માટીની કુલડીમાં સ્વચ્છ પાણી નાંખી તેમાં એક વાપુંભું, ચાર વાવડીંગ, પાંચ પત્તાં મીંઢીઆવળનાં, બે ઉન્નાબ અને એક બદામનો ગોળો નાંખી તે પાણીને ઉકાળવું અને ઠીક ઉકળ્યા બાદ નીચે ઉતારી તેમાં જુદા પ્યાલામાં પ્રથમથીજ પાણીમાં પલાળી રાખેલ ગરમાળાનો ગોળ રત્તિભાર લઇ તેનું પાણી મેળવી જરા મધ કે ગોળ નાખી પછી બાળકને ઉત્તમ ગુણવંત થવાના દૃઢ સંકલ્પથી તે અમૃત જળને સિદ્ધ કરી રૂના પુંભડા વડે હર્ષસહ તે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાળક પર પ્રેમ રાખનારા પવિત્ર મનુષ્યે ટોવું (પાવું) અને તેમ ત્રણ દિવસ લગી શરૂ રાખવું.

સુવાવડીનો ખોરાક—.

ત્રણ દિવસ લગી પ્રસૂતીને ઘઉંના લોટની રાબડી-સીરો કે ગુદનું કરડુ કરીને પાવાનો જે રિવાજ કેટલીક જગોએ છે, તે નુકસાન કારક છે. જે સમય જઠરાગ્નિ મંદ હોય તે વખતે ભારે ચીજ લેવાથી ઝાડા થઇ આવે છે ને તેથી અશક્ત બહુ થતાં સુવારોગ લાગુ પડે છે. માટે જઠરાગ્નિ પ્રદિપ્ત કરવા, તથા પ્રસૂતીના ગુહ્ય દ્વારથી વહેતું લોહી હદથી વધારે જતાં નિર્બળ થાય છે, તે ન થવા દેવા નીચેની રાબડી કરીને જરૂર પાવી, જેથી ભૂખ લાગે છે, મન પ્રસન્ન રહે છે, બગાડ વિનાનું નકામું વધારે જતું લોહી અટકે છે, ઝાડા બંધ રહેવાથી ઊઠ બેસની પંચાતને બંધ પાડે છે અને લોહી વધારે છે.

ગુલાબી રંગની એક ઇંચ લાંબી દ્રાખ આવે છે તે દ્રાક્ષ બાર કે પંદર ઉન્હા પાણીમાં નાંખી ફોલેલા ને ચાખી જોયેલા બદામના ગોળા(મીંજ) બાર કે પંદર અને સાકર ચીનાઇ તોલા ૨ તથા ગોળ તોલા બે લઇ, પ્રથમ દ્રાક્ષને ગરમ પાણીથી ધોઇ સાફ કરી લૂછી તેમાંનાં બીજ કહાડી નાંખી તેને ખરલમાં ઘુંટી તે પછી બદામોને ઘુંટી સાકર ને ગોળ મેળવી ૦।। શેર પાણી નાંખી એકત્ર કરી તેને વસ્ત્ર ગાળ કરી પછી તાજું ઘી નવટાંક લઇ કડાઈમાં નાંખી સારૂં ગરમ થવા દઇ તેમાં ચાર કે ત્રણ લવીંગ (ફૂલવાળા) અને બે સુંદર ન્હાની એળચીઓ નાંખવી. જ્યારે તે ફૂલી જાય ત્યારે ગાળી રાખેલું પાણી તેમાં છમકારી દેવું અને એક સારો ઉભરો આવે કે ઉતારી દેવું. આ રાબડી પાવી બહુ ફાયદાકારક છે.

પ્રસવસૂળનો ઉપાય—

પ્રસૂતીને પ્રસવશૂળ પેદા થયું હોય તો સાટોડીના પાંદડાં-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ને સારી પેઠે ચોળી ગોળા જેવું બનાવી ગુહ્યદ્વારમાં પ્હેરવી, અથવા ચોખો જવખાર વાટી ઘી સાથે કે ઉન્હા પાણી સાથે પાવો, કિંવા તેમાં જુનોગોળ, સુંઠ, મરી, લીંડી પીપર, એલચી, તજ અને તમાલ પત્રનું વસ્ત્ર ગાળ ચૂર્ણ મેળવીને પાવું.

દાર્વ્યાદિકવાથ—

પ્રસૂતીને સુવારોગ લાગુ ન થાય તે માટે **દાર્વ્યાદિકવાથ** આપવો. દાર્વ્યાદિકવાથ આ પ્રમાણે છેઃ–તેલીઓ દેવદાર, ઘોડાવજ, પાનની જડ, સુંઠ, લીંડીપીપર, કાયફળ, મોથ, કરિયાતું, કડુ, ધાણા, હીમજ, ગજ પીપર, ધમાસો, ગોખરૂ, અતિ વિષની કળી, ગળો, કાકડાશીંગી અને શાહજીરૂં એ બધું એક એક તોલો લઇ ખોખરાં કરી એના પાંચ પડીકાં કરવાં ને તેમાંથી એક પડીકું એક શેર પાણીમાં નાંખી માટીના વાસણ દ્વારા ખુલ્લાં મ્હોંથી સાધારણ તાપથી ઉકાળી જ્યારે નવટાંક પાણી રહે ત્યારે નીચે ઉતારી તેને ગળી લઇ તેમાં મધ નાખી પાંચ દિવસ સવાર સાંજ પીવો, જેથી સુવર્ણ શરીર થાય છે. અથવા પાંચ દિવસ સૂધી પાનમાં કસ્તૂરી ૧ રતિ ભાર દરરોજ આપવી જેથી સુવારોગ થતો નથી.

ચંદ્રદર્શનવિધિ—

ચોથે અગર પાંચમે દિવસે સૂતિકાગૃહથી જુદા ભાગમાં ધાતુની ન્હાની જિન પ્રતિભા રાખી તેની અષ્ટદ્રવ્યથી પૂજા કરી, બાજોઠ ઉપર સોનાની કે ત્રાંબાની સૂર્યની મૂર્તિ રાખી નીચે લખેલો મંત્ર બોલે.

ॐ नमः सूर्याय सहस्रकिरणाय जगत्कर्मसाक्षिणे इह जन्ममहोत्सवे सायुधः सवाहनः सपरिच्छदः आगच्छ आगच्छ इदं अर्घं पात्रं बलिं गृहाण गृहाण संनिहितो भव भव स्वाहा, जलं गृहाण गंधं पुष्पं अक्षतान् फलानि धूपं दीपं नैवेद्यं मुद्रां सर्वोपचारान् गृहाण, शांतिं कुरु कुरु, तुष्टिं कुरु कुरु, ऋद्धिं वृद्धिं सर्वसमीहितं देहि देहि स्वाहा ।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી સંસ્કાર કરાવનાર ગંધ, પુષ્પ, અક્ષત વગેરે ચીજોથી સૂર્યપૂજા કરે.

આવી રીતે પૂજન કરી બાળક અને તેની માતાને સાક્ષાત્ સૂર્યની સામે ઉભાં કરી દર્શન કરાવવાં. અને આગળ લખેલો મંત્ર બોલવો:—

ॐ अर्हं सूर्योसि दिनकरोसि तमोपहारिसहस्राकिरणोसि जगच्चक्षुरसि प्रसीद अस्य कुलस्य तुष्टिं पुष्टिं प्रमोदं कुरु कुरु शांतिहितो भव अर्हं ॐ ते પછી—

सर्वसुरवंद्यः कारयितापूर्वसर्वकार्याणाम् ।
भूयान्त्रिजगच्चक्षु मंगलदस्ते सपुत्रायाः ॥

તદનંતર જિન પ્રતિમા અને સૂર્યમૂર્તિનું સંસ્કાર કરાવનાર વિસર્જન કરે. તે દિવસની રાત્રિએ ચંદ્રદર્શન કરાવવું, તે પણ ધાતુની જિન પ્રતિમા સ્થાપન કરી વાસક્ષેપથી પૂજી બીજા પાટલા ઉપર ચાંદી કે સફેદ સુખડની ચંદ્રની મૂર્તિ સ્થાપી નીચે લખેલો મંત્ર ભણી પૂજન કરે.

ॐ नमश्चंद्राय तारागणाधीशाय सुधाकराय इह जन्ममहोत्सवे सायुधः सवाहनः सपरिच्छदः आगच्छ आगच्छ इदं अर्घं पाद्यं बलिं गृहाण गृहाण सन्निहितो भव भव स्वाहा, जलं गृहाण गंधं पुष्पं अक्षतान् फलानि धूपं दीपं नैवेद्यं मुद्रां सर्वोपचारान् गृहाण, शांतिं कुरु कुरु, ऋद्धिं वृद्धिं सर्वसमीहितं देहि देहि स्वाहा ।

આવી રીતે ચંદ્રમૂર્તિનું પૂજન કર્યા પછી સાક્ષાત્ ચંદ્રનાં દર્શન કરાવી પછી સંસ્કાર કરાવનાર આ મંત્ર બોલે:—

ॐ अर्हं चंद्रोसि निशाकरोसि नक्षत्रपतिरसि सुधाक-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

रोसि औषधिगर्भोसि प्रसीद अस्य कुलस्य तुष्टिं पुष्टिं प्रमोदं कुरु कुरु शांतिहितो भव अर्हं ॐ

તે પછી આ કાવ્ય બોલવું.

सर्वौषधीमिश्रमरीचिराजिः सर्वापदासंहरणप्रवीणः ।
करोतु वृद्धिं सकलेपि वंशे युष्माकमिंदुः सततं प्रसन्नः ॥

પછી જિન પ્રતિમા અને ચંદ્રમૂર્તિને વિસર્જન કરવી, પછી સંસ્કાર કરાવનારને શક્તિ અને ઇજ્જત પ્રમાણે રૂપા-સોનામ્હોર આપવી.

હાલમાં ચંદ્રાર્કદર્શનને બદલે ફક્ત આરીસોજ બતાવવામાં આવે છે.

ન્હવણવિધિ—

તે પછી ચંદ્રસૂર્યનાં દર્શન જે દહાડે કરાવ્યાં હોય તેજ દહાડે અથવા બીજે દિવસે બાળકને ધવરાવવુંજ જોઇએ, માટે તે દિવસે સંસ્કાર કરાવનાર પ્રસૂતીને ઘેર આવી નીચે લખેલા મંત્રથી પાણી મંત્રી પ્રસૂતીને ન્હાવા આપે.

ॐ अमृते अमृतोद्भवे अमृतवर्षिणि अमृतं श्रावय श्रावय स्वाहा.

૧૦૮ વાર મંત્ર ભણ્યા પછી તે પાણીથી પ્રસૂતી ન્હાય. અને જે તરફનો સ્વર ચાલતો હોય તે તરફનો સ્તન બચ્ચાના મ્હોંમાં આપે અને સંસ્કાર કરાવનાર તે વખતે પાટલાપર સ્હામે બેસી **ક્ષીરાસન સંસ્કારનો** મંત્ર બોલે-

ॐ अर्हं जीवोसि आत्मासि गुरवोसि शब्दज्ञोसि गंधज्ञोसि रसज्ञोसि स्पर्शज्ञोसि सदाहारोसि कृताहारोसि अभ्यस्ताहारोसि कावलिकाहारोसि लोमाहारोसि औदारिकशरीरोसि अनेनाहारेण तवांगं वर्द्धतां बलं वर्द्धतां तेजो वर्द्धतां पाटवं वर्द्धतां सौषवं वर्द्धतां पूर्णायुर्भव अर्हं ॐ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ પ્રમાણે ૩ વખત ભણી રહે કે પ્રસૂતા સ્તનની ડીંટડી દબાવી બાળકને ધવરાવે અને તે પછી સંસ્કાર કરાવનારને કંઇ આપી પ્રસન્ન કરે.

ષષ્ઠિ પૂજન સંસ્કાર—

છઠ્ઠી રાત્રિયેં **ષષ્ઠિપૂજનસંસ્કાર** કરાવાય છે. તે દિવસની સંધ્યા વખતે સગા સંબંધી સ્નેહીની સવાસણોને એકઠી કરી પ્રસૂતીના મકાનમાં શાંતિથી સુગીત ગાય અને લાકડાના પાટલા ઉપર ચાંદી અગર કાંસાનો થાળ રાખી તેમાં કેસર કે કંકુનો સાથિયો કરી તેની ઉપર ચોખાવડે ચક્રેશ્વરી દેવીના પગલાંનો આકાર બનાવી સ્થાપના કરવી. પછી સૌભાગ્યવતીઓ તે પગલાંઓની કેસર, ચોખા, ધૂપ, દીપ, નૈવેદ્ય, ફળથી પૂજા કરી પછી સુગંધી ચીજોનો પ્રસૂતીને ધૂપ કરે કે જેથી ખરાબ હવા દૂર થાય. તે પછી સંસ્કાર કરાવનાર ૨૧ વાર નવકાર ભણી પાણી મંત્રી બાળકને તેથી ન્હવરાવવાની ગોઠવણ કરાવે. તેને ન્હવરાવ્યા બાદ ખસની વાળાકૂંચીથી કે ધરોથી બાળકના શરીર પર સ્હેજ તે મંત્રજળ છાંટતો જાય અને નીચે લખેલો મંત્ર ભણતો જાય:-

ॐ अर्हं जीवोसि अनादिरासि अनादिकर्मभाक्असि यत्त्वया पूर्वं प्रकृतिस्थितिरसप्रदेशैः आश्रववृत्या कर्मबद्धं तद्बंधोदयोदीरणसत्ताभिः प्रतिभुंक्ष्व माशुभकर्मोदयफलं भुंक्ष्व उच्छेदं दध्याः न चाशुभकर्मोदयफलभुक्त्या विषादमाचरे तत्रास्तु संवरवृत्या कर्मनिर्जरा अर्हं ॐ

તે પછી જે દિવસ રવિ કે મંગળ વાર ન હોય તેમજ ભરણી, કૃત્તિકા આર્દ્રા, પુનર્વસુ, પુષ્ય, અશ્લેષા, મઘા, ચિત્રા, વિશાખા, મૂળ, શ્રવણ, ધનિષ્ઠા અને પૂર્વાભાદ્રપદ એમાનું નક્ષત્ર ન હોય તે-દિવસે–એટલે ૮ દિવસે સારો વાર નક્ષત્ર આવતો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોય તો શૂચિકર્મસંસ્કાર-દશોટન માટે નિશ્ચય કરવો. વાજાં બજાવી આનંદ જાહેર કરી સૂતિકાગૃહ લીપાવી પોતાવી ગુલાબજળ વગેરે છંટકાવી ધૂપ વગેરેથી બદબો દૂર કરવી. તમામ વસ્ત્ર શય્યાદિ કાઢી નાંખી બીજાં વસ્ત્ર બિછાના વગેરે કામમાં લેવાં. પ્રસૂતીને સુગંધીદાર ચીજોનું ઉવટણું કરી ન્હવરાવી શુદ્ધ કપડાં પહેરાવી સુગંધ યુકત કરવી. બહેન ભાણેજ વગેરેને વસ્ત્રાલંકાર આપવાં, જમે તેને જમાડવાં અને ગરીબ ગરબાંને અબોલા પ્રાણીઓને ખોરાક વગેરેથી સંતોષવાં. ગાનારીઓને પતાસાં નાલીએર વગેરે આપવાં, જિનમંદિરમાં આંગી રચાવવી, ધર્મની સ્વદેશની ચડતી સંબંધી ખેરાત કરવી.

નામાધિકરણ સંસ્કાર—

તેજ દિવસે કે એક બે રોજ પછી જો મૃદુસંજ્ઞાવાળાં (મૃગશિરા, ચિત્રા, અનુરાધા રેવતી) નક્ષત્રો, ધ્રુવસંજ્ઞાવાળાં (રોહિણી, ત્રણે ઉત્તરા) નક્ષત્રો, ચરસંજ્ઞાવાળાં (પુનર્વસુ, સ્વાતિ, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા,) અને ક્ષિપ્રસંજ્ઞાવાળાં (અશ્વિની, પુષ્પ, હસ્ત, અભિજિત) નક્ષત્રો હોય, તથા બુધ, બૃહસ્પતિ, શુક્રવાર હોય, અને ૪-૮-૯-૧૪-૦))-૧૫ તિથિ હોય, તેમજ સંક્રાંતિ કે પંચક દિવસ હોય તો તે ટાળી, લગ્નશુદ્ધિમાં ગુરૂ, શુક્ર, ચોથા ભુવનમાં સ્થિત હોય તે ગ્રહણ કરી બાળકનું ઉત્તમ આનંદ-અર્થ સૂચક નામ રાખવું. તેમાં પણ જે નક્ષત્રના પાયાના ચંદ્રમાં જન્મ થયો હોય તેજ પાયાના અક્ષરયુકત નામ રાખવું. ગાંડો-ઘ્હેલો-મફત-ફકીરો-કચરો-પૂંજો-અમથો-ધૂડિયો-ગોબર, વગેરે સાંભળતાંજ કાનને કડવાં લાગનારાં-ખરાબ અર્થ સૂચવનારાં નામો પાડી રાજી થવું નહિ. નામ રાખવાને દિવસે નાલીએર સોપારી પતાસાં મેવા મીઠાઇ શક્તિ મુજબ ઘેર આવેલાં મનુષ્યોને પાડોસી વગેરેને આપી ખુશાલી જાહેર કરવી. અને ધર્મનિયમ દાન કરી આનંદિત થવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સુવાવડી સ્રીયેં તેલ, ખટાસ, ભારી ચીજ, ધાવણુ બગાડનારી ચીજ કે વાયડી વસ્તુ ન ખાવી. સુંઠ ખાવાનો સારો માહુવરો રાખવો. વિશેષ હવા ન લેવી. મનને આનંદમાં રાખવું. શ્રમ ન કરવો. ઉકાળેલું પાણી પીવું અને સુંઠીપાક ખાવો. તેની રીત નીચે મુજબ:—

*સૂંઠીપાક–(કાટલું)—

સુરપાળી સુંઠ દોઢપાશેર, ગાયનું દૂધ પાંચ શેર, ગાયનું તાજું ઘી શેર ૨ાા, સ્વદેશી ખાંડ અઢીશેર, તજ તોલો ૧ાા, તેજબળ તોલો ૧, ન્હાની એલચી તોલા ૨, નાગકેસર તોલો ૧ાા, જીરૂં તોલો ૧ાા, શાહજીરૂં તોલો ૧, વરીયાળી તોલો ૧ા, ધાણા તોલો ૧ાા, અકલકરો તોલો ૧ાા, જાવંત્રી તોલો ૧, વરધારો તોલો ૧ા, કમળકાકડીના મીંજ તોલો ૧ા, ત્રિફળાં (હરડાં બ્હેડાં, આમળાં એ ત્રણે મળી) તોલો ૨, કંકોલ તોલો ૧ાા, અજમોદ તોલો ૧, મણુકાદ્રાક્ષ તોલા ૩, પીપરીમૂળ તોલો ૧, ચિત્રામૂળ તોલો ૧, નાગરમોથ તોલો ૧ાા, ખસનો વાળો તોલા ૨, નાગોરી આસગંધ (આસન) તોલા ૨, સુખડ તોલો ૧, કાળું ચંદન તોલો ૧, લવીંગ તોલો ૧ાા, ધોળીમૂસળી તોલો ૧ાા, લીંડીપીપર તોલો ૧ાા, મરી તોલો ૧ાા, જાયફળ તોલો ૧ા, લઈ ખાંડવા લાયકને ખાંડી ચાળી જુદાં જુદાં રાખવાં, સુધારવા લાયકને સુધારી રાખવાં. પછી દૂધને કઢાઈમાં નાખી ઉકાળતાં અરધુ થાય કે સુંઠનું ચૂર્ણ ઘીથી કરમોવી તેમાં નાખી માવો બનાવી ઘી મેળવી કીટી પાડવી. પછી કડાઇને સાફ કરી ખાંડની ચાસણી બનાવી તેમાં દવાઓ અને કીટી બધું નાખી એક જીવ કરી ૧ાા–૧ાા તોલાભારની લાડુડીઓ બનાવવી, બળ,

* આવા પાકોનો આધાર દેશની હવાપાણીને અનુકુળ ફારફેરવાળો ઉપયોગી થઇ પડે છે માટે સ્થાનિક વૈદ્યની સલાહથી તે પાકના ઔષધો સ્વીકારવાં વધારે સલાહકારક છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દેશકાળ, વય વિચારી સાંજ સવાર લાડુડી ખાવી અને તે ઉપર ગાયનું સાકર સહિત ગરમ કરેલું દૂધ પીવું.

પ્રસૂતી થયેલી સ્ત્રીએ હિતરૂપ આહાર વિહાર કરવો, તથા મૈથુન, મહેનત, ક્રોધ, થંડા વાસિ પદાર્થ અને તાઢ એઓનો ત્યાગ કરવો કે જેથી કોઈ વ્યાધિ પેદા થવા પામે નહી. હમેશાં પથ્યમાં રહેવું એ સર્વોત્તમ છે. કવિ લોલિંબરાજે કહેલ છે કે—

पथ्ये सति गदार्त्तस्य, किमौषधनिषेवणम् ॥
पथ्येऽसति गदार्त्तस्य, किमौषधनिषेवणम् ॥

જે રોગી કરી પાળે છે એટલે આહાર વિહારના નિયમો પાળે છે તેને ઔષધ કરવાની શું જરૂર છે ? કશી જરૂર નથી; કેમકે પથ્યમાં રહેનારનો વ્યાધિ એની મેળેજ મરી જાય છે તો પછી ઔષધ ખાવાની શી જરૂર ? મતલબમાં પથ્યમાં રહેનારને વ્યાધિ થતો જ નથી, તેમ જ જે પથ્ય પાળતો નથી તેને પણ ઔષધ ખાવાની શી જરૂર છે ? કેમકે તેને ઉપાય કરવા છતાં પણ ફાયદો થનાર જ નથી ! કહેવાનો મતલબ એટલો જ છે કે જે વસ્તુ સુવાવડીને, અને તેના ધાવણપર ગુજારો કરનાર બાળકને નુકસાન થાય તે વસ્તુ તજી દેવી અને જે બેઉને ફાયદાકારક હોય તે જ ઉપયોગમાં લેવી.

સુવાવડીને ચાર મહીના પછી નિયમો છોડવામાં કશી હરકત નથી; તોપણ બચ્ચાને શું શું કરવાથી લાભ થશે તે ધ્યાનમાં રાખીને વર્ત્તવું જરૂરનું છે. કેમકે બચ્ચાની આરોગ્યતા કુશળતા પોતાનાં ઉછેરનારાંઓનાજ સ્વાધીન હોય છે. સર્વ સ્થાવર જંગમાત્મક પ્રાણીયોની આવરદાનો પહેલો ભાગ બાલ્યાવસ્થા છે. તે અવસ્થામાં જો તેઓને ઉછેરનાર કાળજીભરી સંભાળ રાખી ઉછેરે તો તે દૃઢ બની મજબૂત પાયા ઉપર ચણેલા મહેલની પેઠે તેઓ પોતાનું પૂર્ણ આયુષ (જો કોઇ દૈવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિઘ્ન ન આવી પડે તો) ભોગવી શકે છે. બાળક હોય તેજ મોટું થાય છે, માટે મોટા કરતાં ન્યુન નહીં પણ વિશેષ સંભાળ રાખવીજ ઘટિત છે.

બાળકને શી રીતે ઉછેરવાં ?

આપણા ભવિષ્યની તમામ પ્રકારની ચડતીનો પાયો નાખવા માટે સહુથી પહેલાં પોતાનાં બાળકોને ઉછેરવાનું જ્ઞાન મેળવવું અને તેમને નિયમ યુક્ત ઉછેરવામાં સ્ત્રી પુરૂષોએ ખાસ લક્ષ આપવું, કે જેથી પોતાની પોતાના બાળકની, પોતાના દેશની અને પોતાના ધર્મની ઉન્નતિ શોભાના શિખરને શોભાવનારી નીવડે છે, કેમકે પોતાના ઉંચા સંકલ્પોદ્વારા બાળકના શરીર અને મન ઉપર ઉત્તમ અસર પહોંચાડવી એજ મુખ્ય મતલબ છે, અને હમેશાં બાળકના માબાપોએ તેને હાથમાં લેતી વખતે તેની તરફ નિગાહ કરતી વખતે તે બાળક બળવંત, બુદ્ધિવંત, ગુણવંત, વિદ્યાકળાવંત અને ચતુર થાઓ એવીજ સબળ સંકલ્પ વૃત્તિથી વર્ત્તવું, તો તેથી ઘણુંજ ઉત્તમ પરિણામ આવે છે.

હમેશાં જન્મથી એક વર્ષનું બાળક થાય ત્યાં સુધી બાળકની દરેક બાબતમાં ઘણી કાળજી સાથ સંભાળ રાખવાની જરૂર છે અને એક વર્ષનું થયા પછી જો કે ધાસ્તી ઓછી થાય છે તો પણ પાંચ વર્ષનું થાય ત્યાંસૂધી વધારે કાળજી રાખવાની જરૂર છે. જો પાંચ વર્ષ સારી માવજતથી બાળકોને ઉછેરવામાં આવ્યાં હોય તો પછી તેઓના જીવનને ભાગ્યે જ જોખમદારી રહે છે. સત્તાવાર સરકારી ' રીપોર્ટ ' તરફ ધ્યાન દેશો તો તે ઉપરથી પણ જણાઇ નિશ્ચય થઈ આવશે કે જીવતાં જન્મેલાં બાળકોની સંખ્યામાંથી અરધો અરધ તો પાંચ વર્ષની ઉમ્મર થતાં પહેલાંજ મરણને શરણ થયેલાં જ જણાશે. એટલાં બધાં પાંચ વર્ષની અંદર ઉમ્મરનાં બાળકો શાથી મરી ગયાં હશે ? આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સવાલના ઉત્તરમાં સ્પષ્ટ કહેવું જોઇએ કે માબાપોની અજ્ઞાનતાને લીધે યોગ્ય માવજતથી બાળકોને ઉછેરવામાં નહીં આવેલાં હોવાથી જ બિચારાં નિરાપરાધી બાળકોના પ્રાણુ તેમના માબાપોના હાથેજ પરલોક પહોંચી જાય છે. આ રીતે તેવાં અજ્ઞાનપણે પાપી-દુઃખી માબાપોને પોતાના જ ફરજંદોનાં ખુન કરનારાં કેમ ન ગણુવાં જોઇયે ?

જો કે ખુની માબાપો ઇરાદાપૂર્વક ખુન કરતાં નથી, પણુ તેમનો (બાળકોનો) ઉદય થવાના-તન્દુરસ્ત રહેવાના-સુદૃઢ-સુજ્ઞાની-વીર-ધીર થવાના ઇલાજોની અજ્ઞાનતાને લીધે નાહક પ્યારાં બાળકોના પ્રાણુ ખોનારાં થઇ પડે છે. માટે તેવા અજાણ્યા અપરાધથી બચવા અને પોતાની વ્હાલી સંતતીના રક્ષણુ અર્થે માબાપોએ બાળકોને કેમ ઉછેરવાં કે જેથી તેઓ તન્દુરસ્ત રહી દિર્ઘાયુષી નીવડે એ જ્ઞાન મેળવવાની જરૂર છે.

યૂરોપ અમેરિકા વગેરે દેશોની અંદર લોકો પોતાનાં પાળેલાં પશુ પક્ષીઓને ઉછેરવા તરફ કાળજી રાખે છે તેના પા હિસ્સાની પણુ પોતાનાં પ્યારાં ફરજંદોને ઉછેરવા તરફ કાળજી રાખવા આપણુા દેશનાં માબાપો ધ્યાન દેતાં નથી, સુધરેલા દેશોમાં બાળકોને કેમ ઉછેરવાં ? તેમને શું ખાનપાન અનુકૂળ છે ? તેઓ બળવાન અને તન્દુરસ્ત રહી કેમ બહાદુર નીવડે ? તે તે વિષયનાં પુસ્તકો રચી તે દ્વારા માબાપો અને ઇતર વિદ્યાભ્યાસિયોને ઉત્તમ જ્ઞાન આપવામાં આવે છે, તેવું જ્ઞાન અત્રે આપવા કોઇએ પૂર્ણ કાળજી ધરી છે ? કોઇએ તેવાં પુસ્તકો લખવા પૂરતું લક્ષ આપ્યું છે ? કોઇયે તે વિષયનું જ્ઞાન મળે તેવી શાળાઓ ખોલી છે ? અને તેવી આપણી ઇચ્છા થાય તો તે ઇચ્છાને આશ્વાસનથી સબળ કરવા કોઇ ધર્મગુરૂ-ઉપદેશક વક્તાએ સ્વદેશી કહેવરાવ્યા છતાં યોગ્ય ધ્યાન ખેંચ્યું છે ? શું વિલાયતનાં ભૂંડો જેટલી પણુ ભારત સંતાનોની કીમત નથી ?

દ્વિતિય–પરિચ્છેદ.

સંતતી સંરક્ષણ—

કંઈપણ પેદા કરવું તે એક વખતના શ્રમનું ફળ છે, જ્યારે તેને નિભાવવું–રક્ષવું તેમાં સતત્ શ્રમ અને કાળજી-ની જરૂર છે. તે ન્યાયે બાળકનો જન્મ થવા પછી તેના રક્ષણ માટે પણ આર્યશાસ્ત્રે બહુ ઉંચું શિક્ષણ આપેલું છે.

સબળ સંતતિ ઉત્પન્ન થવાનો સમય—

સ્ત્રીઓનું વીશ વર્ષે અને પુરૂષોનું પચ્ચીશ વર્ષે પૂરૂં યૌવન ખીલી રહે છે. જેથી તે સમયે પ્રજા ઉત્પન્ન કરવાની લાયકી પ્રાપ્ત થાય છે; સ્ત્રી, વહૂ છતાં માતાની અને પુરૂષ, લાલ છતાં પિતાની પદવીને તે સમયે લાયક બને છે. અને તે વખતેજ સંસ્કાર સહિત પેદા કરેલી પ્રજા પુનિત નીવડે છે. એટલું યાદ રાખવું કે પિતા કરતાં માતાના ઉપર આ માટે વધારે જવાબદારી–જોખમદારી રહેલી છે; કેમકે તેણીના વર્ત્તન, સ્થિતિની અસરજ બાળકના અંગોઅંગમાં પ્રસરે છે. જન્મ થવા પહેલાં અને જન્મ થયા પછી પણ માતાનીજ માવજત હેઠળ તેનું પોષણ લાલનપાલન થાય છે. તેમજ ધાવણ મારફત તેનામાં માતાના ગુણ–અવગુણો પણ વાસ કરે છે, માટે ધાવણ જેમ બને તેમ સ્વચ્છ–નિરોગી–અવિકારી રાખવા યત્ન કરવો. જો માતા ભારે, કે તબીયત બિગાડનારા પદાર્થો ખાય, અથવા શોક, સંતાપ, ક્રોધ કરે કે ગંદી રહે તો બેશક ધાવણ બગડે છે અને તેવા અયોગ્ય બનેલા ને ધાવણના પોષ-ણથી પણ બાળકની તન્દુરસ્તીને હાની પહોંચે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધાવણ પરીક્ષા—

જે ધાવણ પાણીમાં નાખતાં એકરૂપ થઈ જાય, સારા દેખાવવાળું હોય, તાંતા વગરનું હોય, ધોળું, પાતળું અને થંડું હોય તે ધાવણ શુદ્ધ સમજવું. જો એવું ધાવણ ન આવતું હોય તો તે ધાવણને સુધારવા સારો અને સાદો ખોરાક લેવો, મન આનંદી રાખવું, અને શેકેલા સુવા (પા તોલો) સાથે સંચળ (બે ચણાભાર જેટલો) નાંખી મુખવાસ તરીકે તે ખાવાનો મહાવરો રાખવો, કે જેથી દૂષિત થયેલું ધાવણ સુધરી જશે; તેમજ પોતાને અને સંતાનને અજીર્ણ થવા પામશેજ નહીં. અજીર્ણ ન થાય તો માતા આનંદમાંજ રહે અને બાળકને વાવળી વગેરે ન થતાં સાફ પીળો દસ્ત ઉતર્યા કરવાથી તે પણ તન્દુરસ્ત રહે છે.

ભાડુતી ધાવ—

કેટલીક માતાઓ પોતાનાં પ્યારાં બાળકને ધવરાવવામાં શરમ સમજે છે, કે પોતાનું યૌવન વિખાઇ જવાની ધાસ્તીથી ધવરાવતી નથી તે માતા નથી, પણ બાળકની દ્રોહી છે. જો કદી પોતાને ધાવણની ટૈવ કે દોષ કોપથી અછત રહેતી હોય ને બીજી સ્ત્રીને બાળક ધવરાવા દેવું પડતું હોય તો તે ધવરાવનારી બાઈ સારા રંગ રૂપવાળી, પોતાના સમાન વયની, સુશીલ, સદા પ્રસન્ન રહેનારી, શુદ્ધ તથા બહુ દુધવાળી, કુળવાન્, બાળક ઉપર ઘણો સ્નેહ દર્શાવનારી, ટાઈમસર હાજર રહી શકે તેવી, થોડા સત્કાર દ્રવ્યથી સંતોષ માને તેવી અને બાળકને પોતાના જ ફરજંદ માફક ગણે તેવી હોવી જોઇએ. હમેશાં શોક ક્રોધ સહિત બળેલા ચ્હેરાની, રોગગ્રસ્ત, બહુ ઉંચી, બહુ ઠીંગણી, બહુ જાડી અને પથ્ય ન પાળતાં જે તે ખાઈ પેટભરો કરનારી હોય તેવી ધાવ રાખવી નહિ. કેમકે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેવી ધાવના ધાવણથી બાળક બીમારીને વશ થાય છે. માટે તેના કરતાં ગાયનું કે બકરીનું તાજું દૂધ આપવું સારૂં છે.

ગાય કે બકરીના દૂધનું સેવન—

બાળકને ગાય કે બકરીનું દૂધ આપવા જરૂર પડે તો બાળક જેટલી વયનું હોય તેટલાજ વખતની તે વીયાયેલ હોય ને સુંદર બચ્ચું જીવતું હોય તેવી ગાય કે બકરીનું દૂધ લાવી તેમાં થોડું પાણી ઉમેરી જરા પતાસું નાંખી આસ્તે આસ્તે ઉકાળવું અને તેની ઉપર મલાઇ આવતી જાય તે ઉતારતા જવું. જ્યારે મલાઇ આવતી ન જણાય ત્યારે કપડેથી ગાળી લઈ થડું થવા દઈ ધાવણની શીશી મારફત ટાઇમિસર પાવું. આ શીશી દુધ પાઇને સાફ કરી નાંખવી, ને ફરી દુધ ભરવા અગાઉ પણ ધોઇને વાપરવી. આ દુધમાં જાયફળ આખું હમેશાં તેનુ તે નાંખીને ઉકાળવું તે પણ સલાહભર્યું છે. દૂધ ત્રણ ત્રણ કલાકે અપાય તો બાળક સારી રીતે પચાવી શકે છે. વારે વારે ધવડાવ્યાથી કે દુધ પાવાથી અજીર્ણ, ચુંક, ઝાડા, આંચકી વગેરે દરદો બાળકને પીડા આપનારાં લાગુ થાય છે. બાળક જ્યારે ધાવણ ઉલટી કરી કહાડી નાંખે ત્યારે સમજવું કે બાળકના ગજા ઉપરાંત ધાવણ કિંવા દૂધ થઈ ગયું છે. જો તેમ થયું જણાય તો થોડું થોડું ધાવણ કે દૂધ આપવું અને અજીર્ણ ન થાય તેવી ખાસ કાળજી રાખવી. કેટલીક અજ્ઞાન બહેનો જ્યારે જ્યારે બાળક કોઇ પણ કારણથી રડવા લાગે કે તરત તેને ધવરાવવા કે દૂધ પાવા મથે છે, પણ તેમ હર્ગીજ કરવું નહીં. નહીં તો અજીર્ણ, ઝાડા વગેરે દરદોથી બાળક પીડાશે.

વ્હેમ—

ઘણી વખત બાળક ધાવતું નથી ત્યારે માતાઓ વહેમને વશ થઇ ઢોંગી, ધૂતારા, ભૂવા, યોગી, સાંઈની ભેટ લઈ પૈસા આપી કાલાંવાલાં કરી કે વખતે ઇજ્જતને એબ લગાડી એવ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કુટુંબની સિરદાર બનવા ઉદ્યોગ આદરે છે, પણ તેમ ન કરવા ખાસ સૂચના છે; કેમકે દોરા, બાધા, ઉંજણી, તાવીજથી કંઇ દરદ મટી શકતું નથી. દરદ તો સંભાળ-પથ્ય કે જરૂર પડતાં કાળજી ભરી દવાથીજ મટવાનું છે; માટે સારા જાણકાર વૈદ્ય, હકીમ કે ડૉકટરની દવા કરી બાળકને તન્દુરસ્તી બક્ષવી. તેમજ માત્ર ગાયનાજ દૂધ ઉપર કે "મેલીન્સફુડ" "નેસલ્સફુડ" અથવા તો એવાજ અન્ય બનાવટી ખોરાક ઉપર પણ બાળકને ન રાખવું, નહીં તો તે ગળપણના સ્વાદને લીધે જરૂર કરતાં વિશેષ લેવાની આદત પડતાં જઠરમાં બિગાડો થશે ને તેથી ચીડિયું, રીસાળ, આડાઇખોર અને આખો વખત રડયા કરનારૂંજ થઇ જશે. હમેશાં બાળકને ખુશમીજાજમાં રાખવાની ઇચ્છા રાખનાર માતાએ તેને બને ત્યાં સુધી પોતાનાજ ધાવણ ઉપર અગર ન છૂટકે ધાવ કે ગાય, બકરીના ઉપર બતાવી ગયેલા દૂધ ઉપર રાખવું, પણ બનાવટી ખોરાક આપી તેની વિદ્યુત્‌ને ભ્રષ્ટ કરવી નહીં. સ્વદેશી બાળકોને સ્વદેશી બનાવટની ચીજો જેવો ફાયદો આપે છે તેવો વિદેશી બનાવટની ચીજો કદી આપી શકશેજ નહીં. મનુષ્ય કે પ્રાણી માત્રને પોતાની જન્મભૂમિ, જન્મભૂમીની હવા તથા ખોરાક પાણી જેવાં માફક આવે, તેવાં અન્યભૂમીનાં કદીજ નહીં આવશે. પારકર કે થલી પ્રદેશના માણસને અગર ગામડીઆને ગુલઝાર જેવી આનંદ આપનારી મુંબઇમાં લઇ જવામાં આવે; તોપણ તેને તે લુખી-રેતાલ-ખારાપાટની કે વેરાન જેવી જન્મભૂમી ભણી નજર જતાં મુંબઇને તુચ્છ ગણવાનીજ ઉર્મીઓ ઉદ્દભવશે, માટેજ કહ્યું છે કેઃ—जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसि કહેવાનું એજ કે પોતાના દેશનીજ હવા દવા માફક આવે છે, માટે બને ત્યાં સુધી તેજ ઉપયોગમાં લેવી. ધવરાવતી વખત માતાએ બચ્ચાની ઉપર પૂર્ણ ઉમળકો-પ્યારનો ઉત્સાહ આણવો, આનંદ અને ઉત્તમ સંકલ્પ વધારવો અને તે જ્યાં લગી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Suratwww.umaragyanbhandar.com

સ્તનની ડીંટડી મ્હોંમાંથી ન છોડે ત્યાં લગી તેને ધવરાવવું, પણ જો ડીંટડી છોડી દે તો તેને સંતોષવંત થયું જાણી ધવરાવવાની તાણ કરવી નહીં. તેમજ ધવરાવવા અગાઉ માતાએ શોક, દ્વેષ, ક્રોધ, ચિંતા, બહુ હસવું, ઢચક ઢચક પાણી પીવું કે શ્વાસ ચડે તેવું કામ ન કરવું. તેમજ પરસેવો વળ્યો હોય તો બાળકને ન ધવરાવવું, નહીં તો તે વખતના વિકાર પામેલા ધાવણથી જરૂર બાળક બીમારીનું ભોક્તા થશે.

સ્તનપાનનો સમય—

પહેલે બીજે મહીને કદાચ વધારે વખત બાળકનું ગળું ન સૂકાવાની ખાતર વધારે ધવરાવવું પડે તો હરકત નહી, પણ પછી દર ત્રણ ત્રણ કલાકે, ચાર મહીનાનું થાય ત્યારે દર ચાર ચાર કલાકે, અને રાત્રિએ બે વખત કે એક વખતજ ધવરાવવું. અને રાતે ધવરાવતી વખતે માતાએ બેઠાં થઈને સ્વસ્થપણે ધવરાવવું. સૂતે સૂતે ધવરાવવાથી વખતે માતા શ્રમને લીધે ઉંઘી જાય, અને તેવી ઉંઘણસી આદતને લીધે કે બેચેનીને લીધે બાળક તરફ પાસું ધસી આવે તો બાળકના મ્હોંપર સ્તનનું દબાણ થવાથી ડીંટડીવડે તેનું મ્હોં ભરાઈ જતાં બંધ થાય છે, નાક દબાવાથી પૂરતો શ્વાસ ન લેવાતાં ગુંગળાય છે, મ્હોં બંધ હોવાથી રડી શકતું નથી અને દબાણથી મુક્ત થવાની શક્તિ ન હોવાથી કેટલીક વેળાએ માઠા સમાચાર મળવાના દાખલા બને છે; માટે કદિ તેવી રીતે સૂઈને ધવરાવવાની આદત રાખવી નહીં. જો કે હમેશાં તેમ થવા સંભવ નથી, તોપણ કોઇ સમયે જે કારણથી આવું પરિણામ નીપજે, તે કારણને તદ્દન બંધ પાડવાની જરૂર છે.

ધાવણ વધારવાનો ઉપાય—

ધાવણ વધારવાની ખાતર ડૉકટરો કેટલીક વખત 'બીર' 'પોર્ટર' કે બીજા માદક પદાર્થ આપવાની સલાહ અને ભલા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મણુ આપે છે. પણ કુદરતી ધાવણનું પોષણજ બાળક માટે બસ છે; કેમકે માદક પદાર્થોથી લાવવામાં આવતું ધાવણ વિકારી બને છે ને બાળકને તેના સેવનથી ઘેન રહે છે અને શરીરને નુકશાન કરે છે. વળી મલીન લોહીથી બનેલું ધાવણ ધાવવાથી બાળકનું લોહી પણ મલીન થતાં બાળકને માંદગી ભોગવવી પડે છે. વખતે વાળ ખરી પડી ટાલ પડે છે, માટે તેવા પદાર્થોનો ઉપયોગ આવે પ્રસંગે કરવો નહીં. દૂધ કે લીંબુનો રસ પીવો તથા રસવાળાં ફળ ખાવાં કે જેથી દૂધ વધે છે અને કશું નુકશાન થતું નથી. ઘણી માતાઓ બાળકને અફીણથી બનેલી 'બાળાગોળી' આપે છે, પણ આ રીત ઠીક નથી, બાળકને શાંત બનાવવા માટે આરામ દ્વારા ઉંઘ લાવવા ઉધુક્ત રહેવું તે હિતકરતા છે.

અજીર્ણનો ઉપાય—

બાળકને અજીર્ણ જણાય તો દસ્તની દવાઓ ન દેવી, પણ ગુલાબકળીને વાટી ચાળી મધ સાથે ચટાડવી. તથા દર ત્રીજે દિવસે નીચેની દવા આપવી. ફૂદીનો, વરીઆળી, સોનામુખીનાં પાંદડાં, સંચળ, ગરમાળાનો ગોળ, જીરૂં અને પીત્તપાપડો એ ચાર ચાર રત્તિભાર, તથા સુંઠ, ઉન્નાબ, નરકચૂરો, ખડીયો કે ટંકણખાર (કુલાવેલો) અને એળીઓ એ બબે રત્તિ લેવાં. આ દવાઓનો ઘસારો આપવાથી અજીર્ણ વગેરે થતું જ નથી. બાળકને દસ્ત લાગતા હોય તો, બીલીનો ગર્ભ અને મસ્તકી એ બે ઘુંટીને પાઇ દેવાં. તેમજ અતિવિષની કળી, નાગરમોથ, કાકડાશીંગ અને લીંડીપીપર એઓના ચૂર્ણને મધની સાથે ચટાડવું. જેથી ખાંસી, દમ, જહેર, ઉલટી વગેરે તાકીદે મટે છે.અતિ વિષ નીકળી એ બાળકને અમૃત સમાન છે.

બાળકને બલિષ્ટ કેમ બનાવવું ?—

બાળક બે ત્રણ મહીનાનું થાય છતાં દુર્બળ જણાય તો

ન્હવરાવાના પાણીમાં મીઠું અગર સિંધાલુણ નાંખી ન્હવરાવવું, જેથી તે બલિષ્ટ થાય છે.

અન્ન પ્રાશન સંસ્કાર વિધિ—

બાળકને ખોરાક શરૂ કરવા માટે ઓછામાં ઓછી બાળકની ઉમ્મર છ મહીનાની હોવી જ જોઇયે. (પુત્ર માટે છ અને પુત્રી માટે પાંચ મહીનાની મર્યાદા છે.) અને અન્ન પ્રાશન સંસ્કાર કરાવી પછી ખોરાકની શરૂઆત થવી જોઇયે. એટલે કે જે દિવસે ૪–૯–૧૪–૦)) તિથિ ન હોય, ક્રૂરાકાંત વગેરે દોષોથી રહિત, અશ્વિની, રોહિણી, મૃગશિરા, પુનર્વસુ, પુષ્પ, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, ઉત્તરાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, ઉત્તરા ભાદ્રપદ અને રેવતી એઓ પૈકીનું નક્ષત્ર હોય, રવિ-સોમ–બુધ અને શુક્ર, એ વાર પૈકી કોઇ વાર હોય, અને વ્યતિપાત્ત–વૈધૃત–યમદંડ–યમઘંટ–કુલિક–મૃત્યુ–શૂળ વગેરે દુષ્ટ યોગો ન હોય, તથા આનંદ, મિત્ર, અમૃતસિદ્ધિ, સિદ્ધિ, વગેરે શુભ યોગો હોય, તે દિવસે લગ્નશુદ્ધિ તપાસીને અન્ન પ્રાશન સંસ્કાર કરાવવો.

લગ્નશુદ્ધિ તપાસતાં લગ્નમાં સૂર્ય, મંગળ, શનિ, કે કૃશચંદ્ર પડયા હોય તો સારા નહીં, બુધ હોય તો સારૂં, કેમકે તેથી તે બાળક બુદ્ધિવંત નીવડે છે, શુક્ર પડેલો હોય તો બહુ જ સારૂં, તેથી તે બાળક સુખચેન ભોગવનાર નીવડે છે. બુધ, વૃહસ્પતિ અથવા પૂર્ણચંદ્ર હોય તો તે બાળક દાતાર નીવડે છે. બુધ, શુક્ર, ગુરૂ, કેંદ્ર ત્રિકોણ કે આઠમે બારમે ભુવને એક સંગાથે કે અલગ અલગ આવ્યા હોય તો તે ઇષ્ટ નથી. ચંદ્ર છઠે આઠમે રહેલો પણ ઇષ્ટ નથી. જન્મરાશીની ગણત્રીમાં ચંદ્ર ૪–૮–૧૨ ભુવને હોય તે પણ અનિષ્ટ છે. આ પ્રમાણે લગ્નશુદ્ધિ જોવી.

આ પ્રમાણે નિર્ણિત કરેલા દિવસે સંસ્કાર કરાવનાર જિનાલયમાં જઇ સ્નાત્ર ભણાવે અને નૈવેદ્ય માટે જે પવિત્ર ભોજન ક-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રેલ હોય તે થાળમાં ભરી પ્રભુ સન્મુખ ધરે. (મંદિર ન હોય તો સિદ્ધચક્રજીના ગટા કે તસવીર આગળ શુદ્ધ ભાવનાથી ધરવું.) પછી ઘેર આવી બાળકની સામે બેસે; અને કુળમાં વડીલ સ્ત્રી હોય અને તે ઉદાર દિલની-બાળકનું ભલું ચાહનારી, સ્વચ્છ સદાચારી હોય તેવી સૌભાગ્યવતી સ્ત્રીએ તે બાળકને પાટલા ઉપર બેસારી મ્હોમાં આચાર માત્ર અન્ન પ્રાશન કરાવવું અને સંસ્કાર કરાવનારે નીચેનો મંત્ર ત્રણ વખત બોલવો:—

ॐ अर्हं भगवानर्हन् त्रिलोकनाथः त्रिलोकपूजितः सुधारितशरीरोपि कावलिक आहारं आहारितवान् तपस्यन्नपि पारणविधौ इक्षुरसपरमान्न भोजनात् परमानंदात् आपकेवलं तद्देदिन औदारीकशरीरमाप्तः त्वमपि आहारय आहरंतस्ते दीर्घमायुरारोग्यं अस्तु अर्हं ॐ

ખોરાક શરૂ કરવાની આગાહી—

દાંતનાં દર્શન ન થયા હોય ત્યાં લગી કુદરત ધાવણ ઉપર બાળકને રાખવાને સૂચવે છે; કેમકે દાંતના દર્શન જન્મની સાથે જ થતાં નથી તે તેનો પુરાવો છે. જ્યારે બાળકની હોજરી અન્ન લેવાને લાયક થાય છે, ત્યારે જ તેને દાંત ફુટવા શરૂ થાય છે તેમ સમજવું. પ્રથમ તેને બપોરે એકજ વખત ખોરાક આપવો, એક માસ વીત્યા પછી (ત્રણ માસ થતાં લગી) દરરોજ બપોરે બે વખત (સવારે બપોરે) આપવો અને વળી થોડો વખત (મહીનો) વીતી જાય તે પછી બીજા ત્રણેક મહીના થતાં સુધી સવાર બપોર અને સાંજરે એમ ત્રણ વખત ખોરાક આપવાની આદત રાખવી. પણ ખાસ યાદ રાખવું કે; વધારે ખવરાવવાથી મારૂં સંતાન જલદી પુષ્ટ થઈ જાય એમ ધારીને હદ ઓળંગી જવી નહિ. નહીં તો અપચો થવાથી ઝાડો-અજીર્ણ થઇ આવશે. ખોરાક હલકો અને પથ્ય, રૂચતો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દેવો. રાત્રિયે જમાડવાની ટેવ પડાવવી નહીં; કેમકે તેથી બાળકને શાંતિપૂર્ણ નિદ્રા આવતી નથી, અને પ્રકૃતિમાં બિગાડો થાય છે.

ચાટણું કે બીસ્કીટ અગર ચા; કાફી બાળકને હુગીજ ન આપવાં, તેનાથી લાભ નથી પણ હાની છે. એવા ખોરાકથી બાળકને દાંત ફૂટતી વખતે તાવ અને તાણુ સખ્ત રૂપમાં દેખાવ દે છે. અથવા એવા જ અન્ય વ્યાધિઓ પેદા થાય છે; માટે યોગ્ય માફકસર ખોરાક આપવો. નહીં તો અયોગ્ય ખોરાકથી બાળકને પાતળા ઝાડા થશે અથવા તેના આંતરડાનું સુકોમળ પડ ધીરે ધીરે સુજી આવશે અને આનાપરિણામે બાળક ગળી જઈ હાડપીંજર બની જશે. માટે સાવધ રહેવું અને તેવે વખતે બાળકને વધારે મુંઝવનારી દવાઓના રગડા પણ ન આપવા; કેમકે તેથી બળ માત્ર નાશ પામશે અને જઠર નબળી પડતાં જઠરનાં દરદોનો પાયો નંખાશે.

બાળકનો શરૂઆતનો ખોરાક—

બાળકને ખોરાકમાં પ્રથમ સારી પેઠે ચડેલા ચોખાની સાથે દૂધ અગર ચોખા મગની ખૂબ ચડી ગયેલી ખીચડી આપવી. પછી રોટલો કે ભાખરીનું બચકું ચગળવા આપવું, જેથી દાંત મજબૂતી પકડે છે, અને તાકીદે ઉગી આવે છે. તે પછી બાજરીના રોટલાનો કે બરાબર ચડેલી ભાખરીનો ખોરાક આપવો. તેમાં પણ જેમ બને તેમ ઘઉં અને દૂધના ખોરાક ઉપર વધારે રૂચિ કરાવવી ને તે આપતા રહેવું જેથી હાડકાં અને સ્નાયુઓ સારી પેઠે બંધાઇ જતાં શરીરપૂર્ણતા સહ વૃદ્ધિ પામે છે. માટે પચવામાં વાંધો ન આવતો હોય તો તેવો સત્વદાર ખોરાક આપવો. પણ તે સાથે વધારે ઘી ન આપવું. ઘીથી ચરબી વધે છે પણ હાડ સ્નાયુ વધુ મજબૂતી મેળવી શકતા નથી. તીખા-તમતમા-ખારા-ખાટા-ગરિષ-શુષ્ક પદાર્થો કે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઓસામણ-ભાત-દાળ-કઢી આપવાનો વિશેષ મહાવરો રાખવો જ નહીં. હાડકાને પોષણ મળવામાં તે પદાર્થો નડતર કરનારા છે; માટે તેવા ન આપતાં ઉમદા તાજા ફળ મેવો વગેરે આપવો; નિર્બળ ખોરાક આપવાથી બાળક ભમી ગયેલા પગવાળું ને પોચા બાંધાનું બને છે તથા બંધકોષ-જ્ઞાનતંતુઓની નબળાઈ અને નિરૂત્સાહીને ભેટે છે. શેરડી, સક્કરજન્દ, દ્રાક્ષ નારંગી, જાંબુ, કેરી, નાસપાતી વગેરે ફળો ખવરાવવાં કે જેથી બાળક આનંદી અને હૃષ્ટપુષ્ટ બને છે. જ્યારે બાળક બે વખત જમવા લાગે, ત્યારે તેને ભાખરી, રોટલા સાથે શાક અને સ્હેજ ભાત આપવાનો રિવાજ રાખવો અને ત્રણવાર જમવા લાગે ત્યારે સાંજરે ભાખરી, રોટલો કે દૂધ આપવું. એક વર્ષનું થાય ત્યારપછી બચ્ચાંને સવારે દૂધ આપી પછી બપોર અને સાંજરે જમાડવું અને પાણી પણ ઇચ્છા મુજબ પાવું. કદાચ અયોગ્ય ખોરાકથી કે અપચાથી બાળકને તાવ આવે અથવા વારે-ઘડિયે રમતાં પડી જાય, માંદું પડે, રીસાળવું, હઠીલું, અને ચીડીયું બને તો તેને ફક્ત ફળ ઉપર તે દિવસ રાખવું અગર જરૂર જણાય તો વધારે વખત પણ તેજ ખોરાક આપવો. બાળકને બંધકોષ પડે તો નેપાળો, દિવેલ કે બીજા રેચક ઉપાયોનો ઉપયોગ ન કરતાં પેટ ઉપર એરંડીઆનો શીરો સહેવાય તેવો ગરમ બાંધવો અગર સ્હેજ દસ્ત લાવનાર પણ સાદો ઈલાજ કામમાં લેવો. એક ચમચી ઘઉંના લોટને થોડા પાણી સાથે પા કલાક ઉકાળી તે પાણી પાવું, નહીં તો જુલાબવાળી ચીજોથી દસ્ત તો લાગશે, પણ પછીથી આંતરડાંનાં જ્ઞાનતંતુઓ હદપાર ઉશ્કેરાતાં નબળાં પડી જશે ને થોડા દિવસો પછી એથી પણ વધારે સખ્ત બંધકોષ થશે, માટે બને ત્યાંસૂધી તો બાળકને દવાજ ન આપવી, અને આપવી દુરસ્ત જણાય તો પરિણામે હાનિકારક થાય તેવી દવાઓ ન આપવી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાળકને ન્હવરાવવાનું ધોરણ—

જન્મથી માંડી ૪૦ દિવસના બાળકને સહજ ગરમ પાણીથી ચોથે આઠમે રોજ ન્હવરાવવું જોઇએ. અને જેમ જેમ મોટું થતું જાય, તેમ તેમ દરરોજ ન્હવરાવવું. ગરમીની મોસમ હોય તો સાંજના ચાર વાગ્યે અને શરદીનો વખત હોય તો બપોરે ઋતુ મુજબ ગરમ પાણીથી ન્હવડાવવું અને તુરત સાફ કપડાથી લૂછી કોરા શરીરવાળું કરી હવા ન આવે તેવા સ્થળમાં રાખવું. (ખુલી હવામાં ન્હવરાવવું નહીં, પણ ઓરડામાં ન્હવરાવવું.) ભીના હાથે લેવું નહીં, તેમ ભીનાં કપડાંનો સ્પર્શ રાખવો નહીં. બચ્ચાંને ઉંઘમાંથી જાગ્યા પછી એક કલાક બાદ ન્હવરાવવું, ન્હવરાવતી વખત સુંદર સુગંધી સાબુ કે સુગંધી ઉવટણું ઉપયોગમાં લેવું, જેથી મેલ રહેવા પામતો નથી. અથવા ચણાનો લોટ અને તેલ, અથવા એકલુંજ તેલ મસળી ધીરે ધીરે ન્હવરાવવું. કાનમાં પાણી ન જાય તેની સંભાળ રાખવી. ધવરાવીને કે ખવરાવીને તરત ન્હવરાવવું નહીં. તેમજ પસીનો બહુ થયો હોય તે વખતને બચાવી પછી ન્હવરાવવું. ન્હવરાવતી વખત હાથ પગને વાળવા, માથું દબાવવું ને નાકને તારવવા ચપટીથી આચાર કરવો. ન્હવરાવ્યાં પહેલાં આંખ્યોની ઉપર તેલના ટુવા ને નાકમાં ઘીનાં ટીપાંનો ઉપયોગ કરવો કે જેથી આંખ્યો સુંદર થાય છે અને નાકમાંથી લીટ આવવાનું જરૂર વિના બંધ થતાં છિંક સાફ આવે છે અને ગંદું થતું નથી.

ન્હવરાવવાથી શરદી થાય છે એવો વ્હેમ રાખી બચ્ચાને ન્હવરાવ્યા વગર ગંદું રાખે છે, તે બાળકને તન્દુરસ્ત રાખવાને બદલે ઉલટી તેની તન્દુરસ્તી હાથે કરીને બગાડે છે. શુદ્ધિ એ બુદ્ધિ અને જીવનને ઉત્કૃષ્ટ બનાવે છે માટે ઉપર પ્રમાણે ન્હવરાવવા ઉપરાંત દિવસમાં બે ચાર વખત મ્હોં ધોવા, ધોવરાવવાનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મહાવરો રાખવો અને તેમ કરવાની ફરજ પાડી સાફ રહેવાનું જ્ઞાન આપવું. તેમજ કપડાં પણ વખતો વખત ધોઈને હમેશાં સ્વચ્છ પહેરાવવાં.

બાળકનાં અંગોની ખીલવણી—

ન્હવરાવવાનું પાણી સહન કરી શકે તેટલું ગરમ રાખી થોડું થોડું રેડી ન્હવરાવવું, તેમજ હળવે હાથે શરીર ચોળતા જવું અને પછી કોઇ ભાગ ભીનાશવાળો ન રહે તેવી રીતે હળવે હાથે સ્વચ્છ ટુવાલથી શરીર લૂંછી સાફ કરી નાંખવું.

ન્હાવાથી બાળકનાં શરીરની ચામડીનાં છિદ્રો ખુલ્લાં રહે છે, તેના લીધે તેના શરીરમાંની ઝેરી હવા પરસેવા રૂપે બહાર નીકળી જાય છે, અને ન્હાવા વખતે ખુલ્લા શરીર ઉપર સૂર્યના કિરણોનો પ્રકાશ, તથા નવીન શુદ્ધ હવાનો પ્રભાવ પ્રાપ્ત થવાથી, અનંત શક્તિવંત વિદ્યુત્‌નાં રજકણો પ્રાપ્ત થવાથી બાળક બળવાન અને ખુબસૂરત બને છે. **સ્વચ્છતા એ રોગોને રોકવાનું પહેલું શસ્ત્ર છે.** તદ્દન હવા કે પ્રકાશથી બચ્ચાંને દૂર રાખવાથી તે કેવળ નાજુક પ્રકૃતીનું બની જતાં તેનામાં સહનશીલતાનો ગુણ દાખલ થતો નથી; જેથી તે બાળક જરા કષ્ટ આવી પડવાથીજ ગભરાય છે, ને નાહિમ્મતવાન બને છે; માટે પ્રથમથી જ તેવી ટેવ પાડવી કે આગળ જતાં તે બાળક મજબૂત બાંધાનું કષ્ટ-સંકટ-તાપ-પવન-તાઢ-વર્ષા વગેરેને નહીં ગણુકારનારૂં નીવડે.

એટલું તો સ્વાભાવિક છે કે જે જાનવરો (બળદ-ઘોડા-ઊંટ વગેરે) પણ તેવા તાપ, તાઢ, પવન, વર્ષાની ઝપટથી નિડર બન્યાં નથી, તે તાપ, તાઢ, પવન, વર્ષામાં સ્વારને દગો દેનારાં નીવડશે; કેમકે જે બાબત સહન કરી નથી તે બાબત તેઓને બહુ વસમી લાગે છે, અને એને લીધેજ મારવાડી લોકો ઉંટને તડ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કામાં ઉભો રાખે છે, તેમજ યૂરોપિયનો ઘોડાઓને પણ તાઢ તડકા-વર્ષાદ-પવનથી ને તોપો બંદૂકોના તડાકાથી નિડર બનાવી દે છે. યૂરોપિયન-સોલ્જરો ને કાબુલીઓ તડકો સહન કરવામાં સંગીન નહીં બનેલા હોવાથી સખ્ત તાપને પ્રસંગે તેઓ પાછા પડી જાય છે. ઝહાંશીની લડાઈમાં ઝાડ નીચે પણ ૧૧૦ ડીગ્રી તાપ પડતો હતો તે વખતે પણ બુંદેલખંડી તડકાના પરિચિત હોવાથી મોજ સાથે સોલ્જરો સાથે લડ્યાજ કર્યા હતા જ્યારે સોલ્જરો તે પ્રખર તાપને ન સહન કરતાં લડયા વગર તાપથી મરણને શરણ થયા. મહાન નેપોલીયન બોનાપાર્ટ પણ ઋતુ સહન ન કરી શકયો ત્યારે શાંત થયેલ હતો. એ માત્ર ઋતુ સહન કરવાના બીનઅનુભવના પરિણામે બહાદુર છતાં પાછળ પડવાનું કારણ છે. કચ્છી, મારવાડી, તેલંગી, મદ્રાસી, સિંધિ વગેરે અને ખેડુતો તડકા તાઢ આદિના ટેવાયલા હોવાથી તેઓ ગમે તે દેશમાં જઇ શકે છે, તકલીફ વેઠી શકે છે, એકસંપથી વર્તી પુષ્કળ મહેનત કરી પૈસાપાત્ર બને છે અને પોતાનો શારીરિક બળનો સહનશીલતાનો વારસો પોતાનાં પ્યારાં ફરજંદોને બક્ષી શકે છે તે તરફ ખ્યાલ કરી પોતાનાં બાળકોને સહનશીલ બનાવવા અવશ્ય યત્ન કરવો જરૂરનો છે.

સ્વચ્છ હવાનો પરિચય—

કેટલીક માતાઓ બચ્ચાંને વધાધ વાવળી થઇ જવાની નકામી બ્હીકથી તેને કપડાંઓમાં ઢબુરી રાખે છે અને હવા ખાવા દેતી નથી; પરંતુ નવી હવા પ્રાપ્ત કરવાની પ્રાણી માત્રને ખાસ અગત્ય છે. માટે માતા સુવાવડમાં હોય ત્યારથી ચોખ્ખી હવાવાળું મકાન રાખી બાળકને સ્વચ્છ હવા મળવા દેવી, કે જેથી બાળક નિરોગી, બળવાન અને ખુશમિજાજી થવામાં વાંધો ન આવે. બાળકને ઘોડીઆમાં—પાલણામાં કે પથારીમાં સુવાર્યું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોય તો પણ મ્હોં ઢાંકવાની જરૂર નથી. માખીઓ બેસવાથી જેટલું નુકશાન નહી થાય તેટલું મ્હોં ઢાંકી સુવાર્યાથી થશે. બાળક જ્યાં સુતું હોય ત્યાં હવાની આવજા બંધ પાડવી નહીં. બાળક મહીનાનું થાય, એટલે તે પછી બહાર સ્વચ્છ હવામાં સાંજના ચાર વાગવાની વખતે દરરોજ ટાઈમસર ફેરવવું. ફક્ત વર્ષાદ વરસતો હોય તો લઈ જવું નહીં. પવન બાળકને ગેરફાયદો બક્ષતો નથી, પણ ઉલટી તેના ગાલ ઉપર ગુલાબી બક્ષે છે, તેને ચીડીઆપણાથી ને કંકાસથી બચાવે છે. બચ્ચું જેમ જેમ મોટું થાય તેમ તેમ ગોંધાઈ ગયેલી હવા કરતાં ખુલ્લી હવામાં રહેવું તેને પસંદ પડે છે, અને તેથી ઉધરસ, સળેખમ તથા છાતીમાં દુઃખાવો થવા પામતો નથી. ગામડાનાં છોકરાં શહેરનાં છોકરાં કરતાં વધારે મજબૂત-બળવાન બને છે, તેનું મુખ્ય કારણ તેઓને શહેરીઓ કરતાં ખુલ્લી હવાનો ઉત્તમ લાભ મળતો રહે છે તે છે, માટે જેમ બને તેમ દરરોજ નિમેલે વખતે શુદ્ધ હવાનું પોષણ બાળકોને આપવુંજ લાભદાયક છે, કેમકે તેથી ફેફસાંને બહુ ફાયદો થાય છે.

કસરત—

કસરત શરીરને સુદૃઢ બનાવે છે, શરીરમાંની સુસ્તી દૂર કરી શરીરને હલકું બનાવે છે, કામ કરવાની શક્તિ બક્ષે છે, જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે, મેદનો વધારો થતો અટકાવે છે, શરીરના અવયવોને છુટાં તથા મજબૂત બનાવે છે. કાચું કે ભારે પડતું ભોજન થઇ ગયું હોય તો તેને પચાવે છે, વૃદ્ધાવસ્થાના ભવિષ્યના ભયને દુર કરે છે, અને આનંદ-સ્ફુરતિ બક્ષે છે. માટે ન્હાનપણથીજ મન સાથે, તન(શરીર)ની કસરતથી બાળકને કસવામાં આવે તો ઘણાક લાભ થાય છે. બાળક બેસતાં કે ચાલતાં ન શિખ્યું હોય ત્યાંસુધી તેને બાબાગાડીમાં સુવારીને સ્વચ્છ હવા મેળવી શકાય ત્યાં લઇ જઇ ફેરવવું. કેડે તેડવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરતાં સુવાડ્યાની પેઠે કે હાથ ઉપર રાખી ફેરવવું વધારે ફાયદાકારક છે. તેડવાથી બાળક નબળી કમ્મરનું બને છે, અને સુતાં સુતાં હવા વધારે સ્હેલાઇથી લઇ શકે છે, તેથી ફેફસાં પ્રફુલ્લિત બને છે. ઘેર પણ ઘોડીઆમાં કે જમીન પર બિછાવેલી ગોદડીમાં બાળકને સુવારવાની ટેવ રાખવાથી તે ચતું પડયું પડયું હાથ પગ લાંબા-ટુંકા કરવાથી બહુ આનંદ મેળવે છે. એજ કસરતથી તેને ખોરાક પચે છે. જરા મોટું થયા પછી ચાલવાની-દોડવાની-રમ્મત ગમ્મત કરવાની કસરત મળતાં બાળક રૂપવંત, હીમ્મતદાર, કદાવર અને સુદૃઢ બને છે. રૂધિરની ગતિ વધે છે, શ્વાસો શ્વાસ ઝડપથી ચાલે છે અને તેથી શુદ્ધ હવા વધુ પ્રમાણમાં ગ્રહણ કરવામાં આવતાં રક્ત શુદ્ધ થાય છે. પ્રાણતત્ત્વ-જીવનરસ જે હવા સાથે મળેલું છે તે રકતમાં મિશ્ર થતાં તે રકત વડે જે જે અવયવો પોષાય છે તે તે અવયવો સુદૃઢ અને પૂર્ણ જીવનવાળાં થાય છે. માનસિક શક્તિનું સ્થાન મગજ પણ શુદ્ધ બનેલા રક્ત-લોહીથી પોષાય છે જેથી બળવાન થાય છે, અને બળવાન થવાની ઉત્તમ પ્રતીત આપે છે. મગજને પોષવામાં એક પંચમાંસ કરતાં પણ વિશેષ લોહીનો ઉપયોગ થતો હોવાથી, મગજની શક્તિયો પ્રફુલ્લિત બનવા માટે શરીરની કસરત-મહેનતની જરૂર છે. લોહી એજ જીવનનું મૂળતત્વ છે અને તે મૂલ્યવાન મૂળતત્ત્વને સુધારવા વધારવા કસરત અને શુદ્ધ હવા એ બે બહુ કિમતી મદદગાર છે.

બાળકના લોહીની શક્તિનું માપ—

શરીરરૂપી ક્ષેત્રને રસાળ રાખવા તથા તમામ અવયવોને જોઇતી ચીજો પૂરી પાડવા મનુષ્યનું કલેજું ને હ્રદય દર મિનીટે શુદ્ધ હવા ને કસરત મળવાથી તન્દુરસ્ત રહેતાં ૭૦ વાર ધપકે છે અને દરેક ધબકારે ૨½ ઓંસ લોહીને ધકેલીને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શરીરમાં રેડે છે. એટલે કે દર મિનિટે ૧૭૫ ઔંસ અને એક દિવસમાં ૭૮ ટન (૪૪૧ મણ) લોહી પમ્પ કરવાનું કામ સતત્ કર્યા કરે છે. સાધારણ સુદૃઢ સ્થિતિની અંદર રક્તનું એક બિંદુ આખા શરીરની પ્રદક્ષિણા ફરી ૨ થી ૩ મિનીટમાં પાછું હૃદયની અંદર આવે છે. એથી દરરોજ તે ૧૬૮ માઇલની મુસાફરી કરે છે. તેમજ ભિન્ન ભિન્ન અવયવોને પોષણ પહોંચાડવા અને ઘસાઇ ગયેલા સ્નાયુઓ તથા મળને બહાર કાઢી નાંખવા માટે શરીરની અંદર હમેશાં ૧/૮ હોર્સપાવર ઉત્પન્ન કરવામાં આવે છે. એટલે કે શ્વાસોશ્વાસ વડે ફેફસામાં ખેંચાતી હવામાંથી 'ઓક્સીજન' નામનું તત્વ લોહી ગ્રહણ કરે છે અને પછી તેને જઠર, કલેજુ ને આંતરડાં વગેરેમાં લઇ જઇ પચાવેલાં તત્વો-કાર્બન, હાઇડ્રોજન, નાઇટ્રોજન આદિની સાથે રસાયણિક સંમેલન થાય છે અને તેથી ઉષ્ણુતા પેદા થઈ તે વડે શરીરને સજીવનતા મળતાં ઉત્તમ કાર્ય કરી શકે છે. પણ એમ બનવા માટે કુલ આધાર ચોખી હવા અને યોગ્ય શારીરિક, માનસિક કસરત ઉપર જ રહેલો છે. માટે જ ઉછરતી વયથી જ મન-તનને કસરત વડે ફાયદા બક્ષવા અવશ્યના છે. વધારે કસરત કે મહેનત કરવાથી બાળકોને ભાગ્યે જ હાની થવા સંભવ છે. તેમ તેઓ જ્યારે શ્રમિત થાય છે, ત્યારે પોતાની મોજ કૂદાકૂદ બંધ કરે છે અગર તો ઘરમાં આવી ઉંઘી જાય છે, અને વિસામો-આનંદ મેળવે છે.

રહેવાનું મકાન કેવું જોઇએ—

બાળક મનમાનતી રીતે ખેલી કૂદી શકે તેવી સવડવાળાં રહેવાનાં મકાન જોઇયે. બહુજ ન્હાનું, અંધારાવાળું, ભેજવાળું, વચમાં થોભાઓવાળું અને ટુંકા ટુંકા ખંડવાળું મકાન બાળકના ખેલ (રમત) ને અગવડરૂપ છે. જયારે જ્યારે કોઇ સ્નેહી સંબંધીને ત્યાં બાળકને લઈ જવામાં આવે, ત્યારે ત્યારે પોતાના અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તે સ્નેહીસંબંધીના બાળકોને ભેગાં રમત ગમતકરવાની પરવાનગી આપી પછી પોતાને વાતચીત વગેરેમાં વળગવું. બાળકને ચુપાચુપ રાખી તેને મુંઝવી ડરાવી ડારા દેખાડવા પ્રયત્ન આદરવો એ ઠીક નથી. પ્રત્યેક માત પિતાની સહુથી પહેલાં એજ ફરજ છે કે પોતાનાં બાળકો અત્યંત નિરોગી ને બળવંત શરીર સંપત્તિવાળાં બનાવવાના ઉપાયો હાથ ધરવા. જો તેમનામાં ઝવેરાત હશે તો તેથી તરત ઝળકી નીકળશે. કસ્તૂરી કોઇને કહેવા નથી જતી પણ તેની સુવાસ જ તેણીને જગજાહેર કરી દે છે. માટેજ બાળકોનું નૂર ચમકતું રાખવા તથા નીર બતાવી આપવા ન્હાનાં બાળકોને મનમોજ મુજબ રમવા-ખેલવા-કૂદવા-દોડવા મહેનત કરવા દેવી કે જેથી તે મજબૂત બાંધાનાં થશે, રૂપાળાં બનશે, નિડર નીવડશે અને શરીરબળ, મનબળ વધી વખાણવા યોગ્ય કામ કરનારાં જગવિખ્યાત થશે. વિચાર કરો કે **ભારતેશ્વરી મહારાણી વીકટોરીયાના** મુખ્ય પ્રધાન મિ. **ગ્લાડસ્ટન** કે જે દ્રવ્યસંપત્તિમાં, બુદ્ધિ સંપત્તિમાં કે અધિકાર સંપત્તિમાં પૂર્ણ સ્તુતિપાત્ર મહાત્મારૂપ હતો, છતાં પણ તે દરરોજ ગાડીની ગરજ ન રાખતાં પગપાળો ૪-૬ માઇલ ચાલતો હતો અને પછી પોતાને હાથે બે ચાર મણ કાષ્ટ ચીરતો હતો. શું એને ઘેર વાહનોની ખોટ હતી? શું નોકરચાકરોની તાણ હતી? શું તે પૈસાના બચાવ માટેકંઇ બખીલાઇ બતાવતો? શું તે એટલો બધો આબરૂદાર, માલદાર અને અધિકારી છતાં પગે ચાલવામાં ને લાકડાં ચીરવામાં જરા પણ શરમાતો નહતો? એવું કશું ન હતું. એ અંગબળ વધારવા તથા તેને મજબૂત રાખવા તેમ કરતો હતો, અને એમ કરતાં શિખવાડનાર માબાપોનો જ એ પ્રતાપ હતો. તથા તેમ કરવાથી બુદ્ધિશાળીમાં એક્કો ગણાયો, દીર્ઘ જીવન ભોગવ્યું અને તે પણ આરોગ્યતા પૂર્વક ભોગવી રાજા પ્રજાનું ભલું કરી શક્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમજ ટ્રાન્સવાલનો પ્રેસિડેન્ટ મિ. ક્રુગર મહાન્ ધનાઢ્ય અને રાજ્ય વૈભવશાળી હતો, છતાં તેણે એક વખત ખાસ પ્રસંગને લીધે દોડીને ૯૦ માઇલનો પંથ એક દિવસે પસાર કર્યો હતો. તેમજ તેણે ટ્રાન્સવાલની લડાઇ વખતે પણ વખાણવા યોગ્ય ચાલાકી-સ્વદેશાભિમાન-શૌર્ય-ધૈર્ય-અડગતા બતાવી પ્રાણની દરકાર ન કરતાં દુનિયાના લોકોને બોધ આપ્યો હતો. મિ. **જયોર્જ વોસિંગ્ટન** જેવા એક સાધારણ મનુષ્યે મહાન્ પરાક્રમો કરી પોતાના ડૂબતા દેશને તારી સ્વતંત્ર બનાવ્યો. એ બધાંઓને એવી ઉત્તમ તાલીમ માતાપિતાથી વારસેજ મળી હતી. જ્યારે આપણા દેશના ધનાઢયો, અમલદારો, તથા ઈલમદારો, પોતાની જાતે કામ કરવામાં-બોજો ઉપાડવામાં--પાળા ચાલવામાં ને દોડવામાં પોતાની આબરૂને ઉંધી વળી જતી માને છે. એઓ તો બિચ્ચારા પોતાની પાકીટ પણ બીજાને ઉચકવા આપે છે, જરા વધારે વાત કરતાં પણ કંટાળો ખાય છે, જરા મહેનત પડતાં પથારીનું શરણ લે છે અને મ્હોટાઈ જાળવવા ફૂલણજી બની ફોકટ જન્મને ફેંકી દે છે. એ માંચીના માકડ જેવા શેઠીઆ કે પાંગળા અધિકારીઓથી દેશનું દારિદ્ર કેવી રીતે દૂર થઈ શકે ?

આર્યાવર્તમાં નજર કરશું તો અર્જુન, ભીમ, ભીષ્મ, કર્ણ, પૃથ્વીરાજ, ચામુંડરાય, સમરસિંહ, મોકળ, સંગ, કુંભો, પ્રતાપ વગેરે અને વિમળશાહ, વસ્તુપાળ, તેજપાળ, ભામાશાહ, આદિ પુરૂષો નીર અને નૂર બતાવી અક્ષય નામના મેળવી, એ માત્ર ન્હાનપણમાંજ મળનારી કસરત, તાલીમ વગેરેનો તેઓને માટે તેઓના માબાપોએ આપેલ વારસાનું ફળ હતું. તેથી તેઓ જગજાહેર થવા ભાગ્યશાળી થઈ શકયા હતા; તેમજ ઇચ્છનકુમારી, સંયુકતા, કર્માદેવી, ફતા જેમલની માતા, બહેન ને વધૂ, તારામતિ, ચાંદબીબી, લક્ષ્મીબાઇ, સરલાદેવી, વીરા, દુર્ગાવતી,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ચંદ્રા, સિવિલા, કોનફેલિઓનરીની રાણી, થેષ્ટા, રાખિયનેહર-બીન, ઈપોનીના, મેરી ડી રેજિસબર્ગ, કેથેરાઇન હરમન વગેરે વગેરે સતી વીરાંગનાઓ પોતાના દૃઢાગ્રહ બળ ધૈર્ય વગેરેને લીધે પોતાનાં નામો અચળ ધ્રુના તારાની સાથે અચળ કરી સ્વર્ગમાં સ્હેલઘા કરે છે. અને વાસ્તવિક તપાસ કરતાં પ્રકટ જણાય છે કે એ બધો મહીમા માબાપોની ઉચ્ચ કેળવણી અને તનમન બળને સંગીન બનાવવાના પ્રયાસનો છે. માટે દરેક માબાપોએ જો પોતાના બાળકની ઉન્નતી ચાહવી હોય તો તેમને સંગીન બનવા કસરત કરતાં ન અટકાવતાં ઉલટી મદદ આપવી કે જેથી તેઓ બાહોશ—બહાદુર—નામાંકિત નીવડે.

બાળકને કેટલી ઉંઘ જરૂરની છે ?

જન્મ્યા પછીનો થોડો વખત તો બાળકનો ઉંઘમાંજ વ્યતીત થાય છે. પણ તે જેમ જેમ મોટું થતું જાય છે, તેમ તેમ એની મેળેજ તેની ઉંઘ ઓછી થતી જાય છે. તો પણ તે જ્યારે જ્યારે ઉંઘવા ઇચ્છતું હોય, ત્યારે ત્યારે તેને રમાડી ધવરાવી કદી ઉંઘ લેવામાં અટકાવવું નહીં. તેમજ તે જ્યારે જ્યારે ઉંઘતું હોય ત્યારે ત્યારે પણ તેને શાંતિથી નિદ્રા લેવાય તેમ મકાનમાં શાંતપણાથી બોલવું ચાલવું કામકાજ કરવું જોઇએ. બાળક જ્યારે સુતું હોય તે વખતે તેને બચી પણ ભરવી નહીં, હમેશાં તેના સુવાની જગો તંગ—કઠણ ન હોવી જોઈયે. માકડ—ચાંચડ—જુ—ડાંસ—મચ્છર વગેરે ન હોય, ગંદી જગા ન હોય, હવાબદ્ધ ન હોય તેવી સ્વચ્છ જગામાં સુવારવું જોઇયે. સુતા બાળકની વારંવાર સંભાળ લેવી જોઈયે. બાળકને ચત્તુ સુવા દેવું જોઇયે. તેને લુગડાં પહેરાવી કે ઓઢાડી કંટાળો ન આપવો જોઇયે. અને ટુંકામાં તેને વિશ્રાંતિથી નિદ્રા લેવામાં કોઈપણ અડચણ ન નડે તેમ વર્ત્તી આનંદમાં રહેવું જોઇયે, કે જેથી બાળક આનંદી મિજાજનું થાય છે અને હૃષ્ટપુષ્ટ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બને છે. બાળકને તેની ઉંઘ પૂરી થયા વિના કદિ જગાડવું નહીં. નહીં તો તેથી તે બીમાર થાય છે. માટે બાળકે તેમજ તેની માતા કે ધાવે પૂરતી નિદ્રા લેવી કે જેથી સર્વેનો આનંદ સતેજ રહે. ઉંઘ એ પ્રાણી માત્રને કુદરતી વિસામો આપનારો અત્યુપયોગી પ્રબંધ છે; માટે ઉંઘને ન રોકતાં, શાંતિ થતાં સુધી ઉંઘવા દેવું એજ અતિ લાભદાતા છે.

બાળકને કપડાં કેવાં પહેરાવવાં ?

હમેશાં બાળકને કપડાં સફાઇદાર, સુંવાળાં, સફેદ, ઢીલાં અને ઋતુ અનુકૂળ પહેરાવવાં લાયક છે. તેમાં પણ બહુ ઢીલાં કપડાં ન પહેરાવવાં કેમકે તેથી બાળકના હાથ પગ તેમાં ભરાઈ જવાનો ભય રહે છે તેમજ તંગ પણ પહેરાવવાં નહીં. કેમકે અવયવો પ્રફુલ્લિત થવામાં તે હરકત કરે છે. ટુંકમાં તે કપડાં બાળકોને કૂદતાં ખેલતાં દોડતાં કંટાળો આપે એવાં ન હોવાં જોઇયે. વસ્ત્રોને મેલાં થયેલાં જોતાં તરત ધોઈ સાફ રાખવાં જોઈયે. ભીનાં કપડાં થયાં હોય તો તરત બદલાવી નાંખવાં અને વિશેષ કપડાં ન પહેરાવતાં જરૂર જોગાં જ પહેરાવવાં. પરંતુ આપણી હર્ષઘેલી, અભણ ને અપૂર્ણ કેળવણી પામેલી બહેનો તો તેને જરા પણ પવન ન અડે એવી રીતે માથાથી તે પગલગી ટોપી-જબલાં-મોજાં વગેરેથી જકડી દઈ તથા ઉનનાં કપડાં પહેરાવી દઇ બાળકને બહુ કંટાળો આપે છે, અને જાણી બૂઝી પોતાના બાળકને નબળું બનાવવા ઉદ્યમ આદરે છે. વધારે ઢબૂરી રાખનારી તથા વધારે કપડાં પહેરાવી ઢાંકઢૂંબ કરનારી માતાઓનાં બાળકો હમેશાં ફિક્કા ચ્હેરાનાં અને માંદલાં રહેતાં જણાય છે. અને ઓછાં, આછાં કપડાં પહેરાવનારી જનેતાનાં બાળકો ગુલાબી ગાલવાળાં, આનંદી, ચાલાક અને હૃષ્ટપુષ્ટ રહેતાં માલમ પડે છે. કપડાં કંઇ ઠંડા રહેલાં શરીરને ગરમી આપી શકતાં નથી, પણ તે તો શરીરમાંથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Suratwww.umaragyanbhandar.com

બહાર જતી ગરમીને રોકી શકે છે. માટે હમેશાં બહુ ઢાંકી ઢબૂરી ન રાખતાં બાળકને ચોકખી હવાનો લાભ મળી શકે અને કંટાળો ન મળે તેવાં ગરમી શરદીનો વખત ધ્યાનમાં રાખી કપડાં પહેરાવવાં.

બાળકને ચાલતાં શી રીતે શિખવવું—

લગભગ દશ મહિનાની અંદર બાળક ઉભું થવા લાગે છે ને જો તેને અગાડી બતાવી ગયા મુજબ પૌષ્ટિક ખોરાક આપવા માટે પૂરતું ધ્યાન આપવામાં આવ્યું હોય તો તે ટટાર રહી પગલાં ભરવા માંડે છે. જ્યારે તે એ પ્રમાણે ચાલવા માંડે ત્યારે તેની ઈચ્છા માફક હલનચલન કરવા દેવું. પણ તેની મરજી વિરૂદ્ધ ચલાવવાને માટે કશી કોશીશ કરવી નહીં; કેમકે તેમ કરવાથી નુકસાન થાય છે. ચાલવાને લાયક થયેલજ હશે તો તેને કુદરતજ મદદરૂપ થઇ તુરત ચંચળતા બક્ષશે; પરંતુ તેવી સ્થિતિ વખતે તેને તેના ગજા ઉપરાંત કદિ ચલાવવું નહીં. પોતપોતાની મેળે અમથા કે કંઈ સહાયે-આધાર રાખી ચાલતું હોય તો તેમ ચાલવા દેવું.

દાંત ફુટતી વખતે રાખવાની માવજત ?

ઘણું કરીને બાળકને છઠે મહીનેથી દુધિયા દાંત ફૂટવા શરૂ થઇ તે બે વર્ષનું થાય ત્યાંસુધી પૂર્ણ ફૂટી રહે છે. દાંત ફૂટવાની વખતે કેટલાંક બાળકોને દસ્ત લાગવા માંડે છે, કોઇની આંખ્યો દુ:ખે છે, કોઇની કાંત્તિ બદલાઇ શરીર શુષ્ક થઇ જાય છે, કેઇક માથું ઘસે છે, કોઇને તાવ આવે છે અને કોઇને એથી પણ વિચિત્ર પીડાઓ થતી જોવામાં આવે છે. દાંત ફૂટતાં અગાઉનાં ચિન્હો એ હોય છે કે પ્રથમ મ્હોંથી લાળ દડે છે, પેઢાં ગરમ અને લાલ દેખાય છે, બચ્ચાં પોતાની આંગળીઓ કરડે છે, તરસ વિશેષ લાગવાથી વારંવાર ધાવવાના હુલામા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરે છે પણ ધાવતાં દર્દ થવાના સબબને લીધે તુરત ડીંટડી મ્હોંમાંથી મૂકી દે છે. દસ્ત લાગવા માંડે છે, રૂવે છે, અને ગાલ લાલ થઇ જાય છે. જ્યારે આવી હાલત થાય ત્યારે પેઢાં ઉપર મધ અને મીઠું મેળવી બીજે ત્રીજે નરમ આંગળી મારફત મસળવું. અથવા જેઠીમધના લાકડાને કચરી તે બાળકને ચગળવા આપવું જેથી દરદ કમી થશે અને સહુથી સરસ ને સ્હેલો એ ઉપાય છે કે એક ન્હાની કૉડીમાં ગોરૂચંદન ભરી તેની ઉપર મીણ દબાવી તે કૉડી ઉપર રેસમી કે હરકોઈ કપડું સીવી તે સાથે ગળામાં રાખી શકાય તેટલો દોરો પણ સામેલ કરી લઈ પછી બાળકના ગળામાં નાંખવી. જેથી સુખે દાંત આવે છે. દાંત ફૂટતી વખતે બાળકને ગરમ ટોપી ન પહેરાવવી જોઈયે. તેમજ દાંત ફૂટતાં પહેલાં જો અનાજ ખવરાવવું શરૂ કર્યું હોય તો દાંત ફૂટવા વખતે બાળકને આંચકી-તાવ-ઝાડો વગેરે કંઇ કંઇ દરદો થવા સંભવ છે માટે દાંત ફૂટયા પછી જો અનાજ ખવરાવવામાં આવે છે તો તે દરદોનાં ભાગ્યેજ દર્શન થાય છે. કેટલાંક બાળકોને જો મોડા દાંત આવવા લાગે છે, તો તેથી માબાપો નકામી ચિંતા કરે છે. કેમકે જ્યારે શરીરનાં હાડકાંને પોષણ મળે ત્યારે દાંત ફૂટવા લાગે છે. પોષણ ઓછું મળ્યું હોય તો જરા મોડા ફૂટે છે. દાંત આવતા હોય તેટલો વખત કોઈ પણ જાતની દવાનો (બાળકને ખાવામાં) ઉપયોગ કરવો નહીં. બચ્ચાંને હમેશાં પૈષ્ટિક ખોરાક આપવો જેથી દુધીઆ દાંત વ્હેલા પડતા નથી અને પડે છે તો પાછળને પાછળ બીજા દાંત બહાર નીકળતા જ દેખાવ દે છે. માટે દાંત વખતે આ પ્રમાણે સાવચેતી રાખવી. તથા દાંત આવ્યા પછી સમજણા બાળકને દાતણ કરવા ને મ્હોં ધોવાની ખાસ આદત પાડવી.

બાળકને બોલતાં શી રીતે શિખવવું ?

અંદાજે દશ મહિના પછી અથવા સારી તન્દુરસ્તી જ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ળવાઈ હોય તો તેથી પણ વ્હેલાં બાળકો મા, બા, બાપા જેવા શબ્દો બોલતાં શીખે છે. તો તે સમયની વખતે તેને અધૂરા અર્થ વિનાના બોલો બોલતાં શિખવી માબાપો ખુશી થાય છે, પણ તેથી સમજણ થયા પછી ખરા શબ્દો શીખવા માટે તે બાળકને ફરી ધ્યાન ખેંચવાની તસ્દી લેવી પડે છે ને બમણી લમણાફોડ થતાં બાળકનો નકામો વખત રોકાય છે. કૂતરાને બદલે 'તુતુ', રોટલીને બદલે 'તાતા', રેલવેને બદલે 'ફફ ફફ' પાણીને બદલે 'ભૂ', વાજાને બદલે 'ધુ ધુ', સાપને બદલે 'હાઉ' ખાવાને કે મિષ્ટાન્નને બદલે 'મમ્‌મમ્‌' વગેરે શિખવે છે. પરંતુ તેમ ન કરતાં ખરાં નામોથી વસ્તુની ઓળખાણ આપી દેવી જેથી તેને ભાષા સુધારણા અઘરી થઇ પડતી નથી.

બાળકની સાથે માબાપોએ કેમ વર્ત્તવું?

માતા પિતાએ બાળકોની સાથે બહુ ખબરદારીથી વર્ત્તવું. તેમને કદિ ભયાનક વાતો, ભૂત રાક્ષસની વાતો કહી, ચોરોની વાતો કહી બીવરાવવા નહીં, તેમજ રડતું કે આડો લઈ બેસતું હોય તે વખતે હાઉ આવ્યું, બાઘડો આવ્યો, વાઘ આવ્યો, બાવો આવ્યો વગેરે વાતો કહી વ્હેમની પ્રકૃતિને વિશેષ વ્હેમી કરી મૂકવી નહીં; તેમજ વગર પ્રસંગે સ્હેજ વાતમાં બચ્ચાંને નાહક ધમકી આપી બાળાભોળાને ભયભીત કરવાં એ બહુજ નુકશાનકારક છે. તેવો નકામો ભય બતાવવાથી બાળકના કુમળા મગજને અને જ્ઞાનતંતુઓને મોટો ધક્કો પહોંચે છે, અને એ સબબને લીધેજ આ દેશના લોકો બાયલા, બ્હીકણ, અધીર બને છે. તેમજ બાળકને કદી સજા કરવાની ખોટી ધમકી આપવી નહીં; પણ પોતાના શબ્દો પ્રમાણેજ જ્યારે જરૂર પડે, ત્યારે તેને ખરી સજા કરી દેવી. ખોટી ધમકી આપવાથી સ્હે-દાબ-માબાપોના બોલનો વિશ્વાસ-વજન એ બધું ઉઠી જાય છે. અને મા બાપ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખોટો દમ દેનારાં-જુઠાં બોલાં છે એમ માની તે બેદરકાર બને છે, જોકે બહુ મારવાથી બાળક નિષ્ઠોર બને છે, પણ વાંક આવે તો સમજાવી-ભય પ્રીતિનો ઉપયોગ કરી પોતાની ફરજ બજાવવાની પણ જરૂર છે. માટે વગર વાંકે ધમકી દેવી નહી અને વાંક આવ્યે તેને યોગ્ય શિખામણ આપવી, આવે વખતે આંખો આડા કાન કરવા નહીં. તેમ બાળકને જે નીતિ, રીતિ, સુશિક્ષા આદિ વચનો કહેવાં તેજ પ્રમાણે માબાપોએ પણ વર્ત્તન રાખવું જોઇએ જ. નહીં કે ભટજીનાં પોથીમાંનાં રીંગણાંની પેઠે કહેવું ખરૂં, પણ ખોટું વર્ત્તી પોતાના પરનો ભરોંસો લગાડી દેવો.

બાળકને લાડ-પ્યારમાં પણ અશુદ્ધ-અનુચિત-અસભ્ય શબ્દનો કદિ પણ ઉપયોગ ન કરવો. બાળક જુઠું બોલતું જણાય કે તુરત તેને તેજ વખતે યથોચિત શિક્ષા આપવી. કોઈ પ્રકારની હાંસી-મશ્કરીનો બચ્ચાના દેખતાં બાપ કે માએ ઉપયોગ કરવો જ નહીં. નકામી વગર ફાયદાની, નિરસ સમય વગર કોઇ પણ વાતો, કહેવતો ભરી ચોપડી વાંચવી નહીં, તેમ બાળકને. પણ તેવી ચોપડીઓ વાંચવા. દેવી નહીં. નઠારી ચાલચલગત વાળાં છોકરાંની સોબત કરતાં પોતાનાં બાળકોને તુરત રોકવાં. કદિ બાળકોની જીવ્હાથી ભૂલીને પણ નઠારૂં કથન નિકળી આવે તો તુરત તેને શિખામણ આપવી. કદાચ ઘરની કે કોઇની પણ કોઇ ચીજ પોતાનું બાળક વગર કહ્યે ઉઠાવી લેતું જણાયું કે તેજ ઘડીએ ચોરી કરવાથી થતાં નુકસાનોનો પૂરો અહેવાલ બતાવી, સમજાવી ઉઠાવી લીધેલી ચીજ તેની જ પાસે પાછી જ્યાં હતી ને જેની હતી ત્યાં અને તેને અપાવી દેવરાવવી, અને નસિહત-દંડ પણ દેવો. કે જેથી ફરી તેવાં કામ તરફ બાળક લક્ષ્ય દોરે નહિ.

માબાપ એ બાળકના વર્તનના ગુરૂ છેઃ—

કોઈ કોઈ મા બાપ ન્હાનાં બાળકોને એક બીજાને લપ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઢાક મારતાં શીખવાડે છે એટલે કે–' જા તારા બાપને લપઢાક મારી આવ જો ' અથવા તો ' જા તારી માના મ્હોં ઉપર તમાચો મારી આવ. ' એવું આનંદ ખાતર શીખવાડતાં બાળકને તેવી નઠારી ટેવ પડે છે અને તે ટેવ યાદીમાં રહેતાં મોટી વયે તેજ બાળક માબાપની સ્હામે લડવા મારવા તૈયાર થાય છે. ઘણી ખરી માતાઓ પોતાના બાળકની ટોપી જે બાળકના બાપે લાવેલી છે તેને બાળકના માથા ઉપરથી ઉઠાવી લઇ છુપાવી કહેવા લાગે છે કે–' ટોપી તો કાગડો લઇ ગયો ! ' પછી થોડી વાર પછી પાછી તેજ ટોપી તે બાળકના હાથમાં આવે છે કે તેમાનું બોલવું જુઠું છે એમ સમજવા લાગે છે. અને એ બાળક પોતે–પોતાના માથાપરની ટોપી સંતાડી દઇ માને કહેવા લાગે છે કે–' જો બા ! ટોપી કાગડો લઇ ગયો ! ' આવી આવી સેંકડો વાતો બાળકો મા બાપ મારફત શીખે છે. અને આખર જે માબાપે અવગુણો શીખવાડ્યા હોય છે તેજ વધતા જાય છે અને એથી તે પહેલા નંબરનાં જુઠાં બને છે. તથા તે જુઠના સબબથી કોઇ વખત જેલખાનું પણ જોવાનો વખત આવે છે.

કોઇ કોઇ માતાઓ તો એવી જોવામાં આવી છે ને આવે છે કે–પોતાનું બાળક કદાચિત્ ભૂલ્યે ચૂકયે કોઇની કાંઇ ચીજ ઉઠાવી લાવ્યું કે તરત તે ચીજ જોઇ હસીને ઘરમાં મૂકી દે છે, અને તેને એક નજીવી વાત સમજી કશી પણ પૂછપરછ કરતી નથી. આથી તે બાળક તે વાતને સારી સમજી અથવા એથી મારી મા રાજી થાય છે એમ માની પોતાનું ધ્યાન ચોરી તરફ વધારે ને વધારે દોરવા માંડે છે ને આખર તે પહેલા નંબરનો ચોર બનેછે. જો તેવુંકામ કરેલું જોતાંજ તે બાળકની મા સ્હેજ મહેનતથી રોકી દે તો તે ખરાબ ટેવભૂલી જ જાય અને ભવિષ્યમાં માઠાં પરિણામ નીપજવાનો વખત જ ન આવે.

કોઇને ન મળવાની ઇચ્છાથી અજ્ઞાની માતપિતાઓ બા-

ળક પાસે જવાબ અપાવે છે કે-' મારી મા કે મારા બાપા ઘેર નથી; બહાર ગયા છે. બાળક જઇને તેમ કહે છે અને કોઇ તો વિશેષમાં જણાવે છે કે-' મારી મા કે બાપે મને કહેવા મોકલ્યો છે. ' બાળકના આ બોલ ઉપરથી માબાપનું તોલ ઘટયું જાણી તે માબાપો તે બાળકને લપડાક લગાવી દે છે. કહો ? આ કેવી તાલીમ ? પહેલાંથી જ છોકરાને જુઠું બોલવાનું શિક્ષણ આપવામાં આવે એ શું ઓછી મૂર્ખતા છે ? ગુલિસ્તાનમાં એક વાત છે કે-" નૌશેરવાં નામનો બાદશાહ મહાન્ ન્યાયી હતો અને જેનો ન્યાય જગપ્રસિદ્ધ થઇ રહ્યો હતો. તે બાદશાહ એક વખત જંગલની અંદર કંઇ કારણસર ગયો હતો ને ત્યાં ભૂખ લાગવાથી રસોઇ બનાવવા લાગ્યો. પણ તે વખતે તેને થોડા મીઠાની જરૂર પડી અને સિલકમાં હતું નહીં, તેથી એક નોકરને કહ્યું-'જા જલ્દી ગામમાં જઈ પૈસો રોકડો આપી મીઠું લઈ આવ. ' તેમ એ માટે કહ્યું કે જો એક વખત મફત લાવવાની ટેવ પાડીએ તો પછી નોકરો હમેશાં ઘરનો કાયદો અમલમા લઇ મફતનો માલ લૂંટી ખાતા શિખે છે અને રસ પડવાથી પછી છેક હદ ઓળંગી રૈયતને રંજાડવા તત્પર રહ્યા કરે છે. એમ ધારી પૈસો આપી લાવવા કહ્યું હતું. નોકરે અરજ કરી-' આલમપનાહ ! શું એટલા મીઠા માટે પણ પૈસો ન આપીયે તો રૈયત તોબાહ થાય છે ? ' બાદશાહે કહ્યું-" હા, પહેલાં થોડી છુટ મળતાં વધારે છુટ લેવાની ઇચ્છા વધે છે અને પછી પાપનો વધારો વધતાં જુલ્મ જોર પર આવી રૈયતને તોબાહ કરે છે. જે બાદશાહો, જે માલિકો કે જે માબાપો પ્રથમથી જ અન્યાય અનીતિ વગેરેને અટકાવવા ચાંપતા ઉપાય અમલમાં નથી લેતા તેઓ પોતાની પ્રજાને કે મંડળીને તોબાહ કરવા જ ઉદ્યમ આદરે છે એમ મારૂં માનવું છે. રાજા કે માબાપો જરા દુરાચારી હોય તો તેની પ્રજા તેવી જ નીવડે છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને રાજા જો જરાક અધર્મ કરે તો તેના નોકરો બેહુદ જુલ્મી નીવડવાનો વખત હાથ લાગે છે. જો રાજા, પ્રજાની વાડીમાંથી એક ફળ માલ ધણીને વગર કહ્યે કે મફત ચુંટીને ખાઇ લે તો તેના નોકરો રાજાની રીતિના અનુસારે ચાલી આખી વાડી ઉજ્જડ કરે છે. ”

આ વાત ઉપરથી એજ સમજવાનું છે કે બાળકને તેનાં માબાપ પડતી ખરાબ આદતોને શરૂઆતથી જ ન રોકે તો તેથી બાળકના હક્કમાં આગળ ભારે નુકશાન થાય છે; માટે પ્રથમથી જ ચાંપતાં પગલાં ભરવાં. કેમકે જે રંગ બચપણના કુમળા કાળજામાં પ્રવેશ–દાખલ થઇ બધે ફેલાઇ જાય છે તે રંગ ઘણો જ પાકો બની જાય છે.

કોઇ વખત પોતાનું બાળક કોઇ સાથે લડીને કે કોઈનું નુકશાન કરી મારીને આવે તો તેના માબાપોએ તેનું ખોટું ઉપરાણું લઈ ઓલંભો દેવા આવનાર સાથે લડવું નહીં, તેમ ઓલંભો દેવા એવા જ કારણસર સામાને ત્યાં જવું નહીં. પણ તેવી વેળાએ પોતાના બાળકનો વાંક હોય કે ન હોય તો પણ તેને ઘરને ખુણે લઇ જઇ યોગ્ય નશિહત અને દંડ આપવો કે જેથી તે બાળક બીજી વખતે તેવું કામ કરવા મન દોડાવે નહીં, ને દુરાચાર દુર્વ્યસનથી અટકી પડે.

કેટલાંક માબાપો પોતાના બાળકને નિશાળમાં મોકલતા નથી અને મોકલે છે તો બાળકના લાભની ખાતર મહેતાજી જરા ધમકી આપે છે કે સ્હેજ સોટીનો કે લપરાકનો કે ચુંટીનો ઉપયોગ કરે તો તે બાળક તેના માબાપોને તે ફરીયાદ કરી રડી પડે છે. એથી તે હિતશત્રુ માબાપો મહેતાજીને ઓલંભો દે છે અગર નિશાળે ન જવાનું ફરમાવે છે એથી બાળકના સુખનો સિતારો અસ્ત થઇ જાય છે. પરંતુ તેવા વખતે તેમ ન કરતાં તેને શિખામણ આપી સમજાવી જરૂર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જણાય તો બે આકરા શબ્દો બોલીને પણ બાળકોને નિશાળે મોકલવા જોઇએ.

આવે પ્રસંગે કેટલીક અજ્ઞાન માતાઓ કહે છે કે-"છોકરાંને મારશો નહીં. ભલે ભણ્યા વગર જ રહે. આવું ભણવું ચુલ્હામાં ગયું, નહીં ભણશે તો મહેનત મજુરી કરી ખાશે. બહુ ભણાવીને મોટો સૂબો બનાવવો નથી. થોડું વાંચતાં લખતાં આવડે એ કંઇ ઓછું છે કે ?" 'ભણેલા માંગે ભીખ, વગર ભણ્યા ઘોડે ચડે' નશીબ હશે તો ભણ્યાની કંઈ જરૂર નથી." વગેરે વગેરે બોલી બાળકને સ્નેહથી ચુંમી લઈ ખોળામાં બેસારી નિશાળે ન જવાની ધીરજ આપે છે. અને એ ખોટા લાડ પ્યારથી આખર પરિણામ એ આવે છે કે મહીને બે રૂપિયા રળવા તે પણ બાળકથી મુશ્કેલ થઇ પડે છે. ભણ્યા વગર ક્યાં પોસાય ? મનુષ્યની મૂર્ખતામાં માન નથી ! એથી જ્યાં ત્યાં ઉન્હાલાના વંત્યાકની પેઠે અથડાઇ ઠુંબા ખાઈ જીવન પુરૂં કરવું પડે છે.

સોબત તેવી અસર—

તમે જ્યારે તમારા ફરજંદોની સમીપ બેઠાં હો, ત્યારે તેના સાંભળતાં અયોગ્ય વાતો ન કરો. નીતિ ભ્રષ્ટ ગાયનો ન ગાવો, ગાળો ન બોલો, ન બીજાને તેવું કરવા દો, અને પોતાના બાળકોને નઠારી સોબતથી નઠારી જગાના સંસર્ગથી ને નઠારી ટેવોથી દૂર રાખો.

જેવી સોબત તેવી અસર થાય છે જ, માટે તમારી સોબતથી તેમ પરની સોબતથી સદા બાળકને લાભ મળે તેવી વર્ત્તણુંક પર ખાસ ધ્યાન આપો, અને નીચેની બે ત્રણ નશિહત ભરી વાતો તરફ ધ્યાન કરો.

ધન્વંતરી વૈદ્યના જેવો લુકમાન હકીમ સીકંદર બાદશાહના વખતમાં થયો હતો, તેણે એકવાર પોતાના છોક-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાને એક ખરાબ વર્ત્તનવાળા મનુષ્યની સાથે વાતચીત કરતો જોયો. એટલે ઘેર આવ્યા બાદ પુત્ર પ્રત્યે તેણે કહ્યું–" બેટા! એવા નઠારી વર્ત્તણુકવાળા માણસની સાથે વાતચીતનો પ્રસંગ રાખવો એ બહુ જ નુકશાનકારક છે. માટે તેની સોબત છોડી દેવા મારી ખાસ ભલામણ છે." પુત્રે કહ્યું–" બાપાજી! હું તેની દોસ્તી કરવા ચાહતો નથી કે જેથી મને તેની અસર લાગશે. ફક્ત પૂછે તેનો જવાબ દેવા જેટલી તેની સાથે વાત કરવી તેથી કંઇ મને તેની અસર થવાની છે?" પિતાએ કહ્યું " હશે તેમ કરવું તે પણ ઠીક છે, પણ જરા હાલ એક દવા તૈયાર કરવા માટે કોલસાની જરૂર છે તો સ્હામેની ટેકરી-માંથી ખોબો ભરી કોલસા લાવી હાજર કરો." આ પ્રમાણે પિતાની આજ્ઞા થતાં તે કોલસાનો ખોબો ભરી લાવ્યો ને પિતા અગાડી તેણે રજુ કર્યા. પણ તેથી તેના હાથ કાળા થયેલા જોતાં પિતાએ પુનઃ પુત્રને ટકોર મારી–" બેટા! જો જરા ધ્યાન આપ તું અકલમંદ છે. બાહોશ છે પણ ફક્ત કોલસાનો જરા સ્પર્શ કર્યો તેટલામાં તો જેમ તારા હાથને તે કોલસાઓએ પોતાની કાળાશ બક્ષી છે, તેમ નઠારા માણસના સંગ સ્પર્શથી પણ કાળો ડાઘ લાગ્યા વિના રહેતો જ નથી." પુત્રે તે વાત કબૂલ કરી અને ફરીથી કોઇપણ નબળી સોબતને છાંયડો પણ લીધો નહીં.

આ પ્રમાણે પોતાનાં પ્યારાં ફરજંદોને દુષ્ટ જનોના છાં-યડાથી પણ દૂર રહેવાની હિતશિક્ષા આપવી. તેમજ પોતે સદ્વર્ત્તનમાં વર્ત્તી પોતાના સંતાનોના મનપર સદ્વર્ત્તનની છાપ છાપવી.

એક ડૉક્ટર કહેતા કે–હોકો, તમાકુ પીવાથી પાંચ વર્ષની આવરદા ઓછી થાય છે, અને તેનાથી બીજાં પણ ઘણાં નુક-શાન થાય છે. વળી તે પોતાના પુત્રને પણ તમાકુની સોબત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ન કરવા સમજુતિ આપ્યા કરતા હતા. ડૉકટરને પોતાના પુત્રની પક્કી ખાતરી હતી કે, મારો કહ્યાગરો દીકરો મારા કહ્યા મુજબ તમાકુની તરફ ધિઃક્કારની નજરથી જુવે છે. એક દિવસ ડૉકટર પોતાના એક મિત્રને ખાનગીમાં કહેવા લાગ્યો કે-પ્રિય દોસ્ત ! મારાથી તમાકુ પીવાથી થતા દોષો પૂર્ણપણે સમજાયા છે, હું બીજાઓને તેનાથી દૂર રહેવા ખાસ ભલામણ કરૂં છું અને હું પોતે તેનાથી દૂર રહેવા ઘણુંજ ચાહું છું; પરંતુ તે મારાથી દુર્વ્યસન છૂટી શકતું નથી. તેને કોઈ ખાય છે, કોઈ પીએ છે ને કોઈ સુંઘે છે. જો કે ખાનાર તુરત થુંકવા લાગે છે, પીનાર તુરત ફુંકવા લાગે છે અને સુંઘનાર તુરત નાક છીકવા લાગે છે તેથી સ્પષ્ટ સમજાય છે કે તમાકુને આત્મા જ પસંદ કરતો નથી, છતાં પણ તમાકુએ પોતાની સંજ્ઞા સેંકડે પંચાણુ ટકા જેટલા જનોપર ફેલાવી મૂકી છે. તમાકુ નથી વ્રતમાં રોકાતી કે નથી તીર્થયાત્રામાં છોડાતી. પહેલાં હવા સુધારવાની હવન સામગ્રીની થેલી સાથે રહેતી હતી, પણ આજ તેની અવેજીમાં તમાકુની થેલી સાથે રહે છે અને ફકત ખાનપાનાદિમાં જ ધર્મ માને છે. તમાકુ પીનારા કોળી ભીલ તકની એંઠી સાફી અડેલી ચલમ પણ પીએ છે, તેમાં એકબીજાનું થુંક અને શ્વાસની હવા લાગેલ રહે છે, છતાં તે પીવાથી ધર્મની ચિંતા રહેતી નથી. તમાકુ પીવાથી હાથની હથેળી અને હોઠ કાળા પડે છે તેવુંજ કાળજું પણ કાળું થાય છે, અને તેનો મેલ આંતરડાંઓમાં જામી જાય છે.

તમાકુ પીનારનું ઘર, સુંઘનારનાં કપડાં અને ખાનારની બેઠક ગંદકીથી છાઈ રહે છે. હોકો પીનારનું ઘર કોલસા-છાણાં-દેવતા-રખ્યા વગેરેની ઢગલીઓથી ગંદું જણાય છે. તમાકુ પીનાર, ખાનાર મેસ્મેરીઝમ વગેરેના પ્રયોગમાં કામ આવતો નથી અને તેનું મ્હોં દુર્ગંધ માર્યા કરે છે, તથા સારા મનુષ્યોની મંડળીમાં ખુલ્લે મ્હોંએ બોલવા પણ પામતો નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તમાકુનો ઝેરી મહીમા—

અમેરિકા કે જે તમાકુનું મુખ્ય સ્થળ છે, ત્યાંના ઇંડિયન્ રહીશો પોતાના તીરની અણીને તમાકુનું જ પાણી ચડાવે છે. કેમકે તેમ કરવાથી ઝેરી બનેલું તીર પોતાના દુશ્મન ઉપર ચલાવ્યું હોય તો તેના ઘાથી તડફતો ૩૦ મીનીટમાં મરી જાય છે, તે લોકો ઊંદર-બીલાડી-કીડા વગેરેનાં નાક કાનમાં તે પાણીનાં ટીપાં નાખી તેઓને મારી નાખતા હતા. બેહોશ બનાવવાની દવા તમાકુમાંથી બનાવવામાં આવે છે એનો પ્રભાવ કલોરો ફોર્મ જેવો તરત અમલ કરે છે, તમાકુમાંથી બનાવેલી દવા ભીંત ઉપર છાંટવાથી માખી, મછરાં, પતંગીઆં, કરોળીઆ વગેરેની પીડા ઓછી થાય છે. તમાકુનો ધૂમાડો તેઓને પણ નુકશાનકારક છે.

આર્યો પ્રભાતે ન્હાવાને બદલે હોકાને ન્હવરાવે છે, પૂજાને બદલે ચલમની સેવા કરે છે. અને સ્તવના ધ્યાન જાપની જગોએ હોકાનું સ્મરણ સ્તવન કરે છે. અફસોસ ! હોકાનું પાણી જ્યાં ફેંકવામાં આવે છે ત્યાં વસતાં કે હરતાં ફરતાં જીવજંતૂઓ તરત મરણને શરણ થાય છે. આસપાસ બેઠેલા લોકોને બદબુથી કંટાળો આપે છે અને હવાને બગાડી મૂકે છે, તે હોકા ઉપર આટલો બધો પ્યાર ? જો બે દિવસનું વાસી હોકાનું પાણી હોય તો મળમૂત્ર કરતાં પણ વધારે ગંધાય છે. તેમજ હોકાની નૈ ઉપર હોકામાં દાખલ કરવાની જગોએ જે લુગડું વીંટવામાં આવે છે તે ઘણે ભાગે ધોતીયાના કે ઘાઘરા, સાલ્લાના ચીથરામાંનું જ હોય છે કે ગંદી વસ્તુના સંસર્ગમાં પસાર કરનારૂં હોય છે તેની છોશછાશ કર્યા વગર તે લપેટી તેનો કસ કુંકમાં લે છે એ શું ઓછી શોચની વાત છે ? શું એથી ધર્મ કર્મ નષ્ટ નથી થતાં? છતાં પણ માલમ નથી પડતું કે તેમાં શું લાભ સમજી તેનો ઉપયોગ કરી ખુશ રહે છે ? તેનેજ તાબે થઈ જાય છે અને તે પોતાનો ઇષ્ટદેવ થઇ પડે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોકો ચલમ કે બીડી પીનારાઓ પોતાની કમાણીના પૈસાથી આણેલી તમાકુમાં દેવતા કે દીવાસળી પોતાના હાથેથી મૂકી ખુશી થાય છે, એટલું છતાં તેના વધી પડેલા વપરાસને લીધે કસદાર જમીનમાં ઘઉં, અડદ વગેરે પૌષ્ટિક ચીજો વાવવાને બદલે હજારો વીઘાંમાં ઝેરી ચીજ વવાય છે.

તમાકુનો હિંદમાં પ્રવેશ—

અકબરશાહના વખતમાં **પોર્ટુગીજ** લોકો અમેરીકામાંથી તમાકુને આ દેશની અંદર લાવ્યા હતા. અકબરશાહે તેની તરફ વિશેષ ધ્યાન આપ્યું નહતું પણ **જહાંગીરશાહે** 'કતલુલ્મૂઝી કબલુલ્ઇજી' સમજીને બહુજ કઠણ દંડ તમાકુની વપરાસ માટે ઠરાવ્યો હતો. નાક, કાન કાપવાની સજા ફરમાવવામાં આવતી હતી. દશ બાર મનુષ્યોને લાહોરમાં કંઇક દિવસ રહેવા વખતે એ દંડ અમલમાં આણ્યો હતો. પરંતુ **આલમગીર**ના વખતમાં તમાકુને આલમગીરી મળી હતી. એથી એ ત્રણસો વર્ષના અરસામાં તો તે તમાકુએ દાંત, પેઢાં, કાન, નાક, સ્વર અને પાચનશક્તિ વગેરે બધાને હાની પહોંચાડવામાં કંઇ મણા રાખી નથી. **મલકારૂસે** પોતાના દરબારમાં હોકો પીનારને પેસવા નહીં દેવાનો ઓર્ડર ફરમાવ્યો હતો, અને તે ચાહતો હતો કે નાજુક મિજાજની સ્ત્રીઓને તમાકુના ધૂમાડાથી કે તેવા દુર્ગંધી મ્હોંની બદબુથી પીડા ન પમાડવી દુરસ્ત છે. પરંતુ દિલગીરીની વાત છે કે આજે તો સ્ત્રીઓ પણ તમાકુનો છૂટથી ઉપયોગ કરવા લાગ્યાના સમાચાર પણ કેઇ કેઈ જગોએથી આવી કાન ઉપર અથડાવા લાગ્યા છે. આ બધા દોષો મારા જાણવામાં હોવાથી હું તમાકુને નિંદું છું; તથાપિ તેને હું છોડી શકતો નથી; મેં મારા પુત્રને કદી તેનો ઉપયોગ ન કરે તેમ મેં આ બધી બાબત સારી પેઠે સમજાવી ઠસાવી દીધી છે.' આ પ્રમાણે વાત કરતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરતા બન્ને મિત્રો બહાર ચાલ્યા ગયા. પણ થોડો રસ્તો કાપ્યા પછી યાદ આવ્યું કે લાકડી છત્તરી ઘેર રહી ગઇ માટે લઇ આવીએ એથી તે બેઉ ઘેર આવ્યા અને જુવે છે તો છોકરો પલંગપર પડયો પડયો હોકો પી રહ્યો છે. તે પિતાએ અને તેના મિત્રે દીઠું એથી ડૉકટર ખિસીઆણો પડી ગયો. મિત્રે તે વખતે ડૉકટર પ્રત્યે કહ્યું-“મિત્ર! તમોએ સાધારણ રીતિથી બોલીને ઉપદેશ આપ્યો હતો; પરંતુ બોલેલા બોલોનો અમલ કરી પુત્રને બતાવ્યો નહુતો, એથી પુત્રે જાણ્યું કે-“ જો હોકો એ નઠારી ચીજ હોત તો મારા બાપુજી શા સારૂ પીત? પણ ફક્ત ખર્ચનો બચાવ કરવા માટે મને હોકો પીવાની મના કરતા હશે.’ એથી આ વખત આવ્યો.

બાળકો અને દાગીના—

ન્હાનપણમાં બાળકોને હાથે-પગે-ડોકે-કે કાને દાગીના પહેરાવવાથી તે તે ભાગને મળતું કુદરતી પોષણ નિર્બળ પડે છે ને તેથી તે તે અવયવો નબળા નીવડે છે. પરંતુ આ જમાનાની મોટાઇમાં સપડાઇ જનારી બ્હેનોને તે લત છુટતી નથી. જો કોઇ સમજદાર જન તેણીઓને આવી બચ્ચાંઓને ઘરેણાં પહેરાવવાની મના કરશે અને તેના ગુણ દોષ કહી બતાવશે તો તેને ખાસ વૈરી સમજે છે. પરંતુ તે પોતે નથી સમજતી કે એ વૈરી નથી પણ અમો પોતે જ પોતાનાં પ્યારાં ફરજંદોનાં સાચાં વૈરી-દુશ્મન છીયે. જે ઘરેણાને લીધે દર વર્ષ જગો જગોથી લોકોની મારફત અને ન્યુસપેપરોદ્વારા મહા શોકકારી ખબરો સાંભળીએ-વાંચીએ છીએ કે ઘરેણાની લાલચે અમુકના બાળકને અમુક પઠાણે મારી નાંખ્યો, અમુકને ઉપાડી ગયું, અમુકના હાથ પગ કાપી નાંખ્યા, અમુકની આજે કોઇ હરામખોરે કંઠી કહાડી લીધી, અમુકના કાનની વાળી ખેંચી લીધી જેથી લોહી દદડે છે, અમુક પગની કલ્લી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઝાંઝરી લઇ ગયો. વગેરે સમાચારો ચાલુ જ રહે છે, છતાં પણ પોતાના બાળકને દાગીના પહેરાવ્યા વગર રહેતી નથી. પહેરાવે છે તેનું કારણ તો એજ કે આપણા બાકળના શરીર ઉપર દાગીનાં ન હોય તો આપણી શ્રીમંતાઈ જ-ણાય નહિ. ગરીબ કંજૂસ જાણી કોઈ વેવિશાળ ન કરે, બાળકને લ્હાવો શો મળે ? દોલત શું દેવતા મૂકવાના કામની છે ? કાલ કોણે દીઠી છે. જે પહેરાવ્યું ઓઢાડ્યું તે ખરૂં, મનની હોંશ મનમાંને મનમાં રહે તે શું કામની, ઇત્યાદિ સબબોને વ-ળગી નાહક બાળકોનું ભૂંડું ચાહે છે. છેક ન્હાના બાળકને તો દાગીનો કંટાળો આપે છે, તેને ભાર લાગે છે, તેને ખૂંચે છે, વાગે છે તેથી તે રૂવે છે અને કુમળાં અવયવોને તેનાથી મળતું પોષણ રોકાય છે ને તેથી તે તે અવયવો વધવાને બદલે ગળી નિર્બળ થઇ જાય છે. વળી બાળકો દાગીનાની લતને લીધે ખુમારી-વાળાં બને છે જેથી પછી તેઓને ભણવું-લખવું-શીખવું સારૂં લાગતું નથી-ફકત દાગીના પહેરી રોફ મારવો જ ગમે છે, ત્રીજું દાગીના પહેરવાની ટેવને લીધે કોઇ વખત દાગીનો ન પહે-રવા આપ્યો તો તે દીલગીર થશે, કંકાશ કરશે, તોફાન મચાવશે એથી પણ તન મનને માઠી અસર થાય છે. ચોથું દાગીનાની જગોએ મેલ રહી જાય છે તેથી ગંદા અને ત્વચારોગવાળાં દે-ખાય છે. પાંચમું કોઇ તે લાલચથી-મારી લૂંટી કૂટી બાળકનો પ્રાણ લે છે, છઠું દાગીના પહેરેલું બાળક જરા છુટું પડે છે ત્યારે તેના જાનમાલનો ભય રહે છે. ઇત્યાદિ ઇત્યાદિ ગેરલાભ છે. જો તમોને તમારા પ્યારા બાળક તરફ ખરો પ્યાર હોય તો તે નુકસાન કરનારાં ઘરેણાં બાજુ પર મૂકી મનુષ્યનું સાચું ઘરેણું સદ્વિદ્યા કળા છે તે વડે તેને શોભાદાર શોભાદાર બનાવોને ? નાહક સોની, લુહાર કે ચોકસીનું ભલું કરી બાળકનું ભૂંડું કરવા કેમ તત્પર રહો છો? કેમ રૂપિયાના આઠ આના અગર સોના સાઠ કરો છો ? કેમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેના લોહીનાં તરસ્યાં બનો છો? કેમ તેને બદલે સારા મેવા માલતાલ કે જે મગજ બદનને જોરદાર બનાવે તે ખવરાવવામાં બેદરકાર રહી ઝેરની ગોળી રૂપ ઘરેણાં ઘડાવી લટકાવી તેમને જોખમમાં ઝોંકાવો છો? કેમ સારાં વસ્ત્રો પહેરાવીને જ સંતોષ માનતા નથી? દાગીનાની લાલચુ માતાઓ જરા ચેતો ને હિતાહિતનો વિચાર કરતાં બનો.

બાળઅંજન—

બાળકને જન્મથી માંડી પાંચ વર્ષનું થાય ત્યાં સુધી હમેશાં જરૂર કાજળ આંજવું. કાજળ ઘી કે એરંડીયાના દિવાથી પાડી ઘીમાં કાલવી તેની અંદર ઉમદા બરાસ, એલચી, ધોળા મરી ચીનાઇ સાકર થોડા પ્રમાણમાં નાખી કાજળ તૈયાર કરવું. અને બાળકની આંખ્યોમાં સાફ આંગળીથી (પહેલા ડાબી અને જમણી આંખમાં) કાજળ આંજવું. કે જેથી આંખ મોટી દેખાવડી અને રોગ રહિત બને છે.

બાળાગોળી—

નિયમીત રીતે ઉછેરતાં બાળકને કોઇ દવાની જરૂર જ નથી, છતાં કદિ જરૂર જેવું જણાય (દુર્બળ શરિર કે દરદોનો હુમલો થતો જણાય) તો અતિવિષની કળી, લીંડીપીપર અને ઉત્તમ બનાવટનો મંડુર. એ બધાં સરખાં લઇ પાણી સાથે ઘુંટી એક જીવ કરી મગ જેવડી ગોળીઓ વાળી ઉપયોગમાં લેવી જેથી બાળક બળવાન લોહીવાળું અને નિરોગી બને છે. અગર નીચે પ્રમાણે બાળાગોળી કરીને દેવી. એલચી, જાયફળ, લવીંગ, અજમોદ, કરમાણી, અજમો, દિવેચી અજમો, વાપુંભાં, મરડાશિંગ, કચ્ચાંનો ગોળો, ઇદ્રજવ, અતિવિષ, બીલીનો ગર્ભ, વાવડીંગ, સવા, સાકર, વાવેલી ભાંગ, કેસર, આંબાની ગોટલી, કાથો, સંચળ, ધાવડીનાં ફૂલ, સુંઠ, જાબુના ઠળીઆના મીજ, પિતપાપડો (ખાખરાની-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પાપડી). લીંડી પીપર, શોધેલો હિંગળોક, હરડેદળ, રાઇ, કાળું અને પીળું ખાપરિયું, ખોરાસાનો અજમો (શુદ્ધ કરેલો) શેષગુંદર, કડાછાલ, કચૂરો, ઓદાર, સુગંધીવાળો અને મોથ એ બધાં સરખાં લઇ ખાંડી વસ્ત્રગાળ કરી સાકર મેળવી દાડમના રસ સાથે ઘુંટી વટાણા જેવડી ગોળીઓ બનાવી છાંયડે સુકવી બાળકને રોજ ખવરાવવી કે જેવી સારી પેઠે તન્દુરસ્તી જળવાઇ રહે છે. બાળકને ઉંઘાડવા અફીણ કે અફીણવાળી બાળાગોળી કદી વાપરવી નહીં. કેમકે અફીણની આદતથી બાળક નબળું-એદી, મિજાજી અને પરાધીન બને છે. માટે બાળકને અફીણનો સ્પર્શ થવા દેવો નહિ.

બાળકને બળીયા શીળી કઢાવવાં—

મોટા ભાગે બાળકોને ઓરી-અછબા કે શીળીનો ભય વધારે રહે છે. શીળીના રોગને માતા-મસૂરિકા કે શીતળાના નામથી આપણે ઓળખાવીએ છીએ. મહોમેદનો ચેચક, બંગાળીઓ વસન્ત અને ઇંગ્રેજો સ્મૉલપોકસના નામથી ઓળખાવે છે. એ રોગ મહાન્ દુષ્ટ છે. એમાંથી ઉગર્યું એ મરણના મ્હોંમાંથી બચ્યું ગણાય છે અને બચી જાય છે તો પણ નિશાની થોડી કે ઘણી પણ રહેવા તો પામેજ છે. એના લીધે કોઇ કદરૂપાં, આંધળાં, લૂલાં, લંગડાં, કાણાં, ફૂલાવાળાં, ડગકતા ડોળાનાં, બહેરાં અને કૂબડાં બની જાય છે કે જેના લીધે તેઓનું જીવન નકામું જાય છે. એ રોગ ગર્ભાધાનથી જ બાળકના બદનમાં દાખલ થયેલો હોય છે; કેમકે રજસ્વળા ન થવાથી-ગર્ભ રહી રક્ત બંધ પડે છે તેની ગરમીથી બાળકના બદનમાં વાસ કરી રહે છે. જ્યારે જન્મ થાય છે ત્યારે વખત આવ્યે તે ગરમી બહાર ઉભરાઇ આવે છે; કારણ વિષદૂષિત વાયુને લીધે પોતે પ્રગટ થાય છે અને ચેપી સંસર્ગથી થનારો-ફેલાવનારો રોગ હોવાથી જે મોહોલ્લા કે ગામમાં જ્યાં એ એકને લાગુ થયો કે તે બધે ફેલાઇ વળે છે. એવા રોગીને દેશી રિવાજ મુજબ પડ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દામાં રાખે છે, કાળા લુગડાનો અને કોઇ ખરાબ જનનો પડછાયો પણ પડવા દેતા નથી. લીંબડાની ડાળીઓ તાજીને તાજી ઠેકાણે ઠેકાણે ત્યાં ખોસી રાખે છે. હવા સ્વચ્છ થવા સુગંધી ધૂપો કર્યાજ કરે છે. જવહરા વાવે છે, કેસરચંદનના છાંટા નાખે છે, અને કોઈને આવ જા કરવા દેતા નથી, ન કપડાં ધોવાં, ન હજામત કરાવવી, ન કોઇને દેવતા, દીવો આપે, એવો રિવાજ રાખે છે. જો કે આ સર્વ રિવાજો સકારણ છે, પરંતુ તેનું ખરૂં રહસ્ય સમજવામાં ન હોવાથી તે વ્હેમમાં ગણી તેને વળગી રહ્યા છે. લીંમડાની હવા તે ખરાબ હવાને દૂર કરનારી અને રોગી બાળકને શાંતિ આપનારી છે. આવજા પરછાયો વગેરે બંધ કરવાનું કારણ ઝાઝી ભીડ કચપચ ન થવા દેવા માટે છે. વધારે લોકોની આવજાથી દરદી કંટાળે છે, ઘરનાં માણસો આવનાર જનારની ઠઠમઠ સત્કાર વગેરેમાં રોકાવાથી દર્દીની બરોબર સંભાળ લઇ શકે નહીં, ઘણા જનોના સંસર્ગથી હવા બગડે છે, અને તે ચેપી રોગ હોવાથી એકથી બીજે જલ્દી ફેલાવો થાય છે અને બૈરીઓની નાહીમ્મત ભરી વાતોનું વાતાવરણ સબળ થવાથી દર્દી નાહિમ્મતદાર બને છે. ધૂપ, કેસર વગેરે સુગંધી પદાર્થો હવાને સુધારે છે, જવહરા વગેરે ગરમીને ઓછી કરનારાં સાધનો છે અને બોલચાલ દીવો દેવાના પણ આવ જા રોકવાને માટે જ છે. સહુથી સરસ અને સ્હેલો તો એજ ઉપાય છે કે બાળકને સીળી કોતરાવવી કે જેથી એ દુષ્ટ રોગનો ભોગ થતાં બાળકો અટકી પડે છે. કદાચ શીળી કોતર્યા છતાં શીળી નીકળે તો પણ બહુજ કમજોસમાં નીકળશે. શીળી કહડાવતી વખતે ખાસ એ સાવચેતી રાખવાની જરૂર છે કે જે બાળકનો ચેપ મુકવામાં આવે તે બાળક તન્દુરસ્ત-મજબૂત બાંધાનું જોવું, તેના વારસામાં રતવા, ચાંદી, કોઢ, ભગંદર, સંધીવા વગેરે દર્દોનો ઉતાર પ્રાપ્ત ન થયેલો હોય અને ભરવાડ, રબારી, કોળી,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભીલ, રજપૂત વગેરે શૂરી નિડર જાતનું હોવાની જરૂર છે. જો તેમાં ભૂલ થાય કે વ્હોરાના છોકરાનો ચેપ લેવામાં આવે તો તે બચ્ચું નબળું-નિસ્તેજ-નિર્માલ્ય બની આખર નકામું નીવડે છે, માટે તેની ચોકસી રાખી ચેપ લેવરાવવો કે જેથી સારૂં પરિણામ આવે છે. કેટલીક માતાઓ બાળકોને શીળી કહડાવવા ના પાડે છે. શીળી કાઢનારને લલચાવી પાછો વાળે છે અને શીળીથી બાળક હેરાન થાય છે એવું સમજી બેસે છે તે માબાપોની મોટી ભૂલ છે. બાળક તન્દુરસ્ત હાલતમાં અને ઘણે ભાગે શિયાળાની મોસમ હોય તો તરત શીળી કહડાવવી. તથા તે વખતે બાળકની તન્દુરસ્તી જાળવવાના ઉપાય માટેની કાળજી રાખવી એ બાળકના ભવિષ્યને નિર્ણય કરે છે.

બાળકોને પ્રાથમિક શિક્ષણ—

માતા અને પિતાએ પોતાના બાળકને સમજણ આવતાંજ વડીલો-સંતોની સેવા (વડીલો આગળ કેવી રીતે બોલવું, બેસવું, ઉઠવું, ચાલવું.) શીખવવી તથા કેમ ખવું, પીવું, સુવું, બેસવું, બોલવું, ચાલવું, કપડાં પહેરવાં વગેરે પણ સમયોચિત શીખવવું. હમેશાં વડીલોથી નમ્રતા હસતે ચ્હેરે શીશ નમાવવું, કામ જેટલું જ અને પૂછે તે સ્વાલના જવાબ પૂરતુંજ બોલવું, તમે ને બદલે આપ શબ્દ વાપરી વાત કરવી. સભ્યતા જાળવી રહેવું. કોઇને ઘેર જવાનું થાય તો વિવેકથી પરવાનગી લેવી, ખુલ્લે મ્હોંએ હસવું નહીં, વાત કરતાં વચમાં બોલી ડહાપણ બતાવવું નહીં, કપડાં વગેરે સંભાળીને બેસવું. કોઇનું અપમાન થાય તેવું વર્ત્તન ચલાવવું નહીં. કંઈ ચીજ મળે તે માતા પિતાની રજા શિવાય લેવી કે ખાવી નહીં. કોઇને અડપલું કરવું નહીં, ખરાબ શબ્દ ન બોલવો, માબાપને સવારે સાંજરે પ્રીતિ પૂર્વક પગે લાગવું, માબાપ વડીલો વગેરેની સ્હામે ન બોલવું, ટુંકારેથી ન બોલવું, કોઇ ચીજ માટે આડો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કજીયો કરી માબાપોને ન પજવવાં, રસ્તામાં સીધું ચાલવું, તોફાન કરવું નહીં, લવારો કરવો નહીં, કોઇ ચીજ બજારમાંથી લઇ બજારમાં જ ખાઇ જવી નહીં, પોતાની મરજી મુજબ કોઇ ચીજ ખરીદવી નહીં, જુઠું બોલવું નહીં, કોઇ જીવને સતાવવો કે મારવો નહીં, ભણવા-વાંચવામાં પૂર્ણ કાળજી રાખવી. તન્દુરસ્તી જાળવવી. વધારે બૈરાંના સહવાસમાં રહી અજ્ઞ સ્ત્રીઓના વિચારોને અંતરમાં ઉતારવા નહીં, કુળાચાર શીખવવો, દીવાને ફુંક મારી ન ઓલવવો. (એનો ધૂમાડો શ્વાસ સાથે મળવાથી આરોગ્યતા બગાડે છે,) સંધ્યા વખતે કોઇ ઝાડને અડવું નહીં, (એ વખતે તે ઝાડ ખરાબ હવા બહાર કહાડતું હોય છે) ભોજન ખૂબ ચાવી ચાવીને સભ્યતાથી જમવું, જમતી કે પાણી પીતી વખતે હસવું નહીં, જળાશયથી, અગ્નિ, આતશબાજીથી, મારકણાં ઢોર-ચોરથી, ઝેરી જાનવરથી, દુર્વ્યસનથી, અજાણ્યા જનથી દૂર રહેવું, કપડાં, શરીર સ્વચ્છ રાખવાં. મીઠી વાણી વડે દરેકને આનંદ આપવો, વહેલું સુવું, વહેલું ઉઠવું, કસરત કરવી, ખરાબ હવાથી બચવું, નાગું ન ફરવું, રાત્રીએ બહાર ન જવું, પૂજા દર્શન વગેરેની ટેવ પાડવી. (એમ કરવાથી આસ્તિક બને છે. અને શરીરની આરોગ્યતા વધે છે કેમકે દર્શનના સ્થળમાં-દેવમંદિરમાં ઉત્તમ રજકણોનું વાતાવરણ ઘટ બનેલું હોવાથી પવિત્ર રજકણોની પ્રાપ્તિ થાય છે. પૂજામાં ન્હાવાથી આરોગ્યતા જળવાય છે, ધૂપથી ખરાબ હવા મટી પુષ્પથી પ્રમોદ મળતાં હવામાં તરત ફેલનારા ઇથરોના સંબંધથી વિજળી વધે છે. પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. સ્તવન-ધ્યાન-જપથી મનોબળ-સંકલ્પની દઢતા વધે છે ને તેથી સુદઢતા મળે છે.) તે શિવાય જંગલ જઇ આવ્યા બાદ હાથ પગ મ્હોં ધોવા-દાતણ કોગળા કરવા-ન્હાવું, સર્વદા સારા ભાઇબંધોની સાથે રમવું ખેલવું વગેરે વગેરે શીખવવાની ફરજ અદા કરવી તથા તેને જે હુન્નર તરફ શોખ હોય તે હુન્નરની કેળવણી આપવી, તેમજ જે ભાષા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તરફ વિશેષ પ્યાર હોય તે ભાષાનું પૂરતું જ્ઞાન સદાચારી–સદ્‌વિચારી શિક્ષકથી અપાવવું, મતલબ કે ગૃહશાળામાં માબાપે ન્યાય–નીતિ–વિનય–વ્યવહાર વગેરેનું શિક્ષણ આપવું, અને જેમ ભવિષ્યમાં એક સ્વદેશરત્ન નીવડે તેમ ખંત રાખવી.

બાળશિક્ષણમાં રાખવાની સંભાળ—

બાળકને ખેંચીને છાતી સાથે લગાડવું નહીં, ઉતાવળથી પથારીમાં ફેંકવું નહીં, કયારે પણ તરછોડવું નહીં, એકદમ જગાડવું નહીં, શ્વાસ ચડયો હોય, પરસેવો થયો હોય, દસ્તની હાજત લાગી હોય તે વખતે તેને ધવરાવવું નહીં, ઉંચે ઉછાળવું નહીં, ગંદી જગામાં રાખવું નહીં, વિષમ સ્થાનમાં બેસારવું નહીં, લૂ, ગરમ પવન, વર્ષાદ, ધૂળ, ધૂમાડા તથા પાણીમાં રહેવા દેવું નહીં, તેને હમેશાં રાજી રાખવું, તેની ઈચ્છાઓ ખીલવવી તે કંઇ જોવા જાણવા ચાહે તો તેને તે દેખાડવું અને સમજાવી પછી આગળ વધવું. તેને સાચો પ્યાર બતાવવો, અને સદ્‌વર્ત્તનનો ચિતાર આપવો. તેમજ તેને વખતસર ધાવણ દૂધ ખોરાક આપવો. વાસી–ઠંડું–બહુ ગરિષ્ટ–નિઃસ્વાદ ભોજન આપવું નહીં. મળમૂત્ર–શરદીમાંથી તરત અલગ કરવું, રડવા માંડે તો તેના રડવાનું કારણ શોધી તાકીદે ઉપાય કરવો, તેને પહેરવાનાં વસ્ત્રો, બિછાનાં, ચાદર વગેરે સુવાળાં ખુશબુદાર રાખવાં. અને તેમને કશી વાતની અગવડ ન પડે તેમ કાળજી રાખવી. પક્ષિઓ ને ઉંદરો પણ પોતાનાં બચ્ચાં માટે પથારી બહુજ સુવાળી રાખે છે. ઉંદરો રેશમ સૂતરનાં કપડાં કરડે છે તે પોતાનાં બચ્ચાંને સુવાળી બિછાયત રાખવા માટેજ કરડે છે. જ્યારે પશુ પક્ષિયો પણ પોતાનાં બચ્ચાંઓને ઉછેરવા માટે પુષ્કળ કાલજી રાખે છે, ત્યારે મનુષ્યોએ તે પ્રમાણે નહીં બલ્કે તેથી વિશેષ કાળજી કેમ ન રાખવી જોઈયે ? પક્ષીયો પણ બહાર ફરી બચ્ચાંઓનું પોષણ કરવા દાણા વગેરે ખોરાક શોધી લાવી તેમને સંતોષે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે અને પછી પોતે ખાય છે. તેમજ બચ્ચું મોટું થાય ત્યારે તેઓને પોતાની પદ્ધતિ મુજબ ઉડવા બોલવા ખોરાક લેવા માટે બહાર ફરવાનું શીખવે છે અને એજ રીતે બીજાં પ્રાણિયો પણ પોતાનાં બચ્ચાને ઉછેરી પોત પોતાની પદ્ધતિ શીખવાડી મોટાં કરે છે. તો પછી મનુષ્યોએ તે કામ અવશ્ય કેમ ન કરવું જોઇયે? તેમાં પણ પુરૂષને માથે વ્યાપાર વગેરેનું જોખમ હોવાથી તેને લાંબો વખત ધંધામાં રહેવું થાય છે, જ્યારે સ્ત્રીને તો ઘર આગળ જ હોવાથી બાળકને સારૂં કે નરસું કરવાની જવાબદારી પ્રથમ તેને શીર છે. કેમકે સ્ત્રીથી જ બાળક જન્મ લે છે, સ્ત્રીને જ ધાવીને મોટું થાય છે અને પહેલ વ્હેલી ભલી બુરી તાલીમ પણ સ્ત્રીઓથી મળે છે. આ ઉપરથી સાબિત થાય છે કે બાળકને ઉછેરવાના જોખમી કામની જવાબદારી સ્ત્રીઓને જ શિર છે. જ્યારે પુરૂષે તેમાં મદદગાર થવું અગત્યનું છે. કહ્યું છે કેઃ—

उत्पादनमपत्यस्य जातस्य परिपालनम् ।
प्रत्यहं लोकयात्रायाः प्रत्यक्षं स्त्रीनिबंधनम् ॥

છોકરાંને ઉછેરવાં, છોકરાં પેદા થયા તેઓનું પ્રતિપાલન કરવું અને હમેશાં ઘરનાં કામકાજ કરવામાં તૈયાર રહેવું, એ સ્ત્રીનું પ્રત્યક્ષ કામ છે.

બાળકના રોગ પારખવાની રીત—

જે બાળક વધારે રડતું હોય તે બાળકને વધારે દરદ અને જે ઓછું રડતું હોય તેને ઓછું દરદ થાય છે એમ સમજવું. એટલે કે રોજના કરતાં જ્યારે વધારે રડતું માલમ પડે ત્યારે તેમ જાણવું. તેમજ જે જગાએ વારેવારે જે બાલક હાથ અડાડતું હોય તે જગાએ તેને દરદ થાય છે એમ સમજવું, અથવા તે જે જગાએ આપણો હાથ લગાડીએ કે દબાવીએ તે જગોથી શરીર ચોરે કે તે સ્થળનો સ્પર્શ થતાં રડવા માંડે, ત્યારે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યાંજ દરદ થાય છે એમ માનવું. આંખ્યો મીંચ્યા કરતું હોય તો માથાનો દુખાવો, જીભ, હોઠ કરડે, શ્વાસ જલ્દી લે, હાથની મુઠીઓ વાળે તો હૃદયમાંનો દુખાવો જાણવો. ઝાડો બંધ હોય, ઉલટી થતી હોય, આંતરડાં બોલતાં હોય, પેટ ચડયું હોય તો પેટમાં પીડા જાણવી. ઝાડો પેશાબ બંધ હોય, ત્રાસ પામી આમ તેમ નજર ફેરવતું હોય તો પેડુમાં કે ગુહ્યમાં પીડા સમજવી. અગર ગુદા ખજવાળતું જણાય તો પેટમાં કૃમિની પીડા છે એમ જાણવું.

બાળકના ખાસ રોગો—

બાળક શરૂઆતના ધાવણ વખતે ડીંટડી મ્હોંમાં ન લે, ધાવણ ઓકી કહાડે, મ્હોંમાં થૂંકીઓ આવે, મ્હોં આવે, ઝાડા થાય, રોયાજ કરે, ઝમકયા જ કરે, પેટ ઉછળ્યા કરે, ઉંચી આંખ ન કરે, ધાવે નહીં, શૂન્ય મૌન પડયું હાંફે, ગળામાં કફ બોલ્યા કરે, તાળવું બેસી જાય, કાન પાકે, ગુદા પાકે, રતવા થાય, ફેહો વા ફેલાય તાવ આવે, આંખ્યો દુખે, ગળતું જાય, ઝાડો પેશાબ બંધ થાય, લીલું હગે, ધોળું કે તરેહવાર મળનો રંગ–દેખાવ હોય, અને ત્વચા વિકાર, થાય એ બધા બાળકોના જ રોગ છે. (આમાં ગળું પડતું, વરાધ–વાવવી -ભાર–ડબો વગેરે રોગોનો સમાવેશ થઈ જાય છે.)

બાળ રોગો માટે ઔષધી—

જો બાળકને શરૂવાતમાં ડીંટડી દબાવવા તરફ અરૂચિ કે જ્ઞાન કમ હોય તો તેને સિંધાલૂણ, આમળાં, હરડેના વસ્ત્રાગાળ ચૂર્ણને મધ ઘી સાથે અથવા એઓની ચટણીરૂપ બનાવી તેની જીભ ઉપર આસ્તેથી ઘસવામાં આવતાં **તરત ડીંટડી મ્હોંમાં લઇ દબાવી ધાવવા લાગશે.**

જો બાળક ધાવણ ધાવીને ઓકી કહાડતું હોય તો ઉભી રીંગણી અને બેઠી રીંગણી (ભોંયરીંગણી) એ બન્નેના ફૂળનો રસ લઇ તેમાં મધ અને ઘી મેળવી પાવું. અથવા લીંડીપીપર,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પિપરીમૂળ, ચવક, ચિત્રામૂળ અને સુંઠ એ પંચકોલના વસ્ત્રગાળ ચૂર્ણને મધ ઘી સાથે મેળવીને ખાવું તો ધાવણ ઓકી કહાડશે નહીં.

જો મ્હોંમાં ધોળી છારી વળે-તે થૂલીઓ આવ્યો હોય તો દેશી કાળી ગજીઆણીથી જીભ ઉપરનો થર કહાડી નાખવો, તથા હીમજને શેકી લઈ સાકર સહીત પાણીમાં ઘસી જીભ ઉપર લગાવી મ્હોંમાથી લાળ નીકળે તેમ બાળકને રાખવું. અથવા ન્હાની એચલીને આખીને આખી બાળી વાટી મધમાં કાલવી જીભ ઉપર લગાડવાથી થૂલીઓ મટી જાય છે.

જો મ્હોં આવ્યું હોય તો-દારૂહળદર, હરડે, જીરૂં, તમાલપત્ર એઓના ચૂર્ણ મધ સહિત પાણીમાં નાંખી તે પાણીના કોગળા કરવા, તથા પીપળાનું છોડીયું ઘસી મ્હોંમાં ચોપડવું. અથવા ન્હાની એળચી, આસગંધ, કસ્તૂરી, વંશલોચન, શંખજીરૂ અને ધોળો કાથો એઓનું વસ્ત્રગાળ ચૂર્ણ મ્હોંમાં ભભરાવવું; અથવા મોરથુંથું ફૂલાવી તેમાં બમણો સોનાગેરૂ ભેળવી તેના પાણીના કોગળા કરવા. અથવા રતાંજળી, સોનાગેરૂ, લોહભસ્મ, રસવંતી એઓના વસ્ત્રગાળ ચૂર્ણને મધમાં કાલવી મ્હોંમાં લગાડવું. અથવા પીંપળની છાલ બળબીજ અને મધ એઓનો મ્હોંમાં લેપ કરવો જેથી મ્હોં આવેલું મટી જશે.

જો ઝાડા થતા હોય તો સુંઠ, અતિવિષની કળી, નાગરમોથ, સુગંધીવાળો અને ઇંદ્રજળ એઓનો કવાથ સવારમાં પાવો. અથવા ગળજીભી, ધાવડીનાં ફૂલ, લોદર, બિડલવણ અને મોરમાંસી એઓનો કવાથ પાવો. અથવા એઓનું ચૂર્ણ મધમાં કાલવી ચટાડવુ અથવા લીંડીપીપર, રસવંતી, અને મોથ એઓનું ચૂર્ણ સાકર સાથે આપવું, અથવા અજમોદ, ગજપીંપર અને લોદર એઓનો કવાથ પાવો જેથી ગમે તેવો બાળકનો ઝાડાનો રોગ મટે છે.

જો ઝાડો અને ઉલટી થતાં હોય તો-લીંડીપીપર, રસવંતી,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આંબાની ગોટલીઓનું ચૂર્ણ મધમાં કાલવી ચટાડવું. અથવા ડાંગરની ધાણી (મમરા), સિંધાલૂણ અને આંબાની ગોટલીઓનું ચૂર્ણ મધમાં કાલવી ચટાડવું અથવા સાકર, પીંપર, સિંધાલૂણ, સુંઠ, એલચી, મરી અને પીંપર એઓનું ચૂર્ણ મધ સાથે ચટાડવું. અથવા ડાંગરની ધાણી અને સિંધાલૂણના ચૂર્ણને બીજોરાના રસમાં પાવું, જેથી ઝાડો અને ઉલટી મટી જાય છે.

જો બાળક રાતે બહુ રોતું હોય તો-લીંડીપીપર, હરડાં, બહેડાં અને આમળાં એઓનું ચૂર્ણ મધમાં મેળવી ચટાડવું. અથવા જેઠીમધનું ચૂર્ણ પેઢાં ઉપર આસ્તેથી ઘસવું જેથી બાળક રોતું હોય તે બંધ પડે છે. (પણ જો કંઇ ડાંસ મછરાં માંકણ ચાંચડ વગેરે જીવડાંની પીડાથી કે ભૂખની પીડાથી રોતું હોય તો તેનો તપાસ કરી પછી ઉપરનું ઔષધ આપવાં યોગ્ય લાગે તો આપવું.) છછુંદરની હગાર, અડદ, બીલપત્ર, હળદર અને ગુગળની ધૂણી દેવી તો રાતે બાળક નહીં રૂવે.

જો ભાર રહ્યો હોય તો ઘોડાચોળી ગોળી યોગ્ય માત્રાએ આપવી. અથવા રેવંચીનીનો શીરો પાવો. એરંડીયું પાવું, અથવા બીજી કોઇ રેચક દવા કરવી. (પણ બાળકના દરદનું, બાળકનું, ઋતુનું પ્રમાણ જોઇ રેચક દવા વાપરવી.) તો પેટનો ભાર મટી જાય છે. અથવા કોળાનું કેસૂડાંનું કે બકરીની લીંડીઓનું બંધાણ (પેટ ઉપર) બાંધવું, જેથી દસ્ત સાફ આવી પેટનો દબદબો મટી જશે. (પીળી બાંગ બાફીને પેટે બાંધવાથી પણ આરામ થાય છે.)

જો ગળું પડયું હોય તો-તાળવાની જગોએ માથામાં ખાડો પડગો હોય ત્યાં વડનું દૂધ લગાડવું, અથવા હરડે, વજ અને ઉપલેટ એઓનું ચૂર્ણ મધ સાથે ચટાડવું, ગળું કરી જાણતું હોય તેને કંઇ આપી ગળું કરાવવું, અથવા તે સંબંધી યોગ્ય ઇલાજો ઉપયોગમાં લેવા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સૂકગળું હોય તો ગાયનું કે બકરીનું કાચું દૂધ સવારે પાવું.

જો વાવળી થઇ હોય તો શેકેલા સુવા સાથે સંચળ મેળવી બાળકની માને હરતે ફરતે ખવરાવવું જેથી લીલો ઝાડો તુરત અટકી સાફ પીળો ઝાડો આવશે અને અજીર્ણ મટી જશે.

જો વરાધ થઇ હોય તો-કસ્તૂરી, સોનાની ભસ્મ અને સ્વદેશી કેસર એઓને ધાવણ સાથે ઘુંટી પાવું, પાકા પાનમાં કાથો ચૂનો નાંખી તેને ઘુટી નિચોવી તેમાં જવખાર મેળવી પાવો. અથવા ગોરૂચંદન વાટીને પાવું, તથા કપાળે તેનો લેપ કરવો, જેથી વ ાધ મટે છે.

જો કાન પાકતો હોય તો-દેશી દારૂનાં કાનમાં ટીપાં પાડવાં. અથવા ડુંગળીનો રસ સહેજ ગરમ કરી સહેવાય તેવા કાનમાં નાખવાં અથવા અફીણનો કસુંબો કાનમાં નાખવો. અથવા ડમરો (મરવો) ના ટીપાં પાડવાં જેથી કાનની પીડા મટી જશે.

જો ગુદા પાકી આવી હોય તો-રસવંતી પાવી, અને રસવંતી ચોપડવી. અથવા શંખજીરૂ, જેઠીમધ અને રસવંતી એઓને પાકની જગોએ લેપ કરવો અથવા શંખજીરૂં, જેઠીમધ ને સુરમો વાટીને લગાડવો. જેથી પાકેલી ગુદા મટી જશે.

જો ડૂંટી પાકી હોય તો-હળદર, ઓદાર, ઘહુંલો, તેના ચૂર્ણને મધમાં લસોટી ડુંટીની આસપાસ કે પાક ઉપર લેપ કરવો, તો પાકતી ડૂંટી સારી થશે.

જો ડુંટીએ સોજો હોય તો-પીળી માટીને લાલચોળ કરી દૂધમાં ઘસી લગાડે તો ડૂંટીનો સોજો મટી જાય છે.

જો રતવા થયો હોય તો-વિસર્પ રોગને અટકાવનારા ઉપાયો ઉપયોગમાં લેવા. અથવા રક્ત-શુદ્ધી માટેના ઇલાજો કરવા. અથવા રતવેલીયાનું લાકડું ઘસીને પાવું. અથવા રતવા ઉજાવવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જો તાવ આવતો હોય તો-નાગરમોથ, હરડેની છાલ, લીંબડાની અંતરછાલ, કુકડવેલાનાં પાંદડાં અને જેઠીમધ એઓનો કવાથ-ઉકાળો નવશેકો પાવો. અથવા કડુ, સાકર અને મધ ચટાડવાં. અથવા ડાંગરની ધાણી, જેઠીમધ, મોરમાંસી, સાકર, રસવંતી એ-ઓનું ચૂર્ણ મધ સાથે ચટાડવું અથવા ડાંગરની ધાણી, શિલાજીત, મોરમાંસી, અને જેઠીમધ સર્વનું ચૂર્ણ મધ સાથે ચટાડવું. અથવા લીંડીપીપર, અતિવિષની કળી અને કાકડાસીંગ એઓનું ચૂર્ણ મધ સાથે ચટાડવું. અથવા સુદર્શન ચૂર્ણનો સ્હેજ કાઢો આ-પવો અથવા ભારંગ, વાળો, દેવદાર એઓને પાણીમાં વાટી પાવું. જેથી **બાળકના તમામ જાતના તાવ મટી જશે.**

બાળકને ખાંસી-ઉધરસ થઇ હોય તો-તપખીરનું ચૂર્ણ મધ સાથે ચટાડવું. અથવા વંશલોચનનું ચૂર્ણ મધ સાથે ચટાડવું. અથવા ભોંયરીંગણીના ફૂલોનું કેસર મધ સાથે ચટાડવુ, અથવા સિતોપલાદિ ચૂર્ણ મધ ઘી સાથે ચટાડવું. અથવા નાગરમોથ, અતિવિષની કળી, અરડૂસી, લીંડીપીપર અને કાકડાશીંગ એઓનું ચૂર્ણ મધ સાથે ચટાડવું. જેથી **બાળકની ખાંસી મટી જાય છે.**

ખાંસી ને શ્વાસ બે ભેગાં હોય તો-કાળી દ્રાક્ષ, અરડૂસી, હરડેની છાલ અને લીંડીપીપર એઓનું ચૂર્ણ મધ અને ઘીની સાથે ચટાડવું, જેથી **હાંફ અને ઉધરસ મટે છે.**

ઉટાંટીઓ થયો હોય તો-લવીંગને (ફુલવાળા) લઇ પાણીમાં ભીંજવી નરમ થયે તેની ૧૦૮ લવીંગની માળા પરો-વવી અને તે બાળકના ગળામાં નાખવી. અથવા લીંડીપીપર, ગેળોસત્વ, વંશલોચન, ન્હાની એલચી અને જેઠીમધનો શીરો એઓનુ ચૂર્ણ આદુના રસમાં મેળવી તેમાં મધ નાંખી બાળકને ચટાડવું. અથવા દિવસ ઉગ્યાં પહેલાં પોલી રાયણમાંથી બાળકને પસાર કરવું જેથી **ઉટાંટીઓ મટે છે.**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જો આંખ્યો દુખતી હોય તો દાઢમ, સોનાગેરૂ, મોથ, લોદર એઓનું ચૂર્ણ બકરીના દૂધમાં ઘુટી આંખ્યોની આસપાસ તેનો જાડો લેપ કરવો અથવા રસવતી, મનશીલ, શંખની નાભી અને પીપરનું ચૂર્ણ એઓની પરતી મધ સાથે ઘુંટી આંજવા જેવું થયે આંખ્યોમાં આંજવું અથવા દારૂહળદર, મોથ, સોનાગેરૂ એઓને બકરીના દૂધ સાથે ઘુટી આંખ્યોની આસપાસ લેપ કરવો, અથવા જળભાંગરો, સુંઠ, હળદર એ-ઓનો પુટપાકની રીતિ મુજબ પુટપાક કરી તેમાં સિંધાલૂણ મેળવી તેનાં ટીપાં પાડવાં, જેથી આંખ્યો દુખતી મટી જાય છે.

જો માથું દુખતું હોય તો બાળકના કાનમાં સરસીયા તેલનાં ટીપાં પાડવાં.

જો ગરમીથી પેશાબ બંધ થયો હોય તો રૂના પો-લમાં સુરાખારને લપેટી પાણીમાં ભીંજાવી ડૂંટી ઉપર તેના પાણીનાં ટીપાં પાડવાં.

જો ગરમીથી છોકરૂં અકળાતું હોય તો જહેરમો-રાખતાઇ (એક લીલા રંગનો પથરો આવે છે અને વ્હોરાઓને ત્યાં મળે છે તે) ને દૂધ સાથે ઘસી તેમાં ગુલાબજળ અથવા દૂધ સાકર મેળવીને પાવું અથવા ફાલસા, દાઢમનું ને શરબત પીવરાવવું.

જો હેડકી હિચકી આવ્યા કરતી હોય તો તે બાળકના છોકરાના નાકની અંદર લીંબડાની સળી ધીરે ધીરે ફેરવવી જેથી છીંક આવતાં હેડકી બંધ થશે. અથવા કડુને બારીક વાટી મધ સાથે ચટાડવું. અથવા કાળાં મરીના ચૂર્ણને મધ સાકર સહિત બિજોરાના રસમાં મેળવી ચટાડવું. અથવા માખીની હઘાર મધ સાથે ચટાડવી, અથવા નવસાદર ને કલીચૂનો પાણી સાથે ઘસી સહેજ સુંગાડવો જેથી માથાનો દુખાવો ને હેડકી મટી જશે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાયુને લીધે જો ચૂંક આવતી હોય તો-સુંઠ, એલચી, સિંધાલૂંણ, હીંગ અને ભારંગ એઓનું ચુર્ણ મધ ઘી સાથે ચટાડવું. અથવા ગોખરૂ, સિંધાલૂંણ, સુંઠ, દેવદાર, મોથ, વજ, પાષાણભેદ અને વાવડીંગ એઓનું ચુર્ણ ઘી સાથે ચટાડવું. અથવા હિંગાલ (કે ઘોડીની તાજી લાદને પાણીમાં ચોળી ગળી લઇ તેમાં જરા ચોખી હીંગ નાખી પાવી.) આપવું. જેથી **ચૂંક મટી જશે.**

જો ચામડી સંબંધી રોગ થયા હોય તો રાઇ, ઘરમાં ધૂમાડાથી બાઝેલાં બાઉવાં, ઇંદ્રજાલ એઓને છાશમાં વાટી તેનો લેપ કરવો, તો બાળકની ખસ, વિચર્ચિકા, સિંધ્મ એ રોગ મટે છે. અથવા વજ, ઉપલેટ, વાવડીંગ એઓનો કવાથ કરી તે નવશેકા પાણીથી બાળકને ન્હવરાવવું, જેથી દાદર, વિચર્ચિકા, ખરજ અને કરમિયાનો રોગ મટે છે. અથવા રાઇ, ઉપલેટ, ઘરનો ધુમસ, હળદર અને ઇંદ્રજાળ એઓને છાશમાં લસોટી શરીરે ચોપડવાં અથવા સુખડનું તેલ, કે કડવી બદામનું તેલ ચોળવું અથવા દેશી કેરબૉલિક સાબુથી ન્હવરાવવું અથવા આમળાંનું તેલ મશળવું જેથી ત્વચારોગ—**અળાઇઓ—ફોલ્લીઓ—કોહવા—ખસ વગેરે મટી જાય છે.**

જો મૂત્ર રોકાયું હોય કે રોકાતું રોકાતું ઉતરતું હોય તો લીંડીપીપર, કાળાં મરી, ન્હાની એલચી, સિંધાલૂંણ અને મધ એઓમાં સાકર મેળવી બાળકને ચટાડવું અથવા પેડુ ઉપર ઉંદરની લીંડીઓનો લેપ કરવો જેથી **સુખે પેશાબ ઉતરે.**

લાળ બહુ ગરતી હોય તો ઉપલસરી, તલ અને લોદર એઓનો કાઢો મધ સહિત પાવો અથવા મરાઠીનાં ફૂલ મધ સાથે ચટાડવાં.

વાઇ આવતી હોય તો વજ, સિંધાલૂંણ, લીંડીપીપર, સુંઠ અને ગોળ એઓનું પાણી કરી નાસ આપવો. (નાકમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રફતે સુંઘાડવું) અથવા અગથિયાનાં પાંદડાંના રસમાં મરીનું ચૂર્ણ મેળવી નાકેથી સુંઘાડવું અથવા ટીપાં નાખવાં જેથી મૃગીનો નાશ થાય છે.

સોજા આવ્યા હોય તો મોથ, પીઠાનાં બીજ, દેવદાર અને ઇંદ્રજળ એઓનું પાણી લસોટી લેપ કરવો.

ગડગુંબડ થયા હોય તો ઉંટનાં હાડકાં, કંકુ અને સિંદૂર એઓને ગાયના ઘી સાથે એકજીવ કરી ચોપડવું જેથી ન રૂઝાય તેવી ચાંદી-ધૂત-ગડ-ગુંબડ મટે છે.

પેટમાં કરમીયા પડયા હોય તો વાવડીંગનું ચૂર્ણ પાવું. કંપીલો અથવા સિંધવ, અતિવિષની કળી ને વાવડીંગનું ચૂર્ણ નવશેકા પાણી સાથે પાવું અથવા ઇંદ્રજળ, હરડાં, બેહેડાં, આમળાં, સુંઠ, મરી, લીંડીપીપર, વજ, લીંબડાની અંતરછાલ અને વાવડીંગનું ચૂર્ણ ગોમૂત્ર સાથે આપવું.

ગ્રહ દોષની શંકા હોય તો—સાપની કાંચળી, માથાના ઉતરેલા વાળ, ધોળા સરસવ, એઓને નીચેના મંત્રથી મંત્રી બાળકની આસપાસ ધૂપ દેવો.

ॐ नमो भगवते श्रीपार्श्वनाथाय श्रीवीराय नमः सत्यं सत्यवते स्वाहा અથવા ગુગળ, સાપની કાંચળી, નગોડ, વજ, ઉપલેટ, ધંતૂરાનાં બીજ અને ઘી એઓનો ઘરમાં ધૂપ દેવો.

સર્વ પ્રકારે બાળકને તન્દુરસ્ત રાખવું હોય તથા દીર્ઘાયુષી-બુદ્ધિશાળી સ્મરણશક્તિવંત બનાવવું હોય અને ગ્રહ દોષાદિથી દૂર રાખવું હોય તો—બ્રાહ્મી, ધમાસો, ઉપલેટ, સરસડાની છાલ, સિંધાલૂણ, લીંડીપીપર, અજમોદ એઓના ચુર્ણને ગાયના માખણમાં મેળવી પકવી તેમાંથી ઘી કહાડી લઈને બાળકને હમેશાં પાયા કરવું, અથવા પહાડમૂળ-કાળીપાઠ, ઇંદ્રજવ, સિંધાલૂણ, સરગવો, હરડેદળ, સુંઠ, પીપર, મરી એ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એના ચુર્ણને ગાયના માખણમાં નાખી તાવી ઘી કરવું અને તે બાળકને પાવું જેથી બુદ્ધિ, સ્મૃતિ અને અંગબળ વધે છે.

ઊંઘ ન આવતી હોય તો—તેના લમણા ઉપર ખસખસનું તેલ ચોપડવું. અથવા ખાતાં શીખ્યું હોય તો ખસખસ જરા ખવરાવવી.

શરદી જણાતી હોય તો—ફૂદીનો ઉકાળીને પાવો.

આંચકીઆવતી હોય—તો ધાણા સાકર રૂપિયા રૂપિયાભાર લઇ પાણીમાં ઉકાળી પાવું.

પેશાબ રોકાઇ જાય—તો કડવીનઈનું મૂળ પાણી સાથે ઘસી પાઇ દેવું.

દવાનું પ્રમાણ—

તરતના જન્મેલા બાળકને એક વાવડીંગ જેટલી દવા આપવી. બીજે મહીને બે વાવડીંગ જેટલી એમ દર મહીને વધાર્યે જતાં આઠ મહીનાનું થાય તે વખતે વાલ જેટલી અને વર્ષ દિવસ પછી એથી માત્રા-વજન વધારવું. ચાલે ત્યાંસુધી ધાવણ ઉપર જ ગુજારો ચલાવનાર બાળકનો રોગ મટાડવા બાળકની માતાને દવા આપવી. અને જો બાળકને દેવી જ પડે તો ધાવણ સાથે ઉપરના વજન મુજબ આપવી. દુધ અને અન્ન ઉપર ગુજારો કરનારને દુધ અને અન્ન સાથે દવા આપવી, અને અન્ન ઉપર ગુજારો કરનારને અન્ન સાથે જ દવા આપવી.

કર્ણવેધ સંસ્કાર—

આઠમે નવમે મહીને અથવા ત્રીજે-પાંચમે સાતમે વર્ષે કાન વિંધાવવા, તથા અશ્વિની, રોહિણી, મૃગશિરા, પુનર્વસુ, પુષ્પ, ઉત્તરાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, અનુરાધા, ઉત્તરાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, ઉત્તરાભાદ્રપદ, અને રેવતી એ નક્ષત્રો પૈકીનું નક્ષત્ર, નંદા જયા પૂર્ણાભદ્રા તિથિ પૈકીની તિથિ (૪-૮-૧૪) એ તિથિ ન હોય, અને રવિ, મંગળ, ગુરૂવાર તથા સારો યોગ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લગ્નશુદ્ધિ હોય ત્યારે કાન વિંધાવવા. એમાં પણ લગ્નશુદ્ધિમાં ૩–૧૧ ભુવને શુભ ગ્રહ હોય, શુભ ગ્રહના સ્થાનમાં પાપગ્રહો ન હોય તે વખતે કાન વીંધાવવા.

કેશવપન સંસ્કાર—

જન્મથી સવા વર્ષનું બાળક થાય તે વખતે તેના વાળ ઉતરાવવા. અને તે જે દિવસે મૃગશિરા, પુનર્વસુ, હસ્ત, ચિત્રા, સ્વાતિ, જયેષ્ઠા, શ્રવણ, ધનિષ્ઠા અને રેવતી એઓ પૈકીનું નક્ષત્ર હોય, ૧–૨–૩–૫–૭–૧૦–૧૧–૧૩ એ પૈકીની તિથિ હોય, સોમ, બુધ કે શુક્રવાર હોય, તે દિવસે ચંદ્રબળ જોઈ બાળ-વાળ ઉતરાવવા. જે રૂમાલમાં વાળ ઉતરાવ્યા હોય તેમાં રૂપાનાણું નાખી, હજામને ખુશ કરવો. પછી બાળકનું માથું ગૌદુધથી ધોઇ સાફ પાણીથી સાફ શુદ્ધ કરી ન્હવરાવી, સ્વજન સ્વજનોને જમાડવાનો બંદોબસ્ત કરવો અને દેવ ગુરૂ ધર્મની પવિત્ર ભક્તિ (દ્રવ્યભાવથી) કરી આનંદ પ્રાપ્ત કરવો.

ઉપનયન સંસ્કાર—

આઠ વર્ષની ઉમ્મરનો થતાં ઉપનયન સંસ્કાર કરવો. (પહેલાં તો વિધિ સહિત જૈનોપવિત (જૈનોઇ) આપવામાં આવતું હતું. પણ હવે તે રિવાજ બંધ પાડવામાં આવ્યો છે. અને ફકત પૂજા પ્રસંગે જનોઈ પેઠે અંતરવાસી રાખે છે) ઉપનયન સંસ્કાર કરવામાં આવે તે દિવસે અશ્વિની, મૃગશિરા, પુનર્વસુ, પુષ્પ, હસ્ત, ચિત્રા, સ્વાતિ, શ્રવણ, ધનિષ્ઠા અને રેવતી એ પૈકીનું નક્ષત્ર હોય, ૨–૩–૫–૭–૧૦–૧૩ એ તિથિ પૈકીની તિથિ હોય, બુધ, ગુરૂ, શુક્ર, એ વાર પૈકીનો વાર હોય કે (તે દિવસે) નિર્ગ્રંથ ગુરૂની પાસે બાળકને લઈ જઇ સ્વધર્મ મંત્રનો વાસક્ષેપ કરાવવો. કેમકે જનોઈ આપ્યા પછી બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, ધર્મસંસ્કારી થયાં ગણાય છે, તેમજ શ્રાવક વાસક્ષેપ કરાવ્યા પછી જૈની ગણાય છે અને મહોમેદનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ બિસ્મીલ્લાઃ કરાવ્યા પછીજ સચ્ચા દીન-ઈસ્લામી મનાય છે. એટલે કે દરેક ધર્મની અંદર જનોઈ-કંઠી-વાસક્ષેપ-ધર્મ-મંત્ર વગેરે કરવા પછી જ તે ધર્મસંસ્કારી થયો લેખવાય છે. ધર્મ અને ધર્મમંત્ર-નમસ્કારમંત્ર વડે જ બધાઓ આરામ અને ચેન પ્રાપ્ત કરી શકે છે; માટે તે અવસરે પણ દાન, ભક્તિ, પૂજા ઈત્યાદિ કરી સુમાર્ગમાં યથાશક્તિ ધન વાપરવું. (જ્યાં ગુરૂનો યોગ ન હોય ત્યાં વાજતે ગાજતે દેવમંદિરમાં જઈ બાળકને પોતે માબાપે જ આજ્ઞા આપી મંત્ર આપવો.)

વિદ્યારંભ સંસ્કાર—

દુનિયામાં વિદ્યાકળા સમાન બીજી એકે પણ અમૂલ્ય વસ્તુ નથી; કેમકે બધી વસ્તુ વિદ્યાકળાથી જ જાણવામાં આવે છે, જેથી તે બધાની માતા વિદ્યાકળા જ છે. ધન દોલત આજે છે, કાલ જતી રહેશે, પણ વિદ્યા પ્રાપ્ત થયેલી કદી પણ જતી રહેતી નથી. ચોર, અગ્નિ, જળ, ભાગીયા, રાજદંડ વગેરેનો દોલતને શિરે ભય છે, પણ વિદ્યાકળાને તે કોઇનો ભય નથી. રાજા પોતાના જ રાજ્યમાં સત્કાર પામે છે, અને વિદ્યાકળાવંત જ્યાં જાય, ત્યાં માન સત્કાર મેળવે છે. વિદ્યાકળાનો ભાર ઉપાડવો પડતો નથી કે કશું કષ્ટ વેઠવું પડતું નથી, છતાં હમેશાં તે સુખાનંદ આપે છે. જે માબાપો પૈસાના ગર્વથી પોતાનાં સંતાનોને વિદ્યાકળાની પૂરી અને ઉંચી કેળવણી નથી આપતા તે તેના શત્રુ છે. નિશાળે જવાથી બહારની હવાનો લાભ મળે છે, નવી નવી બાબતો જોવાથી અનુભવી થાય છે, નિડર બને છે. મહેતાજીની ધાકથી દાબથી સારી રીતે શિક્ષણ મેળવી શકે છે અને તેમ કરવાથી ખોરડાનો મુન્સી ન બનતાં મંડળ, દરબારમાં માહાલનાર મુન્સી થાય છે; માટે બાળક પાંચ વર્ષનું થાય કે નિશાળે જતું કરવું જ ઉચિત છે. કેટલાક ગ્રંથો આઠ વર્ષની ઉમર પછી વિદ્યારંભ સમય બતાવે છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ને વીશ વર્ષની ઉમર થાય ત્યારે અવધિ પૂર્ણ થયો લેખવે છે. એટલે કે બાર વર્ષ વિદ્યાગ્રહણનો ઉમદા સમય છે. તેમજ બાળક આઠ વર્ષનું થવાથી શરીર બળવાનું થાય જેથી તે વિદ્યા પરિશ્રમનો બોજો ઉઠાવી શકે છે. ન્હાની-કુમળી વયથી ભણવાનો વધારે બોજો પડવાથી બાળક દુર્બળ બનવા સંભવ છે, માટે એ બન્નેમાંથી જે યોગ્ય લાગે તેમ કરવું.

વિદ્યારંભમાં અશ્વિની, મૃગશિરા, આર્દ્રા, પુનર્વસુ, પુષ્પ, અશ્લેષા, પૂર્વાફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, મૂળ, પૂર્વાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતભિષા, અને પૂર્વાભાદ્રપદ એ નક્ષત્રો પૈકીનું નક્ષત્ર હોય, ૨-૩-૫-૧૦-૧૧-૧૨-૧૩ એ પૈકીની કોઇ તિથિ હોય, રવિ, સોમ, બુધ કે ગુરૂવાર હોય, કિંવા શુક્રવાર હોય અને ઉત્તમ લગ્ન હોય તે સમય સૂર્યસ્વર ચાલતાં બાળકને વિદ્યાભ્યાસ શરૂ કરાવવો, જેથી વિદ્યાફળો તાકીદે પ્રાપ્ત થાય છે.

ભણાવનાર સારા આચાર વિચારનો, કુળવાન્, શાંત, પરોપકારી, દયાળુ, ગુણવાળો હોવો જોઇયે. કેમકે તેની મારફતથી ધાર્મિક-વ્યવહારિક કેળવણી મળવાની હોવાથી જો તે સારી ભાવનાવાળો ન હોય તો તેના સહવાસ-સંસ્કારથી તેવાજ ગુણોની બાળકને અસર થાય છે.

શિક્ષણમાં માતાના સંકલ્પબળની અસર—

બાળકોના ભેજાની ખીલવણી તેની માતાના વિચારોના બળ ઉપર આધાર રાખે છે. માટે જ પ્રજાને સ્વતંત્ર ભેજાની સુશિક્ષિત તેમજ કળાપૂર્ણ બનાવવા માતાઓને સંસ્કારી બનાવવાની જરૂર છે. વિજયવંત વજ્રસ્વામી, વિદ્યાવિશારદ યશોવિજયજી, શ્રીમદ્ શંકરાચાર્ય, ગૌતમબુદ્ધ, મહમદ સાહેબ વગેરે અનેક સમર્થ ભેજાના પુરૂષોના ગુણગાન આપણે કરીએ છીએ તે માતાના ફળ સંકલ્પ અને ઉત્તમ ગુરૂ શિક્ષણનું ફળ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે. હાલ પાશ્ચિમાત્ય પ્રદેશમાં સંકલ્પબળનો પ્રચાર થવાથી ત્યાં ઘણાં બાળક સારા પેદા થાય છે એવી પ્રતીતિ મળી રહી છે. જુઓ લંડન શહેરમાં માસ્ટર લેમ્બર્ટ નામનો એક છોકરો છે. તેની માતાના સંકલ્પબળથી તે જન્મ્યો ત્યારે ૨૩ શેર વજનનો હતો. તેની ભૂખ રાક્ષસી હતી, અને તે પંદર દિવસનો થયો કે તેના તોલમાં દશ શેરનો વધારો થયો હતો! અમેરિકાના ચિકાગો શહેરમાં કોલેટ્ટારેગન નામની છોડી છે, તે તેણીના માના સંકલ્પબળથી ઘણીજ ન્હાની ઉમરમાં હીંડતાં શીખી છે, કે તેણીને જોઈ મોટા ડાકટરો પણ હેરત પામે છે. ત્રણ દિવસની થઈ કે તે પેટે ચાલવાને ઉભી થઇ. ટગુમગુ આખા ઓરડામાં ફરવા લાગી. તે પોતાની મેળે ધાવણની શીશી લઇ ધાવતી હતી અને તાલબંધ ટકોરા વગાડી શકે છે! ન્યુબન્સ્વીક પ્રગણાના ડોનાલ્ડમરફી નામના છોકરાએ તેની માતાના સબળ સંકલ્પ સંસ્કારથી છ વર્ષની ઉમરમાં જ નવાબ સરખા રમકડાનું 'પેટન' મેળવ્યું હતું! ઇલીનો શહેરના આલબર્ટ સ્મીથ નામના છોકરાએ માતાની સંકલ્પ સિદ્ધિવડે બાર વર્ષની ઉમરે હોડી હંકારવાના એક નવા સાંચાની શોધ કરી 'પેટન્ટ' મેળવ્યું હતું. બ્રુકલીન શહેરના જ્યોર્જ ઓનસ્ટેડ નામના છોકરાને તેની માની સંકલ્પસિદ્ધિને લીધે અગ્નિમાંથી બચવાના સાંચાની શોધ માટે ૧૨૦૦૦૦ રૂપિયા મળ્યા હતા. સેમ્યુઅલ કોલ્ટે ફક્ત પંદર વર્ષની જ ઉમરે પોતાની માના સુદૃઢ સંકલ્પ સંસ્કારથી પ્રખ્યાત રીવોલ્વરની બનાવટ સંબંધી શોધ મેળવી હતી! વિદ્યુત્શાસ્ત્ર પારંગત સુપ્રસિદ્ધ મી. એડીસને સત્તર વર્ષની ઉમરે પોતાના માના મનોબળ સંસ્કારવડે પોતાની મેળે કામ કરતા તારના એક યંત્રની શોધ કરી હતી! જર્મનના લ્યુબેક શહેરમાં ક્રિશ્ચિયન હેઇને કે જે એક વર્ષની ઉમરમાં જ પોતાની માના સંકલ્પ બળવડે વાંચવા માંડ્યું હતું અને ત્રણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વર્ષનો થતાં પેહેલાં તેણે લખવું શરૂ કર્યું હતું ! **એરેટીયર** નામનો પ્રખ્યાત ભાષાશાસ્ત્રી પોતાની માના ઉત્તમ સંસ્કાર સંકલ્પથી પાંચ વર્ષની જ ઉમર થતાં પહેલાં ફ્રેંચ, લેટીન, અને જર્મની ભાષા બોલી શકતો હતો. અને દશ વર્ષનો થતાં પહેલાં તેણે હીબ્રુ ભાષાનો એક કોષ રચ્યો હતો ! **જેમ્સક્રીસ્ટન** નામનો પ્રસિદ્ધ બુદ્ધિશાળી વીશ વર્ષની ઉમરે પહોંચતાં સર્વ વિદ્યાકળામાં નિપુણ નીવડયો હતો. તેમજ દશ જાતની ભાષાઓમાં ઘણીજ સરલતાથી લખતો વાંચતો હતો, અને સંગીત વાદ્ય અશ્વારોહણ કળામાં પણ પૂર્ણ કુશળ હતો ! યૂરોપના સેન્ડોને હઠાવનાર પ્રખ્યાત ઇંડિયન સેન્ડો પ્રોફેસર **રામમૂર્તિ** કે જે કળિયુગનો ભીમ કહેવાયો છે તે માતાના સંકલ્પ બળવડે યુવાન વયમાં જ મહાન્ પરાક્રમ બતાવી વિશ્વવિદિત થયો છે ! **ગ્વાલીયર** સ્ટેટની અંદર બાબુ **તોતારામ** ગૃહસ્થ સારા હોદ્દેદાર છે તેમના પુત્ર **શંકરાનંદ** માતાપિતાના જબરદસ્ત સંકલ્પબળથી ફક્ત ચાર વર્ષની ઉમરનો થતાં વાલ્મીકી રામાયણના સંસ્કૃત શ્લોકો મધુર સ્વરે ગાવા લાગ્યો, અને આઠ વર્ષનો થતાં પ્રમાણભૂત ગણાતા મોટા મોટા લેખકોનાં પુસ્તકોનો ઉંડો અભ્યાસ કરવા માંડયો; અને તેર વર્ષનો થતાં તે પંજાબની યુનિવર્સીટીની સંસ્કૃત ભાષાની એમ. એ. ની પરીક્ષામાં પાસ થયો. જામનગરના પ્રખ્યાત શાસ્ત્રી **કાળીદાસ** ગોવિંદજી તેમજ **ગટુલાલજી**એ ફક્ત ૮–૧૦ વર્ષની ઉમરમાં જ અષ્ટાધ્યાયી કંઠસ્થ કરી વિદ્વાનોને આનંદ આપ્યો હતો ! શ્રીમતી **લક્ષ્મીબાઇ** રાણીએ માતાના દૃઢ સંકલ્પ બળવડે ઘણીજ ન્હાની ઉમરમાં અશ્વારોહણ, શસ્ત્રવિદ્યા અને શૌર્ય ધૈર્યતાદિ પ્રાપ્ત કરી હતી, અને અમલમાં પણ આણી હતી ! મિસીસ **એનીબીસેન્ટે** પણ તે જ બળથી પ્રખ્યાતી મેળવી છે. **વિકટોરિયન સારડોના** પ્રમુખપણા હેઠળ ચાલતી **સોસાઇટી ઓફ ડામેટીક ઓથર્સ** નામની સંસ્થામાં એક દશ વર્ષની બાળાએ ઘણાં નાટકો રચ્યાં છે. તે

ણીજ ન્હાની વયથી લખતાં વાંચતાં શીખી હતી. તેણીએ પાંચ વર્ષની ઉમરમાં તો લંડનની અંદર પ્રિન્સેસ માટે પોતાની રચેલી કેટલીક કવિતાઓ ગાઇ હતી. આશ્ચર્ય લાયક એ છે કે તે ભાષાજ્ઞાનથી અનભિજ્ઞ હતી; છતાં જ્યાં નજર કરે ત્યાંથી સાર ગ્રહણ કરી માણસનો મનોભાવ જાણી નાટક-નવલકથા વગેરે રચતી હતી! મિરાંબાઇ, કર્માદેવી, તારામતી વગેરે વિશ્વવિખ્યાત સ્રીરત્નોએ પણ પોતાની માતાના સુદૃઢ સંકલ્પ બળની સબળ અસરવડે જ પોતાની અમરકીર્તિ કરેલ છે. ડા. યંગ બે વર્ષનો થતાં પૂરછટાથી વાંચતો હતો, ચાર વર્ષનો થતાં પહેલાં તેણે બે વખત બાઇબલ અથેતિ વાંચ્યું હતું. તથા સાત વર્ષની ઉમરે ગણીતશાસ્ત્ર શરૂ કર્યું હતું, તેમજ લેટીનગ્રીક, હીદું, ફ્રેંચ, ઈટાલિયન, વિગેરે ભાષાઓ, ગણીતનામું, ઈજિનેરીકામ અને દુર્બીન બનાવવાનું કામ પૂર્ણ પણે તેણે જાણી લઇ ચૌદ વર્ષની ઉમરે સારા શિક્ષકની લાયકાત મેળવી હતી! વિલિયમ ડૉમન હેમીલ્ટન ત્રણ વર્ષની ઉમર થતાં પહેલાં હીદું ભાષાનો અભ્યાસી થયો હતો. અને સાત વર્ષની ઉમર થતાં તે ભાષાની પૂર્ણતા સંબંધી ડબ્લીનની ટ્રીનીટી કોલેજના ફેલોને પણ કબૂલ કરવું પડયું હતું કે 'ફેલોની જગાના ઉમેદવારમાં પણ આના જેટલું જ્ઞાન નહીં હશે.' તેર વર્ષની ઉમરે તેણે તેર જાતની ભાષાનું સારૂં જ્ઞાન મેળવ્યું હતું. અને યૂરોપની અંદર હાલમાં બોલાતી તથા અસલની ભાષાઓ ઉપરાંત અરબ્બી, ફારસી, સંસ્કૃત, હિંદી અને મલય ભાષાનું પણ ઉત્તમ શિક્ષણ મેળવ્યું હતું! વગેરે વગેરે ઘણા દાખલાઓ જોવામાં આવે છે. અને એ બધો પ્રતાપ માતા પિતાના મહાન સંકલ્પ સંસ્કારનોજ હોય છે. માટેજ ગર્ભાધાનથીજ ઉચ્ચ સંસ્કાર સબળ સંકલ્પ વડે જે જે કળા, જેવું જેવું રૂપ, જેવી જેવી શક્તિ આપવા ઉદ્યુક્ત રહેવાશે તે ધારણા પ્રમાણેજ સંતતી પેદા કરી શકે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તૃતીય પરિચ્છેદ.

પુત્રી શિક્ષણ—

પૂર્વકાળમાં સ્ત્રીઓ ચોસઠે કળાઓમાં નિપૂણતા ધરાવતી હતી અને એટલી બધી ઉચ્ચ પદની અધિકારિણી હતી કે જેથી મરૂદેવીનંદન ઋષભ, અચિરાનંદન શાંતિ, શિવાદેવી માત મલ્હારનેમિ, વામા સુત પાર્શ્વ અને ત્રિશલા તનય વીર, દેવકીનંદન કૃષ્ણ, કુંતિપુત્ર યુધિષ્ઠિર, કૌશલ્યાનંદન રામ અને સુમિત્રા પુત્ર લક્ષ્મણ એમ સ્ત્રીઓના નામથી ભૂમિભૂષણોનું ઓળખાણ આપતું હતું. તે માતાઓ સંસ્કૃત ભાષામાં જ પોતાની સંતતિને બોલતાં શિખવતી, અને માની જ શિખવાડી માના ખોળારૂપ પાઠશાળાથી પ્રાપ્ત થનારી પહેલી શિક્ષા મેળવવાનો હક્ક હોવાને લીધે મદરટંગ, માદ્રી જુધાન માતૃભાષા અમારી અમુક છે એમજ કહેવાનો પરાપૂર્વથી રિવાજ છે. કોઈ નથી કહેતું કે ફાદરટંગ. પિદ્રી જુબાન, પિતૃભાષા અમારી અમુક છે. શી રીતે કહી શકે ? પિતાથી મળેલી હોય તો કહી શકેને ? પિતા એમ. એ. બી. એ. હોવા છતાં તેનાં બાળક અંગ્રેજી, સંસ્કૃત બોલી શકતાં નથી, પરંતુ જો માતા વિદ્વાન હોય તો તેનાં બાળક અવશ્ય તે ભાષા સહેલાઈથી બોલી શકે છે માટે સહુથી પહેલાં સ્ત્રીઓનેજ વિદ્યા ભણાવવાની જરૂર છે. ફ્રેંચ લોકોમાં કહેવત છે કે– " **જો આપણાં બાળકોને સુધારવાની ઇચ્છા હોય તો આપણે તેમની માની માને સુધારવી જોઇએ.** એટલે કે જો દાદીમા સારૂં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શિક્ષણ પામેલી હોય તો તે તેણીના પુત્રીને સારૂં શિક્ષણ વારસામાં આપેજ આપે અને તેણીનાં બાળકોને સારા શિક્ષણની લ્હાણ મળેજ મળે. માટે માની માને સુશિક્ષિત બનાવવાની જરૂર છે." નેપોલીયન બોનાપાર્ટ તથા જ્યોર્જ વોસિંગ્ટન અને ગ્યારિબલ્ડી વગેરે પ્રસિદ્ધ પુરૂષોનું પણ એજ કહેવું છે કે **"જો દેશની આબાદી ચડતી ચાહતા હો તો સ્ત્રીઓને સ્તુત્ય શિક્ષણ આપી કાબેલ કરો કે જેથી ભવિષ્યમાં થનારી પ્રજા ધીર, વીર, ગુણજ્ઞ નીવડી સ્વદેશને તારે."** માટેજ તમો તમારી પુત્રિયો, ભવિષ્યમાં થનારી પ્રજાની માતાઓને ઉંચી કેળવણી આપો. પુત્રોની પાછળ પૈસાની અપાતી આહૂતી જેટલીજ પુત્રીઓને ભણાવવા પાછળ કાળ ધનની આહુતી આપો, અને તેમને કળા કૌશલ્ય પ્રાપ્ત કરવા અધિકારિણી બનાવવા પ્રયત્ન કરો કે જેથી સહેજમાં સ્વદેશની સુધારણા થશે. જ્યાં લગી સ્ત્રીઓ રૂપી ક્ષેત્રને સુધારી સંસ્કારી કર્યું નથી, ત્યાં સુધી સુત્ય સંતતી રૂપી બીજ અધિક ફળ આપી આનંદમાં ગર્ક નહીં થવાશે. કેટલાકો કહે છે કે-"શું સ્ત્રીયોને ભણાવી થોડીજ નોકરી કરાવવી છે ! છોકરા ભણશે તો રળીને ખવરાવશે ને ઘરનું બારણું ખુલ્લું રાખશે." તેઓને પૂછીશું કે શું વિદ્યાનું ફળ ફક્ત નોકરીજ છે ? શું જાપાન, જર્મન, ગ્રેટબ્રીટન, અમેરિકાની સ્ત્રીઓ નોકરીની દરકારથી વિદ્યા કળા શીખે છે ? તેમ નથી. તેણીઓએ જવામર્દ, હુન્નરબાજ ને ગુણજ્ઞ પુત્ર, પુત્રીઓને જન્મ આપી વીરતા, ધીરતા બતાવી સ્વદેશ સુધારણા કરી રહી છે.

માતાના વિરત્વનું ફળ—જાપાનની લડાઈ વખતે એક સ્વદેશાભિમાની વીર માતાએ પોતાના પ્રાણની એટલાજ માટે આહૂતી આપી હતી કે, પોતાનો એકનો એક વીર પુત્ર સ્વદેશ સેવામાં જોડાઈ નહોતો શકયો. કેમકે જેને એકથી વધારે પુત્રો હોય તેનીજ લશ્કરમાં ભરતી કરવી; પણ એકજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પુત્ર હોય તો તેની ભરતી કરવી નહીં. કેમકે તે એકજ હોવાથી કદાચિત્ અકસ્માત્ રણમેદાનમાં મરણને શરણ થઇ જાય તો વંશવૃદ્ધિ નિર્મૂળ થઈ જાય. અને પાછળ રહેલાઓનું પોષણ ન થાય. આ કારણથી તે વીરમાતાના એકજ પુત્રની લશ્કરમાં ભરતી થઇ શકી નહી. માતાના જાણવામાં એ વાત આવવાથી તેણીને વંશવૃદ્ધિની તો ફિકર ન હતી, પણ પોતાના પોષણની જંજાળ હતી જેથી વિચાર આવ્યો કે–" હું મારા પુત્રની વીરત્વતા ઝળકવા માટે અને સ્વદેશની સેવા અર્થે મારા પ્રાણનોજ ભોગ આપી દઉં કે જેથી મારા પુત્રને નિર્વિઘ્ને લશ્કરમાં જોડાઇ જવાનો વખત મળે. " એમ નિશ્ચય કરી મરવાની તૈયારી કરી અને એક પત્રમાં તેણીએ લખ્યું કે–" હું સ્વદેશ સેવાની ખાતર પ્રાણનો ભોગ આપી તને ઉપાધિથી મુક્ત કરૂં છે; માટે હવે વ્હાલા પુત્ર ! દેશ ભક્ત થા અને દેશની રક્ષા કરી વિજયી ગણાવ. " તે મરી ગઇ. પુત્રે તે ચીઠી વાંચી અને તેણીની સ્વદેશસેવાની શિક્ષા ધ્યાનમાં લઇ તે પુત્ર સ્વદેશ સેવા માટે કટિબદ્ધ થયો. કહો વીરમાતાના પ્રયાસથી કેવા વીરપુત્રો પાકે છે ?

સ્ત્રીઓનું મગજ પુરૂષ કરતાં ઘણુંજ તેજ હોય છે ને તેના માટે હજારો ઋષિ, ડૉકટરોની સંમતી છે કે પુરૂષ જે ગુણ વિદ્યા પચીશ વર્ષની અવસ્થામાં શીખી શકે છે તેટલી જ વિદ્યા, ગુણ સ્ત્રી સોળ વર્ષમાં શીખી શકે છે.

શિક્ષિત સ્ત્રીનો ગૃહસંસાર—

સ્ત્રિ સુશિક્ષિત હોય તો કોઇના આવ્યા ગયાની, હીસાબ કિતાબની, ઘરમાં ચીજ–વસ્તુની અને સ્થિતિને અનુસરી ગૃહસંસાર ચલાવવાની સારી ગોઠવણ કરી શકે છે. અને પુરૂષના શિરથી બીજો બોજો ઓછો થતાં પુરૂષ અન્ય સ્તુત્ય કામોમાં મન લગાડી ઉન્નતિને ભેટી શકે છે. કેટલાક કહે છે કે–

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"સ્ત્રીઓને છૂટ આપવાથી સ્વતંત્ર બનતાં બદચલનની બને છે." ત્યારે શું ઓજલ-પરદામાં રહેનારી બધી સ્ત્રીઓ-પરતંત્રપણાના વશથી નેકચલન-સારી ચાલની રહેતી હશે? કંઇ નહીં. એતો મન ઉપર આધાર છે. પૂર્ણ કેળવણી પામેલી વિવેકી સ્ત્રીઓ કરતાં અર્ધદગ્ધ પામેલી તાલીમવાળી અવિવેકી ઘણીજ નઠારી ચાલની નીવડતી માલમ પડે છે. ગમે તેમ હો પણ સમજૂની બલિહારી છે! પૂર્વકાળની પૂર્ણ કેળવણી પામેલી સ્ત્રીઓનાં ટુંક ચરિત્રો આગળ કહીશું તોપણ તેવી સ્ત્રીઓમાં કેવી અને કેટલી સભ્યતા હતી:તે નીચેના શ્લોકથી જોવાશે.

પતિએ પરદેશ જતી વખતે પત્નિ પાસે પરદેશ જવાની વિચારણા જણાવી ઉત્તર માગ્યા ત્યારે સ્ત્રીયે કહ્યું કે:—

(શાર્દૂલવિક્રીત છંદ.)

" मा याहीत्यपमंगलं व्रज पुनः स्नेहेन हीनं वच-
स्तिष्ठेति प्रभुता यथारूचिकुरुष्वैषाप्युदासीनता ।
नो जीवामि विना त्वयेति वचसा संभाव्यते वा न वां
तन्मां शिक्षय मित्र ! यत् समुचितं गंतु त्वयि प्रस्थिते ॥

જો હું આપને કહું કે 'આપ ન પધારશો' તો તે જતી વખતે અમંગળ ગણવામાં આવે. જો એમ કહું કે 'ભલે આપ પધારો' તો તે સ્નેહહીનની કૃતિ ગણાય. શું હું 'જાઓ' એ શબ્દ કહી દેવા તત્પર થાઉં? જો કહું કે 'આપ ઠેરી જાઓ' તો એક જાતની મોટાઇ ગણાય તો હું આપની દાસી આપ અગાડી વડાઇ દર્શાવવા યોગ્ય છું? જો 'આપને રૂચે તેમ કરો' એમ કહું તો સભ્યતાનો નાશ થાય છે, એમ કહેવાથી ઉદાસીનતા સમજવામાં આવે છે. મારો આપમાં અર્ધાંગનો સંબંધ છે, તો એવું કેમ બોલાય! અને જો 'આપના પધારવાથી વિયોગવશ થતાં જીવી શકીશજ નહીં.' એમ કહું ને કદાચ ન મરી ગઈ તો જુઠનું મહાપાપ લાગે છે. એ માટે હુવે આપ જ ફરમાવો કે હું આપને શું ઉત્તર આપું?"

ચતુર્થ પરિચ્છેદ.

પ્રાચિન સતિઓનું શિક્ષણીય જીવન—

સતિ એ જગતની દેવિઓ છે, તેના જીવનના અભ્યાસથી સ્ત્રીરત્નો અનેક અનુભવ પ્રાપ્ત કરી પોતાનું જીવન સદમાર્ગે રોકી શકે છે માટે તેવાં કેટલાંક ચરિત્રોમાંથી શિક્ષણીય પ્રસંગ આલેખવાની તક લેવી દુરસ્ત ધારી છે.

કૌશલ્યા—જ્યારે રામચંદ્રજી પિતાની આજ્ઞાનું પાલન કરવા વનવાસ જવાની તૈયારી કરી માતાની રજા માંગવા ગયા ત્યારે સતી રામજનેતા પ્રભુપૂજન સ્તવન કરતાં હતાં. તેમણે રામને ગાદીને બદલે વનવાસ મળ્યો જાણ્યો ત્યારે વ્યથાને બદલે ધૈર્ય દર્શાવી આશીર્વચન આપતાં બોલ્યાં—" પ્રિયપુત્ર! પિતાની આશા પાલન કરવી તેજ પુત્રધર્મ છે. ભાઇ સુખેથી આજ્ઞા ઉઠાવો—સંતોની સેવા, દુષ્ટોને દંડ કરી, વ્રત, જપ, તપ આદરી વિજય સહિત વ્હેલા આવો, તમને પંચપરમેષ્ઠિ સદૈવ મંગલ આપો. " અહા! એવા અકસ્માત્ વિપત્તિ–વિયોગ સૂચક સમાચાર મળતાં છતાં પણ કેવો ધૈર્ય સહિત માતૃધર્મ જાળવ્યો!! શું આજની અભણ સ્ત્રીઓ એવા વખતે એવી ધીરજ રાખી શકશે? ધૈર્યવાન્ માતાની કુખમાં લોટેલા પુત્રો પણ કેવા ધૈર્યવાન્ હતા! તેનો ખ્યાલ કરો.

સીતા—લંકાની અશોકવાડીમાં જ્યારે રાક્ષસીઓના પહેરા નીચે જાનકીજી (સીતાજી) હતા અને હનુમંત રામકથનથી તેમની શોધ કરવા ત્યાં જઇ પહોંચ્યા ત્યારે તે બન્ને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વચ્ચે થયેલા પ્રશ્નોત્તર તદ્દન સંસ્કૃત ભાષામાંજ થયા હતા જેથી રાક્ષસીઓ વિદ્યમાન છતાં કશું સમજવા પામી નહીં. તેમજ રાવણને અનેક હિતશિક્ષા યુક્તિઓથી જાનકીજીએ સમજાવેલ એ બધો સદ્દવિદ્યાનોજ પ્રતાપ હતો. શું આજે તેવું સંસ્કૃત બોલનારી કે શત્રુને પણ યુક્તિ પુરસ્સર નિડરપણે સ્હામો ઉત્તર દેનારી આર્યબાળાઓ છે ? કવચિત્ હશે !

સુમિત્રા-લક્ષ્મણજીની માતા લક્ષ્મણજીને રામ સાથે જતા જોઈ લક્ષ્મણજી પ્રત્યે કહેવા લાગ્યાં કે-

" ભૂરી ભાગ્ય ભાજન ભએઉ, મોહિ સમેત બલિ જાઉં;
જો તુમારે મન છાંડિ છલ, કિન્હે રામપદ ઠાંઉ. "

'બલિહાર જાઉં બેટા ! આ તમારા કૃત્યથી હું અને તું મહાન્ ભાગ્યભાજન થયાં છિયે; તથાપિ જો તમારા મને છળ છોડીને રામની ચરણસેવામાં નિવાસ કર્યો હશે તો અર્થાત્ જો પ્રપંચ રહિત બની રામચરણમાં પ્રીતિ રાખશો તો તો આપણ બન્ને મહાભાગ્યવાન થયાં છિયે, પણ જો કેવળ લોકોમાં સારૂં દેખાડવા માટેજ સાથે જતા હશો તો સઘળું વ્યર્થ છે.' એક માતાની ઓરમાયા પુત્ર પ્રત્યેની આવી નિર્ભેદ લાગણી દર્શાવનાર જનેતા કયાં ? અને તેની આજ્ઞામાં રહી અભિન્નતા દર્શાવી ભ્રાતૃ ભાવની વૃદ્ધિ કરનાર બન્ધુ ક્યાં? શું અજ્ઞાત કે અર્ધદગ્ધ કેળવણી પામેલી સુંદરી આવી ઉચ્ચ વિચારણા યુક્ત સ્નેહ દાખવી શકશે ખરી ? અને તે પણ ધૈર્યતા સાથે આવી લાગણી દર્શાવી શકે એવી કોઈ છે ? કવચિત્ હશે ?

જરત્કારૂ—જરતકારૂ નામનો એક સમર્થ વિદ્વાન હતો અને તેણે પ્રતિજ્ઞા લીધી હતી કે-" જો મારાજ નામવાળી સ્ત્રી મળે તથા મારા જેવીજ વિદુષિ હોય અને મને ઉંઘમાંથી તે કોઈ દિવસ ન જગાડે, અગર જગાડે તો તે મારા ઘરમાંથી મારો હુકમ થતાં ચાલીજ જાય-એવી હોય તો પરણું."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આખર સમય સાનુકૂળ થતાં તેવીજ સ્ત્રી મળી જેથી તે પરણ્યો. તે જ્યારે સગર્ભા થઇ ત્યારે એક વખત તે ભોજન તૈયાર કરી રહી હતી, પતિ સૂતો હતો તે વખતે અતિથિ આવી ભોજન પદાર્થની ઇચ્છા જણાવી ઉભો રહ્યો, પણ પતિના ઇષ્ટદેવ અગાડી નૈવેદ્ય ધર્યા વગર તે ભોજન કોઇને અપાય નહીં એથી તેણીએ વિચાર્યું કે જો પતિને નથી જગાડતી તો અતિથિ ક્ષુધાતુર છતાં પાછો વળી જશે, અને જો જગાડું છું તો મારે ઘર છોડીને ચાલ્યા જવાનો વખત આવે! તો એમાંથી શું કરવું? છેવટે વિચાર્યું કે મને ઘરમાંથી કદાચ કહાડી મૂકશે તો હું કયાંય પણ જઈ શીળ જાળવી આયુ પૂર્ણ કરીશ, પણ અતિથિ પાછો જાય તે ગૃહસ્થના ધર્મ વિરૂદ્ધ વાર્ત્તા છે. બધા પદાર્થો જતા રહેશે પણ ધર્મ સદા સાથેજ રહેનાર છે માટે તે ધર્મ ખંડન કરવો નહીં. કહ્યું છે કે:—

मृतं शरीरमुत्सृज्य काष्ठलोष्ठसमं भुवि ।
विमुखा बान्धवा यान्ति धर्मस्तमनुगच्छति. ॥

"મરેલા સ્થૂળ શરીરને લાકડા, ઢેફાની પેઠે ફેંકી વિમુખ બની બંધુઓ પાછા ચાલ્યા જાય છે, પણ ધર્મ એક જીવની સાથેજ જાય છે." એમ ધારી પતિને જાગૃત કર્યો. ન્હાઇ પ્રભુને નૈવેદ્યાદિ સમર્પણ કરી દ્રવ્ય–ભાવ પૂજા સાચવી અતિથિને જમાડી તૃપ્ત કર્યો. પતીએ જાગી એ સર્વ જોઇ સ્ત્રીને જગાડવા સંબંધી કારણ પૂછતાં તેણીએ ધર્મ કાયમ રહેવાની સત્ય વાર્ત્તા કહી; છતાં પણ પોતાની પ્રતિજ્ઞા પાળવા તેણે સ્ત્રીને ઘરમાંથી કહાડી મૂકી. તેમ તે પણ પતિની આજ્ઞાને માથે ચડાવી દૂર દેશ ભણી ચાલી ગઇ. કહ્યું છે કે–' જ્યારે દુર્દશાના દિવસોનાં દર્શન થાય ત્યારે દેશ છોડી પરદેશ ચાલ્યું જવું કે જ્યાં કોઇ ઓળખીતું ન હોવાથી ગમે તે મજુરી કરી સારી રીતે ગુજરાન ચલાવી દુઃખનો સમય વ્યતીત કરાય ' એમ જાણી તેણીએ એક પહાડની ખો-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભણુમાં નિવાસ કરી ફળપાન ખાઇ ગર્ભકાળ પૂર્ણ કર્યો, અને પ્રારબ્ધની પ્રબળતાને લીધે પુત્ર રત્નને જન્મ આપ્યો. અવસર મુજબ તેનું પાલન પોષણ કરી સમય પ્રાપ્ત થતાં તે પુત્રને સારી પેઠે ઉંચી કેળવણી આપી એક સારો વિદ્વાન્ બનાવ્યો. એક વખત ત્યાં થઇને કોઇ સમર્થ સાક્ષર ઋષિ જતા હતા તે-મણે તે છોકરાને ગિર્વાણગિરા ઉચ્ચરતો જોઇ પૂછયું કે- "તને આ ઉચ્ચ કેળવણી કોનાથી મળી છે ?" છોકરે વિનયથી કહ્યું-"મને મારી માતાથી મળી છે." ઋષિયે પૂછયું-"તારી માતા કયાં છે ?" તેવી જ્ઞાતા દેવીના દર્શન કરવાં તે પણ અહો ભાગ્ય છે. ઋષિ દર્શન અને નેક તેક તથા ગુરૂ આશિ-ર્વાદના પરીણામે અંતે સારૂં થયું. પરંતુ તેમના જીવનમાં અતિથિવાત્સલ્ય ધર્મ અને પતિ આજ્ઞાનું પાલન તેમજ સંતતી શિક્ષણ અમર રહી ગયાં છે.

ઉભય ભારતી—કાશીના પ્રસિદ્ધ પંડિત મંડનમિશ્રની સ્રી ઉભયભારતી હતી. એ બન્ને ધણી ધણીઆણીની વિદ્વતા સંબંધીનો યશ આખા ભૂમંડળમાં ફેલાયલો હતો. પ્રયાગમાં શં-કરાચાર્યજીએ તેઓની પ્રશંસા સાંભળી તેઓની સાથે શાસ્રાર્થ કરવા કાશી જવાની ઉમેદ થતાં તેઓ ત્યાં ગયા અને કાશીજી-માં એક ભોયણને પૂછયું કે-"મંડનમિશ્રનું ઘર કયાં છે ?" ભોયણ પાણીહારીએ કહ્યું:—

स्वतः प्रमाणं परतः प्रमाणं शुकांगना यत्र गिरं गिरान्ति ।
शिष्योपशिष्यैरुपशोभितानम् अवेहि तन्मंडनमिश्रधाम ॥

જ્યાં પાંજરામાં રહેલી ચકલીઓ પણ સ્વતઃ પ્રમાણ અને પરતઃ પ્રમાણ દઈ રહી છે અને જ્યાં વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે ત્યાં જ મંડનમિશ્રનું ઘર છે. માટે એ નિશાની મુજબ ચાલી શોધી લ્યો." શંકરાચાર્યજીએ જાણ્યું કે-"જ્યાંની પનહારીઓ પણ આવું સંસ્કૃત ભાષણ કરે છે ત્યાં પછી મંડનમિશ્ર કેટલો વિદ્વાન હશે એ વિચારવા જેવું છે." ઇ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યાદિ વિચાર કરતા પોતાના વિદ્યાબળની નિડરતાથી મંડનમિશ્રને ત્યાં જઇ પહોંચ્યા. મંડનમિશ્રે અતિથિ જાણી ગૃહસ્થાશ્રમ ધર્મ મુજબ ભોજનાદિનો વિનય સાચવી પછી આગમનનું કારણ પૂછતાં શાસ્ત્રાર્થ માટે આવેલ છે તેમ જાણી કહ્યું—" આપણા બેઉના વિજય પરાજયનો નિર્ણય કરનાર કોણ મધ્યસ્થ છે ? શંકરે કહ્યું—" આપની જ સ્ત્રી " પછી શાસ્ત્રાર્થ ચાલ્યો ને આખર મંડનમિશ્રનો પરાજય થયો. ઉભયભારતીએ ન્યાયપૂર્વક ફેસલો આપ્યો કે—**कविर्दंडी कविर्दंडी कविर्दंडी न संशयः**—સ્વામી શંકરાચાર્યજીનો વિજય થવામાં કંઇ સંદેહ નથી. એટલું બોલી તેણીએ કહ્યું—" પણ સ્વામી, મારા પતિને પૂર્ણ જીત્યો નહીં ગણાશે; કેમકે હું તેમનું અરધું અંગ હજુ વિવાદ કરવા તત્પર છું, મને જીતો તો પછી પૂર્ણ જીત થઇ મનાશે. પછી પતિ સહિત મને શિષ્ય બનાવો. " પછી કેટલીક વાર્ત્તા થયા પછી આખર વિવાદ શરૂ થયો; અને ૧૭ દિવસ સુધી પ્રમાણયુક્ત તર્કસિદ્ધાંત શાસ્ત્રાર્થ થયો, જેમાં છેવટ પોતાના પતિની બુદ્ધિ, કૌશલ્યતા વગેરેમાં અધિકતા બતાવવા ઉભયભારતીએ કહ્યું—" કામદેવની આભ્યંતર અને બાહ્ય કળાઓ કેટલી છે ? " સ્વામિએ ઉત્તર આપ્યો કે—" હું જન્મથી બ્રહ્મચારી હોવાથી એ વાત મારા જાણવામાં નથી. " સ્ત્રીયે કહ્યું—" ત્યારે સર્વવિદ્યા સંપન્નનું બિરૂદ શી રીતે કાયમ રહ્યું ? આપના કરતાં મારા પતિ એવી ઘણી કળાઓના જાણ છે જેથી તથા મને પૂરતો ઉત્તર ન આપી શકયા એથી આપ જીત્યા ગણાઓ તેમ નથી. " હશે, ગમે તે હશે તેની આપણને જરૂર નથી, પણ એ જોવાનું છે કે પતિનો વિજય ચાહવાને સ્ત્રી કેવી ઉત્સુક હતી ? તેમજ કેવી વિદ્વાન્, બુદ્ધિવાન્ ને તર્કશક્તિવાળી હતી ?

લીલાવતી—વિદ્યાવિલાસી ભોજરાજાની રાણી હતી. તે ગણિતશાસ્ત્રમાં અત્યંત પ્રવીણ હતી. એણીએ બીજગણિત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રચેલ છે. અને તે એવી રચનાવાળું છે કે આજના મોટી મોટી ડીગ્રીઓ મેળવેલા પ્રોફેસરો પણ તેમાંના પ્રશ્નોનો ખુલાસો મનમાનતો આપવા સમર્થ નીવડતા નથી. આજે તો ગણિત-શાસ્ત્ર રચવાની વાત તો દૂર રહી પણ ગણિત સમજનારી સ્ત્રી-ઓના પણ ટોટા છે. પૂરા સો ગણતાં પણ કેટલી પંચાત કરવી પડે તેવી સ્ત્રીઓ હોવાથી જ હિંદની આ દશા થવા પામી છે.

દ્રૌપદી—પાંડવોની પતિવ્રતા પત્નિ હતાં. પતિની સાથે બાર વર્ષ વનમાં અસહ્ય સંકટો વેઠી લીધાં, પુત્રોને મૃત્યુ પ્રાપ્ત કરાવનાર અશ્વત્થામાને બચાવ્યો અને સત્યભામાને પતિવ્રતા ધર્મ શીખવ્યો તથા પોતે સદ્‌ગતિના સાધન માટે જપ તપ વ્રત આદરી પતિસહ સદ્‌ગતિમાં પધાર્યાં. ધન્ય છે એવી પૂજ્ય સતીયોને!

ગાન્ધારી—કંધહારના રાજાની પુત્રી અને અંધરાજા ધૃતરાષ્ટ્રની પત્ની હતી. તેણીએ પોતાના અંધપતિની અનહદ સેવા કરી પતિવ્રત પાળ્યું, પુત્રોને પાંડવો સાથે ટંટો થવાના વખતે ઉત્તમ બોધ આપ્યો હતો.

મદાલસા—ઋતુધ્વજની પત્ની હતી. તેણીએ પોતાના પુત્રને તત્ત્વજ્ઞાનનો બોધ આપ્યો હતો કેઃ—

शुद्धोसि बुद्धोसि निरंजनोसि संसारमाया परिवर्जितोसि ।
संसारस्वप्नं त्यजमोहनिद्रां, मंदालसा वाचमुवाच पुत्रम् ॥

"હે પુત્ર! આ સંસાર સ્વપ્નાની ક્ષણીક રચના જેવો છે; માટે મોહનિદ્રાનો ત્યાગ કરો, ભ્રમ-જાળથી નીકળી પોતાને શુદ્ધ-બુદ્ધ-નિરંજન જાણો." કહો આ સ્ત્રીની કેવી તત્વજ્ઞતા?

દમયંતી—રાજા નળની સતી શિરોમણી સ્ત્રી હતી. તેણી પતિ સાથે વનમાં ભટકી અને પતિએ તેનો ત્યાગ કર્યો ત્યારે અકથનીય કષ્ટ સહન કરી અંતે તેમની જ સેવામાં જી-વન ગાળ્યું એ વાત જગવિદિત છે. શું આજે પતિ સાથે દુઃખ સહી વનવાસ ભોગવનારી, પતિના ત્યાગથી પતિભક્તિમાં જ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તત્પર રહેનારી અને કષ્ટકસોટીમાં કમનીય કંચનવત્ પ્રકાશનારી સુંદરીઓ છે ? આજે તો જરા દુઃખ પડે, કે પતિ છણકો કરે તેમાં તો ફજેતીનો ફાળકો ફરવા માંડે છે. હાલ તો હિંદની આ દશા છે ?

મંદોદરી—જાલિમ રાવણની પટ્ટરાણી હતી, અને તેણીએ સીતાપર ગુજરતા જુલ્મ વખતે પતિને ઉત્તમોત્તમ શિક્ષા આપી હતી. તેમજ પતિ આજ્ઞાથી સીતાને સમજાવતાં સીતા તરફથી પણ શિખામણ ગ્રહી હતી તેનો તત્ત્વ ગ્રહણ કરી પતિને આપેલો બોધ પ્રકાશિત છે.

તારામતી—સત્યવાદી રાજા હરિચંદ્રની પટરાણી હતી. તેણી પતિની ટેકને માટે વેચાણી, સ્મશાનમાં પુત્રને બાળવામાં પણ પતિધર્મની સામે ન થઇ તેમજ પતિની નેક ટેકને ખાતર શીળ સાચવી અનેક કષ્ટો સહ્યાં તે જગજાહેર છે.

મેનાવતી—ગોપીચંદની માતાએ સંસારની અનિત્યતા ધ્યાનમાં લઇ પુત્રને વૈરાગ્ય ઉત્પન્ન કરી, યોગ અંગીકાર કરાવી-આત્મકલ્યાણ કરવાની પ્રેરણા કરી હતી, શું આજે પુત્રને તેવો બોધ આપી દીક્ષા અંગીકાર કરવાની શિક્ષા દે તેવી મા છે ?

કર્માદેવી—ચિત્તોડના મહારાણા સમરસિંહની પટરાણી હતી. તેણીએ પોતાના પતિનો પૃથુરાજ ચૌહાણની સહાયતા કરતાં સ્વર્ગવાસ થયા પછી ચિત્તોડપર ચડાઇ કરી ગઢ કબ્જે લેવા આવેલા કુતુબુદ્દીનના ઉમંગોનો નાશ કરી તેને રણમાંથી ભુંડે હવાલે ભગાડયો હતો, અને વીરતાસહ પોતાના પતિની ઉજ્વળ કીર્તિ રાખવા તત્પર રહી હતી. શું એ ભણ્યા વગર એવી યુદ્ધકળાની જાણકાર અને ક્ષત્રીઆણીનો ધર્મ સમજનારી નીવડી હશે?

તારાબાઈ—જયમલના પત્નિ કે જેણે પિતાપર જુલ્મ ગુજારનાર લીલા પઠાણ વગેરે અફગાનોના લશ્કરપર છાપો મારી વિજય મેળવી પિતાપર જુલ્મનો બદલો અને પતિનું સંરક્ષણ મદદ વગેરેની શોભા મેળવી અમરકીર્તિ પ્રાપ્ત કરી છે.

પદ્માવતી—સીંહલદ્વીપના ચૌહાણ હમીરસિંહની પુત્રી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને ચિત્તોડના મહારાણા લક્ષ્મણસિંહના કાકા ભીમસિંહની રાણી (પદ્મીની) હતી. અલ્લાઉદ્દીને તેણીના રૂપપર મોહિત થઇ સંવત ૧૨૭૨ માં ચિત્તોડને ઘેર્યું. લડાઈમાં ફત્તેહની આશા ન જણાતાં અભિલાષાને પૂર્ણ કરવા બાદશાહે ભીમસિંહને કહેવરાવ્યું કે-'જો મને તમારી રાણી પદ્માવતીનાં દર્શન કરાવો તો તેણીને જોઇ પાછો ચાલ્યો જાઉં.' ભીમસિંહ વગેરેએ સાક્ષાત નહીં પણ આરસી મારફત પદ્માવતીનું દર્શન કરાવવાની હિકમત ચલાવી પણ તેમ થયા પછી તેણે છળ કરી ભીમસિંહને કેદ કરી લીધો ને પદ્મણીને આપવા પછીજ મુક્ત કરીશ એવો મુકરર વિચાર જણાવ્યો. આથી પદ્માવતીએ પોતાના સંબંધીઓની સલાહ મેળવી બાદશાહને કહેવરાવ્યું કે-"મારા પતિને કેદ કરવા જેટલો શ્રમ શા માટે લેવો પડયો. હું પોતેજ મારી સખી સાહેલીઓ સાથ આપને મળવા તૈયાર છું. માત્ર સાતસો મિયાના મોકલાવી દો, અને રોકટોક વગર આપની હજૂર આવવા દો, અને અરધો કલાક રાણાથી વાત કરવા દો. બસ પછી આપની મનકામના પૂરી થશે." ઇત્યાદિ ખબરથી બાદશાહ પ્રસન્ન થયો તેજ પ્રમાણે મિયાના મોકલ્યા, રોકટોક વગર અંદર આવવા દીધા. કામી અંધ હોય છે, ગરજવાનને અક્કલ હોતી નથી. એથી એ બન્યું કે રાણાને પદ્માવતી મળતાંજ કરી રાખેલી ગોઠવણ મુજબ બન્ને મિયાનામાં બેસી થોડા મિયાનાઓ સાથે સહીસલામત ચિત્તોડગઢમાં જઇ પહોંચ્યાં. બાકી રહેલા મિયાનાઓમાં તો સાહેલીઓને બદલે શૂરા શિશોદિયા હતા. તથા મિયાના ઉચકનાર ભોઇને બદલે પણ શૂરા શિશોદીયાજ શસ્ત્રબદ્ધ હતા તે મરણીયા થઇ તૂટી પડ્યા અને નામના મેળવી. પદ્માવતીએ કેવી યુક્તિ કરી પતિને છોડાવ્યા અને પોતાનું શીળસંરક્ષણ કર્યું ! કહો એ શું અભણ-બ્હીકણ સ્ત્રીઓથી બને તેવું કામ હતું ? યુદ્ધકળાનાં પુસ્તકો વાંચ્યા વિચાર્યા અનુભવ્યા વગર એવી રચના થઈ શકે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જ નહીં. હાલમાં તો નાહિમ્મતદાર ને ઉંદરડીથી ડરી ભાગનાર સ્ત્રીઓ વધી પડી છે કે જેથી તેણીઓની સંતતી પણ તેવીજ પરતંત્ર નીવડે તેમાં આશ્ચર્ય શું ?

પ્રતાપરાણાની પત્નિ—મહારાણા પ્રતાપી-પ્રતાપના ઉપર આર્યધર્મ ને સ્વદેશ-સંરક્ષણ માટે જે કષ્ટનું વાદળ તૂટી પડયું હતું તથા તેણે જે કષ્ટ સહી ધર્મ જાળવ્યો છે તે સમજુ પ્રજાથી અજાણ નથી. તે રાણો એક વખત અંધારી રાતે એક પહાડની ગુફા પાસે ચિંતાતુર બની ઉભો શોચવા લાગ્યો; કેમકે ત્યાં ટાઢ ઉડાડવા ફક્ત લાકડાં સળગતાં તૈયાર હતાં, સૂવાને પત્થરાની છીપરો મૌજૂદ હતી, ખાવાને મલ નામના ઘાસના બીજનો લોટ હાજર હતો, ધાવણા રાજકુંવરોને હિંચવા કે પાલણા માટે ઝાડની ડાળીઓ, રાજકુટુંબને રહેવા પહાડોની ખીણો, નોકરચાકરમાં હસ્તે પોતે અને વસ્ત્રાલંકારમાં જેવાં તેવાં લુગડાં હાજર હતાં. આ સામગ્રી જોઈને મહારાણા પ્રતાપનું હૃદય શોકમાં ગર્ક થયું હતું. રાણીના જાણવામાં તે આવ્યું કે તરત તેણીએ આગળ આવી હસતે ચ્હેરે નમ્રતા યુક્ત પૂછયું. "આ શું નવાઇ ? આજે મહારાણા દિલગીર શા સારૂ દેખાય છે ? મુસલમાનો આમ કરવાથી કહેશે કે આટલે દિવસે મહારાણા પરમ પ્રતાપી છતાં વિપત્તિ અને લડાઇથી હાર્યા છે ? શું બાપારાવળના વંશજો પણ હતોત્સાહી બને ખરા કે ?"

પ્રતાપે સ્નેહ સહિત પત્નિને પ્રેમાલિંગન આપી કહ્યું—"જગદીશ જાણે છે કે વિપત્તિ વિગ્રહથી ક્ષત્રિઓ દિલગીર થતા નથી; પરંતુ ન સહન થઈ શકે તેવા દેખાવથી રાજપુત્રો પણ ખેદવંત થાય છે. દેવિ ! વ્હાલી દેવિ ! મેવાડી ભવ્યરાજ મહાલયને શોભાવનારીને આ નિરંતર ગુફાજ મહેલ હોવો ઘટે છે ? શું મખમલની બિછાયતની જગોએ પથ્થરપર રાજકુમારો સુવે એ યોગ્ય છે ? શું હિંદુપતિ બાદશાહના વીર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કિશોરનાં પાલણાં ઝાડની ડાળીઓએ લટકતાં શોભે છે ? નોકર ચાકરનું કામ શું મહારાણીને હાથે કરવું પ્રશંસનીય છે ? ”

રાણી બોલી—“ વીરમણિ ! વિપત્તિ નિરંતર રહેતી નથી; પણ વીરત્વ ગૌરવ ચિરસ્થાયી રહે છે. ”

પ્રતાપે કહ્યું—“ વ્હાલી ! જો તમારા મુખમંડળ ઉપર એક દિવસ હર્ષનુ નૂર ચમકતું જતું જોત તો મને ખેદ ન થાત; પણ દિવસે દિવસે, માસે માસે, વર્ષે વર્ષે તમો તપસ્વીની પેઠે દુ:ખ સહન કરો છે, આ પહાડની ખીણોમાં રહી તેનો ત્રાસ સહો છો, કુવામાંથી જાતે પાણી ખેંચી લાવી રસોઇ બનાવો છો, બધા કલેશ તુચ્છ ગણો છો, આવું જીવન ગાળવા માટે તમે શું આ પ્રતાપસિંહને વર્યા હતાં ! પ્રતાપસિંહ હૃદયની સુંદરીને પણ રહેવા એક રહેઠાણ આપી શકતો નથી ? ”

રાણીએ કહ્યું—“ ગમે તેવું કષ્ટ પડે તો પણ શું ? સ્વામીનાં સહવાસસ્થળ એજ સુંદરીનું સ્વર્ગભુવન છે. આપ સાથે છો તો આ દુ:ખોને હું રાજ્યવૈભવ સમજું છું; કેમકે પતિ શિવાયનાં સુખ વૈભવો નરકાવાસનાં દુ:ખ સમાન છે. શું નળરાજા વનમાં ગયો હતો ત્યારે દમયંતીને વનમાં રાજમહેલ હતો ? જાનકીને શું દંડકારણ્યમાં ભવ્ય ભુવનોનો વૈભવ હતો ? આપ જીવજીવન જ જ્યારે પહાડની ખીણોમાં નિવાસ કરો છો ત્યારે શું આ આપની દાસી મહેલની ઇચ્છા કદિ રાખે કે ? આનાથી પણ વિશેષ વિપદ્ કાં ન હોય ? તો પણ શું પાણી ગ્રહણના અર્થને સમજનારી સ્ત્રી પતિને ક્ષણભર પણ અલગ રાખવા વિચાર રાખે કે ? ”

તેણીની પતિભક્તિપરાયણતા અને ધૈર્યતા શું ઓછી પ્રસંશનિય છે ?

ચારૂમતિ—રૂપનગરની રાજકુમારી કે જેણે પોતાના ધર્મરક્ષણ માટે મહારાણા વીર રાજસિંહનું શરણ લઇ ઉભયકુળ દિપાવી ગઈ છે, ધન્ય છે તેમના સાહસને.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મીરાંબાઈ—મેડતાના રાઠોડ જેમલના કાકા રત્નસિંહની કુંવરી હતી, અને કુંભારાણાના પૌત્ર સંગ્રામસિંહના કુમાર ભોજરાજની સ્ત્રી હતી. ન્હાની વયમાં તે રંડાઈ અને રાણા સંગના આશ્રયમાં વખત ગાળી પ્રભુ ભજનમાં મસ્ત રહેતી હતી. તે વિદુષિ બાઈનાં બનાવેલાં ભક્તિમય લાલિત્યવાળા કીર્તનો ઉપરથીજ તેણીની બુદ્ધિ, કાવ્ય રચના, પ્રભુભક્તિ અને અખંડ પાતિવ્રત્યપણાનો રંગ જણાઇ આવે છે.

દુર્ગાવતી—ગઢમંડળના ગોંડરાજાની રાણી હતી. પતિ મરણ પછી પોતે રાજ્યતંત્ર ચલાવતી હોવાથી સંવત ૧૫૧૬ માં અકબરે તુંડ મિજાજી અસફખાંને મોટા લશ્કર સહિત ગઢમંડળ પર ઘેરો ઘાલવા મોકલતાં તેણીએ ભારે લશ્કર સહિત સ્હામે થઈ જાતે વીરસાજ સજી શત્રુસેનાનો પરાજય કર્યો હતો, અને પછીથી શત્રુ તરફનો દગો થતાં પણ પોતાનું અસીમ પરાક્રમ બતાવી હજારો વીરોના શબની શય્યા કરી અખંડ નિદ્રામાં સદાને માટે શયન કર્યું હતું.

અહલ્યાબાઈ—સેંધિયા કુલમાં આ દેવીનો જન્મ થયો હતો, તે મલ્હારરાવના પુત્ર ખંડેરાવને વરી હતી. અને જેણે ન્હાની વયમાં રાજ્યની લગામ લઈ પ્રશંસવા લાયક ન્યાય નીતિ સહ રાજ્યને શોભાવ્યું હતું. શું રાજ્યમાં સુલેહ જાળવી પ્રજા વગેરેનો પૂર્ણ પ્યાર મેળવવો એ મૂર્ખ સ્ત્રીઓથી બને શકે કે વિદ્યાકળા કૌશલ્યતા વાળી વિદુષિયોથી બને? અહલ્યાબાઇના રાજ્યપ્રબંધનીકાબેલિયત જોઇ માલકમસાહેબે ઘણીજ તારીફ કરેલી છે.

વેજીબાઈ—મરાઠા સરદાર દીવાનશ્રી રાવઘટની પુત્રી અને દોલતરાવ સેંધિયાની સ્ત્રી હતી, અને તેણીએ પણ પ્રશંસા કરવા યોગ્ય રાજ્યતંત્ર ચલાવ્યું હતું.

રાણીચંદા—પંજાબના વીરકેસરી રણજીતની પત્નિ અને દુલીપસિંહની માતા હતી. તથા તેણીએ બહાદુરીથી રાજ્ય કારોબાર કરી પ્રજાને પૂર્ણ સંતોષ આપ્યો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એવી સ્ત્રીઓ **પૂર્વકાળમાં** વિદ્યાકળાની ઉચ્ચ કેળવણીને લીધેજ હિંદના કોહીનૂર જેવીઓ ઉત્પન્ન થઈ હતી.

હાલમાં પણ તેવી નહીં; પણ તેની કંઈક યાદી કરાવે તેવી વિદુષી બાઈયો છે અને જેનાં નામ કામ નીચે મુજબ છે:

શ્રીમતીહરદેવી- લાલા રોશનલાલ બેરીષ્ટરની વિવાહિતા સ્ત્રી છે. જેણીએ માતૃભાષામાં કુશળતા મેળવ્યા ઉપરાંત ઇંગ્રેજી ને ઉર્દૂ પણ સારો અભ્યાસ કર્યો છે. તેણીએ ઘણાં ઉપયોગી પુસ્તકો રચ્યાં છે. "ભારત ભગીની" નામના માસિકની તે જન્મદાતા છે. અને તેથી દેશી બહેનોને અને દેશને સારા લાભ પહોંચાડી સ્ત્રીઓમાં વિદ્યાનો ફેલાવો કરવામાં વિશ્વવિદિત નીવડી છે.

કાહાનદેવી-લાલા દેવરાજની માતા કે જે ધર્મ ભાવ-સહનશીલતા, સત્યવ્રત-મધુર ભાષણ અને ગૃહસ્થની મર્યાદા વગેરે ગુણોથી જગજાહેર છે. કન્યા મહાવિદ્યાલયની ઉન્નતિ એ બાઈના પ્રતાપથીજ છે, અને આશ્રમવાસિની કન્યાઓને પુત્રીવત્ માની બીમારીની વખતે તરત ખબર લઇ તે તેણીઓનું સારી પેઠે રક્ષણ કરે છે.

પરમેશ્વરીદેવી-રોષડ આર્ય સમાજના મંત્રી લાલા સોમનાથજીની સત્યવાદીની ધર્મપ્રિયા સુશીળ પત્નિ છે, મૌનપણે ઉત્તમ આચારોથી દેશનો ઉપકાર કરી રહેલ છે, અને આર્ય બાન્ધવોની ભોજનાદિથી સેવા બજાવી સનાતન ધર્મમાં લીન રહી છે.

રઘુરાજ કુમારી-મહારાજા પ્રતાપગઢાધીશની મુખ્ય રાણી છે. તેણીએ વિદ્યાભ્યાસ ઘણો સારો કરેલો છે, અને હિંદી કવિતા તેમાં પણ ભક્તિ રસની કવિતાઓ ઘણીજ ખુબીથી કરેલી છે.

સરલાદેવી—કલકત્તાના પ્રસિદ્ધ બંગલા "ભારતી" માસિકની સંપાદિકા છે. કસરત, વીરતા તરફ ઘણોજ શોખ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધરાવનારી છે, જાપાનના યુદ્ધ વખતે જખમી થયેલા લડવૈયાઓની સારવાર કરવા તત્પર થઈ હતી. બ્રહ્મસમાજી છે, લગભગ ૩૨ વર્ષ બ્રહ્મચર્ય પાળ્યા પછી પરણી છે. સાર્વજનિક કાર્યોને આંદોલનમાં તત્પર રહેનારી છે, અને પંજાબ ચીફ કોર્ટના વકીલ પંડિત રામભકતદત્ત ચોધરીના પત્નિ છે.

આ સિવાય નૂરજહાં, મહારાણી કૈસરેહિંદ વિકટોરિયા, લેડી ડફરીન, બેગમ ભોપાલની, હેમંતકુમારી, ચંદ્રકળા, પ્રેમદેવી, જગન્નાથન, કાદંબીની ગાંગોલી, પોર્તુગાલની રાણી, આપણી રાજ્યકર્ત્તા શહેનશાહની યુવરાજ પત્નિ, એનીબીસેન્ટ, અને મિસ્ટ્રેસ એ. પી. સેન્ટિ વગેરે ઘણી સ્ત્રીયો વિદ્યામાં, ગાયન કળામાં, ચાતુર્યતામાં, સ્વદેશ સેવામાં અને શોધમાં ફત્તેહ પામેલી વિદ્યમાન છે.

અજ્ઞાન સ્ત્રીઓનું વર્તન—

વિદ્યાકળાના અભાવથી સ્ત્રીઓ પોતાનાં ખરાં કર્ત્તવ્યોનો ઉલટો દેખાવ આપે છે એટલે કેઃ—ધન સંગ્રહ કરવો એ સ્ત્રીઓની જ મુખ્ય ફરજ છે. કરકસર પૈસાદાર થવાની માતા છે. તે વાતથી અજાણ હોવાને લીધે વર દશ કમાય કે વહુએ બાર રૂપિયામાં દિવાસળી મૂકી જ રાખેલી હોય છે, અને તે પણ નકામાં કામો માટે, કહો પૈસો કયાંથી એકઠો થાય ? આવક જાવકનો સ્ત્રીએ સારી પેઠે હીસાબ રાખવો જ જોઇએ. પરંતુ પોતે કાળા અક્ષરને કૂટી મારતી હોય, દશ સુધી ગણવામાં પણ મુંઝવણ આવતી હોય અને અંધેરી ખર્ચ ચલાવતી હોય ત્યાં પોપાબાઇના રાજ્યની પેઠે આવક જાવકનો લાભાલાભ શી રીતે સમજમાં આવે ? ઘરકામમાં કાબેલ થવું પણ રસોઈની વિદ્યા જ આવડતી હોતી નથી તેમ શિલ્પકળામાં પણ મોટું મીંડું. ભોજન ખરાબ થવાથી રોજ ઘરમાં મંદવાડ મટતો જ નથી, નિર્બળતા વધતી જ જાય અને એથી ખરાબ દશા થાય. કેમકે તે પથ્યાપથ્ય જાણતી ન હોવાથી ગોતું ખાફે છે અથવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તો વિરૂદ્ધાહારનો સંયોગ કરે છે જેથી રોગને જન્મ મળે છે, કહો પછી તન્દુરસ્તી કયાંથી જળવાય ? સ્વચ્છતાના લાભથી તેઓ બિલકુલ અજાણ હોવાથી પોતે જ આરોગ્ય વગરની હોય છે, સદા મેલી ને ગંદી રહે છે અને સંતતીને પણ તે જ વારસો આપે છે. ફકત સોના–ચાંદીનાં ઘરેણાં શરીર ઉપર લાવવાં હોય તો તેમાં હુશીઆર જણાય છે; કેમકે પોતે તેને જ પોતાનું ભૂષણ સમજે છે. ગર્ભાધાનની તાલીમ તરફ તો કેઇનું લક્ષ જ નથી જેથી ગર્ભસંરક્ષણ બની શકતું નથી, જેથી ગર્ભપાતો થાય છે, વંધ્યાઓ બને છે, ભૂવા–ધૂતારાનાં ઘર ભરે છે, અનાચાર આચરે છે અને ઉભયલોક ભ્રષ્ટ કરે છે. તેને પછી બાળકના પાલન પોષણના સંસ્કારની આશા તો કયાંથી જ રહે?

પંચમ પરિચ્છેદ.

લગ્ન કેવડી ઉમરથી જોડવાં ?—

સ્વર્ગસ્થ ભારતેશ્વરી ૧૮ વર્ષ પછીજ પરણ્યાં હતાં, તેથી તેઓ વિદ્યા કળા–યશ–વૈભવ–દિર્ઘાયુ સાથ જીવન પૂર્ણ કરી આનંદને વર્યાં હતાં ? ઇટલી, રૂસ, યૂરોપ, યુનાન, સ્પેન સ્વીટઝર, પોર્ટુગાલ અને જાપાન.વગેરેમાં બાળલગ્નને આદર મળતો નથી, જેથી ત્યાંના સ્ત્રીપુરૂષો પ્રશંસનીય કાર્યો કરી અમર નામના મેળવે છે, આપણા મહાન્ પુરૂષો તો બાળલગ્નને નિષેધિજ ગયા છે. પણ પાશ્ચિમાત્ય પ્રજા પૈકીના પ્રખ્યાત ડો. **જોનૂસન** કહે છે કે–" વિવાહ–લગ્ન વખતે સ્ત્રી પુરૂષની ઉમરમાં ઓછામાં ઓછો ૭ વર્ષનો તફાવત જોઇયે. " ડો. **કોન** લખે છે કે–" મનુષ્યનાં હાડકાં કેટલાંક એવાં છે કે તેઓ પચીસ વર્ષની ઉમર પહેલાં મજબૂત થતાંજ નથી." ડો. **સ્મીથ** કહે છે કે–" બાળલગ્નનો રિવાજ ઘણોજ ગેરવ્યાજબી છે;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કેમકે બાળલગ્નથી શારીરિક તથા આત્મિક બળ જતું રહે છે, ઉમંગ નાશ પામે છે અને હતોત્સાહી બને છે, તો પછી સામાજીક બળ ક્યાંથી પ્રાપ્ત થાય ? " મિસીસ પી. જી. ફ્રિફ્રસિન લેડી ડૉકટર કહે છે કે-" હિંદુઓની સ્ત્રીઓમાં રૂધિરવિકાર તથા ચર્મદોષની બીમારીઓ બહુ હોવાનું કારણ બાળલગ્ન છે; કેમકે તેથી તરત સંતાપ પેદા થાય છે, પછી તેને ધાવણ પૂરૂં પાડવું પડે છે અને એમ થવાને લીધે તેણીની રગો ઢીલી પડી જતાં માતા દુર્બળ થઇ અનેક પ્રકારના રોગોમાં ફસાઇ પડે છે. " ડૉ. હરબર્ટ સ્પેનસર કહે છે કે-" બાળકોની તરફના વર્ત્તન અને તેઓની માવજત ઉપર તેમના જીવન મૃત્યુ, અને સારા કે નરસાપણાનો આધાર છે; જે ભવિષ્યમાં માતાપિતાનું પદ પામનાર છે તેમને બાળકની માવજત સંબંધી બિલકુલ શિક્ષણ આપવામાં આવતું નથી તે ખચિત નવાઇની વાત છે ! અયોગ્ય રિવાજો, મનના આવેશ, તરંગ અને તે સાથે અજ્ઞાન આયા-ધાવ તથા દુરાગ્રહી ડોસલીઓની સલાહ ઉપર ભવિષ્યની પ્રજાની નશીબનો આધાર રાખવો એ શું ધિકારવા યોગ્ય અને ભયંકર નથી ? જો કોઇ વ્યાપારી હિસાબ-નામા-ઠામા વગેરેની માહીતી ન ધરાવતાં છતાં વ્યાપાર કરવા માંડે તો તેની બેઉકૂફી ઉપર આપણે ટીકા કરીશું તથા તેનું માઠુંજ ભવિષ્ય આવવાની વકીનીજ વાટ જોઇશું, એજ મુજબ શરીરશાસ્ત્રનો અભ્યાસ કર્યા પહેલાં કોઇ મનુષ્ય ખોટી હીમત રાખી શાસ્ત્રવૈદ્ય તરીકે બહાર પડે તો તેની ઉદ્ધતાઇથી આપણને આશ્ચર્ય લાગે છે અને તેની પાસે જનાર દરદીઓની આપણને દયા આવે છે. પરંતુ બાળકોને ઉછેરવાના શારીરિક, માનસિક, નૈતિક તથા અધ્યાત્મિક સિદ્ધાંતો, કાયદા કે જેને અનુસરીને દરેક મા બાપોને ચાલવુંજ જોઇયે, તેનો જરાપણ ખ્યાલ કે અભ્યાસ કર્યા સિવાય જ્યારે સ્ત્રી પુરૂષો પ્રજા ઉત્પન્ન કરવા તથા ઉછેરવાના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કઠીન કાર્યમાં જોડાય છે, ત્યારે તેવાં સ્ત્રી પુરૂષો તરફ કોઇ આશ્ચર્યથી જોતું નથી ! તેમજ તેમની મૂર્ખાઇનાં ભોગ થઇ પડનાર ભવિષ્યનાં બાળકોની કોઇને દયા સરખી પણ આવતી નથી ! ! " ડો. **નીવીઝન** કૃષ્ણ કહે છે કે-" શારીરિક બળ નષ્ટ થવાનાં જેટલાં કારણો છે તે બધાંઓમાં વિશેષ બાળલગ્ન જ છે. અને તેજ મસ્તકના બળને પણ રોકાણ કરનાર છે. " ડો. **મહેન્દ્રલાલ** સરકાર એમ. ડી. કહે છે કે:-" બાળલગ્ન બહુજ બુરૂં છે. એનાથી જીવનોન્નતિની બહાર લૂંટાય છે તથા શારીરિક ઉન્નતિનું દ્વાર બંધ થઇ જાય છે. " એટલાજ માટે આપણા પૂજ્ય આર્યોએ નિર્માણ કરેલું છે કે પચીશ વર્ષના પુરૂષને સોળ વર્ષની સ્ત્રી પરણવી કે જેથી સર્વ પ્રકારે આનંદ રહે છે. બાળલગ્નથી વિધવાઓનો પણ હિંદમાં વિશેષ વધારો થતો જણાયો છે માટે બાળલગ્ન જો બંધ કરવામાં આવે તો બેશક હિંદની જાહોજલાલી પુનઃ ઝલકી અન્ય દેશોને પૂર્વની પેઠે શરમાવનારી નીવડેજ !

લગ્ન એ મનુષ્ય જીવનનો પાયો છે એમ કહી શકાય; કારણ કે એ ફકત અમુક મનુષ્યોના સુખનો આધાર કે અમુક સાથેજ નિકટ સંબંધ ધરાવતું નથી, પણ તે લોકસમુદાય, રાજ્યો અને શહેનશાહતોની આબાદી તથા કલ્યાણ સાથે પણ નિકટ સંબંધ ધરાવે છે. લગ્ન લોકોના ઉદ્યોગ, તાબેદારી અને હુકુમતનું ખરેખરૂં મૂળ છે, લગ્ન એ કંઇ આંખ્યો વીંચી પ્રયોગ કરવાનું કામ નથી, પણ તે તો એક બહુ ગંભીર વિચારવાનું કામ છે.

કેવા વરને કન્યા પરણાવવી જોઇએ ?—

જે વર બહુ નજીક અથવા બહુજ દૂર રહેનારો ન હોય પોતાનાથી બહુ ધનવાન્ કે બહુ ગરીબ સ્થિતિવાળો ન હોય, કુલીન હોય, મૂર્ખ, વૃદ્ધ કે રોગી ન હોય, બહુ ક્રોધિ કે અસંતુષ્ટ ન હોય તે વરને કન્યા દેવી, આજે તો વરની તપાસ કરવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છતાં ઘરની ને જરની વધારે તપાસ કરવામાં આવે છે. ઘર ખાનદાન છે, માલદાર છે, વગસગ વસીલદાર છે, અમલદાર છે એ જોવાય છે પણ જેનાથી પોતાની કન્યાને સુખ મળે તે માટે વર વિદ્યાકળા સંપન્ન છે કે નહીં ? સ્વભાવ અને આચાર વિચાર ઉત્તમ છે કે નહીં ? ઉમર યોગ્ય છે કે નહીં ? વગેરે તરફ ભાગ્યેજ ધ્યાન દેવાય છે. વરનાથી કન્યા ન્હાનીને બદલે ઘણે ઠેકાણે મોટી સાથે લગ્ન થયેલાં હોય છે અને તેનાં માઠાંજ પરિણામ આવે છે; પૈસાના પ્રેમી પિતા ધારણા પ્રમાણે પૈસા લઇ કન્યાને વેચે છે, અને વ્હાલી દીકરીને ઉંડા, અંધારા, ગોઝારા કુવામાં હડસેલે છે. લાકડે માંકડું વળગાડી દે છે. અને પુત્રીના ભલા તરફ બિલકુલ દરકાર રાખતા નથી એવાં કસાઇથી પણ વિશેષ ક્રૂર માબાપોને સતકોટિ ધિક્કાર છે; કેમકે કસાઇ પણ પોતાના બચ્ચાં કે પાળેલાં પશુઓના ગળા પર તેવી ક્રૂરતા વરતાવતા નથી. તેમ તેવાં પુત્રીનો પ્રાણ નહીં પણ સર્વસ્વ સુખનું સત્યાનાશ વાળનારાં માબાપો ઝેરી સાપ કરતાં પણ વધારે નીચ દુષ્ટ છે.

સ્ત્રી પોતે સાસરે જતાં ધ્યાનમાં લેવા યોગ્ય નિયમો:—

૧ પતિ એજ ઇષ્ટ દેવ, પતિ એજ તીર્થ, પતિ એજ સત્યધન, પતિ એજ સાચું સગું, પતિ એજ સત્કથા વ્રત જપ તપ પતિ સેવા એજ સત્કર્મ, અને પતિ એજ પરમ ગતિ અર્થાત્ સર્વસ્વ પતિભક્તિપરાયણતામાં સમર્પણ કરી સદોદિત આનંદમાં લીન રહેવું.

૨ સાસું સસરા દિયર જેઠ ભોજાઈ વગેરે સર્વની યથાયોગ્ય મર્યાદા જાળવવી, તથા માતા પિતા પતિ સસરા ભાઇ મામાનાં આપેલાંજ વસ્ત્રાભૂષણો ધારણ કરવાં.

૩ રસોઇનાં કામમાં ઋતુ અનુકૂળ ભોજન સામગ્રી બનાવી આદરભાવ વડે વડીલો, પતિ અને ઘરનાં તમામ કુટુંબ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પરીજનને જમાડી સંતોષી પછી જમવું. અને રસોઇમાં એકનું એકજ નહીં પણ રોજને રોજ કંઈને કંઇ નવીન શાક ભજ્યાં મિષ્ટાન્ન રાઇતાં ચટણી વગેરે રસવતી બનાવી જમનાર વડીલ ને સ્વામીને પ્રસન્ન કરવા.

૪ વાસી ઠંડું વિરોધી પ્રકૃતિને બગાડનારૂં અને ખરાબ સ્વાદવાળું ભોજન ઉપયોગમાં લેવુંજ નહીં.

૫ પ્રભાતે સહુથી વહેલાં ઉઠવું અને રાતે સહુથી પછી સુંવું. (દહાડે કોઇ દિવસે પણ સુંવું નહીં.)

૬ઉઠીને શૌચાદિથી નિવૃત્ત થઇ વડીલોને ને પતિને નમન કરવું

૭ કયારેય પણ વસ્ત્ર પહેર્યા વગર સ્નાન કરવું નહીં. તેમજ વસ્ત્ર પણ તેવું રાખવું કે જેનાથી લાજ ઉપજાવનારા અવયવો જરા પણ ન દેખાય.

૮ સહુની સાથે મિલનસાર સ્વભાવ રાખી, દુષ્ટ વાસનાને ત્યાગી ઘર કામમાં-લીંપવા ગુંપવામાં કચરો કહાડી ઝાપટ ઝુંપટ કરવામાં, વાસણ કપડાં ઘર વગેરે સાફસૂફ રાખવામાં, પાણી છાણી ન્હાવા ધોવામાં એઠવાડ કહાડવામાં અને મુખવાસાદિ તથા આવ્યા ગયાને આવકાર આપવામાં વગેરે વગેરેમાં ચીવટ રાખવી.

૯ ઘાંટો કાઢી બોલવું નહીં, કોઇનું દિલ દુભાય તેવી જીભાન વાપરવી નહીં. જુઠું બોલવું નહીં, ઉંધું સમજાવવું નહીં, અને સદા સત્ય પ્રિય સમયાનુકૂળ મિત ભાષણ કરવું.

૧૦ પતિના મિત્ર પરિજનને સન્માન દ્રષ્ટિથી અને પતિના શત્રુને તિરસ્કાર દ્રષ્ટિથી જોવા.

૧૧ પતિની સમ્મતી મેળવવાની જરૂર હોય તો અગર કંઇ કહેવાનું હોય તો જે વખતે પતિ આનંદમાં હોય તે વખતે કેવું, પૂછવું.

૧૨ કોઈની સાથે વડાઇ કે ધર્મવિવાદ (કંઠશોષ રૂપ) કરવાથી દૂર રહેવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૩ ગફલત, તોફાન, ગુસ્સો, ઈર્ષા, ઠગાઈ, ચાડી, હિંસા વૈર, ગર્વ, ધૂર્ત્તતા, ચોરી, દંભ, નિંદા, મ્હેણાંટોણાં, કપટ, રાગ, દ્વેષ, કલેશ, અને સંતાપને છોડી દેવાં.

૧૪ હમેશાં પ્રસન્ન ચિત્તે રહેવું, ખર્ચ કરવામાં ઉદ્ધત ન બનવું. ખર્ચનો હિસાબ રાખવો અને ઘટતો સુધારો કરવો હોય તો પતિની સંમતીથી કરવો. ઉત્સવ વગેરે હોય તો પણ યોગ્ય ખર્ચ કરવું.

૧૫ કોઇ નવી સારી ચીજ વડીલ અને પતિને આપ્યા પછી પોતે ગ્રહણ કરવી.

૧૬ ઘરેણાં કપડાં વાસ્તે ઘરમાં કંકાસ ન કરવો.

૧૭ ઉંબરામાં બેસવાની ટેવ રાખવી નહીં.

૧૮ પતિ પરગામ ગયા હોય તો સૌભાગ્ય ચિન્હ શિવાયનાં શૃંગાર ધારણ કરવો નહિ, બીજાને ઘેર ન જવું તથા ગાવું, નાચવું, કાજળ આંજવું, મશ્કરી, ઢોલ; સોગઠાબાજી વગેરેની રમતો, વિકારી ચિત્રો, તાંબૂલ, મિષ્ટાન્ન અને જેથી મનમાં વિકારને જન્મ મળે તેવી કોઇ ચીજનો ઉપયોગ યાદીમાં લાવવો નહીં.

૧૯ જ્યારે પતિ બહારથી ઘેર આવે, ત્યારે તુરત ઉઠી ઉભી થઇ અદબ જાળવવી. બેસવા આસન તથા પંખો, પાનાદિ સમયાનુસાર ચીજ હાજર કરવી, અને આનંદી ચહેરો બતાવવો.

૨૦ પતિ તરફથી કંઇ પોતાની મરજી વિરૂદ્ધ કાર્ય થયું જણાય તો પણ કોઈ આગળ પતિની નીંદા ન કરવી કે વાંકું ન બોલવું; પરંતુ હમેશાં પતિ ગુણાનુવાદ ગાવા.

૨૧ પરપુરૂષ, ભાઇ, બાપ, પતિનો મિત્ર, ભત્રીજો વિગેરે કોઇપણની પાસે કોઇ વખત એકાંતમાં બેસવું નહીં, છુટથી હસવું નહીં, હાથોહાથ તાળી લેવી નહીં તથા છુટથી ભાષણ કરવું નહીં.

૨૨ દેવ–ગુરૂ–ધર્મની ભક્તિ પતિની સમ્મતિ સહ કરવી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨૩ ફકીર, બાવા, ભુવા, ઢોંગી, ધુતારાનો જરા પણ સહવાસ-પ્રસંગ ન રાખવો. અન્ય દેવની માનતાઓ ન રાખવી. વ્હેમમાં ભૂલી યંત્ર-મંત્ર-તંત્રનો ઉપયોગ ન કરવો. જાદુગરોનો વિશ્વાસ ન કરવો.

૨૪ નોકર-ચાકરના કામકાજોપર દેખરેખ ને ઘટતો દાબ રાખવા સાથે હુલાવી-ફુલાવી સમયાનુસાર કામ કરાવવું. અને તેમના તરફ વાત્સલ્યભાવ રાખવો.

૨૫ સર્વ દેવો કરતાં પતિને મહાન્ મહિમાવંત દેવ જાણી દર્શન-પૂજન સ્તવન-ભજન વિગેરેમાં લીન રહેવું. ભલે પોતાનો પતિ મૂર્ખ, ક્રોધી, કદરૂપો હોય તો પણ તેની નિર્મળ વૃત્તિથી ઉપાસના કરવી. પણ પરપુરૂષ ઇંદ્ર સમાન રૂપ ગુણશાળી હોય તથાપિ તેની પ્રશંસા કે ચાહના કરવી નહીં. મન, તન, ધન સર્વ પતિને જ સમર્પણ કરવાં.

૨૬ ઘરકામો કરી જ્યારે વિશ્રાંતિ મળે ત્યારે ધર્મ પુસ્તકો વાંચી વિચારી મનન કરવાં. અગર સખીમંડળને તે સંભળાવી સમજાવવાં. પ્રાચિન પતિવ્રતા ને સતીઓનાં ઇતિહાસ, આખ્યાન, વાર્તા, કથા વાંચી તેનો સાર ગ્રહણ કરવો.

૨૭ ઘરમાં બાળકોને ઉંચી કેળવણી આપવા ખાસ કાળજી રાખવી.

૨૮ હમેશાં એવાં કામ કરવાં કે પીયર-સાસરાની ચડતી શોભા વિસ્તરે અને આ લોક તથા પરલોકમાં સુખ મળે.

૨૯ લાજનો કોઈ વખત પણ ત્યાગ ન કરવો. પરંતુ ખોટી લાજમાં ફસાઈ પ્રાણને સંકટમાં ન નાંખવો, ઓજલ-પડદો રાખવો કે લાંબા ઘુંઘટા ખેંચવામાં કે ધીમા સાદે બોલવામાં જ લાજ જળવાઈ મનાય છે એમ સમજવાનું નથી; પણ શરમ-મરજાદનો હેતુ એ છે કે વિવાહ વાજનમાં કે હોળીના તહેવારમાં ગાળો કે ફટાણાં, છાતી ખુલ્લી મૂકી કૂટવામાં-રોવામાં, પતિના ભવાડા કરવામાં, નદી-તળાવ-કૂવા કાંઠે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ન્હાવા બોલવામાં શરમાવું અને વડીલોની આજ્ઞા મર્યાદાપૂર્વક જાળવવી તેજ ખરી મરજાદ છે.

૩૦ પતિ દુર્વ્યસની હોય કે તેવા કોઇ તેના દુર્ગુણો જાણવા છતાં પણ જરા મ્હોં ન મરડવું, પ્રેમભાવ જેવો ને તેવો જ રાખી સેવા–ચાકરીમાં તત્પર રહેવું અને યથાયોગ્ય વખતે તે દુર્વ્યસનોથી દૂર રહેવા તથા તેના લાભાલાભ સંબંધી વિવેચન સાથે પ્રાર્થના કરવી.

૩૧ સદા સત્ય કોમળ પ્રિય ભાષણ કરવું, બહુ ન બોલવું તેમ વધારે મૌન પણ ન રહેવું. મતલબ કે સમય વગર લવારો ન કરવો, અને જરૂરી ચેતવણી વખતે મૌની ન બનવું, મનની છુપી વાત, ઘરનું છિદ્ર કોઈ આગળ પ્રગટ ન કરવું, વિશ્વાસ લાયક વાત કરવી, પ્રતિજ્ઞામાં વાયદામાં જૂઠું ન પડવું, વાત જાણતા છતાં પણ જ્યાંસુધી સ્હામું મનુષ્ય ન પૂછે ત્યાંસુધી તે ન કહેવી. અજાણી વાતમાં હકારો ન ભણવો, પરપૂંઠ નિંદા ન કરવી, વિચારી વિવેકથી જ બોલવું.

૩૨ ઘરેણાં પ્હેરી નદી કાંઠે ન જવું, રાત્રે સાવધાનીથી સૂવું, આપણાં ઘરેણાં બીજાનાં કરતાં હલકાં–થોડાં છે એવું ન શોચવું, અવસ્થાલાયક વસ્ત્રાલંકાર સજવાં, માંગેલું ઘરેણું લાવી શરીર શોભાવવાની ટેવ ન રાખવી. નાક–કાનમાં ભારે–વજનદાર ઘરેણું ન પહેરવું, મુસાફરીમાં વધારે ઘરેણાંની શોભા બતાવવાનું છોડી દેવું.

૩૩ હમેશાં સત્યથી જગતને, શીળથી શત્રુને, ધનથી કૃપણને, વિવેક વચનોથી વિદ્વાનોને, ભક્તિથી સ્વામિનાથને, આજ્ઞાપાલનથી રાજાને, શાંતપણાથી ક્રોધીને, સ્નેહથી કુટુંબિયોને, મનોહર કથા–વાર્ત્તાઓથી મૂર્ખાઓને, દાનથી દીનગરીબોને અને દાબથી શઠ જનોને વશ કરવા.

૩૪ ગાય, ભેંશ, બકરી, બળદ વગેરે પાળેલાં પ્રાણીઓની પૂરેપૂરી ખાનપાન વગેરેથી સંભાળ રાખવી. વર્ષાદની મોસમ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પહેલાં ઘરની મરામત વગેરે કરાવવી. કપડાં ધોવરાવવાની, જોઇતી ચીજ વસ્તુ ઘરમાં લાવવાની તથા તેને ઝાટકી વીંણી રખેળી જોઇ દબાવી સંભાળ રાખવાની, ગરમ કે હીરાગડ કપડાંને તાપ ધૂપ દેખાડવાની, દરેક ચીજની મોસમ આવ્યે તે તે ચીજ સંગ્રહવાની અને નવરાસની વખત હુન્નરોમાં માહેતી મેળવવાની ટેવ રાખવી.

૩૫ મેળાઓમાં, ચોટામાં, યાત્રામાં, કથાકીર્ત્તનમાં અને નાટિક, નાચ, તમાસામાં જવાનો શોખ રાખવો નહીં.

૩૬ દૈવયોગે શોકય હોય તો તે ઉપર પણ સ્નેહ રાખી સંતોષથી વર્ત્તવું.

૩૭ ચટકમટક ચાલવું નહિ, ચીપીચીપીને બોલવું નહિ, રૂપ, ગુણ, ધન કે અમલનો ગર્વ રાખવો નહીં.

૩૮ અતિથિ અભ્યાગત દીન ભિક્ષુક અબોલા જીવો તરફ દાતવ્ય બુદ્ધિ ધારણ કરવી. મોટાઇથી નહીં પણ કર્ત્તવ્ય સમજી તેમને દાનમાનથી પોષવા.

૩૯ પુરૂષોના હાથે ન્હાવું, તેલ મસળવું કે પીઠી ચોળાવવી નહીં.

૪૦ યોગણ, વેશ્યા, દાસી, નઠારી ચાલવાળી સ્ત્રી, ચિતારી, રંગરેજણી, ધોબણ, માલણ, ઘાંચણ, અને કારિગરોની સ્ત્રીઓથી સંસર્ગ ન રાખવો; કેમકે એ દૂતિયોમાં ગણાતી હોવાથી મનને નઠારા સંસ્કારો નાખવા યત્ન આદરે છે.

૪૧ પોતાની સર્વ ઇંદ્રિયોને કાબૂમાં રાખવી. પોતાના ઘરમાં સુખે કિંવા દુઃખે સદાકાળ સંતોષ રાખી રહેવું.

૪૨ સાસરીને સર્વ સુખનો આધાર ગણી, પીયરની પાલખીને છોડી સાસરીની શૂળીને ચાહવી. પારકે ઘેર વિના કારણે જવું નહીં. જનસમુદાયમાં સુશીળતાથી સાચી છાપ બેસારવી. સંધ્યા વખતે બારણા, અગાડી કે બારીમાં ઉભું રહેવું નહીં. સ્વામીના સુખ દુઃખ ને ખરી મહેનતમાં ભાગ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લેવો. દુઃખ આવ્યે હિમ્મત હારવી નહીં. તેવે વખતે પતિને ધૈર્ય આપવું. હર્ષ વખતે ઘમંડી થવું નહીં, સહુ સાથે હળી-મળી ચાલી દ્રવ્ય–અધિકારનો સદુપયોગ કરી લોકપ્રિયતા મેળવવી.

૪૩ પતિને ઘરના વ્યવહારના કાર્ય વગરની અન્ય વાત પૂછવી નહીં અને પૂછવાની આવશ્યકતા માલમ પડે તો એકવાર પણ ઉત્તર ન મળે તો તે જાણવા દુરાગ્રહ કરવો નહીં.

૪૪ બાળકને નઠારી ટેવો, નઠારી સોબતો અને અવિદ્યાઓથી દૂર રાખી સુશિક્ષણમાં આસક્ત બનાવવું.

૪૫ હીરા, માણેક, સુવર્ણના ભૂષણ કરતાં શીયળને સર્વોત્કૃષ્ટ અમૂલ્ય આભૂષણ સમજી, તેને જાળવી રાખી અમરકીર્ત્તિ વરવી.

૪૬ પતિની સ્હામે અમર્ષ કે ડહાપણનો ગર્વ ધરી ઉત્તર વાળવો નહીં, હમેશાં સભ્યતાપૂર્વક વર્તવું.

૪૭ પતિની ગેરહાજરી વખતે મેમાન આવ્યા હોય તો પોતાની પ્રતિષ્ઠા જાળવવા ગુંજાસ મુજબ તેઓની પરોણાગત સાચવવી; પણ ઘરની ગુંજાસ ઉઘાડી થઇ આવે તેમ કરવું નહીં.

૪૮ પતિથી કદિ પણ વિરૂદ્ધ વર્ત્તન ચલાવી–રીસાઇ કોઇ વાતની આડાઈ આદરી દુનિયાની દેખાદેખીને વશ થઇ બેવકૂફ બનવું નહીં. બીજાની હવેલી જોઈ ઝુંપડું પાડી નાંખવાની હઠ લાવી કે કરજ કરી ઘર, દાગીના, ગાડી વગેરે કરાવી ભપકો મારવા વિચારવું નહીં.

૪૯ પતિ તરફથી વિશેષ માન મળતાં છકી જવું નહીં. કોઇ વાતમાં ભૂલ આવી હોય તો પતિ પાસે તરત કબૂલ કરવી, નકામાં બેસી રહેવું નહીં પણ કંઇ ને કંઇ ઉદ્યોગમાં લીન રહેવું.

૫૦ ભૂત વળગાડમાં ભૂલા ભમી, તથા સંતતીના અભાવથી કુમાર્ગે દોરાઈ બહોતેર પરિયાને બોળવાં નહીં.

૫૧ રાત પડયે પોતાના ઘરનો ઉંબરો છોડી કયાંય જવું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નહીં. દેવદર્શન, ધર્મોપદેશ, વ્રત, પચ્ચખ્ખાણ, તીર્થયાત્રા વગેરે માટે પતિની મંજૂરી મળતાં તેમાં પ્રવર્ત્તવું; તે પણ સદાચારી વૃદ્ધ સ્ત્રીઓના સંગે જવું આવવું.

૫૨ વઢવાડ-તમાસા અને રોવા કૂટવાની બુરી રીત જોવામાં મન લગાડવું નહીં. બાંડે લુગડું પહેરી ફરવું હરવું નહીં, કાંચળી વિના કોઇ વખતે પણ રહેવું નહીં. શરીર દેખાય એવાં ઝીણાં કપડાં પહેરવાનો શોખ રાખવો નહીં, ઘરના મોભા મુજબ વસ્ત્રાલંકાર રાખવાં.

૫૩ પતિના મનનો મુખમુદ્રા ઉપરથી ભાવ સમજી તે કામ બજાવી પતિની પ્રસન્નતા મેળવવી. પતિસેવાથી કદિ પણ (રજસ્વળા સમય સિવાય) દૂર રહેવું નહીં. પોતાનું દુઃખ કોઈ અગાડી પ્રકાશવું નહીં, સદ્ગુણી સ્ત્રીઓનો જ સંગ રાખવો.

૫૪ ઘરનાં સાહિત્ય ઠેકાણાસર રાખવાં કે જે વખતે જે ચીજની જરૂર પડે તે વખતે તે ચીજ તુરત હાથ લાગે. ગૃહવ્યાપારમાં કુશળતા મેળવવી. ઘરની આબરૂ વધવાનાં જ સાધનો સાધ્ય કરવાં.

૫૫ માતા, પિતા, પતિ કે પુત્રોથી જુદાં ને છેટે રહેવા કદી ચાહવું નહીં.

૫૬ પતિને કાર્ય કરવામાં સલાહ આપનાર મંત્રી-પ્રધાન જેવી, કામ કરવામાં દાસી જેવી, જમાડવામાં ચાહ રાખનાર માતા જેવી, શયનને વિષે પ્રીતિ પેદા કરનારી રંભા જેવી, ધર્મકાર્ય અનુકૂળ અને ક્ષમા ધરવામાં પૃથિવી જેવી થવું.

૫૭ એક બીજાની આઘાપાછી-નિંદા કરવી નહીં. પોતાનો દોષ ધ્યાનમાં લઈ તેને દૂર કરવા યત્ન આદરવો, બુદ્ધિમાનની હિત-શિક્ષા માન્ય કરી તે પ્રમાણે વર્ત્તવું.

૫૮ કોઈનો બિગાડ થાય-કોઈનું અનિષ્ટ થાય તેવી હીલચાલ કરવી નહીં. સર્વ જીવ ઉપર કરૂણાભાવ રાખી તેઓની ચડતી ચાહી આનંદી થવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૫૯ હમેશાં સારા અધ્યવસાય રાખી, ધર્મધ્યાન, શુકલ-ધ્યાન ભજી, આર્ત્તરૌદ્ર ધ્યાન તજી સબળ પરમાણુઓનું વાતા-વરણુ ઘટ્ટ કરી પતિવ્રતા ધર્મનો વિજયધ્વજ ફરકાવવો અને સ્વદેશની ઉન્નતિના માર્ગમાં પતિને મદદ આપી જીવન સફળ કરવું.

૬૦ પતિ એજ સ્ત્રીઓનું સર્વોપરિ ધન, ઇષ્ટદેવ, પ્રવીણ કપતાન, કે કલ્પવૃક્ષ છે; માટે તેના વડે સર્વોત્તમ વૈભવ, અખં-ડાનંદી સ્થળ અને ઇચ્છિત સિદ્ધિની સફલતા પ્રાપ્ત થાય છે. આ સંસારમાં પતિથી વધારે વ્હાલું સગું કોઇ જ નથી. તેથી લગ્ન પ્રસંગે પતિની સાથે પંચની સાક્ષીએ જીવન પર્યંત શુદ્ધ મનથી વર્ત્તી તાબે રહેવાના કોલકરાર કરવાના હોય છે.

૬૧ યુવાન પુરૂષોની સાથે એકલાં મુસાફરીએ કે તીર્થ-યાત્રાએ જવું નહિ, નાટકના તમાસામાં લીન બનવું નહિ.

પતિ પ્રત્યેના ધર્મ માટે શાસ્ત્રોની આજ્ઞા—

જે સ્ત્રી પતિને પરમદેવ સમજીને તેમની સેવા બંદગી કરે છે તે ઉભય લોકમાં આનંદ મેળવે છે.

જે સ્ત્રી મન-વચન-કાયાથી પોતાના પતિને દુઃખ નથી દેતી તે પરમગતિને પામે છે અને ઉત્તમ જનો તેણીને પરમ-પુનિત સતી કહે છે.

જે સ્ત્રી પતિના પ્રિય અને હિતાર્થને સાધ્ય કરી જીતેં-દ્રિય બની ઉત્તમ આચરણોથી રહે છે તેણીની જ સંસારમાં આ લોકમાં સુકીર્તિ અને પરલોકમાં સુગતિ થાય છે.

જે સ્ત્રી પતિની સેવા કરે છે તે સર્વ સુખ અને સ્વર્ગ પ્રાપ્ત કરે છે, અને પુનઃ માનવભવ ધારણ કરી સમસ્ત સુખ-શાલીની થાય છે.

જે સ્ત્રી અન્ય વાતોને છોડી પતિભક્તિમાં તત્પર રહે તે સ્ત્રીનો ઉભય ભવમાં સત્કાર થાય છે. અનેક વ્રત, તપ, જપ દ્વારા ધર્મસાધન કરી સ્વર્ગ મેળવવા કરતાં પતિ નામનું જ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વ્રત, પતિ નામનો જ તપ, પતિ નામનો જ જાપ જપી પાપ ખપાવી સ્વર્ગ મેળવવું વધારે પ્રશંસનીય છે. સ્ત્રીઓનો પરમ ધર્મ એજ છે કે પતિસેવા કરવી અર્થાત્ પતિનું સદા હિત કર્યા કરવું.

સુખેચ્છુ સુંદરિયો માટે પૂજ્ય ગુરૂ, દેવ, રાજા જે ગણો તે પતિ જ છે. તે જ મનકામના પૂર્ણ કરનાર, તે જ તમને સદ્બોધ આપી સન્માર્ગમાં પ્રવર્ત્તાવી સદ્ગતિ અપાવનાર અને તેજ તમને યોગ્ય શાસન કરનાર છે એમાં કશો શક નથી.

રૂપ ગુણવંત ને કુલીન તે જ સ્ત્રી ગણાય છે કે જે શીલસંપન્ન પતિના મનોવૃત્યાનુસારિણી છે. ગુણવડે રૂપ ને કુળ શોભે છે, નહીં કે ગુણ વગર શોભશે ? કહ્યું છે કે—

(અવર ધરેણાં હું તો અંગે ન અડાડું—એ પ્રભાતિયાનો રાગ.)

અવર ધરેણાં તમે અંગે ન અડાડો, શીલ ધરેણું ગણો સાચું રે.
દામ ન લાગે ભાર ન લાગે, ભાંગ્યું ન વજ્રથી ભાંગે રે;
ચોરનું ચોર્યું કદિ ન ચોરાયે, ભાગીઓ ભાગ ન માંગે રે. અ. ૧
કોઈ દિન પ્હેરવા માંગે ન કોઇ, ઓળવે નહીં કોઈ એને રે;
ઘ્રાસે નહીં કદિ ગુમ નહીં થાએ, જરિયે ન હરકત જેને રે. અ.૨
સદા રહે સુંદર સૂરતનું, ઓપ ન ઊતરે એનો રે;
અગ્નિ જળ આદિથી ન વિણશે, કહો એને ડર કેનો રે ? અ. ૩
પેટી પટારાનું કામ ન પડશે, એને મૂકવા માટે રે;
વાટે ઘાટે જંગલમાં પણ, પ્હેરી ફરો મહા ઠાઠે રે. અ. ૪
જેમ જેમ વખત જશે ઝાઝેરો, તેમ તેમ કીંમત તેની રે;
વધતી જશેજ વિશેષ વિશેષે, ઝાઝી ખુબી છે જેની રે. અ. ૫
આ ભવ પરભવમાં વળી એથી, મળશે લાભજ મોટો રે;
અંગેથી અલગ ન કરશો તો કહું, જાશે કદિય ન ત્રોટો રે. અ. ૬
બાળચંદ્ર કહે પ્હેરો પ્રતિદિન, એ ભૂષણ બાઇ ભાઇ રે;
તજી દો તકલાદી ભૂષણને, છે જે સદા દુઃખદાયી રે. અ. ૭

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઘરેણાં કેવાં પહેરવાં ?

જો માથે ઘરેણું પહેરવાની જરૂર હોય તો બુદ્ધિરૂપી સુંદર ચાક બોર વગેરે ધારણ કરો કે જેથી તમારાં તમામ કામ સુધરી જશે. બુદ્ધિ ભૂષણ વગર મનુષ્ય દીવાનો જ ગણાય છે. જો કાનમાં વાળીઓ પહેરવાનું મન હોય તો જ્ઞાનરૂપી સુંદર સતેજ વાળીઓ હિતશિક્ષાના કામ અને દયારૂપી મોતીની સેરો શોભાવો. જો ગળાની અંદર દાગીના પહેરવાની જરૂર હોય તો તમારી ભલાઇયોની મોહનમાળા ધારણ કરો. બાંહ ઉપર જો આભૂષણ પહેરવાની જરૂર હોય તો બાહુબળ રૂપી બાજુબંધ બેરખા શોભાવો કે જેથી મનધાર્યા કામમાં ફતેહ મળશે. હાથને શોભાવવાની ઇચ્છા હોય તો હુન્નર-કારીગીરી શીખો કે જેથી કોઇ :વખતે કોઇનાં, ઓશીયાળાં નહીં બનશો. કેડમાં ઘરેણાની જરૂર જણાય તો હર વખત સારા કામમાં કટિબદ્ધ રહો. અને પગમાં ભૂષણ પહેરવાની અગત્ય જ હોય તો સદૈવ ધર્મમાર્ગમાં પગને સ્થિર કરો-સત્ય માર્ગમાંથી પગ ન ડગાવો. જે દાગીના તૈયાર કરાવતાં સોના સાઠ થાય, જેને લીધે ડર રહે, જેને જાળવવાં પડે અને દુષ્ટ કામી જનોનાં ચિત્ત પોતાની તરફ દોરાય, તેવા દાગીનાઓ પરનો વ્યામોહ તજીો. જાપાન વગેરે દેશોની સ્ત્રીઓ તેવા દાગીનાઓની તરફ તિરસ્કાર બતાવી વિદ્યા કળા-સ્વદેશાભિમાન સદ્વર્ત્તન રૂપી સાચા દાગીનાની જ દરકાર રાખતી હોવાથી સેંકડે સાઠ જણીઓ ઉંચી કેળવણી પામી ગ્રેજ્યુએટ નીવડેલી નજરે આવે છે, અને એથી તેણીઓનાં દેશવિદેશમાં સુંદર શોભાનાં યશગાન થયા કરે છે. બહેનો ! તમો પણ તેજ કૃતિને અંગીકાર કરી આર્યાવર્ત્તની ઉન્નતિ કરી તમારા સુયશચંદ્રનો દિગંત લગી પ્રકાશ પહોંચાડો. યાદ રાખજો કે સોના-રૂપાના ઘરેણાં તો ક્ષણભંગુર, દુઃખદાયક અને જીવને જોખમમાં નાંખનારાં દગાબાજ દાગીના છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૫૪ પરિચ્છેદ.

પ્રતિવ્રતા પ્રમદાઓ—

સુલસાસતી—રાજગૃહી નગરીમાં નાગદેવની સ્રી પરમપુનિત પતિવ્રતા સતી સુંદરી હતી, એક વખત પુત્રપ્રાપ્તિ માટે પતિને ખેદ કરતાં નિહાળી તે પતિને દિલાસો દઇ ધર્મ મંત્રારાધન કરવા લાગી તથા તે ધર્મમંત્રારાધનને ધ્યાનમાં લઈ ઇંદ્રે પોતાની સભા મધ્યમાં સુલસાની પ્રશંસા કરી કે— "હાલમાં સુલસા જેવી ધર્મદ્દઢ સુંદરી કોઇ નથી." આ પ્રશંસા તરફ શક લાવી એક મિથ્યાત્વી દેવે તેણીને ધર્મથી પતિત કરવા બે સાધુના રૂપ રચી સુલસાને ઘેર આવી તેણીના ઘરમાં લક્ષપાક તેલ હતું તે માટે ઈચ્છા જાહેર કરી. સુલસાએ અહો ભાગ્ય માની સાધુઓની ચિકિત્સામાં ઉપયોગ આવવા તે તેલનો ઘડો લઇ આવી પણ દેવમાયાથી તે ભાંગી ગયો. એટલે બીજો-ત્રીજો-ચોથો એમ ઉપરાઉપર લાવવા લાગી, તથાપિ તે બધાંઓની એજ ગતિ થઇ; છતાં પણ ભારે નુકસાનવડે જરા શોચ ન કરતી ચડતા ભાવમાં જ લીન રહેલી જણાણી, જેથી દેવ અસલ સ્વરૂપ પ્રકટ કરી પગે લાગ્યો અને વર માંગવાનું કહ્યું. સુલસાએ પુત્ર થવાનું વર માગ્યું, જેના લીધે દેવે બત્રીશ મંત્ર પ્રભાવપૂરિત ગોળીઓ આપી ને બત્રીશ વખત ખાવાથી બત્રીશ વીરનર પાકવાનું જણાવી કાર્ય વખતે યાદ કરતાં હાજર થવાની વિનતી કરી તે દેવ પોતાના કલ્પમાં ગયો. સુલસાએ બત્રીશ વખત ધર્મકાર્યમાં ખલલ થવાના ભયથી તે બત્રીશે ગોળીઓ એકી વખતે ખાઇ લીધી, જેથી દેવવચનથી બત્રીશ બાળક ગર્ભમાં પેદા થયા. અને તેજ દેવની સહાયતાથી સુખ પૂર્વક તેઓને જન્મ આપ્યા. બસ બહેનો એ કથામાંથી આપણે આટલો જ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાર ગ્રહણ કરી તથા શ્રીમહાવીર પ્રભુએ અંબડ મારફત તેણીને ધર્મલાભ કહેવરાવ્યા એ ધ્યાનમાં લઇ કહીશું કે દેવેંદ્રે કરેલી પ્રસંસા, દેવનું વરદાન, અને દેવાધિદેવે તેણીના ધર્મ તરફ બતાવેલી તારક બુદ્ધિ એ પતિવ્રતા ધર્મનો જ પ્રતાપ હતો.

મદનરેખા—સુદર્શનપુરના મણિરથરાજાના યુવરાજ જુગબાહુની સ્ત્રી મદનરેખા હતી. તે સતી સ્ત્રીના રૂપ લાવણ્યતામાં મણિરથે મોહ પામી આખર દુષ્ટ વાસનાને પૂરી પાડવા પોતાના ન્હાનાભાઈ જુગબાહુને મારી નાંખ્યો, અને તે મોહિનીને હાથ કરવા યત્ન આદર્યા; પણ તેમાંથી તે છટકી નાશી ગઇ. જંગલમાં ગયા બાદ તેણીએ એક પુત્રને જન્મ આપ્યો. પણ બીજેજ દિવસે સરોવરમાંના જળહસ્તી તેણીને પકડી ઉંચે ઉછાળી, પણ ત્યાં એક વિદ્યાધરે બચાવી લીધી. પરંતુ તે તેણી ઉપર મોહિત થઇ પોતાને ત્યાં લઇ ગયો અને તેણે પણ પોતાની બદદાનત જાહેર કરી. સતીએ તે ફંદમાંથી બચવા, 'નંદીશ્વર દ્વીપ લઇ ગયાથી તમારા કહેવા તરફ ધ્યાન દઇશ' એવી કબૂલાત આપી, વિદ્યાધર ને સતી બન્ને નંદીશ્વર દ્વીપે ગયાં. પિતા મુનિશ્રીના મુખથી ધર્મોપદેશ શ્રવણ કર્યો કે તે વિદ્યાધરે બાઇને બ્હેન કહી ખમાવ્યું. ખમાવવાનું કારણ મુનિનો ઉપદેશ હતો, અને તે સતીનો પતિ મરણ પામી તેણીના સદુપદેશબળથી દેવ થયો હતો તે ત્યાં આવ્યો એથી તેણે માફી માગી. આટલીજ વાત ઉપરથી જોવાશે કે મદનરેખાને વીતેલાં વીતક પ્રસંગે તે પોતાનું શીળ સાચવવા શક્તિવંત થઇ અને દેવ જેની સહાયતાને માટે આવ્યો એ બધો પતિવૃત્તનો જ પ્રતાપ હતો.

દમયંતી—કોશળ દેશના નૈષધરાજાના પુત્ર નળરાજની સ્ત્રી હતી. નળરાજાને રાજ્ય મળવાથી યુવરાજ કૂબરે પ્રચંડવડે નળરાજને જુગાર રમાડી રાજ્ય હસ્ત કરી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નળ દમયંતીને વનવાસ આપ્યો. પણ દમયંતીને દુઃખ પડતું નિહાળી તે ન સહન થતાં તેણીને ઉંઘતી જ છોડી નળ ચાલ્યો ગયો. દમયંતીને શરણ પરમાત્માનું અને આધાર પૃથ્વી શિવાય કોઇનો ન રહ્યો; તો પણ પતિનું જ સ્મરણ કરતી દમયંતી વનમાં વિહરવા લાગી. રસ્તામાં ઘાતકી ક્રૂર પ્રાણિયો મળતાં પણ શીળ પ્રતાપથી શાંત બની સેવા બજાવતાં હતાં. ચોરો પણ લૂંટવા આવ્યા, પરંતુ સંઘના રક્ષણ માટે મનોબળ સ્ફુરાવી હુંકાર શબ્દવડે તેણીએ તેને નસાડી શીળ પ્રભાવ દર્શાવ્યો. રાક્ષસ મળ્યો ત્યારે તેને બોધવડે પ્રસન્ન કર્યો. વૃષ્ટિ બંધ કરી તાપસો, સાર્થવાહ વગેરેને જળત્રાસથી ઉગાર્યા. તૃષા લાગી ત્યાં પગ પ્રહારવડે પૃથ્વીમાંથી પાણી પ્રગટ કરી શાંતિ મેળવી. દુષ્ટ રાક્ષસી મળતાં તેણીને સ્તંભિત કરી મૂકી. અને દેવોએ જેણીની સહાયતા કરી તથા શીળ જાળવી પતિને સૌખ્ય પમાડી જીવન સફળ કરી સદ્ગતિ સ્વાધિન કરી. એ બધો શીળ-પતિવ્રતપણાનો જ પ્રતાપ હતો!

સીતાજી—જનક તનયા અને રામચંદ્રજીની સ્ત્રી સીતાએ જુલ્મી-કામાંધ રાવણના ત્રાસ વખતે પણ મહાન ધૈર્યતા સાથે શીળ સાચવી રાવણને ધૂત્કાર્યા કર્યો. અને છેવટે તેનો કુળ સહિત નાશ થયો. તેમજ પાછળથી વગર ગુન્હે વનમાં કાઢી મૂકતાં છતાં પતિભક્તિને જાળવી ત્યાં લવ-કુશના જન્મ વખતે અનેક વનસંકટ સહી સ્વદેશરક્ષક પુત્રોને મોટા કરી શસ્ત્રાસ્ત્ર કુશળ બનાવ્યા અને પતિને પ્રમોદ આપ્યો. તથા જેના પાદસ્પર્શથી અગ્નિ પણ પાણીરૂપ થયો હતો, એ બધો પતિવ્રતપણાનો જ પ્રતાપ હતો.

સુભદ્રા—વસંતપુરના જિનદાસ શ્રેષ્ઠીની પુત્રી હતી. તેણીને બુદ્ધદાસ મિથ્યાત્વી કપટ શ્રાવક બની પરણી ગયો અને ધર્મદ્વેષથી મુનિની આંખમાંથી તૃણની પીડા વારતાં સાસુએ કલંક આપ્યું, એથી એ કલંક નિવારણ માટે કાઉસગ્ગ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દ્વારા શાસનદેવીને સહાયકારિણી કરી ચાલણીને કાચા તાતણાથી બાંધી તે વડે કુવામાંથી પાણી કાઢી બંધ થયેલા ચંપાનગરીના દરવાજાને છાંટતાં જ ઉઘડી ગયાં. એ બધો પ્રતાપ પતિવ્રતના તેજનો જ હતો.

અંજનાસુંદરી—મહેંદ્રરાજાની પુત્રી અને પવનજયની પત્નિ હતી. અને તે કોઇ કારણની શંકાએ પતિની અણમાનીતી થઈ પડી હતી. એક વખત પવનજય વરૂણની સાથે યુદ્ધ કરવાનું રાવણ તરફથી બીડું ઝડપી પરાજય કરવા જતાં રસ્તામાં વિયોગી ચકવીનો વિલાપ સાંભળી વિયોગિની અંજનાસુંદરીના દુઃખનો ખ્યાલ તેને થઈ આવ્યો. એથી તેણીને ભેટી વિરહદુઃખ મટાડી આનંદ આપ્યો. પરંતુ ગર્ભ રહેવાને લીધે સાસરીયાં તેમજ પીયરીયાંએ હરામ હમેલ રહ્યા જાણી કુળખાંપણની બદનામીને લીધે કુટુંબે તજી દીધી તેથી અસહ્ય સંકટો વેઠતી એક ગિરીગુફામાં રહી હનુમંત પુત્રરત્નને જન્મ આપ્યો. અને પતિ ઘરે આવતાં આ હકીકતનો ભરમ ભેદી તેણીના તરફ દયા પ્રેમ લાવી પોતાને ત્યાં લઇ ગયો અને શીળ સાચવી પ્રાણની આહૂતિ આપતા પતિને આનંદસહ તેણીએ બચાવી સુખપૂર્વક સુયશમય સમય વ્યતિત કર્યો. એ બધો પ્રતાપ પતિવ્રતપણાનો નહિ તો બીજું શું ?

શિવાસુંદરી—ચેટકરાજાની પુત્રી અને ચંડપ્રદ્યોતનની રાણી હતી. તેણીને શીળથી ચુકાવા એક દેવે બહુ બહુ યત્ન કર્યો અને છેવટે તે શહેરમાં અગ્નિનો ઉપદ્રવ પ્રગટ કર્યો; પરંતુ જળ છાંટી રાત–દિવસ પ્રજવલિત થતા અગ્નિને ક્ષણમાં શાંત કરી દેવનો શ્રમ વ્યર્થ કર્યો. એ બધો પ્રતાપ પતિવ્રતપણાનો જ હતો !

દ્રૌપદી—દ્રુપદરાજાની પુત્રી અને પ્રતાપી પાંડવોની પત્નિ હતી. કૌરવોના કપટથી પાંડવોને વનવાસ થયો, ત્યારે સાથે રહીને ત્યાં અસહ્ય સંકટો સહન કરી તથા અમરકંકા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Suratwww.umaragyanbhandar.com

નગરીના પદ્મોત્તર રાજાના હરણ કરવાથી અનેક ત્રાસ-કષ્ટ વેઠી ને પણ ધર્મનું રક્ષણ કરી તેણીએ અમર નામના મેળવી.

જ્યેષ્ઠા—ચેટકરાજાની કુંવરી અને નંદિવર્દ્ધન રાજાની રાણી હતી. એકવાર શક્રેંદ્રે તેણીના દૃઢ શીળની અત્યંત તારીફ કરી જેથી એક દેવતા તેણીને ચળવા હરણ કરી વનમાં લઇ ગયો તથા હાથી, ઘોડા, રથ, પૈદલાદિની મહાસેના રચી તે દબદબાથી તેણીનું મન ચળાવા તેણે ઉદ્યમ આદર્યો. તથાપિ કોઇ પ્રકારે ચળી નહીં, એથી દેવ પ્રગટ થવા સાથે પ્રસન્ન થઇ સ્તુતિ કરી પોતાના સ્થાનકે ગયો. એ બધો પ્રભાવ શિયળની દૃઢતાનો જ સમજવો.

મૃગાવતી-સતાનિક રાજાની પટરાણી હતી, તેણીના રૂપથી મોહ પામી ચંદ્રપ્રદ્યોતને ચડાઇ કરી સતાનિકરાજાને ભારે મુંઝાવ્યો, તથા તેથી અતિસાર થતાં તેનું મરણ થયું. પછી વિધવા મૃગાવતીને હાથ કરવા નૃપે મોકલી પોતાની ભેટ લઈ આનંદ આપવા સૂચવ્યું, પરંતુ તેમાં પણ છેવટ આશા ભંગ થવાને લીધે દ્વંદયુદ્ધ મચાવ્યું; છતાં શીયળના પ્રભાવથી અને મહા લાભનું કારણ જાણી ખુદ શ્રીદેવાધિદેવ વીર પ્રભુ ત્યાં પધાર્યા અને સર્વ કલહ શમ્યો. એ પ્રતાપ શીયળ ધર્મનોજ હતો.

કળાવતી-વિજયસેન રાજાની કુંવરી અને શંખરાજાની રાણી હતી. સગર્ભા અવસ્થામાં પિયરથી તેણીનો ભાઇ બે બેરખા લાવ્યો હતો તે તેણીએ હર્ષ સહિત હાથે પહેર્યા તથા પોતાના ભાઇના સ્તુત્ય પ્રેમની સખી સન્મુખ પ્રસંશા કરી એથી 'ભાઇ પ્રત્યે રાણીની બદનિગાહ હશેજ' એવી રાજા શંકા લાવી મહાન્ ક્રોધવંત બની ગયો. અને રાત્રીએ વનમાં તેણીને વિદાય કરાવી બેરખા સહીત બન્ને કાંડાં કપાવી નાખી મહા દુઃખ દીધું. પરંતુ તે કાપેલાં કાંડાં, ઝાડની કલમ કરેલી ડાળ પુનઃ પાંગરે તેમ પુનઃ નવાં પ્રાપ્ત થયાં. એ પ્રતાપ પતિવ્રત ધર્મનોજ હતો!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શીળવતી–જિનદત્ત શેઠની કન્યા અને અજિતસેન શેઠની પત્નિ હતી. એક વખત રાત્રીએ શીયાલણીનો શબ્દ સાંભળી તેણી માથા ઉપર ઘડો ધારણ કરી નદી ઉપર ગઇ ને થોડા વખત પછી આવી શયન કર્યું, પરંતુ રાત્રીએ બહાર છાની રીતે જવાને માર્ગ લીધો. તેણીના સસરાને તેણીની બદચલન માટે શક ગયો અને પોતાના પુત્રને તે શક ઠસાવી દઈ તેણીને પિયર વિદાય કરવા રથમા બેસારી પોતે પહોંચાડવા ગયો. રસ્તાણાં એક વહેતી નદી આવતાં સસરાએ તેણીને જોડા ઉતારી નદી ઉતરવાનું કહ્યું; પણ તેણી તો જોડા સહિત ઉતરી પેલી પાર ગઇ. એથી સસરાએ તેણીને સ્વચ્છંદચારિણીજ માની લીધી. આગળ જતાં મગનું ખેતર આવ્યું જોઇ સસરાએ ‘ આ ક્ષેત્રમાંથી તેના માલિકને ઘણો પાક મળશે ’ એમ કહ્યું એટલે તેણીએ કહ્યું કે ‘ જો એને કોઇ ખાઇ નહીં જાય તો તેમ થશે.’ આથી સસરાને વધારે ખરાબ લાગ્યું, પુન: આગળ જતાં સમૃદ્ધિપૂર્ણ શહેર આવેલું જોઇ તેના સસરાએ શહેરનાં બહુ વખાણ કર્યાં. એટલે વહૂએ કહ્યું કે ‘ એ ઉજડ હોત તો વધારે સારૂં. ’ એવું કહેલું સાંભળી સસરાએ માની લીધું કે એ મારી મશ્કરીજ કર્યા કરે છે, હશે એનું ફળ તેને મળીજ રહેશે. તે પછી આગળ જતાં એક લડવૈયાને લોહી લુહાણ થયેલો જોઇ સસરાએ તેની વીરતા વખાણી, ત્યારે વહૂએ તેની કાયરતા અને બાયલાપણું જાહેર કર્યું. અગાડી ચાલતાં વળી એક સુંદર ગામ આવ્યું તેને સાસરાએ વખાણ્યું કે વહૂએ તે ગામને ‘ ઉજડ છે ’ એમ જણાવ્યું. તે પછી વળી એક ચાર ઝુંપડાં.વાળું ગામડું આવ્યું તેને વહૂએ વસ્તીવાળું બતાવ્યું. તે ગામમાં શીળવતીનો મામો રહેતો હતો તેણે શેઠને જમાડ્યા. સત્કાર કરી બહુ આગ્રહ સહ રહેવાનું કહ્યું, પણ શેઠતો વહૂનું સાલ કહાડવા ધારતો હતો તેથી રહ્યો નહીં. એટલે તેણે કરંબાનું ભાતું બંધાવી વિદાય કર્યા. રસ્તામાં એક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વડનું ઝાડ આવ્યું, ત્યાં શેઠ વડની છાયામાં બેઠા કે વહૂએ તડકે જઇ બેસી માથે કપડું નાંખી લીધું. વહૂને દૂર બેઠેલી જોઇ સાસરે છાયડે બેસવા કહ્યું છતાં પણ આવી નહીં. તે પછી આગળ જતા એક કેરડાના ઝાડ પાસેના વૃક્ષ હેઠે જઇ શેઠે તો શયન કર્યું એટલે વહૂ બીજા વૃક્ષને છાંયડે બેસી કરંબો ખાવા લાગી. એટલામાં કાગડો કંઇ બોલવા લાગ્યો જેથી તે બોલી કે, 'ભાઇ એક વારતો એક જણના બોલવા ઉપરથી મારે પિયરની વાટ પકડવી પડી છે અને વળી તારૂં કહ્યું માનું તો પિયરીયાંને પણ મળવું મુશ્કેલ થઇ પડે. સત્ય કહેનાર કે વર્ત્તનારને મહા દુ:ખ પડે છે.' ઇત્યાદિ વહૂનાં વચન: સાંભળી જાગતાં સૂતેલા સસરાએ બેઠા થઇ પૂછ્યું કે–'વહૂ! આમ વિવેક વગર કટાક્ષ કથન કેમ કહાડો છો?' વહૂએ કહ્યું–'હમેશાં ગુણ દોષ રૂપેજ દેખાવ દેતા જણાય છે. જુઓ વનસ્પતિ ફળ ફૂલ આપનારી થાય કે તરત તેની ડાળીઓ ચુંટાવાનો વખત આવે છે. મોર પીછાંથી આનંદ આપનાર જણાય કે તે પીછાં હાથ કરનાર તેને મરણને શરણ કરે છે. સારી ચાલના ઘોડાને ગાડીમાં જોડે છે અને મીઠા બોલોથી આનંદ આપનારા પોપટ જે પાંજરામાં પુરાવું પડે છે. બાલ્યાવસ્થામાં ભાઇના આગ્રહથી પશુ પક્ષીઓની ભાષાનું પણ મેં ગુરૂગમસાથ જ્ઞાન મેળવ્યું, જેથી મારી આ દશા થઇ છે. સસરાએ આ સર્વ વાત જાણવા બહુ આગ્રહ કર્યો એટલે તેણે જણાવ્યું કે તે રાત્રીએ શિયાલણી એવું બોલી હતી કે 'નદીમાં એક મડદું તણાતું આવે છે તેની પાસે લાખનાં મૂલ્યનાં ઘરેણાં છે.' એમ જાણી હું તમે જાગતા હતા ત્યારે નદી પર ગઇ હતી ને તે શબ ઉપરનાં ઘરેણાં હાથ કરી ત્યાંજ નિશાની બંધ દાટી થોડી વખત પછી પાછી આવી હતી. અત્યારે આ કાગડો બોલે છે તે બતાવે છે કે કેરડા નીચે દશ લાખ સોના મ્હોરો છે અને કરંબો ખાવા માંગે છે. કહો તો આપું. અને પરીક્ષા લેવી હોય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તો આ કુહાડી વતી કેરડાના મૂળમાં ખોદી જુઓ કે પ્રતીતિ મળે. ' સસરાએ તેમજ કર્યું તો તેટલી મ્હોરો હાથ લાગી. એ જોઇ સસરાએ તેણીની માફી માંગી અને દિલગીરી દર્શાવી. પછી સસરાએ રથ પોતાના ઘર ભણી પાછો વળાવ્યો અને રસ્તામાં ગામડું આવ્યું તે જોઇ વહૂને પૂછયું ' કુળદીપીકા! આ ગામડાને વસ્તીવાળું કેમ વખાણ્યું ? ' વહુ બોલી આ ગામમાં મારા મામાનું ઘર છે જેમાં આપણું સગુ સ્નેહી રહેતું હોય તેજ વસ્તીવાળું ગણાય કે જ્યાં આદર મળે. વસ્તી ઘણી છતાં આપણને આદર ન મળે તો તે ગામ આપણે મન શૂનુંજ ગણાવું. એથી વસ્તીવાળું કહ્યું હતું. બીજાં શહેરોને મેં ઉજડ એ સબબને લીધેજ કહ્યું હતું. સસરાજી વહુનું વર્તન હેતુ પુર:સર જાણી હર્ષિત થયો, અને પુછયું ' તમે વડ નીચે ન બેસતાં તડકે કેમ બેઠાં હતાં ? ' વડના મૂળમાં સાપ વગેરે ઝેરી જાનવરો ઠંડકને લીધે રહેતાં હોવાથી તેનાથી છેટે રહેવુંજ યોગ્ય છે. તેમ વળી વડઘટામાં બેઠેલો કાગડો જો માથે હગાર કરે તો પતિને છ માસમાં અનર્થની પ્રાપ્તિ થાય એ માટે તેમ કર્યું હતું. પુનઃ પુછયું ' તે ઘવાયલા વીર પુરૂષને બાયલો કેમ કહ્યો હતો ? ' વહુ બોલી તેની પીઠમાં ઝટકા વાગ્યા હતા. મારથી ભાગેલાનેજ પીઠમાં ઝટકા પડે છે. શૂરવીર સ્હામી છાતીએ લડે જેથી છાતીમાં ઘા થાય, માટે એને બાયલો કહ્યો હતો ફરી પૂછયું ' નદીમાં જોડા કેમ નહોતા ઉતાર્યા ? વહૂએ કહ્યું, જીવ જંતુ કાચ વગેરેથી બચવા નહોતાં ઉતાર્યાં ' આ પ્રમાણે મળેલા ખુલાસાથી સસરો બહુજ ખુશી થયો અને ઘેર પહોંચી બધી વાત જણાવી સર્વને સંતોષ આપ્યો.

એક વખત રાજાએ બુદ્ધિવંતની શોધ માટે ઢંઢેરો પીટાવ્યો કે-' જે મને લાતો મારે તેને શું શિક્ષા કરવી ? ' સર્વે લોકોએ જણાવ્યું કે-' તેનું માથું ઉડાવી દેવું. ' પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શીળવતીના બુદ્ધિબળની પ્રેરણાથી તેણીના પતિએ કહ્યું- ' આપને લાતો મારનારને મેવા મીઠાઈ ખવરાવવી અને અમૂલ્ય વસ્ત્રાલંકાર આપવાં જોઇએ. ' આથી બીજા બધા નારાજ થયા પણ રાજા બહુ ખુશી થયો. કેમકે રાજાને લાત મારનાર તેનો ગભરૂ રાજકુંવરજ હોય, તો તેને તેમજ કરવું યોગ્ય ગણાય! એ ઉપરથી તેણીના પતીને મુખ્ય પ્રધાનની જગ્યા મળી.

એક વખત તે રાજા બીજા રાજાનો પરાજય કરવા ચાલ્યો તે વખતે શીળવતીના પતીને સાથે રહેવાનો હુકમ કર્યો, એથી મંત્રીશ્વર નારાજ થયો, પણ શીળવતીએ પોતાના સદ્વર્ત્તનની સાક્ષી માટેની પુષ્પમાળા આપી પતીને કહ્યું-' આપ ખુશીથી મહારાજા સાથે પધારો. મારી તરફની કશી ફિકર રાખશો નહીં. જો આ માળા કરમાય તો જાણવું કે હું પતિવ્રતપણાથી ભ્રષ્ટ થઇ છું. ' એમ કહી વિદાય કર્યા.

રાજાએ વગડામાં પુષ્પનો અભાવ હોવા છતાં તાજી પુષ્પમાળા રહેલી જોઇ મંત્રીશ્વરને તેનું કારણ પૂછયું તો તેણે જે હતું તે કહી દીધું. એથી શીળવતીનું સતીવ્રત ચળાવવા રાજાએ પ્રથમ અશોકકુમારને મોકલ્યો. તેણે જઈ પોતાની ચેષ્ટા શરૂ કરી, એથી શીળવતી જાણી ગઇ. તેણીને પોતાને ઘેર બોલાવી યુક્તિથી એક ઉંડા ખાડામાં ઝોંકાવી દીધો, અને જરૂર જોતું અન્ન પાણી પહોંચાડવું શરૂ રાખ્યું. એનો પત્તો ન લાગ્યો. એટલે રાજાએ બીજો રતિકેલી, તે પછી કામાંકુર અને તે પછી લલીતાંગકુમાર એમ વારા ફરતી શીળવતીનું પતિવ્રત ચલિત કરવા મોકલ્યા; પરંતુ બધાં પહેલાની જેવીજ સ્થિતિ થઇ, જ્યારે રાજા પાછા આવ્યા ત્યારે પતિને કહી રાજાને પોતાને ત્યાં જમવા બોલાવ્યા ને તે ચારેની ગતિ વિદિત કરી. તે ચારે જણાએ અને રાજાએ શીળવતીની અત્યંત પ્રશંસા કરી ધન્યવાદ આપ્યો. પતિવ્રતાના હૃદયબળનો આ પ્રતાપ છે!

ઋષિદત્તા-ઋષિની પુત્રી અને કનકરથ રાજાની પત્નિ હતી,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ સુંદર પાવાણીની પુત્રી રૂક્ષ્મણીને પરણવા જતાં વચમાં ઋષિદત્તાનું લગ્ન કર્યું, જેથી તેણીએ એક યોગીણીને મોકલી ઋષિદત્તાનું કાસળ કઢાવવા યત્ન આદર્યો. યોગણીએ રોજ રાત્રે એક મનુષ્યને મારી તેના લોહીથી ઋષિદત્તાનું મ્હોં રંગી ઓશીકે માંસનો લોચો મૂકી અસ્વાપીની નિદ્રા અપહરી ચાલ્યા જવાનો ક્રમ ચાલુ રાખ્યો હતો, એથી ઋષિદત્તાની તરફ પતિનો તો અણગમો થયો નહીં; પણ બીજાં બધાં કુટુંબિયોએ તેણીને રાક્ષસણી ગણી વનમાં લઇ જઇ મારી નંખાવવાનો પ્રબંધ કરાવ્યો. રાજ સેવકોએ ક્રૂરતાથી માર માર્યો જેથી તે અચેત થઇ નિશ્ચેષ્ટિત બની ગઇ, જેથી તેણીને મરેલી જાણી જતી કરી ઘર ભણીનો માર્ગ માપ્યો. પાછળથી શીતળ સમીરથી નવીન જીવન તત્ત્વનો ઉમેરો થતાં તેણીને ચેતન આવ્યું, એટલે પોતાના કર્મને નિંદતી પોતાના પૂર્વ સ્થળમાં જઈ પુષ્કળ શોકનિમગ્ન બની પર્ણકૂટીમાં રહેવાં લાગી, પણ પછીથી પિતાની બતાવેલી ઔષધીનું તેણીને સ્મરણ થતાં પુરૂષ રૂપ કરીને ત્યાં શીળવ્રત પાળવા લાગી. ઋષિદત્તા મરી જવાના સમાચાર રૂક્ષ્મણીને મળતાં પાછી કનકરથને વરવાની ખટપટ ચલાવી અને કનકરથ પણ તેણીને વરવા ત્યાં ચાલ્યો. વચમાં ઋષિદત્તા મિલનનો સ્થળ આવતાં શોક સહિત ત્યાં પ્રભુવંદન કરવા ગયો, તે જગોએ પુરૂષ રૂપે રહેલી ઋષિદત્તાને જોતાં કનકરથને પ્યાર ઉત્પન્ન થયો, અને કેટલાક પ્રશ્નોત્તર થવા પછી તે ઋષિવેશરૂપી ઋષિદત્તાને મિત્ર તરીકે સાથે લઈ તે પરણવા ગયો. લગ્નની રાત્રે રૂક્ષ્મણીએ કપટ રચના કરી તે તેના પ્રતાપથી જાહેર થઇ એથી ઋષિને આનંદ અને કનકરથને અત્યંત ક્રોધ પેદા થયો. રાજાએ આ કપટ જાળથી નવ વિવાહિતાને અણુમાનીતી કરી દીધી અને પૂર્વની સ્ત્રીને સંભારી તે ચિંતા પ્રવેશ કરવા તૈયાર થયો; પણ ઋષિના બોધથી તેમ કરતાં બચ્યો તથા તેની સાથે કેટલીક વાત થતાં છેવટ મૂળ સ્વરૂપ પ્રકટ કરી પતિને અભિ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નવ આનંદ અને નવીન જીવન બક્ષ્યું. એ બધો પ્રતાપ પતિવ્રત ધર્મનોજ હતો!

નંદયંતી—નાગદત્તની પુત્રી અને સમુદ્રદત્તની સ્ત્રી હતી. સમુદ્રદત્તે પિતા વગેરે પાસે દ્રવ્યોપાર્જન માટે જવાની ઇચ્છા જણાવી, પણ રજા ન મળવાથી સ્ત્રીને પણ સૂતી મૂકીને રસ્તો માપવાનું ધાર્યું. તેણે છુપી રીતે સ્ત્રીનું કૃત્ય જોવા જાળીથી ઝાંખવા માંડયું. સ્ત્રી ઉંઘમાંથી જાગી ઉઠતાં બેબાકળી બની પતી ગયાની ખાત્રીથી ગળામાં ફાંસો ઘાલી તે મરવા તૈયાર થઈ. એ જોઇ તરત સમુદ્રદત્ત અંદર આવ્યો અને તેણીને સમજાવી ખુશી કરી વિદેશ તરફ રવાના થયો. પતીના ગયા પછી નંદયંતી વહૂને સગર્ભા થયેલી જોઈ તેણીને સતાવી. છેવટે સાસુ સસરાઓએ વનમાં પહોંચતી કરાવી દીધી. તે બિચારી વનમાં નિરાધાર મૂર્છિત થઇ પડી અને જ્યારે ચેતનમાં આવી ત્યારે વિલાપ કરતી કર્મને નિંદતી હતી. તેવામાં ભૃગુપુરનો રાજા ત્યાં આવી ચઢયો અને તેણીને ધર્મની બ્હેન ગણી પોતાને ત્યાં લઇ જઇ દાનશાળામાં રાખી. દાન દેતી અને શીળ પાળતી બનાવી. ત્યાં તેણીએ પુત્રરત્નને જન્મ આપ્યો. સમુદ્રદત્ત જ્યારે પરદેશથી ઘેર આવ્યો, ત્યારે સ્ત્રી ઉપર વીતેલા વીતકના સમાચાર જાણી ગર્ભ રહેવા સંબંધી માતપિતાને ખબર આપી તેણે તેણીની શોધ મેળવવા વન પર્વત ગામો વગેરે તપાસ્યાં પણ ક્યાંય પત્તો લાગ્યો નહીં. જ્યારે છેવટ ભૃગુપુરે છે તેમ પત્તો મળતાં પ્રથમ એક સ્ત્રીને મોકલી તેણીના શીળની પરીક્ષા લીધી હતી અને તેના ગુણની કસોટી થતાં સમુદ્રદત્ત પોતાને ઘેર લઇ ગયો એ ધર્મરક્ષણનું ફળ હતું.

રતિસુંદરી—કેસરીરાજાની પુત્રી અને ચંદ્રરાજાની પત્નિ હતી. એક વખત મહેંદ્રસિંહ રાજાએ રતિસુંદરીને હાથ કરવા માટે ચંદ્રરાજાનો પરાજય કર્યો ને રતિસુંદરીને સ્વાધીન કરી પોતાને ત્યાં લઇ ગયો ને તેણીની પાસે દુષ્ટ વાસનાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માગણી કરી. રતિસુંદરીએ ચાર માસ માટેનો દિલાસો આપી પછી તપોબળ વધારી છેવટ શાસનદેવીનું આકર્ષણ કર્યું, એથી શાસનદેવીએ તેણીનું કુરૂપ બનાવી દીધું, જેથી મહેંદ્રસિંહે તેણીને ચંદ્રરાજાને પાછી સ્વાધીન કરી—એ શાસનદેવીના આકર્ષણનું કારણ માત્ર પતિવ્રત ધર્મનો જ પ્રતાપ હતો!

નર્મદાસુંદરી—સહદેવની પુત્રી અને મહેશ્વરદત્તની ધર્મપત્નિ હતી. એક વખત તેણીનો પતિ યવનદ્વીપ તરફ વ્યાપારાર્થે ગયો ત્યારે નર્મદાસુંદરી પણ અત્યાગ્રહ પૂર્વક વીનવી સાથે ચાલી. માર્ગમાં મહાસાગરના કોઇ દ્વીપમાં કોઇ જન મધુર સ્વરે ગાતો હતો, તેનું ગાન સાંભળી સ્વરજ્ઞાનથી અનુમાન કરી નર્મદાસુંદરીએ પતિ પ્રત્યે કહ્યું—'આ જે મનુષ્યનો સુંદર સ્વર સંભળાય છે તે પુરૂષ શ્યામરંગનો હશે, અને તેના હાથ, પગ, કેશ સ્થૂલ હશે તથા તે મહા સત્વવાન્ હશે.' આ વાક્ય ઉપર મહેશ્વરદત્તે 'તે પુરૂષથી કંઇ બદચલનવડે જોડાયલી હોવી જ જોઇયે. નહીં તો જોયા વિના રૂપ-રંગ-ગુણ શી રીતે કહી શકાય!' એવી મહાન્ શંકા લાવી તેણીને રાક્ષસદ્વીપમાં ઉતારી વિશ્વાસઘાત કરી સૂતી મ્હેલી પાછો તે વ્હાણ હંકરાવી ચાલતો થયો. નર્મદાસુંદરીએ જાગીને જોયું તો પતીને દીઠા નહીં એથી મહા વિલાપ કરી કર્મને નિંદવા લાગી અને ત્યાંજ જે મળે તે ફળ વગેરે ખાઇ વખત ગુજારવા લાગી, એક વખત તેણીનો પિત્રાઇ કાકો વીરદાસ બર્બરકુળ પ્રત્યે જતો હતો તે ત્યાં ઉતર્યો, તેણે નર્મદાસુંદરીને જોઇ તથા બોલાવી કે તે હૈયાફાટ રૂદન કરવા લાગી. એથી દિલાસો આપી તેણીને પોતાની સાથે રાખી અને બર્બરદેશ ગયો. ત્યાં એક વેશ્યાની કપટચાતુરીથી નર્મદાનું હરણ થયું, અને તેણીના ઉપર વેશ્યા બલાત્કાર ગુજારવાની હીલચાલ કરવા લાગી. પોતાનો ધંધો કરવાનું ન માનવાથી તેણીને માર માર્યો. અંતે શીળનો ભંગ થશે એમ જાણી નર્મદાસુંદરીએ પંચપરમેષ્ઠીનું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Suratwww.umaragyanbhandar.com

સ્મરણ કરી શીળસંરક્ષણ ચાહ્યું, જેથી શાસનદેવે તેજ ક્ષણે તે પાપી વેશ્યાના પ્રાણ લઇ લીધા. એ દેવની સહાયતા મળવાનું કારણ કેવળ પતિવ્રત ધર્મનો જ પ્રતાપ હતો!

બ્રહ્મબાળા—ભોજરાજાના વખતમાં આ સતિ થઇ ગયેલ છે. તે જાતની બ્રાહ્મણી હતી, તેણીએ પોતાના પતિનું માથું ખોળામાં રાખી પતિભક્તિમાં મન લગાડયું હતું. તે સમય તેણીનું અજ્ઞ બાળક ગબડતું ગબડતું અગ્નિના કુંડ પાસે જઈ પહોંચ્યું અને આખર તેમાં પડી ગયું. હવે પતીને જગાડે છે તો પતિની શાંતિનો ભંગ થતો હતો, તેથી પુત્રવાત્સલ્યતાનાભોગે પતિવ્રત ધર્મને પાલન કરવા પ્રભુ પ્રાર્થના કરી. જેથી ધગધગતો અગ્નિ તદ્દન ચંદનના ગારાની પેઠે શીતળ થઇ ગયો. જ્યારે સ્વાભાવિક રીતે પતિ જાગી ઉઠ્યો, ત્યારે તેણીએ અગ્નિકુંડમાં પડેલા પોતાના બાળકને ઉઠાવી લીધું. બહેનો! અગ્નિમાંથી સહુકશક્તિ નાબૂદ થવાનું બળ તમારીનેકીમાં છે. આ પ્રમાણે કુંભકરણની સ્ત્રીએ લંકામાં થયેલા અગ્નિપ્રકોપ વખતે નિદ્રાવશ થયેલા પોતાના પતિનો પ્રાણ બચાવા આખું પોતાનું મકાન અગ્નિજ્વાળામાંથી બચાવ્યું હતું. એ અગ્નિ નજીક નહીં આવી શકવાનું કારણ કેવળ પતિવ્રત ધર્મનો જ પ્રતાપ હતો!

ભવભૂતિની સ્ત્રીના શ્રાપથી બાણને કોઢ રોગ થયો હતો. **જગદેવ** પરમારની સ્ત્રી વીરમતી ચાવડીએ સાચવેલા પતિવ્રત પ્રભાવથી કંકાળીને ચાર માથાં અર્પણ કરેલાં છતાં ફરી એ ચારે સજીવન થયાં હતાં! **શ્રીમતીને** સર્પ ટળી ફુલમાળની પ્રાપ્તિ થઈ હતી. **મીરાંબાઇને** ઝેરનો પ્યાલો અમૃત થઇ પરગમ્યો હતો. **રાણકદેવીના** શ્રાપથી સિદ્ધરાજનો નિર્વંશ ગયો હતો તથા **જશમા** ઓડણીના શ્રાપથી સહસ્ત્રલિંગ તળાવમાં પાણી કાયમ રહેવાનો પ્રયત્ન નિષ્ફળ નિવડ્યો હતો. એ બધો પ્રતાપ પતિવ્રત ધર્મનો જ હતો!

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવી આવી અનેક વાતો (દષ્ટાંતો)થી ધડો લેવાનો છે કે પતિવ્રત ધર્મની કિમ્મત પ્રાણથી પણ અધિક છે. પુત્રીઓને બાલપણથી જ પતિવ્રત ધર્મનું મહાત્મ્ય સમજાવી તેણીઓના કોમળ હૃદયમાં તે વ્રતનો અંકુર પ્રકટ કરાવો કે જેથી તે ફળદાયક નિવડી શકે.

સપ્તમ પરિચ્છેદ.

પૂર્વે પુત્રીઓને અપાતું શિક્ષણ—

વૈદ્યક વ્યવહાર તેમજ કાયદાઓનું જ્ઞાન, યુદ્ધ સંબંધીની પ્રવિણતા, ખેતી બાબતનું જ્ઞાન, તરવા સંબંધી કે નાવ ચલાવા સંબંધીનું જ્ઞાન, વ્યાપારની માહેતી, શિલ્પ સંબંધી જ્ઞાન અને ભરત-શીવણ-ગુંથણ-ચિત્ર વગેરેની વિદ્યા કળા શીખવાડવી. તે શિવાય ગણિત, ખનીજ પદાર્થ વિજ્ઞાન, સિદ્ધ પદાર્થ વિજ્ઞાન, રસાયનશાસ્ત્ર, ભૂગોળ, જ્યોતિષ, ભૂમિતિ, મનુષ્ય જાતિવિચાર, પશુ જાતિવિચાર, પક્ષી જાતિવિચાર, જંતુ વિચાર, જળચર જાતિવિચાર, વનસ્પતિ, પાષાણ જાતિવિચાર, ઈતિહાસ, ચરિત્રલેખન, રસાલંકાર, છંદશાસ્ત્ર, ગાનવિદ્યા, તર્કવિદ્યા અને યોગવિદ્યા વગેરેનો જ્ઞાનનો સારાંશ સમજાવી પ્રવીણા બનાવતા.

સ્ત્રીઓની ચોસઠ કળાઓ—

(૧) નૃત્યકળા, (૨) સુંદર માપ તથા ભાવનાયુક્ત ચિત્રકળા, (૩) વાજીંત્રકળા, (૪) મંત્રવિદ્યા, (૫) તંત્રવિદ્યા, (૬) વૃષ્ટિજ્ઞાન, (૭) ઝાડ ઉપરથી ફળ ચુંટવાની ચતુરાઇ, (૮) સંસ્કૃત-સંસ્કાર પામેલ ભાષા જ્ઞાન, (૯) કામ કરી બતાવી હર્ષ આપતાં શીખવો, (૧૦) વિદ્યા સંબંધી જ્ઞાન મેળવવું, (૧૧) તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવું, (૧૨) કપટકેળવણી મેળવવી, (૧૩)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પાણીને શોભાવવાની કળા (યોગ વિદ્યાની સત્તા) જાણવી, (૧૪) ગ્રહોની ગતિ ફળ જાણવું, (૧૫) રાગ સુર તાલ ભેદ પૂર્વક ગીત ગાતાં શીખવું, (૧૬) તાળી પાડતાં શીખવી, (૧૭) સ્વરૂપ બદલાવવાની કળા. (૧૮) વૃક્ષ રોપવાની કળા. (૧૯) રસાલંકાર યુક્ત કાવ્ય કરતાં શીખવું, (૨૦) વક્રોક્તિની રીતિ જાણવી, (૨૧) પુરૂષ પરીક્ષાનું જ્ઞાન મેળવવું. (૨૨) હાથીના લક્ષણ પારખવાં, (૨૩) ઘોડાની પરીક્ષા શીખવી, (૨૪) શરીરાદિમાં સુગંધિ દાખલ કરતાં શીખવું (૨૫) ઉત્પાતની બુદ્ધિ-હાજર જવાબી થવાની કળા શીખવી. (૨૬) શુકન જોતાં જાણવાં. (૨૭) ધર્મનું શિક્ષણ મેળવવું. (૨૮) અંજન બનાવવાની કળા (૨૯) ચૂર્ણ પ્રયોગ (૩૦) ગૃહસ્થધર્મ જાણવો. (૩૧) સ્હામાને પ્રસન્ન કરવાની ચાતુરી શીખવી. (૩૨) સોનાસિદ્ધિ ક્રિમિઆની ખટપટ ધ્યાનમાં લેવી. (૩૩) ધાતુઓની વૃદ્ધિ-પુષ્ટિ કરવાના ઉપાય જાણવા. (૩૪) વાક્યચાતુરી શીખવી. (૩૫) હાથ ચાલાકી શીખવી. (૩૬) મનહર ચાલ ચાલતાં શીખવી. (૩૭) સુગંધી તેલ બનાવતાં શીખવું. (૩૮) નોકર ચાકરોને સંતોષ આપતાં શીખવું. (૩૯) વ્યાકરણ પ્રશ્ન રીતિ શીખવી. (૪૦) ફેસલો આપતાં શીખવું. (૪૧) લડતાં શીખવું [કેવી રીતે બોલવાથી લોકો વખાણશે તે]. (૪૨) ચર્ચાવાદ કરતાં જાણવો. (૪૩) આંજણ આંજતા શીખવું. (૪૪) લોકાચાર રોવા દિલગીરી દર્શાવવા દિલાસો દેવાની ચાતુરીનું જ્ઞાન મેળવવું. (૪૫) ઘડા ભંજાડી રમતાં જાણવાની કળા જાણવી. (૪૬) સેતરંજ-ગંજીફા જ્ઞાનબાજી-સોગઠાંબાજી-વાઘકુકરી-પોપાંબાઇ વગેરેની રમત રમતાં શીખવી.(૪૭) રત્નને પારખવાની કળા જાણવી. (૪૮) દરેક લિપિ ઓળખવી વાંચવી વગેરેનું જ્ઞાન મેળવવું. (૪૯) વૈદ્યવિદ્યાનું જ્ઞાન મેળવવું. (૫૦) કામોદ્દીપન કળા જાણવી. (૫૧) રસોઈ નવીન ન[illegible] સ્વાદિષ્ટ ગુણકારી રૂચીકર ભોજન પદાર્થ બનાવવાની ચતુરાઇ શીખવી. (૫૨) વેણી ગુંથતાં શીખવી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૫૩) ખાંડવા દળવા ભરડવાની કળા જાણવી. (૫૪) સુખ શ્રૃંગાર તાંબૂળ બનાવતાં ને ખાતા શીખવું. (૫૫) કથા વાર્ત્તા કહેતાં શીખવી. (૫૬) ફૂલ ગુંથવાની ચતુરાઇ શીખવી. (૫૭) કપડા પ્હેરી જાણવું (૫૮) દરેક દેશની ભાષા સમજવાનું જ્ઞાન મેળવવું. (૫૯) વ્યાપાર ખેડવાની કળા સમજવી. (૬૦) ભોજન જમવાની ચતુરાઇ પ્રાપ્ત કરવી. (૬૧) નામવર્ત્તી લેવાની અગમચેતી જાણવી. (૬૨) પદપૂર્તિ કરતાં શીખવું. (૬૩) ઘરનો-કુળનો-જ્ઞાતીનો આચાર-વાસણ-ઘર-વસ્ત્રાદિ સાફસૂફ ને શોભીતાં રાખવાની કળા જાણવી. ૬૪, એ ચોસઠ કળાઓનું બાળિકાઓને કુમળી-વયમાંથીજ શિક્ષણ અપાતું હતું.

બાળકીઓને જરૂરનું શિક્ષણ—

જોકે આ સંબંધમાં કેટલીક બાબતો કહેવાઈ ગઇ છે; તોપણ નવ બાબતો તરફ બાળીકાઓનું વધારે ધ્યાન ખેંચવા પ્રયત્ન કર્યો છે.

નિયમીતપણું—

મોટે પરોઢીએ (સવારે વહેલાં) જાગવું. કેમકે તે સમયની ખુશનુમા હવા શરીરને સાજું તાજું રાખનારી છે, જેથી તે હવાનો લાભ લેવાથી તબીઅતમાં તેજી અને સ્ફુરતી આવે છે. જે તડકો નીકળ્યા પછી ઉઠે છે તે મન તનની ખરાબી કરેછે. સંધ્યા પછી સુવું અને તડકો દેખાએ ઉઠવું એ ધર્મ અને નીતિ વિરૂદ્ધ છે. ઉઠયા પછી તરત ઠંડા પાણીથી મ્હોં હાથ ધોઇને પછી ભણી ગયેલ પાઠ યાદ કરવો, જ્યારે તે સારી પેઠે આવડેલો સમજાય ત્યારે અગાડી શીખવાનો પાઠ વાંચવો એથી બુદ્ધિ દિવસે દિવસે વિશેષ ખીલશે. પછી વખત થયે દેવદર્શન કરી જમી સ્કૂલમાં જવું. રસ્તામાં મસ્તી ન કરતાં સીધા સ્કૂલ સૂધી મર્યાદાથી જવું, અદબથી મહેતીજીને પગે લાગવું, પછી પાઠના અર્થ અને મતલબને પૂરેપૂરી રીતે સમજો. લખ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વામાં પણ કાળજી રાખો કે જેથી અક્ષર સુધરે, સ્પષ્ટ લખાય અને ઝટ વંચાય તથા લખવામાં જે આશય લખો તે ખુલ્લા શબ્દોમાં લખો કે જે દરેકના સમજવામાં આવે. સ્હેલી રીતે સમજાય તેવું લખો. તેમાં એકનો એક અ શબ્દ વારંવાર વિના કારણે દાખલ ન કરો. કેમકે એમ થવાથી લખનારી કાચા ભણુતર વાળી,-વિશેષ શબ્દજ્ઞાનના પરિચયથી રહિત સમજાય છે, હિસાબ શીખવામાં ખૂબ ધ્યાન આપો. કહ્યું છે કે જેને હિસાબ નથી આવડતો તે ઇન્સાફ પણ નથી કરી શકતી. દરેક બાબતના કાયદા-રીતિ-રસમ-રૂઢી શીખો, અને યાદીમાં રાખો કે જેથી ઘણી સુલભતા જણાય છે. કારખાનામાં મજુરોને મહેનતામણ મળે છે ત્યારે ઇજનેરને બુદ્ધિના દશગણા દામ મળે છે.

માતૃ-પિતૃભક્તિ—

મા બાપ અને વડીલોની સેવા-ચાકરી કરવી અને તેઓનો હુકમ ઉઠાવવો એ ધર્મ છે. તેઓ જે વાતો કહે છે તે તમારાજ ફાયદાના માટે કહે છે; વાસ્તે એ વાતોને કાન દઇ સાંભળો અને હમેશાં તેઓના કહ્યા પ્રમાણે ચાલો. દુનિયામાં મા બાપની બરાબર પ્યાર બતાવનાર કોઈ નથી. તેઓની આશીષથી તમો સદા આનંદમાં રહેશો. જેણીનાં મા બાપો રાજી નથી થતાં તેણીનાથી પ્રારબ્ધ પણ પ્રતિકૂળ રહે છે. માટે વાજબી છે કે પરોઢીયે ઉઠીને પહેલાં મા બાપને પગે લાગો. જ્યાં જાઓ ત્યાં એમને પૂછી રજા મેળવીને જવાની ટેવ રાખો. કદાચ તેઓ શિખામણને લીધે કંઇ તમને વધારે પડતું કહે કે કડવું મનવે તોપણ તેનાથી ખોટું ન લગાડો, માથું નમાવી તેઓની સર્વે વાતો સાંભળો; કેમકે જે જગોએ લાહ્ય લાગે છે તેજ જગો ઉન્હી હોય છે. મા બાપોનું દિલ બળે છે તો તે તમારૂં ભલું થવા તાતાં ઉન્હાં થાય છે ને કહે છે. તમારી ભૂખ તરશ, દુઃખ, પીડા માટે તેઓના દિલમાં દાઝશે તેવું બીજાના દિલમાં કદી પણ દાઝવાનું જ નથી. દરેક ફરજંદના ઉપર મા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બાપનો એટલો હક્ક હોય છે કે તેનાથી કોઇ ઋણમુકત થઇ શકતું નથી.

તમે એ મહેનત અને પ્રાણુ પાથર્યાના બદલામાં એ-ઓની એવી સેવા ચાકરી કરો કે જેથી તે અતિ પ્રસન્ન થઇ રહે. મા બાપના રાજી થવાથી દરેક જન તમારી તારીફ કર-શે, અને જ્યારે તમે વૃદ્ધાવસ્થામાં આવશો ત્યારે તમારી છોડીઓ છોકરા તમારી પણુ તેવીજ ચાકરી કરશે. દુનિયામાં દરેકને કર્યા કામનો બદલો મળે છે; છતાં તમે તમારા મા બાપોને નારાજ કરશો તો તમારી ઓલાદ પણુ તમને કલ્પાંત કરાવશે અને જ્યારે તમે ઓલાદવાળા થશો તથા જે પ્યાર તમને તેથી પેદા થશે ત્યારે તમે સમજશો કે અમારાં મા બા-પોની પણુ અમારી સાથે આવીજ મોહમાયા હતી.

વિદ્યા અને વિનયનું શિક્ષણ—

સ્ત્રીએ પોતાનાં મા બાપોની દોલત અને આવક ઉપર ખુમારી ન રાખવી અને બને ત્યાં સુધી વિદ્યા અને વિનય પ્રાપ્ત કરવો. વિદ્યાવાન્ ધનવાનોથી સદા સુખી રહે છે, અને વિદ્યાવા-નનું મન વિદ્યા ધનથી એવું સરળ થઇ જાય છે કે ધન–સંપ-ત્તિની કદી દરકાર પણુ કરતું નથી. તેમ તેઓ પોતાનાં ફરજં-દોને પણુ જુઠી ટાપટીપથી ન શોભાવતાં વિદ્યા અને શીળના ભૂ-ષણોથી ભૂષિત કરવા ઠીક સમજે છે.

રૂમ સુલતાનના મહેલની અંદર કંઇ ખુશાલીનો દિવસ હોવાથી સંબંધી સ્નેહીઓની સ્ત્રીઓ આવી હતી. અને તેણી-ઓએ પોત પોતાનાં બાળકોને ઉત્તમોત્તમ વસ્ત્ર અલંકાર પહે-રાવ્યાં હતાં. પરંતુ સુલતાનની બેગમે પોતાના શાહજાદા, શા-હજાદીને હમેશનોજ પોષાક કાયમ રાખ્યો હતો. એ જોઇ આવનારી સ્ત્રીઓએ અરજ કરી કે–' શું આપ શાહજાદા, શા-હજાદીથી પ્યાર નથી રાખતાં ? કે સંતાનોથી જીવ તૃપ્ત થઇ ગયો છે ? કે શાહજાદાંને આવા સાદા પોષાકમાં આજે રાખેલ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છે ! એમનામાં અને ગરીબનાં છોકરાંમાં શો તફાવત રહ્યો ? જો કે અમે આપની ટેલ બંદગી બજાવનાર છિયે, તો પણ અમારાં બાળકોને કેવાં ઓઢાડી પહેરાવી શક્યાં છે ! ' એ સાંભળી બેગમવાળીઓને બેગમ સાહેબે કહ્યું-' મેં મારાં બાળકોને વિદ્યાનાં દિવ્ય વસ્ત્ર અને વિનયનાં અમૂલ્ય ઘરેણાં પહેરાવ્યાં છે કે તેવાં ઘરેણાં તમારાં બાળકોની પાસે છેજ નહીં. હવે એને ઉપરના લીબાસની ટાપટીપની કશી પણ જરૂરત નથી.'

વિદ્યા સર્વોત્તમ વસ્તુ છે. પૃથ્વીમાં વિદ્યાની બરોબરી કોઇથી થઇ શકે તેમ નથી. મનુષ્ય જેટલું વિદ્યા કળાથી માન મેળવે છે તેટલું બીજા કશાથી મેળવી શકતો નથી, તેમજ વિદ્યાના પ્રભાવથીજ નામ પણ અમર થાય છે.

વિદ્યા વિનયને બક્ષે છે, વિનય પાત્રપણાને બક્ષે છે, પાત્રપણું ધન પ્રાપ્ત કરાવે છે, ધન ધર્મને પ્રાપ્ત કરાવે છે અને ધર્મ સુખ બક્ષે છે, પણ એ બધાનું મૂળ વિદ્યાજ છે. લખવા ભણવાનો વખત બાલ્યાવસ્થામાંજ ઠીક છે. તે વખતે થોડી મહેનતથી વધારે વિદ્યા હુન્નર હાથ ચડશે. અને જ્યારે નિર્વિકારી બાલ્યાવસ્થા વીતી ગઇ ને વિકારી અવસ્થા પ્રાપ્ત થઇ ત્યારે કશું બનવાનું નથી. વિદ્યા હુન્નર હાથ કરવામાં સંસારના ઝગડા બખેડાથી બિલકુલ બેફિકર રહેવાની જરૂર છે. અને બચપણ શિવાય એટલી નિર્મળતા હોતી નથી. બાળપણને રમ્મત ગમ્મતમાં બેપરવાઇથી ગુમાવશો તો તેથી થયેલી હાની મોટી ઉમરે પોતાનું ભલું બુરૂં સમજવા લાગશો ત્યારે જણાશે ને પછી ઘણોજ પસ્તાવો થશે.

ભણવામાં ચિત્ત ચોંટાડવું. ચિત્ત ચોંટાડયા વગર એકલી જીભ હલાવ્યાથી, જેમ આંખ વીંચી લખી તો જવાય પણ ઢંગ વગરનું લખાય, તેમ ભણાશે, પણ યાદ નહીં રહે. આગળનો પાઠ વાંચવો, વગર વાંચેલો પાઠ વાંચવો કે બીજું પુસ્તક વાંચવું, તે પાઠનો આશય-હેતુ સમજવો અને કઠણ શબ્દોના

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અર્થ કરવા, એ બધી દિલનીજ મહેનતનું કામ છે. લખવું એ હાથ, દિલ અને મગજની મહેનત છે. આયર્લેન્ડમાં ડચ લોકોએ જે જગોએ પાણીજ પાણી હતું, તથા દરીઆઈ જાનવરો તર્યા કરતાં નજરે પડતાં હતાં તે જગોએ હજારો વિઘા સપાટ પૃથ્વી બનાવી ખેતી કરવા માંડી છે કે જેથી લાખોનો ફાયદો મેળવે છે. વિચાર કરો કે બુદ્ધિ પૂર્વક મહેનત એ કેવી કિમતી શકિત છે ! !

બુદ્ધિવિકાસ—

બુદ્ધિ એ એક અમૂલ્ય રત્ન છે, દૈવે મનુષ્યને જે બળ આપેલ છે તે બળ કરતાં બુદ્ધિનું અતુલ બળ છે. બુદ્ધિબળથી રેલવે, તાર, મીલો, એન્જીનો, ટેલીફોન, વિજળિક બળનાં કામે કૃત્રિમ હ્રદય, બંધ ત્રીજોરીમાંની વસ્તુ પ્રત્યક્ષ દેખવાનાં યંત્ર, ફોટો, બલુનો, અને એવાંજ અનેક કામો થયાં છે તે પ્રતાપ બુદ્ધિ બળનો જ છે. ટુંકમાં દુનિયામાં જે કંઇ પ્રકાશ છે તે બુદ્ધિનોજ છે. જે પશુઓને બુદ્ધિ વગરનાં ગણે છે તેમાં પણ કેટલીક બાબતોમાં આપણા કરતાં પણ અગાધ બુદ્ધિ જોવાય છે. મધપુડાને ઘણી માખીયોએ મળીને બનાવેલી અને કંપાસ ગજ કાટખૂણો વગેરે ન છતાં એકજ સરખી જાળી બનેલી જોઇએ છિએ, કરોળિયાની ગુંથેલી જાળની વિચિત્ર કારીગરી નજરે નિહાળીએ છીએ, સુઘરીના માળાની ગુંથણી, કોસંટામાં રહેનાર જીવની કોસંટો બનાવવાની હિકમત, માછલીની સ્હામેપૂરે જવાની કળા, ઉંદર–કીડી–કાગડા કરોળીયા વગેરેને વરસાદ આવવા ન આવવાનું થતું જ્ઞાન, કીડીને આવતી વાસ, કૂતરાં વગેરેને પરસેવાની વાસ ઉપરથી પડતી ઓળખાણ, પાડાને પોતાની પેઢી દરપેઢીની પાડીને ઓળખી લેવાની સંજ્ઞા, બળદ કૂતરાંની ભૂલેલું રહેઠાણુ શોધી કહાડવાની ચતુરાઇ, કોળ વગેરેની દર બનાવવની ખુબી, ઘોડાની પોતાનો સ્વાર પડયા પછી પડતો મૂકી નાસી ન જવાની ડહાપણદારી,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તથા બળદ ઘોડાં હાથી વગેરેથી ઘણે દૂર છતાં પણ વાઘનો પ્રચાર જાણવાની ખુબી, દરમાંથી મોટા સાપને ખેંચી કહાડવામાં સૂઅરની કુશળતા, પુષ્પરસ ગ્રહણ કરી મધમાખીઓની મધ બનાવવાની રચના, કીડામાંથી ભમરી બનાવવાની ભમરીની કરામત, અને સમળી ઘૂડ વગેરેની પોતાનાં બચ્ચાંની આંખ ખુલવાની ચીજો સંબંધીનો સંગ્રહ કરવાની અગમચેતી વગેરે વગેરે જાનવરોની અજબ બુદ્ધિની રચના આપણા કરતાં પણ વધારે ચમત્કાર ઉપજાવે તેવી જોઈએ છીએ. બુદ્ધિનો તમામ દેશોપર અમલ છે. અને થોડી કે ઘણી પણ પોત પોતાના પ્રારબ્ધાનુસાર પ્રાપ્ત પણ થયાં જ કરેછે. ઇતિહાસથી અનુમાન થાય છે કે-બુદ્ધિનો અમલ સહુથી પહેલાં ભારતમાં થયો હશે અને તે પછી ચીનમાં, ને મિસરમાં થયો હશે, અને તે પછી યૂનાન, યૂરોપ અમેરિકા, જાપાન વગેરેમાં થયો હશે. બુદ્ધિ જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં વિદ્યા કળા. પણ પોતાનું ઘર બનાવી લે છે, અને ધન પણ ત્યાંજ ઉભરાઈ જાય છે, અને જ્યાંથી બુદ્ધિ કૂચ કરે છે, ત્યાંથી વિદ્યા-ધન-સંપત્તિ અને સભ્યતા વગેરે તમામને ધીરે ધીરે ઘસડી જાય છે. મતલબ એજ છે કે બુદ્ધિ મનુષ્યના દરેક મનોરથ સિદ્ધ થવાનું મુખ્ય કારણ છે. જેમ દરેક લડાઇયોમાં સોના કરતાં લોઢું વધારે કામ બજાવે છે, તેમજ મનુષ્ય સમૃદ્ધિમાં સૌ કરતાં બુદ્ધિ દરેક વખતે વધારે ફત્તેહ મેળવે છે.

મીલનસાર પ્રથા અને ગૃહ વ્યવસ્થા--

સહુની સાથે લીંબુના રસની પેઠે મિલનસારી રાખો. એક એક એકડો અલગ હોયતો એક ને એક બે જ થાય છે પણ જો બે એકડા સંપી જાય તો અગ્યાર થઈ જાય છે. મીંડુ કશા હિસાબનું નથી, પણ એકડા સાથે સંપી જાય તો દશના-વિભા-ગવાળું થઇ રહે છે. એજ મુજબ એકથી બે જણ સંપી કંઇપણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કામ કરે તો ફત્તેહ મળે છે. અને વધારે જણુ એકસંપે થાય તો તો ધારે તો એક નવી સૃષ્ટિ જેવી રચના ખડી કરી શકે છે.

ઘરની તમામ ચીજોની સાર સંભાળ સ્ત્રીઓના જ અધિકારમાં છે. માટે ન્હાનપણુથી જ પોતાની ચોપડી, સ્લેટ, કલમ, ખડીઓ, પોશાક વગેરે બહુજ સાફ અને સંભાળ કરીને રાખો. મેલી-ગંદી-ખરાબ ન રાખો, જેથી તમોને ઘણા જ ફાયદા થશે. બચપણુમાં તો તમારી પાસે ગણી ગાંઠીજ ચીજો છે, તેને ચતુરાઈથી સંભાળવાની આદત નહીં રાખશો તો પછી આખા ઘરનો બોજો માથે આવી પડતાં હજારો ચીજોને શી રીતે સંભાળી શકશો ? જો પહેલેથી જ સાફસુફ રાખવાની કાળજી રાખવાની આદત પાડશો તો જ તમામ ચીજો ઠેકાણુસર જાળવી રાખવાની, સાફ રાખવાની, ને તરત કામમાં આવી શકે તેવી રાખવાની ચતુરાઈ-સુઘડતા આવશે. કુવડને બધાંએ નિંદે છે, અને સુઘડને બધાંએ વખાણે છે. થોડી ચીજો પણુ તરકીબથી ગોઠવી હોય તો તે ઘણી ચીજોના દેખાવની ગરજ સારે છે, અને જોનારાં તેણીના ઘરમાં ઘણી દોલત હશે એવી અટકળ બાંધે છે. સ્ત્રીઓનો મુખ્ય ધર્મ એજ છે કે દાગીના, કપડાં, વાસણો, ખોરાકની ચીજો વગેરે વ્યવસ્થિત અને સાફ રાખવાં.

સ્ત્રીઓનું સામાન્ય ધર્મ શાસ્ત્ર--

શ્રદ્ધા એ ધર્મનું મૂળ મંડાણ છે, શ્રદ્ધા વિના કોઈ કામમાં ફત્તેહ મળી શકતી નથી; માટે સાચી શ્રદ્ધા રાખો. જેમાં ધૈર્ય, ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઈંદ્રિયનિગ્રહ, બુદ્ધિ, વિદ્યા, સત્ય, અને અક્રોધ એ દશ લક્ષણો હોય તે ધર્મ, તેમજ એ દશ લક્ષણોનો લક્ષાર્થ લક્ષમાં લ્યો કે-ધૃતિ એટલી ધૈર્યતા-ધીરજ ધારણુ કરો, અધીરાં ન બનો, ગંભીરતાથી યત્ન પ્રયત્ન અમલમાં લ્યો, થનાર થયેજ જાય છે-ભાવી મિથ્યા થનાર નથી, એમ સમજી હિમ્મત ન હારો. આ ભવ પરભવનાં કાર્યો ધૈર્ય-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તાથી જ સહેલી રીતે સિદ્ધ થાય છે માટે કોઇ પણ રીતે ધીરજ ન તજવી. ક્ષમા એજ તપ, જપ, તીર્થ, સત્યવ્રત છે. ક્ષમાથી જ શારીરિક, આત્મિક અને સામાજીક સુખ કાયમ રહે છે, ક્ષમા લક્ષ્મીનું ભૂષણ છે, અને ક્ષમાવડે ઉભય જન્મ લેખે થાય છે. દમ એટલે મનરૂપી માંકડાને તાબે રાખો. મન ચંચળ છે, પળપળમાં અનેક વિકારોને વશ થનારૂં છે અને દરેક ઇંદ્રિયોને પોતાની ઇચ્છા મુજબ પ્રેરણા કરનારૂં છે માટે મનને વશ કરો કે તમામ ઇંદ્રિયો વશ થઈ સમજવી. મહાત્મા આનંદઘનજી મહારાજે પણ કહ્યુંછે કે-' મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહીં ખોટી; માટે મન કાબુમાં રાખવું. અસ્તેય એટલે ચોરી મન-વચન-કાયાથી તજી દો. (ચોરીની સલાહ પણ ન આપો, તેમ ચોરીનો માલ સંગ્રહવો, ચોરને મદદ આપવી વ- ગેરે ત્યાગો.) શૌચ એટલે મન, તનને સારાં આચરણોથી પવિત્ર રાખો, નહીં કે પાણીથી ન્હાઈને પવિત્ર રાખો? ઇંદ્રિ- યોને કબજે રાખો. નઠારા વ્યાપારમાં ન જવા દેતાં, ધર્મ વ્યાપારમાં તેમને દોરો. ચક્ષુઇંદ્રિયને છુટી મૂકવાથી પતંગીયાં દીવામાં ઝીંપલાઇ મરે છે, કર્ણ ઇંદ્રિયના લોભથી હરિણ મરણ પામેછે; સાપ વાદીના કંડિયામાં સપડાય છે, રસેંદ્રિયના લોભથી માછલાં જાળમાં ફસાઇ મરે છે, ઘ્રાણેંદ્રિયના લોભથી ભમરા કમળમાં કેદ થઈ મુંઝાઇ મરે છે અને સ્પર્શેંદ્રિયના લોભથી હાથી મનુષ્યોને હાથ સપડાઇ સાંકળોથી બંધાઇ અંકુશના માર ખમે છે. આમ એક એક ઇંદ્રિય છુટી મૂકવાથી પ્રાણ સંકટ આવે છે તો પાંચે ઇંદ્રિયોને છુટી મૂકવાથી શી વ્હલે થાય તે ધ્યાનમાં રાખો. ધી એટલે બુદ્ધિને કાબુમાં રાખી સત્કર્મોમાં તેનો ઉપ- યોગ કરો. સારાસાર, કૃત્યાકૃત્ય, ભક્ષ્યાભક્ષ્ય, લાભાલાભને ધ્યા- નમાં લ્યો અને બુદ્ધિનો સદૈવ સદુપયોગ કરો. વિદ્યા એટલે જેના વડે સમસ્ત વસ્તુનું યથાર્થ જ્ઞાન થાય, ચોદ રાજલોકની રચના સમજાય અને મુક્તિસુધીની શક્તિ પ્રાપ્ત થાય તેવી શુદ્ધ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિદ્યા હાથ કરો. સત્ય એટલે સાચું બોલો, સત્યના માર્ગ પર કાયમ રહો, અસત્ય ન આચરો. અને સત્યનેજ પરમધર્મ માનો. અને અક્રોધ એટલે પ્રાણી માત્રપર ક્રોધ ન કરો,–ક્રોધ પાપનુંજ મૂળ છે, સર્વ તપ–જપ–શીલ–સંતોષ–શાંતિ–સત્યનું સત્યાનાશ વાળનાર છે. અવળે રસ્તે દોરનાર છે અને ઉભય ભવ ભ્રષ્ટ કરનાર છે માટે ક્રોધને તજી શાંતિ ભજો. સર્વ જીવ આપણા મિત્ર છે એમ માનો–સર્વની ક્ષમા માગો. અને કોઈને કંઇ તકલીફ થાય તેવી રીતિ ન રાખો. એ દશ બાબતો પાળે તો ધર્મ પાળ્યો ગણાય છે. માટે લક્ષણો સહિત શુદ્ધ ધર્મ પાળો. જે આચરણને આર્ય–શ્રેષ્ઠ પુરૂષો વખાણે તે ધર્મ, અથવા જેનાથી ઉદય, કલ્યાણ થાય તેજ ધર્મ, અગર જે કાર્ય શરૂઆતથીજ ન્યાયયુક્ત હોય તેજ ધર્મ, શિવાય લક્ષણને અધર્મજ સમજો. જીવ સારી કરણીથી સુખ અને નઠારી કરણીથી દુ:ખ ભોગવે છે, માટે સારી કરણીજ કરો. નિરંજન દેવ કોઈનું ભલું ભુંડું કરતાજ નથી. કેમકે એ અઢાર દોષોથી રહિત છે. માટે જે કંઇ સારૂં નરસું થાય છે તે પોત પોતાનાં સારાં નરસાં કર્મો–કામોથીજ થાય છે એમ માનો. સૃષ્ટિનો રચનાર કોઈ નથી, જો સૃષ્ટિનો રચનાર હોય તો તે રચનારને પણ કોઈ રચનારો હોવોજ જોઇએ! અને જો એમજ હોય તો પરમેશ્વરથી મોટાઇ અને કર્ત્તાપણું કાયમ રહી શકતું નથી. સૃષ્ટિ સ્વાભાવિક નિયમોથી–કુદરત–નેચરલપણાથી ઉત્પન્ન થયાજ કરે છે, લય પામે છે ને પુનઃ થાય છે. સૂર્ય, ચંદ્ર એ દેવનાં વિમાન છે, ને તેને પોતાની પ્રેરણાથીજ પૂર્વ પશ્ચિમે લઇ જવામાં આવે છે. કરેલાં કર્મોથી પડેલા આંક જુઠા થતા નથી. પૃથ્વી ગોળાકાર છે. પૃથ્વી નથી ફરતી, પણ ચંદ્ર સૂર્ય ફરે છે. આત્મા શરીરથી જુદો છે; છતાં હાલ જડવસ્તુથી મળી રહેલ છે. માંસ ખાવામાં મોટું પાપ છે. જુગાર, શિકાર ખેલવો નહીં. જેનો પુણ્યનો ઉદય સબળ હોય

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેને કોઇ કશું કરી શકતા નથી. ત્રિકરણ શુદ્ધિથી દેવદર્શન વિધિયુક્ત કરી પછી જમવાની ટેક રાખો. વેળા વેળાની છાંયડી છે. ઉદય તેનો અસ્ત-ફૂલ્યા તેને કરમાવું, ચઢ્યું તેને પડવું અને જન્મ્યું તેને મરવું સરજેલું છે; માટે છતનો ગર્વ રાખવો નહીં અને અછતને લીધે હાયવોય કરવી નહી પણ સમતા ભાવથી વર્ત્તવું. દોલત ધર્મની ગુલામડી છે. પાપથી ડરો. નિશાની ચીજોનો શોખ ન રાખો. નિસો જ્ઞાન-સાન-ભાનને બગાડી આબરૂના કાંકરા કરાવનાર છે. પાણી ગળીને પીઓ. લાકડાં છાણાં કોલસા ચુલો વાસણ વગેરેમાં જીવ જંતુ ન હોય તેવી ખાત્રી કરીને વપરાસમાં લ્યો. જીવદયા પાળો-કોઇ જીવ ઉપર રાગદ્વેષ ન કરો. જુઠું ન બોલો. કલેશ કંકાસ ન કરો. ખોટાં કલંક ન ચડાવો. ચડસાચડસી ન કરો, ધણીને (માલધણીને) કહ્યા વગર કોઇ ચીજ ન ઉઠાવો. હદથી વિશેષ પરિગ્રહ ન કરો. કપટ ન કરો. હદથી વધારે સાંસ્કારિક કામોમાં લોભ લાલચ ન વધારો. અદેખાઇ ન રાખો. દેવ ગુરૂ ધર્મ ઉપર આસ્થા રાખી સ્તવન પૂજનાદિ કરો. કુદેવ, કુગુરૂ, કુધર્મને સર્વથા પરિહરો. દાન પુણ્ય ધર્મક્રિયા કરો. રતિ, અરતિ તરફ હર્ષ શોક ન બતાવો. મતલબ કરતાં વધારે બોલવાની આદત ન રાખો. જ્યાં લાભ ન જણાય ત્યાં ધર્મવાદ ન કરો. જપ તપ વ્રત દાન ધર્મ ક્રિયા જે શક્તિ મુજબ કરો તે વિધિ અને કરવાનો મતલબ પૂરો સમજીને કર્યા કરો.

તીર્થયાત્રાથી મળતાં ફળોને ખાસ સમજી તીર્થાટન કરો. વ્રત પચ્ચખાણથી થતી નિર્જરાનો હેતુ સમજી તપ જપ વ્રત કરો, દેખાદેખી ન કરો, ખમતખામણા સાચા દિલથી કરી તે પ્રમાણે વર્ત્તો, વિકથાઓ તજો, નવકારમંત્ર-પંચપરમેષ્ઠિને પ્રાણથી વલ્લભ ગણો. સંકટ આવ્યે પણ સત્યધર્મ ન છોડો, રાજાથી માંડી રાંક સુદ્ધાંને મરવું તો છેજ, તો તે મરવાથી બ્હીને ધર્મ ટેકને ન તજો. સ્વધર્મની ઉન્નતિ કરો, પરધર્મની નિંદા, વિવાદ છોડી દ્યો,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિવાદ વધવાની જગોએ મૌન ધારણ કરો, શીળ આભુષણથી શરીરને શોભાવો, અને જેમ બને તેમ પરમાત્માના વચનોનું રહસ્ય સમજી તે હુકમ મુજબ ચાલી અમલમાં લ્યો, કે જેથી જીવન સફળ થાય, આર્ય ક્ષેત્ર, સુકુળમાં જન્મ, સુદેવ, સુગુરૂ, સુધર્મ સેવન, વગેરેનો યોગ વારંવાર હાથ લાગનાર નથી, કર્યું તે ખરૂં ને કરવું તે વાયદા ઈત્યાદિ સમજી સર્વ જીવને સુખ થાય તેમ ધર્મનું શિક્ષણ મેળવો.

સામાન્ય નીતિ સૂત્રો—

૧ નઠારી સ્ત્રીઓ અને નીચ જનોનો સંગ ન કરવો.

૨ રાજા, વિદ્વાન, દેવ, ગુરૂ, ભેખધારી સાધુ અને ધર્મની મર્યાદા જાળવવી.

૩ માતા-પિતા-ભાઇ--પતિ, પુત્ર--સ્નેહી વગેરેથી કદિ વિરોધભાવ ન રાખવો.

૪ બાળક, મુર્ખ ને રીશાળ સ્ત્રીની સાથે વિવાદ ન કરવો.

૫ એકલાં કયાંયે જવું નહીં, એકલાએ પેટ ભરવું નહીં.

૬ પરપુરૂષના આસન ઉપર બેસવું નહીં.

૭ આળસનો તદ્દન ત્યાગ કરવો. આળસ જ દુઃખનું મૂળ છે.

૮ શત્રુના પણ ગુણ ગ્રહણ કરવા. ગુરૂના અવર્ણવાદ ન બોલવા.

૯ ઘેર આવેલા દુશ્મનનો પણ આદરસત્કાર કરવો.

૧૦ રોગ શત્રુને મૂળમાંથી છેદવાના પહેલેથી ઉપાય હાથ ધરવા.

૧૧ યાચકને માઠું લાગે તેવા તોછડા વચન ન કહેવા.

૧૨ દાનવીર, ધર્મવીર, શૂરવીરની તારીફ સાંભળવી-નિંદવાની ટેવ ન રાખવી.

૧૩ દીન હીનજનો પર અનુકંપા રાખવી, તેમનું હાસ્ય ન કરવું.

૧૪ સદ્ ઉદ્યોગમાં સદા સાવધાન રહેવું. કામ કરતાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પહેલાં લાંબો વિચાર કરી લાભ-હાનિ સમજી પગલું ભરવું. પગલું ભર્યા પછી વિઘ્ન આવ્યે પાછું હઠી મન તનની નબળાઈ બતાવી નબળાઇ બતાવવી નહીં. પણ વિઘ્નની પરવાર ન રાખતાં ધારેલી ધારણા સફળ કરવી.

૧૫ કુટુંબનું પાલન પોષણ કરવામાં કાયર હોય તેને જીવતો જ મરેલો માનવો.

૧૬ સ્ત્રી, બાળક, રોગી, નોકર, પશુ, સજ્જન, ધન અને વિદ્યાની સદા સંભાળ રાખી કાળજીવંત કરવું.

૧૭ ધર્મનું રહસ્ય મેળવી ધર્માત્મા બનવું.

૧૮ ગુરૂ, વડીલ, અમલદાર, રોગી, મડદાને તથા તપસ્વી અને સ્વારી કરેલાને રસ્તો આપવો.

૧૯ શિંગડાવાળાથી છ હાથ, ઘોડાથી ૧૦૦ હાથ, હાથીથી હજાર હાથ અને દુર્જનથી વિશેષ દૂર રહેવું.

૨૦ વૈરી ગમે તેટલી લાભની વાત કહે, લટપટ કરે, લાલચ આપે, તો પણ તેનો કદી વિશ્વાસ કરવો નહીં, તેમ તે વાતોથી બેદરકાર રહેવું નહીં.

૨૧ ધન લેતી દેતી વખતે સાક્ષીદાર રાખવા કે લખાણ કરાવી લેવું દેવું.

૨૨ પાંચ રૂપિયામાં પડોસીથી અને ૨૫ રૂપિયામાં મિત્ર-નાતેદારથી બગાડી બેસવું નહીં.

૨૩ બનતાં લગી માંહોમાંહેના કામમાં વધારે લ્હેણ-દેણ કરવી નહીં.

૨૪ અજાણ્યાની વાતપર ઈતબાર રાખવો નહીં.

૨૫ પુસ્તક, ધન અને નવોઢા યુવાન સ્ત્રી અન્યના પરાધીનતામાં ન સોંપતાં સ્વાધીનતામાં રાખવાં.

૨૬ અલંકાર, અધિકાર, પુરૂષાર્થથી જેટલી શોભા મળતી નથી તેટલી શોભા ભલાઇથી મળે છે.

૨૭ શાસ્ત્રનો ઘટતો અભ્યાસ કર્યા વિના ધર્મનિર્ણય,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નીતિ, દંડ, વૈદુ, પ્રાયશ્ચિત, ક્રિયાફળ વગેરેની ચર્ચા વાર્ત્તા ન કરવી.

૨૮ વિદ્યા, શૂરતા, ચતુરાઇ, બળ, અને ધૈર્યતા એ સ્વભાવથી જ મનુષ્યનાં મિત્ર છે, માટે તેનો સંગ્રહ કરવો.

૨૯ અનિષ્ટ, કઠોર, સમય વગર-માનરહિત વચન ન બોલવાં.

૩૦ જી જી સમાન-હાજી હાજી સમાન કોઈ મોહીની નથી.

૩૧ સ્વામીદ્રોહ, રાજ્યદ્રોહ, ધર્મદ્રોહ, કદી ન કરવો.

૩૨ મૂર્ખ વૈદ્ય, જુઠો દોસ્ત, હીણો મંત્રી. સર્વ સાથે શત્રુતા ધરાવનાર, વ્યભિચારી, અનાચારી, અન્યાયી, વિઘ્નસંતોષિ, કન્યાવિક્રય કરનાર, નિર્દયી, નિંદક અને અધર્મીનો સંગ કરવો જ નહીં.

૩૩ મોટાની સાથે આંટ બાંધવી નહીં, પણ ચાહ કરી શુભ ચાહવું.

૩૪ ભૂંડી ભાર્યાથી ગૃહસ્થાશ્રમ, નઠારા પ્રધાનોથી રાજ્ય, ઉંટ વૈદ્યોથી રોગી, અન્યાયી રાજાથી પ્રજા, કપૂત સંતાનોથી કુળનો નાશ થાય છે.

૩૫ અતિ ભોજન, અતિ ભ્રમણ, અતિ મૈથુન, અને અતિ પરિશ્રમ જલ્દીથી ઘડપણ લાવે છે. હદથી વધારે કરવું એ દરેક નુકશાનકારી છે.

૩૬ દુર્જનો ઘણા ઉપકાર કર્યા છતાં પણ સુજનતા ધરાવતા નથી, અને સુજનો સહેજ ઉપકારનો પણ આભાર માને છે.

૩૭ જે દેશ કે ગામમાં સારી પેઠે આજીવિકા ન ચાલે, અને વિદ્યાનો લાભ ન થતો હોય તે જગોએ રહેવામાં કંઇ સાર નથી.

૩૮ જ્યાં ધનવાન, વૈદ્ય, રાજા, નદી અને જ્ઞાનીજનો ન હોય ત્યાં વસવું લાભકારી નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૩૯ કામ પડયે નોકર ચાકરોની, કષ્ટ પડયે બાંધવોની, વિપત્તિ આવે મિત્રોની અને વૈભવનો નાશ થવાથી સ્ત્રીઓની પરીક્ષા થાય છે.

૪૦ સ્ત્રીનો વિયોગ, સંબંધીયોથી અનાદર, યુદ્ધથી બચેલો દુશ્મન, નઠારા રાજાની સેવા, દારીદ્રયતા અને અવિવેકીઓની સભા એ બધાં વગર અગ્નિએ બાળનારાં છે.

૪૧ કુગ્રામમાં વાસ, નીચની સેવા, નઠારૂં ભોજન, કજી-યારી બૈરી, મૂર્ખ પુત્ર અને વિધવા કન્યા એ છએ હૈયાસગડી સમાન છે.

૪૨ બદચલતની બૈરી, પ્રધાન વગરનો રાજા અને ગૃહસ્થિયો સાથે લટપટ રાખનાર વેષધારી એમની તુર્ત ખ-રાબી થાય છે.

૪૩ બ્રાહ્મણનું બળ વિદ્યા, રાજાઓનું બળ લશ્કર, વે-શ્યાઓનું બળ બનાવટી પ્રેમના ચાળા ચટકા, અને દુષ્ટોનું બળ બુરાઇ હોય છે.

૪૪ ભણનારાઓમાં આળસ, ગર્વ, મોહ, ચપળતા, બુરી સલાહ, એકલસૂરાઇ, કઠોરતા, અને ભૂલકણાપણું એ નિંદવા યોગ્ય ગણાય છે.

૪૫ આળસુ, શસ્ત્રધારી, નદી, નઠારી સ્ત્રી, અગ્નિ, ચોર, કૃતઘ્ની, સોની, ક્રૂર પ્રાણી અને રાજા એઓનો વિશ્વાસ રાખવો લાયક નથી.

૪૬ મૂર્ખ, કેફી, આળસુ, અજીતેંદ્રિય, રોગી અને કૂલ-ણજી એઓની પાસે ધનનો સંગ્રહ રહેતોજ નથી.

૪૭ ગુરૂ, પંડિત, કવિ, દોસ્ત, પુત્ર, પત્નિ, પોળીયો, ન્યાતગોર, અમલદાર, ભિક્ષુક, રસોયો, પડોસી, વૈદ્ય એ તેર જણથી દુશ્મનાઇ કરવી નહીં ને કરવી તો જાનની આશા રાખવી નહીં.

૪૮ આચાર ઉપરથી કુળની, બોલીથી દેશની, આદરથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પ્રીતિની અને શરીરની સુંદરતાથી ખાનપાન વગેરેના સુખની ખાત્રી થાય છે.

૪૯ કોયલડીનું રૂપ સુંદર સ્વર, સ્ત્રીઓનું રૂપ પતિવ્રત ધર્મ, તપસ્વીઓનું રૂપ ક્ષમા અને કુળનું રૂપ સુપુત્ર છે.

૫૦ જ્યાં મૂર્ખાઓને અતિ આદર સત્કાર મળે છે, ત્યાં અલક્ષ્મીનો અને જ્યાં વિદ્વાન ગુણિજનોનું બહુમાન ધણી ધણી-આણી વચ્ચે પવિત્ર પ્રેમ હોય ત્યાં લક્ષ્મીનો હમેશાં વાસ રહે છે.

૫૧ સુજનોનાં મન, વચન અને કામ એકજ રંગનાં હોય છે અને દુર્જનનાં મન જુદાં, વચન જુદાં અને કામ વળી એથી પણ જુદાજ રંગનાં હોય છે.

૫૨ ધનવાન્ થયા છતાં વિવેક, વિદ્યા, વિનય, અને બળવાન્ સાથે નમ્રતા હોય એ સત્ પુરૂષોના લક્ષણ છે.

૫૩ ધન મળ્યા છતાં છકે નહીં, યુવાનીમાં ચંચળ બને નહીં અને અમલદારી મળ્યા છતાં ઘમંડ આવે નહીં એજ કુળવાન અને ઉત્તમ જન ગણાય છે.

૫૪ સત્ શાસ્ત્ર શ્રવણ કરવાથી કાન, સુપાત્રદાનથી હાથ અને પરોપકારથી શરીર શોભાવંત થાય છે.

૫૫ પરોપકાર વિના જીવનને ધિઃકારવા યોગ્ય માનવું ઘટિત છે.

૫૬ વિપત્તિમાં ધીરજ, ચડતીમાં ક્ષમા, સભામાં વાક્ય-ચાતુરી, યુદ્ધમાં શૂરતા, યશમાં રૂચિ અને સદ્ધર્મમાં વાંચ્છના કાયમ રહેવી એ મહત્ પુરૂષોનું લક્ષણ છે.

૫૭ ગુપ્તદાન દેવું, સાધુ સંતનો આદર કરવો, ભલાઈ કરી મૌન ધરવું, પરનિંદા ન કરવી અને સદાપ્રિય વચન વદવાં એ સુજનનાં લક્ષણ છે.

૫૮ આરોગ્યતા, દેવા વગરની જીંદગી, સ્વદેશમાં નિવાસ, સતજનોનો સંગ, મન માનતો ધંધો રોજગાર, અને ભય વિનાનું વિચરવું એ સુખ રૂપ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૫૯ વિવાહ, વૈર, અને પ્રીતિ હમેશાં બરાબરિયાથી કરવી.

૬૦ માન અપમાનની દરકાર ન રાખતાં ધારેલી ધારણાને સફળ કરવી એ ઉત્તમ જનનીજ કૃતિ છે.

૬૧ હમેશાં સત્પુરૂષોનાજ માર્ગે ચાલવું; સત્સંગ કરવો, સર્વનું ભલું ઇચ્છવું અને લોકપ્રિય થવું.

૬૨ અપકાર કરનારને પણ ઉપકારથી મારવો, કોઇના પેટ ઉપર લાત મારવી નહીં, પારકી અછત અને પોતાની ભૂલ ધ્યાનમાં લેવી. અને સદા સંતોષ વૃત્તિથી વર્ત્તવું એ ઉત્તમ કે જનનું લક્ષણ છે.

૬૩ પારકાની ભૂલ બતાવવી સહેલ છે; પણ પોતાની ભૂલ સમજી દૂર કરવી બહુ મુસ્કિલ છે, બીજાની જુબાની લેવી સ્હેલી છે, પણ જુબાની આપવી સહેલી નથી; માટે તે વિષે ધ્યાન રાખવું.

૬૪ કહ્યા કે બકયા કરતાં કરી બતાવી ખાત્રી આપવી એ વધારે ઉત્તમ છે કસોટી થતાં પીતળ સોનાનું ઝટ પારખું જડે છે.

૬૫ જે કપટ કરી, હુમલા કરી, બલાત્કાર કરી, કે યુક્તિ કરી બીજાઓની પાસેથી ધન ઓકાવે છે તે સુયશ અને ખાનદાનીના વર્ત્તનને મેળવી શકતો નથી; પરંતુ ભુંડાઇનો ભંડાર ભરી કુમતિ મેળવે છે.

૬૬ જે નશીબનો વાંક કહાડી કપાળે હાથ દે છે તે પોતાની બેકાળજી, ગેરબંદોબસ્ત, ઉડાઉપણું, આળસ અને નિરૂદ્યોગીપણાનો દોષ સમજમાં લે તો સુખનો વખત આવે.

૬૭ વાત કરતાં વધારે હસીને બોલવું નહીં, વગર પૂછ્યે ઉત્તર દેવો નહીં.

૬૮ અદબથી નમન કરી વસ્ત્ર વગેરેની સંભાળ રાખી લાયક જગા જોઇ બેસવું. જ્યાં ત્યાં કોઇના ઘરની સ્ત્રીઓ સ્હામે જોવું નહીં. નીચી નજરે જોવું. સ્હામા માણસની વૃત્તિ વર્તવી. વિના કારણે વિશેષ વાર બેસવું નહીં. સભ્યતા જાળવવી, નમ્રતા બતાવવી, વાત સમજી ઉત્તર દેવો અને રજા લઇ ઉઠવું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૬૯ આત્મપ્રશંસા ન કરવી, પોતાને પોતાના હાથે માન દેવાની જબાન ન વાપરવી, અને બીજાનાં પણ હદમાં રહી વખાણુ કરવાં.

૭૦ પોતાના હોદ્દા, ગજા અને વયને અનુસરતો પોષાક રાખવો.

૭૧ કોઇનું પણ અપમાન કરવું નહીં; પણ સદા સન્માન જ કરવું.

૭૨ રોટલાના ચોર થવું નહીં. પોતાનું જમાડેલું જ ભોજન પોતાને બીજાને ઘેર જમવા મળે છે.

૭૩ બીજાનું માન વધારવાથી જ પોતાનું માન વધે છે.

૭૪ વિના પ્રસંગે, ઓછી ઓળખાણે જ્યાં વધારે આદરમાન મળે કે વિશેષ લટપટ થતી હોય ત્યાં અવશ્ય પ્રપંચની પ્રેરણા હોય છે માટે તેવે સ્થળે બહુજ ખબરદારી રાખવી.

૭૫ પોતાની જેટલી પહોંચ હોય તેટલો વ્યાપાર, તેટલુંજ ખર્ચ ને તેટલુંજ બોલવાની ટેવ રાખવી.

૭૬ અસંસ્કારી સ્ત્રીઓને છુપી વાત ન કહેવી, પણ જો યોગ્ય હોય તો તેથી હળીમળી વાતની મસલત કરીને કામ કરવું.

૭૭ પરધન, પરનિંદા, પરસ્ત્રી, પરપુરૂષ, પર કથણીનો સદા ત્યાગ કરવો.

૭૮ ગુણીજનોની, કારીગરોની કદર કરવી, અને બને તો ઘટતી મદદ પણ આપવી.

૭૯ ચડાવ્યે ચપ્પણ લેવું નહીં, ઘરનો ખૂણો તપાસી ઇજ્જત સંભાળી તમામ કામ કરવાં.

૮૦ દુશ્મનનું પણ ભૂંડું થયે રાજી થવું નહીં; પણ દિલગીરી દર્શાવવી.

૮૧ લડાલડી કરી દરબાર ચડી ખરી મહેનતનું નાણું ખુવાર કરવું નહીં.

૮૨ ધન મળ્યાથી તેનો સદુપયોગ કરવો, નહીં કે આડે માર્ગે ઉરાવી કે યશથી ફૂલાઇ ઉદારતા બતાવવી ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૮૩ ધનનો સંગ્રહ કરવો. ધન હોય તો આખી દુનિયા તન મન અર્પણ કરે છે. સાચી સગાઈ ધનની ને સ્વાર્થની જ છે.

૮૪ ચડતીના વખતમાં પોતાના ધનનો યોગ્ય સંગ્રહ કરવો.

૮૫ સદા સમયને માન આપી ચાલવું. લોકની બત્રીશીએ ચડવું નહીં.

૮૬ સારૂં કામ છતાં પણ લોક વિરૂદ્ધ હોય તો તેને તજી દેવું.

૮૭ સ્વદેશોન્નતિમાં સદા જાગ્રત રહી સેવા બજાવી બતાવવી.

૮૮ વરા વાજમમાં યશ લેવો હોય તો વિરોધીને નાણાંની કોથળી સોંપવી.

૮૯ દુષ્ટ પાડોસીઓથી દૂર રહેવું; કેમકે દુષ્ટસંગ દુઃખદાયીજ છે.

૯૦ પારકું ને પોતાનું ખરી રીતે કોણ છે તેની કસોટી કહાડી જોવી ને પછી જેવું જે નીવડે તેને તેવો સત્કાર કે ત્યાગ કરવા ધ્યાન આપવું, નહીં કે ગોળ ખોળ એક સમજી કે મીઠાં બોલાંને મારાં સમજી ગફલત કરવી.

૯૧ જે કામની, જે ધંધાની, જે રસ્તાની આપણને જરૂર ન હોય તેની તથનાજ કરવી નહીં.

૯૨ જે ઘેર મહેમાન હોય છે ત્યાં રોટલાનો વાસ હોય છે.

૯૩ કોઇના જામીન થવું નહીં, જેના સ્વભાવ વગેરેથી પૂરા જાણીતા થયા ન હોઇએ તેનાપર ભરોંસો રાખી કંઈ કામ સોંપવું નહીં, કશું લખાવી લીધા વિના પોતાને નામે કોઈ ચીજ અપાવવી નહીં.

૯૪ એકાએક કોઇનાપર વિશ્વાસ લાવી પેટની વાત કહેવી નહીં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૯૫ મળતા લાભને છોડી દઈને ભવિષ્યના લાભપર લલચાવું નહીં.

૯૬ પાત્ર પરખ્યા વિના હુન્નર વિદ્યાની કુંચી કોઇના હાથમાં સોંપવી નહીં.

૯૭ આંધળા–લૂલા–લંગડા–હુંઠા–બાડા–કાણાં–આંખતાણા, ઠીંગણા, મીંઢા મનવાળા અને લબાડીથી બહુ ચેતીને ચાલવું.

૯૮ લાંચીયાં મનુષ્યો સાથે વિશેષ લટપટ ન રાખવી.

૯૯ શાક્ષી આપવા વખતે અમલદાર આગળ કઠકાઈ, વધારે હું શીઆરી ન બતાવતાં હમેશાં સાદાઈ–ભલાઇ–નરમાશ ને મર્યાદામાં રહી જુબાની આપવાની આદત રાખવી.

૧૦૦ સાચી પ્રીતી બંધાણી હોય ત્યાં જુદાઇ રાખવી નહીં.

૧૦૧ પારકી બલા પોતાએ વ્હોરી વડાઈ બતાવવાની ટેવ રાખવી નહીં, બોલવામાં ગંભીરતા મિષ્ટતા વાપરવી, અને જ્યાં બેઠક હોય ત્યાં સારી દાનતથી વર્તવું.

૧૦૨ ખોટો દિલાસો, ખોટો વાયદો, ખોટો ડોળ, અને ખોટી મોટાઇ બનતાં લગી ઉપયોગમાં લેવાની ટેવ રાખવી નહીં.

૧૦૩ બોલેલું વચન પાળવાની ખાસ ટેક રાખવી. વચનની સાચાઇ એજ મનુષ્યની અમૂલ્યતા છે. જેનાં એકવાર વખાણ કર્યાં. તેનાં ફરી અવગુણ ગાવા એ મોટી મૂર્ખાઇની વાત છે; માટે પ્રથમથી વિચારીને સોબત કરવી. છતાં થઇ ગઇ તો તેના દોષોને દૂર કરવાનો યત્ન આદરવો અને તેને પોતાના જેવાં બનાવવાં; નહીં કે હાથ પકડી તરછોડી દેવો.

૧૦૪ ગઇ વસ્તુનો શોક કરવો નહીં, ઘરડાં માબાપ અને ફાટેલે કપડે શરમાવું નહીં. છાશમાં માખણ જાય ને ફુવડ ગણાય તેવું કામ કરવું નહીં. ડાબા કાનની વાત જમણા કાનને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પહોંચવા-જાણવા દેવી નહીં. ઉદ્યોગ અને કરકસરથી પૈસો મેળવી સુકૃત્યમાં વાપરવો. બીજાને ઉપદેશ દેવા કરતાં પોતાના મનને ઉપદેશ દેવો.

૧૦૫ હમેશાં પોતાના બળ ઉપર મુસ્તાક રહેવું-પારકી આશા સદા નિરાસ નીવડે છે. પોતાની જીભ જ પોતાનું ભલું ભૂંડું કરનાર છે માટે તેને સંભાળીને વાપરવી.

૧૦૬ ખાનગી દેવું એક જણનું જ રાખવું, પણ જાજા જણનું-પરચૂરણીયું દેવું રાખવું નહીં.

૧૦૭ અનુભવ એજ મહાન્ શિક્ષક છે; માટે અનુભવ મેળવવામાં સદા કાળજીવંત રહી પ્રવીણ થવું.

૧૦૮ બેસવાની ડાળ કાપવી નહીં, દરેક વાતમાં સબૂરી રાખવી, ધાંધલીઆ સ્વભાવનાં થવું નહીં, પોતાની હૈયાતીમાં તમામ દોલત દીકરાને હાથ સોંપી ટુંબા ખાતાં થવું નહીં.

૧૦૯ સુખ દુઃખમાં સદૈવ પ્રભુભજન, પરોપકાર, પવિત્રતા, પુણ્યદાન અને પુનિત પુરૂષોની સેવા ભૂલી જવી નહીં.

૧૧૦ મૂર્ખને હિતવચન કહેવાં, નઠારી બૈરીઓને મદદ આપવી અને દુખિયારાં માણસોથી વ્યવહાર રાખવો એ દુઃખનું જ કારણ છે.

૧૧૧ દરેક બાબતમાં ખબરદારી રાખવી, લ્હેવડ દેવડમાં ચોખવટ રાખવી, ધર્મમાં રક્ત રહેવું, ગૃહસ્થાશ્રમ દીપાવવો, જન્મ સફળ કરવો અને જીંદગીની હૈયાતી ન હોય તો પણ કીર્તિ અમર રહે તેમ વર્ત્તન રાખવું.

ઇત્યાદિ ઇત્યાદિ નીતિજ્ઞાનમાં પ્યારી પુત્રીઓનું પૂર્ણ લક્ષ ખેંચવું, કે જેથી દરેક બાબતમાં તે ન્હાનપણથી જ ખબરદાર બને.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્ત્રીઓની હાલત સુધારવા સંબંધી ચાલતા જમાનાને લગતા કેટલાક ઉપાયો, અને તેને અમલમાં લેવાની જરૂરી બાબતના બે બોલો.

---

૧ માબાપે પોતાની છોકરીઓને પાંચ વર્ષ પછીથી તે ૨૨ વર્ષ લગી ઉત્તમ વિદ્યાભ્યાસ કરાવવો. અને તેરથી સોળ વર્ષ સુધી તમામ ઘરધંધો તથા સંસાર ચલાવવાની રીતિઓ હેતુ સહિત સમજાવવી.

૨ તે પછી પ્રવીણ થયેલી પુત્રીને લાયક વર (રૂપ ગુણ સંપન્ન હોય તેવા) ની સાથે તેણીની પસંદગી (ખાનગીપણે જાણી લઈ તે) પ્રમાણે પરણાવવી કે જેથી ભવિષ્યમાં ઘરસંસાર સુખી અને સંપીલો નીવડે, નહીં તો ઉમર રૂપ ગુણ વગેરે વિપરીત હોવાથી ભુંગળ વિનાની ભવાઇ થતાં અને રોદડાં રોતાં જીંદગી પૂરી થાય છે અને માબાપને બળાપો કળાપો પ્રાપ્ત થાય છે.

૩ ફક્ત લાંબા લાંબા ઘુંઘટા કહાડવામાં અને બીજા સાથે મૌન રહેવામાં લાજ માનેલ છે તેને જ પકડી ન રહેતાં સાચી લાજ કે સદા સભ્યતામાં રહેવું, કોઇ પણ વખતે અપશબ્દ વગેરેનો ઉપયોગ ન કરવો. વિવાહ વખતે, હોળી-ગોયો વખતે અને રોવા કૂટવા વખતે તથા ધણી સાથે ધાંધલ મચાવા વખતે જીભને કાબૂમાં રાખી રહેવું, અને પ્રજા નઠારી પાકી કુખને ન લજવે તેની કાળજી રાખવી; નહીં તો એ બધી શરમાવા લાયક બાબતો છે.

૪ સુંદરીઓને સંગ્રહસ્થાન, રેલવે, તાર, ટંકશાળ, ગોદી, બાગબગીચા, બંગલા, અને મીલો વગેરે કારખાનાં તથા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિજળીનાં યંત્રો વગેરે વગેરે બતાવવાં કે જેથી ચમત્કાર સહિત જીજ્ઞાસા વધીને ખરાબ હાલત તજી દઈ સારી હાલતમાં આવવાનું મન થાય.

૫ સ્ત્રીઓને દેશાટન કરાવવું જેથી નવા નવા દેશ, વેષ, નવી નવી ભાષાઓ, રીતિ-રૂઢીઓ, વાતો જોવા જાણવામાં આવે. યાત્રા જવામાં આ ફાયદા પણ સમાયલા છે; પણ તે તરફ પૂરતું ધ્યાન નથી અપાતું તે આપવાની ખાસ કાળજી રાખવી. એકજ ઠેકાણે રહેવાથી (પરદેશ ન ફરવાથી) બોઘા જેવી બની જાય છે, જંગલી જેવી રહે છે, અને કંઇ નવું જોવામાં આવતા ગાંડી-ઘેલી બની બેવકૂફમાં ગણાવા જેવી બને છે. પરદેશ જવાથી મનુષ્ય કાબેલ-મજબૂત મનનું નિડર-અને કોઇથી ન ઠગાનારૂં નીવડે છે, ઘરમાનું ઘરમાં કે ગામમાંનું ગામમાં ગોંધાઇ રહેવાથી નઠારા કે બદ્ધ વિચારો બને છે, અને વિદેશ જવા આવવાથી થતી વિવિધ સારા જનોની સંગતીથી ઉંચા દરજ્જાની વૃત્તિ બને છે. જુદું જુદું જ્ઞાન મળે છે અને કસોટીપર આવવાથી કીંમત થાય છે.

૬ પરણ્યા પછી પતિ સાથે.(માબાપથી બને ત્યાંસુધી) જુદા રહેવાના કારણથી બેઉ જણનો સ્નેહ સજ્જડ થાય છે. સાસુ સસરા-દિયર-જેઠ-નણંદ-ભોજાઇ વગેરે સાથે કજીયા થવાથી કે અણબનાવ રહેવાથી ઘણે ઠેકાણે જે ભવાડા થાય છે, તે થવા પામતાંજ નથી. માટે સાસરિયાં અને સાસુ વગેરે ઘરનાં માણસો સાથે વિશેષ સ્નેહ જાળવી જુદા રહેવાનો રિવાજ ઉપયોગમાં લેવો.

૭ સ્ત્રી જ્યારે પુસ્તક વાંચતી-વિચારતી-મનન કરતી હોય ત્યારે તેણીને પતીએ ઇર્ષ્યા આણી ટોકવી કે તેમ કરવાની મના કરવી નહીં; પણ ફુરસદ વખતે નીતિ હુ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નર-ધર્મ સંબંધી પુસ્તકોનો સાર ગ્રહણ કરાવવા અને નવી શોધ તરફ મનને દોરાવવા પ્રયાસ કરવો. સંતાનોને ખરાબ સોબતે ન જવા દેતાં તેઓને ભણાવી વિવેકવંત બનાવી લેવાની ભલામણ કરી તેણીને આનંદ આપવો, અને નકામી વાતો તરફ લક્ષ ન આપવાની તાકીદ આપવી.

૮ સ્ત્રીઓને પોતાના મંડળમાં વિદ્યા-હુન્નર-નીતિ વધવાની, છોકરાંઓને સારો અભ્યાસ કરાવવાની, અને વિવિધ કામો તથા ઘર કામો સહેલાઇથી સારાં કરવાં વિષે ચર્ચા કરાવવી. તેઓએ નકામી ઠઠ્ઠાબાજી રમ્મત ને કુથલીમાં કદી અમૂલ્ય વખતનો ભોગ આપવો નહીં અને સમયોચિત કામ કરવામાં તત્પર રહેવું. નહીં કે ' ચાર મળે ચોટલા તો ઘરના વાળે ઓટલા, મોંઘા કરી દે રોટલા અને દુઃખના આપે પોટલા.' ' વાતે પાપડ વાતે વડી, ને વાતે રાંડ ગધાડે ચડી ' એવી વાતો કરી ફજેત થવું.

૯ રોવા-કૂટવાની અને અર્થહીન નકામાં ગાણું ગાવાની તથા વધારે પડતું બોલવાની બુરી ટેવોને નુકશાન કરનાર ગણી બંધ પાડવી. રોવા કૂટવાથી આર્ત્તધ્યાનમાં વધારો થતાં પોતે અને પોતાના પ્યારા મરનાર જનને નીચ ગતિનાં ભાગી થવાનો માર્ગ હાથ ધરાય છે, તો મરનારનું ભલું કરવાને બદલે મુવા પછી પણ તેનું ભૂંડું કરવા ધમાલ મચાવવી એ તદ્દન રીતે દુષ્ટ જનનીજ વર્ત્તણુંક જેવું કામ છે, માટે સજ્જડ થઇ તેનું ભલું ચાહવા તેમ ન કરતાં ધર્મકરણી દાન પુન્ય વગેરે કરી મરનારના અને પોતાના આત્માને સદ્ગતીનો ભાગી બનાવવો.

૧૦ ન્યાત-વરા-કર-કિરિયાવર જેમ બને તેમ ઓછા ખર્ચના કરી સ્ત્રીઓને નીતિનું અને છોડીઓને વિદ્યાકળાનું જ્ઞાન મળે તેવા કામમાં ખર્ચવાનો રિવાજ રાખવો. અર્થાત્ પુરૂષને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેવાં ઉડાઉ-નકામાં ખર્ચ કરાવવા માટે હઠ ન લેતાં,મના કરી, દેશ અને જ્ઞાતીનો સુધારો થાય તે કામમાં ધનનો સદુપયોગ કરાવવા સ્ત્રીઓએજ હઠ લેવી કે જેથી તે રિવાજ રહેતે રહેતે બંધ પડી જાય. એવી બાબતમાં સ્ત્રીઓજ કાંતો પોતાનું બહાર સારૂં દેખાડવા હઠ લ્યે છે, અથવા તો તેમ કરતાં ધણીને હઠ સહિત સ્ત્રીઓજ મના કરતી નથી, જેથી એ રિવાજ ચાલુ રહેવા પામે છે. જો સ્ત્રીઓ ધારે તો ગમે તે રિવાજ કે કાયદો બંધ પાડવામાં ફતેહ મેળવીજ શકે ! માટે તેવી બાબતોમાં સ્ત્રીઓનું ધ્યાન ખેંચવું.

૧૧ છોડીઓને વિદ્યાકળાની પૂર્ણ કેળવણી આપવી, સ્હેજ વાંચતા લખતા આવડ્યું કે કામ કરાવવાની લાલચે નિશાળેથી ઉઠાડી લેવી નહીં. અધુરી કેળવણી અનર્થકારીણી છે; માટે પૂરી આપવી. સારી સોબતમાં રાખવી અને પાડોશીઓ ખોટી લાલપાળ બતાવી ખરાબ તાલીમ આપતા હોય તો તેમ ન કરવાની સખ્ત મના કરવી, કે તેવાઓની સોબતથી તેણીઓને દૂર રાખવી, જેથી ખરાબ અસર કુમળા હૃદયમાં ઘર કરી ન બેસે. તેમજ નીતિ સદાચારની વાતો વધારે સંભળાવી તેણીઓને બોધ સહિત લક્ષ લેવાની આદત પડાવવી.

૧૨ પુરૂષોએ પણ સ્ત્રીને પગની મોજડી જેવી કે વૈતરી જેવી ન સમજતાં તેણીને પોતાના ગૃહરાજ્યનો સાચો કારભારી સમજી તેણીની સાથે સંતોષથી સલાહથી વર્ત્તવું. તેણીને શંકા આવે એવી રીતે બીજા બૈરાઓના સહવાસમાં રહેવું નહીં. તેણીને પોતાની જાતે નીતિ રીતિ હુન્નરોની કૃતિ બતાવી પ્રીતિસહ પ્રવીણા બનાવવી, અને અતિ આનંદ આપવો.

૧૩ સ્ત્રીઓને પતિએ પ્રેમબંધનથી બાંધી લઇ પછી ભલે હરવા ફરવાની ઘટતી છુટ આપવી, જેથી તન્દુરસ્તીમાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને વિચાર વિવેકાદિમાં વૃદ્ધિ થાય છે, અને ઘરમાં જ ગોંધી રાખવાથી માંદા જેવી ને મૂર્ખ જેવી રહે છે, એથી તે સારા જનોમાં માન મેળવી શકતી નથી; માટે યોગ્ય છુટ આપવી.

૧૪ વિદ્વાન લેખકો–કવિયો–પંડિતોએ સ્ત્રી સુધારા સંબંધીનાં પુષ્કળ પુસ્તકો રચવાં અને ઉપદેશકોએ–ધર્મગુરૂઓએ સ્ત્રી સુધારા બાબતનો સચ્ચોટ અસર કરનારો ઉપદેશ ફેલાવવા સ્થળે સ્થળે સભાઓ ભરી સ્ત્રી પુરૂષોને સ્ત્રીસુધારાના લાભો સમજાવવા ભગીરથ યત્ન આદરવો.

૧૫ સ્ત્રીઓએ કુસંગતી તજી સત્સંગતીમાં સદા મશગુલ રહેવું. ઘરકામમાં કુશળ બની, નવીન યુકિતઓ શોધી, વિદ્વાનદ્વારા થયેલા સંદેહનું સમાધાન કરી સ્વાર્થ પરમાર્થમાં તત્પર રહેવું.

૧૬ વિધવાઓનો કે ગરીબ સ્ત્રીઓનો ખાનપાનનો ઘટતો વ્યવહાર નભી શકે તેવા ફંડો ખોલી તેણીઓને ધંધે લગાડી કુમાર્ગનોજ અંત આણવો.

૧૭ દેશ સુધારાની બાબતોમાં સ્ત્રીઓનું ધ્યાન ખેંચવું અથવા સ્ત્રીઓએ ધ્યાન દેવું કે જેમ સ્વદેશી વસ્ત્ર–સ્વદેશી ચીજ (સ્વદેશી ખાંડ સાકર બંગડી છત્રી વગેરે મળતી ચીજો) અને સ્વદેશોન્નતિનાં ગીત ગરબા ગાવા વગેરેનો ઉપયોગ કરવાનો દૃઢ વિચાર જો સ્ત્રીઓજ કરી બેસે તો બેશક પુરૂષો થોડા વખતમાં જ તે હઠને આદર આપે; કેમકે તેમાં પુરૂષોનો પુષ્કળ લાભ સમાયલો છે તો લાભની વાતમાં કોણ ધ્યાન નહીં આપે ? સ્ત્રીઓ હઠ લઇ બેસે કે મારે તો વિદેશી વસ્તુ જ જોઈયે મને દેશીપર પ્યાર નથી તો પુરૂષને દેશી વસ્તુ પર પ્યાર હોય તો પણ રોજના કંકાસને લીધે તે ચીજ લાવી આપે છે અને પોતે પણ લાચારી સાથે ખાંડ વગેરે વિદેશી ચીજોનો ઉપયોગ બંધ પાડી શકતો નથી; માટે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્ત્રીઓનેજ જો સ્વદેશોદયનો સાચો રંગ લાગે તો બેશક હિંદનાં બધાં દુ:ખો ભાંગે ને વિજયની નોબત વાગે !

૧૮ વ્હેમતંત્રથી સ્ત્રીઓને જેમ બને તેમ દૂર રાખવી.

૧૯ તેણીઓને માસિકો—ન્યૂસપેપરો—ઇતિહાસો—યુદ્ધ વગેરે વાંચવાની ફરજ પાડવી જેથી બ્હોળું જ્ઞાન થતાં સારો સુધારો થાય.

૨૦ પુસ્તકો પ્રકટ કરી—ન્યૂસપેપરો ચલાવી—સમાજો ભરી સ્ત્રીઓએ સ્ત્રીઓના કર્ત્તવ્ય અને ફરજ બજાવવાનો અસરકારક દાખલા દલીલો સાથ બોધનો ફેલાવો કરવો. અને પુરૂષોએ તેમાં તન મન ધનથી મદદગાર થવું.

૨૧ સ્ત્રીઓએ કાયદા સંબંધી જ્ઞાન મેળવવું, જાતે હુન્નરો હાથ ધરવા, બાળક બાળકીઓને શાસ્ત્ર શસ્ત્રાદિ વિદ્યા કળાની ઉંચી તાલીમ આપી બહાદુર બનાવવાં, અને સંસારમાં પોતાનો પહેલો દરજ્જો પૂર્વની પેઠે પ્રાપ્ત કરવો.

આ પ્રમાણે સુધારાનો યોગ્ય અમલ કરવાથી થોડાક સમયમાં ભારતવર્ષની ભવ્ય ભાગ્યદશા ખિલી સર્વને આનંદ આપશે. અને સઘળાં કષ્ટ કાપશે. અસ્તુ !

ગરબી.

(પડવેએ પ્હેલું નોરતુ ગુણુ ગરબી લ્યો એ રાહ.)

દિલ ધરી સ્વદેશની દાઝ, ધન્ય જનમ ધરિયા !
કર્યાં દેશદ્રોહીનાં કાજ, એ શિદ અવતરિયા ? ૧

વાવર્યું પરહિત નિત વિત્ત, ધન્ય જનમ ધરિયા !
ચોર્યું સત્કૃતમાં ચિત્ત, એ શિદ અવતરિયા ? ૨

જેનો જગત વદે જયકાર, ધન્ય જનમ ધરિયા !
ભર્યા ભુંડાઇના ભંડાર, એ શિદ અવતરિયા ? ૩

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હોમ્યું તન અવર હિતાર્થ, ધન્ય જન્મ ધરિયા !
કહિ કર્યું નહિ પરમાર્થ, એ શિદ અવતરિયા ? ૪

ધાર્યો જેણે અહિંસા ધર્મ, ધન્ય જનમ ધરિયા !
કર્યા હિંસાદિક હુકમ, એ શિદ અવતરિયા ? ૫

છે સ્વધર્મમાં અતિ ચુસ્ત, ધન્ય જનમ ધરિયા !
શુભ કામમાં અતિશે ચુસ્ત, એ શિદ અવતરિયા ? ૬

કરે ભારતનું કલ્યાણ, ધન્ય જનમ ધરિયા !
ઘરનો થઇ વાળે ઘાણ, એ શિદ અવતરિયા ? ૭

બોલ્યા જે પાળે બોલ, ધન્ય જનમ ધરિયા !
કરે બોલ્યા બોલ અબોલ, એ શિદ અવતરિયા ? ૮

હે બાળચંદ્ર સદ્બોધ, ધન્ય જનમ ધરિયા !
શ્રેય પંથનો ન કરે શોધ, એ શિદ અવતરિયા ? ૯

સમાપ્ત.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્ત્રીઉપયોગી વાંચનાલય.

દરેક સ્ત્રીઓને વાંચવા માટે નીચેના પુસ્તકો ખાસ રાખવા જરૂર છે.

સ્ત્રી ધર્મ દર્શક ગ્રંથો.

શ્રાવિકા ભૂષણ પ્રથમ અલંકાર..	....	....	૦-૧૨-૦
શ્રાવિકા ભૂષણ દ્વિતિય અલંકાર.	....	....	૧-૦-૦
શ્રાવિકા ભૂષણ તૃતિય અલંકાર.	....	....	૧-૦-૦
શ્રાવિકા સુબોધ દર્પણ.	....	....	૦-૧૨-૦

મહાન સતિના ચરિત્રો.

સતિ આદર્શ જીવનમાળા (સચિત્ર)		....	૧-૮-૦
જૈન સતિમંડળ ભાગ ૨ જો.....	....	....	૧-૦-૦

નવલકથાઓ.

દીક્ષાકુમારી પ્રવાસ ભા. ૧ લો.	....	....	૧-૪-૦
દીક્ષાકુમારી પ્રવાસ ભા. ૨ જો.	....	....	૧-૮-૦
મનોરમા...	....	....	૧-૦-૦

સ્ત્રી વૈદક.

સ્ત્રીઓનો સાથી (ધાત્રી શિક્ષા અથવા સુયાણી અને સુતિકા)	....	....	૧-૦-૦

આખો લોટ મંગાવનાર માટે ફક્ત રૂા. દશ. દરેક માટે પોષ્ટ ખર્ચ જુદો.

લખોઃ—જૈન જનરલ બુક ડેપો—ભાવનગર.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જો તમારે

સંસારમાં સ્વર્ગ.

જોઇતું હોય તો સ્ત્રીવર્ગને સંસ્કારીત કરો !
જેમ કરવા માટે સૌથી સારૂં સાધન.

સ્ત્રી સુખ દર્પણ.

નું વાંચન સ્ત્રી વર્ગમાં ફેલાવવાથી થશે. કેમકે તેમાં સ્ત્રી ઉપયોગી નૈતિક વ્યવહારિક બોધક વાર્તાઓ, સ્ત્રીકર્તવ્યના પાઠો–ઉદ્યોગો કાવ્યો–પ્રાચિન મહાન સતિઓના ચરિત્રો–ઇતિહાસો અને ઘરગથુ અનેક વિષયોનો સંગ્રહ આવે છે અને વળી તે

હરેક વિષયોને લગતા ચિત્રો.

આપીને આકર્ષક તેમજ સરલ કરવામાં આવે છે. આ **માસિક** તદ્દન નિયમીત રીતે પ્રગટ થાય છે અને દેશના સમર્થ આગેવાનો–વિદ્વાનો એકે અવાજે તેની પ્રસંશા કરે છે.

ખાસ ખુબી એ છે કે દેશમાં સ્ત્રીઉપયોગી બનતા બનાવો અને હિલચાલોના સંપૂર્ણ ખબરોનો સંગ્રહ તેમાં એવી રીતે ચુંટાય છે કે તે વાંચનારને બીજા કોઇપણ સ્ત્રી ઉપયોગી સાહિત્યને જોવાની જરૂર રહેતી નથી. (ગમે ત્યારે ગ્રાહક થવાય છે)

વાર્ષિક લવાજમ રૂા. ત્રણ પોસ્ટ સાથે.

લખો—

વ્યવસ્થાપક સ્ત્રીસુખ દર્પણ—ભાવનગર.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com